BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**પ્રથમ વર્ષ સેમેસ્ટર – 1**

**SOMJ/SOMN – 101**

**સમાજશાસ્ત્ર પરિચય**

**(Introduction to Sociology)**

**(મુખ્ય તથા ગૌણ વિષય)**




B.A. (Honours)-Sociology

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:*

*'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડીયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.*

*અસ્તુ !*

**કુલપતિ,**

*પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય,*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*

*જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,*

*છારોડી, અમદાવાદ.*

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. ડી. એન. મારું | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, તળાજા, ભાવનગર. |
| ડૉ. રામ ડી. માવડિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, રાણાવાવ, પોરબંદર. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) જે. સી. પટેલ | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) ગૌરાંગ જાની | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) એચ.એલ.ચાવડા | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| પ્રો(ડૉ) યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ.હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**સંપાદન**


| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |
| ડૉ. નિતિનકુમાર જાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |


**પ્રકાશક**


ડૉ. ભાવિન ત્રિવેદી — કા. કુલસચિવ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ.

**ISBN : 978-93-89456-57-8**



: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. નિકુંજ પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, એચ કે આર્ટસ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. ભરત ખેર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) એચ.એલ.ચાવડા | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) જે. સી. પટેલ | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) જયકર મહેતા | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગર. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ.દિનુભાઈ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ જીતેન્દ્ર મેકવાન | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, મહેમદાવાદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મહેમદાવાદ. |

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડો બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |
| ડૉ. નિતિનકુમાર જાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી , અમદાવાદ. |

**પ્રકાશક**

| | |
|---|---|
| ડૉ. ભાવિન ત્રિવેદી | કા. કુલસચિવ, ડો બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |

**ISBN : 978-93-89456-58-5**

: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.  જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.) Sociology**

**સમાજશાસ્ત્ર પરિચય**

**(Introduction to Sociology)**

**SOMJ-101/SOMN-101**

## વિભાગ – 1


એકમ – ૧

સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન તરીકે.

એકમ – ૨

સમાજશાસ્ત્રના લક્ષણો

એકમ – ૩

સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર.

એકમ – ૪

સમાજશાસ્ત્રનો અન્ય વિજ્ઞાનો સાથેનો સંબંધ.

એકમ – ૫

સામાજિક ક્રિયાનો અર્થ અને તત્વો.

એકમ – ૬

સામાજિક આંતરક્રિયાનો અર્થ અને સ્વરૂપ.

એકમ – ૭

સામાજિક રચનાનો અર્થ અને પાસાં

એકમ – ૮

સામાજિક નિયંત્રણનો અર્થ અને મહત્વ.

એકમ
૧

# સમાજશાસ્ત્ર પરિચય

## રૂપરેખા


૧.૦ ઉદેશો

૧.૧ પ્રસ્તાવના

૧.૨ વિજ્ઞાન એટલે શું ?

૧.૩ સમાજીક વિજ્ઞાન એટલે શું?

૧.૪ સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન તરીકે

૧.૪.૧ સમાજશાસ્ત્ર વિજ્ઞાનની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

૧.૪.૨ સમાજશાસ્ત્ર તથ્યાત્મક સામાજિક વિજ્ઞાન છે.

૧.૪.૩ સમાજશાસ્ત્ર કાર્ય –કારણ સંબંધની સમજૂતી આપે છે.

૧.૪.૪ સમાજશાસ્ત્રના જ્ઞાન કે સિદ્ધાંતની ચકાસણી થઈ શકે છે.

૧.૪.૬ સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન તરીકે ભવિષ્યવાણી કરે છે.

૧.૫ તમારી જાતે ચકાસો

૧.૬ સારાંશ

૧.૭ શબ્દાવલી

૧.૮ બહુવૈકલ્પિક પ્રશ્નો

૧.૯ તમારી પ્રગતિ ચકાસો

૧.૧૦સંદર્ભ સૂચિ


## ૧.૦ ઉદેશો :-

આ એકમમાં સમાજશાસ્ત્રનો પરિચય મેળવવા માટે સમાજશાસ્ત્રની એક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન તરીકેની ચર્ચા કરી છે. આ એકમનાં અભ્યાસ બાદ તમે :-

★ સામાજિક વિજ્ઞાન વિશે સમજી શકશો.

★ સમાજશાસ્ત્રની સામાજિક વિજ્ઞાન તરીકેની સમજૂતી મેળવી શકશો.

## ૧.૧ પ્રસ્તાવના :-

માનવી એક સામાજિક પ્રાણી છે. અન્ય પ્રાણીઓ કરતાં માણસ (વ્યકતિ ) પોતાની જિજ્ઞાસાવૃતિને કારણે અલગ પડે છે. સમાજના પ્રારંભથી જ માનવી પોતાના વિશે વિચારતો રહયો છે. માનવીની આ જિજ્ઞાસાવૃતિને લીધે જ સમાજશાસ્ત્ર માનવ સમાજને વૈજ્ઞાનિક રીતે તપાસતું શાસ્ત્ર છે. સમાજશાસ્ત્રનો ઉદ્ભવ ફ્રાન્સમાં ઓગસ્ટ

કોમ્પ્ટ નામના દાર્શનિક ધ્વારા ૧૮૩૮માં થયો. સમાજનો અભ્યાસ કરનારા આ વિજ્ઞાનને Sociology (સમાજશાસ્ત્ર) એવું નામ આપ્યુ. અને તેને વિજ્ઞાન તરીકે ઓળખાવ્યું પરંતુ જેમ સમાજશાસ્ત્રનો વિકાસ થતો ગયો તેમ તેનું સ્વરૂપ વૈજ્ઞાનિક થયું છે. બીજા કેટલાંક વિચારકોના મતે તે અવૈજ્ઞાનિક છે.

આ બીજા મતના વિચારકો કે જેઓ એવું માને છે કે, સમાજશાસ્ત્રને વિજ્ઞાન કહી શકાય નહી બની શકે કે, તેઓની વિજ્ઞાન વિશેની સમજણ ટૂંકી કે સંકુચિત હોય કે પછી તેઓએ અમુક રીતે જ વિજ્ઞાનને જોવાનો પ્રયત્ન કર્યો હોય આ વિચારકો ના મતે સમાજશાસ્ત્ર ભૌતિક વિજ્ઞાનો જેવું વિજ્ઞાન નથી. આ સંદર્ભે બોટોમોર નામના સમાજશાસ્ત્રીએ નોંધ્યુ છે, તેના સમાજશાસ્ત્રનાં વૈજ્ઞાનિક સ્વરૂપનાં વિરૂદ્ધમાં એક એવો તર્ક રજૂ કરવામાં આવે છે કે, આ શાસ્ત્ર કુદરતી વિજ્ઞાનો સાથે જોડાઇ શકે તેવાં કોઇ તથ્યો ઉભા કરી શકતું' નથી. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન સમાજશાસ્ત્ર કરતાં વધારે વિકસતું વિજ્ઞાન છે એ સાચુ' છે, આ સાથે આપણે એ પણ ન ભૂલવુ જોઇએ કે, સમાજશાસ્ત્ર જેવાં સામાજિક વિજ્ઞાન ઇતિહાસ લગભગ એકસો એશીં વર્ષ જૂનો છે. સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિનો ખરેખર વિકાસ પહેલા વિશ્વયુદ્ધ પછી શરૂ થયો છે. આની સરખામણીએ ભૌતિક વિજ્ઞાનનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે. આ રીતે જોતાં સમાજશાસ્ત્ર અને કુદતી વિજ્ઞાનોનું સ્વરૂપ એક સમાન ન હોઇ શકે, આ સંદર્ભે તે જાણવું જરૂરી બને છે કે, વિજ્ઞાન શું છે? (What is Science). કોઇ ઘટના, સમસ્યા, પરિસ્થિતિ કે તથ્યને વ્યવસ્થિત રીતે તપાસવાના કે સમજવાના પ્રયાસને આપણે વૈણાનિક અભિગમ કહી શકીએ. સ્ટુઅર્ટ ચેઝના શબ્દોમાં વિજ્ઞાનનો સંબંધ પદ્ધતિ સાથે છે, નહી કે, વિષયવસ્તુ સાથે. આથી સ્પષ્ટ થાય છે કે વિજ્ઞાન પોતે એક વિષય –વસ્તુ નથી, પણ વિશ્લેષણની એક પદ્ધતિનું નામ છે.

## ૧.૨ વિજ્ઞાન એટલે શું ?

જ્ઞાન કે માહિતી / તથ્યો મેળવવાની તર્ક આધારિત વ્યવસ્થિત પ્રક્રીયાને વિજ્ઞાન કહી શકાય બીજી રીતે કહીએ તો, વિજ્ઞાન એટલે વ્યવસ્થિત જ્ઞાન કે વિશેષ જ્ઞાન, જે પદ્ધતિસર મેળવેલું જ્ઞાન હોય છે. આમ, જ્ઞાન મેળવવાની પદ્ધતિસરની પ્રક્રીયા એટલે વિજ્ઞાન.

## ૧.૩ સામાજિક વિજ્ઞાન એટલે શું?

સમાજના અભ્યાસ સાથે સંકળાયેલું વિજ્ઞાન એટલે સામાજિક વિજ્ઞાન, વધુમાં કહેવુ હોય તો, માનવ સમાજના કોઇને કોઇ પાસાંનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતાં શાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કહેવામાં આવે છે.

દા.ત. સમાજનાં આર્થિક પાસાંને તપાસતું અર્થશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે. રાજકીય પાસા સાથે જોડાયેલું રાજય શાસ્ત્ર, મનોવિજ્ઞાન, માનશાસ્ત્ર વગેરે સામાજિક વિજ્ઞાનો છે. સમાજ શાસ્ત્ર પણ માનવ સમાજનાં સામાજિક સંબંધોને વૈજ્ઞાનિક રીતે તપાસે છે. તેથી સામાજિક વિજ્ઞાન છે.

★ **તમારી પ્રગતિ ચકાસો**

(૧) વિજ્ઞાન શું છે? તે જણાવો અને પ્રખ્યાત વૈજ્ઞાનિકોના નામ અને સિદ્ધાંતો નોંધો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૨) સામાજિક વિજ્ઞાનોના નામ લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૩) સામાજિક વિજ્ઞાનો સાથે જોડાયેલા વિધાનોની સૂચી તૈયાર કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૪) સમાજશાસ્ત્ર ની શોધ કોણે, કયાં અને કયારે કરી તેના વિશે ટૂંકમાં લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧.૪ સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન તરીકે

આગળ ચર્ચા કરી તેમ આ શાસ્ત્ર સમાજનો અભ્યાસ કરતું હોવાથી તે એક સામાજિક વિજ્ઞાન છે. સમાજશાસ્ત્રી રોબર્ટ બિયર સ્ટીડટે તેના પુસ્તક 'The Social order' માં લખ્યું છે તેમ સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે. પ્રાકૃતિક વિજ્ઞાન નથી. "Sociology is a Social not a natural science" આમ સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે. તેની વિશેષ સમજ નીચેની ચર્ચા પરથી મેળવી શકાશે.

### ૧.૪.૧ સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર વિજ્ઞાનની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

એક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર માનવ-સમાજને તપાસવા કે સમજવા વિજ્ઞાનની જુદી-જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. જેમ કે, તે સમાજમિતિ, મૂલાકંત, અનુસૂચિ, પ્રશ્નાવલી, નિરીક્ષણ, વ્યકતિ તપાસ, તુલનાત્મક, વગેરે પ્રયુકતિઓ અને પદ્ધતિઓનો ઉપયોગકરે છે. આથી કહી શકાય કે, સમાજશાસ્ત્રનું સ્વરૂપ સામાજિક

વિજ્ઞાન તરીકેનું છે.

### ૧.૪.૨ સમાજશાસ્ત્ર તથ્યાત્મક સામાજિક વિજ્ઞાન છે : -

સમાજશાસ્ત્ર સમાજની સામાજિક ઘટનાઓ, સામાજિક સંબંધો અને સામાજિક પ્રક્રીયાઓ વગેરે હકિકતોને તપાસતું સામાજિક વિજ્ઞાન છે જેમ કે, સમાજની સામાજિક નિયંત્રણ જેવી સામાજિક પ્રક્રીયાનાં વાસ્તવિક તથ્યો તે તપાસે છે. એ જ રીતે દહેજ, બાળલગ્ન, વગેરે સંકળાયેલ સામાજિક તથ્યોને તે તપાસે છે આથી સમાજશાસ્ત્ર એક તથ્યાત્મક (Factual) સામાજિક વિજ્ઞાન છે.

### ૧.૪.૩ સમાજશાસ્ત્ર કાર્ય-કારણ સંબંધની સમજૂતી આપે છે.

સમાજશાસ્ત્ર અન્ય સામાજિક વિજ્ઞાનોની જેમ પોતાના વિષયવસ્તુનાં મુદાઓનો અભ્યાસ કરી તેમની વચ્ચેનાં કાર્ય-કારણ સંબંધની સમજૂતી આપે છે. દા:ત સમાજશાસ્ત્ર સમજાવે છે કે, કૌટુંબિક ઝઘડાના આ ઉદાહરણમાં છૂટા છેડા અને કૌટુંબિક ઝઘડા કારણ છે. આમ સમાજશાસ્ત્રીય અભ્યાસ છૂટાછેડા અને કૌટુંબિક ઝઘડા આ બે ઘટના વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ સમજાવે છે.

### ૧.૪.૪ સમાજશાસ્ત્રનાં સિદ્ધાંત યથાર્થ અને સાર્વત્રિક છે.

એક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનાં સિદ્ધાંત પ્રત્યેક સમાજ અને સમયે યર્થાથ સાબિત થયા છે. જયાં સુધી પરિસ્થિતિ બદલાતી નથી ત્યાં સુધી તેમાં કોઈ ફેર પડતો નથી. દા:ત સંયુકત કુંટુંબ વિશેનો ડો. આઈ.પી. દેસાઈનો અભ્યાસ આ ઉપરાંત બીજા ઉદાહરણો આપવા હોઈ તો આપી શકાય કે વ્યકતિગત વિઘટન અને સામાજિક વિઘટન પરસ્પર આધારીત છે. તે દરેક જગ્યાએ યથાર્થ સાબિત થશે. આમ, એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનું સ્વરૂપ વૈજ્ઞાનિક છે.

### ૧.૪.૫ સમાજશાસ્ત્રનાં જ્ઞાન કે સિદ્ધાંતની ચકાસણી થઈ શકે છે.

સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજની હકીકતો કે વાસ્તવિકને તપાસી જે યથાર્થ જ્ઞાન રચે કે સિદ્ધાંતો સ્થાપે છે. તેને ફરી ફરી ચકાસી શકાય છે. તેની પ્રમાણભૂતતાની ચકાસણી પણ થઈ શકે છે. દા:ત ડો. હંસા શેઠનો અભ્યાસમાં જોવા મળીયું કે. જયાં ભગ્ન કુંટુંબ જોવા મળશે, ત્યાં બાળ અપરાધ જોવા મળશે. એટલે કે જયાં-જયાં ભગ્ન કુંટુંબ ત્યાં — ત્યાં બાળ અપરાધ. આમ, સમાજશાસ્ત્રનાં જ્ઞાન કે સિદ્ધાંતના પ્રમાણભૂતતાની ચકાસણી કરી શકાય છે. જે તેના વૈજ્ઞાનિક સ્વરૂપને આભારી છે.

### ૧.૪.૬ સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન તરીકે ભવિષ્ય વાણી કરે છે.

અન્ય વિજ્ઞાનોની જેમ સમાજશાસ્ત્રનાં કેટલાંક અભ્યાસો પરથી ભવિષ્યની પરિસ્થિતિ કેવી રહેશે. અથવા ભાવિમાં કેવુ પરિણામ આવી શકે તેનુ અનુમાન લગાવી શકાય છે. એજ રીતે કુટુંબની વર્તમાન સ્થિતિનો તાગ મેળવી ભવિષ્યમાં કુંટુંબ કેવું રહેશે તેની આગાહી સમાજશાસ્ત્રી કરી શકે છે. આપણા તેના વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન તરીકેના સ્વરૂપને આભારી છે તેમ કહી શકાય.

## ૧.૫ તમારી જાતે ચકાસો

(૧) સામાજિક વિજ્ઞાનની પદ્ધતિઓનાં નામ લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૨) વસ્તુલક્ષી અને આત્મલક્ષી પાસાંની ઉદાહરણ સહિત નોંધ કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૩) સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનાં દસ સિદ્ધાંતો નામ અને સમાજશાસ્ત્રઓનાં નામ નોંધો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧.૬ સારાંશ

સામાજિક વિજ્ઞાન તરીકેનાં સમાજશાસ્ત્રનાં સ્વરૂપ વિશેની ઉપરની સમગ્ર ચર્ચા પરથી ખ્યાલ આવે છે કે સમાજશાસ્ત્ર માનવ સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિઓ વડે અભ્યાસ કરતું એક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન છે. તેનું વિષય વસ્તુ માનવ સમાજ હોવા છતાં તે તેના અભ્યાસમાં વૈજ્ઞાનિક વલણ, નૈતિક તાટસ્થ્ય જાળવે છે. તે વસ્તુલક્ષી રીતે સમાજની સામાજિક પરિસ્તિથિઓનો અભ્યાસ કરે છે. તેથી તથ્યાત્મક કે હકીકતલક્ષી વિજ્ઞાન છે. તે આદર્શલક્ષી પાસાંની ચર્ચા કરતું નથી. આ ઉપરાંત તે સમાજનાં મૂલ્યાંકનની બાબતમાં પણ ચૂપકીદી સેવે છે. એટલે કે તે મૂલ્ય મૂકત વિજ્ઞાન છે વળી, તે માનવ સમાજ વિશેનું યથાર્થ જ્ઞાન ઉભું કરે છે. આ જ્ઞાનને પૂનઃ ચકાસી શકાય છે આમ, આ રીતે સમાજશાસ્ત્ર સ્વરૂપની દ્રષ્ટીએ એક સામાજિક વિજ્ઞાન છે.

## ૧.૭ શબ્દાવલી

★ સામાજિક પ્રાણી :-સમાજ વિશેની સમજણ ધરાવતી તથા સમાજ સંદર્ભે વર્તન વ્યવહાર કરતી વ્યકતિ એટલે સામાજિક પ્રાણી

★ માનવ સમાજ :-માનવીઓનો બનેલો સમાજ કે જેમાં વ્યકતિ પોતે સામાજિક સભાનતા ધરાવતી હોય છે, અને તે માનવેતર પ્રાણીથી વર્તનની રીતે અલગ પડતી હોય છે. આવી વ્યકિતઓનો બનેલો સમાજ એટલે માનવ સમાજ

★ વિજ્ઞાન :- પદ્ધતિસરનું જ્ઞાન એટલે વિજ્ઞાન

★ સામાજિક વિજ્ઞાન :-સમાજનાં કોઇને કોઇ પાસાંને વૈજ્ઞાનિક રીતે ચકાસતું વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન છે.

★ તથ્યો:- જે સમાજની વસ્તુલક્ષી વાસ્તવિકતા ને ધ્યાને લેતું હોય તે

## ૧.૮ બહુવૈકલ્પિક પ્રશ્નો

(૧) માનવી કેવા પ્રાણી તરીકે ઓળખાય છે.?

(a) જૈવિક (b) સામાજિક

(c) હિંસક (d) ત્રણમાંથી એકેય નહી

(૨) સમાજશાસ્ત્રનો ઉદ્ભવ નીચેમાંથી કયાં થયો?

(a) ઇન્ડિયા (b) જર્મની

(c) ફ્રાંસ (d) અમેરીકા

(૩) સમાજશાસ્ત્રના પિતા તરીકે કોણ ઓળખાય છે?

(a) ઓગષ્ટ કોમ્પ્ટ (b)મેટા સ્પેન્સર

(c) માર્કસ (d) વેબર

(૪) સામાજિક વિજ્ઞાનો નીચેનામાંથી કોની સાથે જોડાયેલાં છે?

(a) ભૌતિક જગત (b) પ્રાકૃતિક બાબતો

(c) સામાજિક જગત (d) ત્રણમાંથી એકે નહી

(૫) કુદરતી વિજ્ઞાનોની સરખામણીયે સમાજશાસ્ત્રની આ મર્યાદા છે.

(a) વિજ્ઞાનની પદ્ધતિ (b) ઓછી યર્થાથતા

(c) અભ્યાસ વસ્તુ (d) ઉપરના ત્રણેય

(૬) સમાજશાસ્ત્ર નીચેનામાંથી કેવું સામાજિક વિજ્ઞાન છે?

(a) સાક્ષેપ (b) નીરપેક્ષ

(c) આદર્શલક્ષી (d) મૂર્ત

## ૧.૯ તમારી પ્રગતિ ચકાસો

(૧) સમાજશાસ્ત્ર શું છે? તે ટૂંકમાં નોંધો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.............................................................
.............................................................

(૨) શા માટે સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે? તે ટૂંકમાં લખો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

(૩) તથ્યાત્મક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રની સમજૂતી પાંચ થી સાત લીટીમાં આપો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

(૪) સમાજશાસ્ત્રનાં સિદ્ધાંતો કે જ્ઞાનની ચકાસણી કરી શકાય છે તે વિશે ઉદાહરણ સાથે ટૂંકમાં નોંધો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

## ૧.૧૦ સંદર્ભ સૂચિ


(૧) પરમાર વાય.એ., 'સમાજશાસ્ત્રની' મૂળભૂત વિભાવનાઓ, ૧૯૯૭-૯૮

(૨) ડો. વાઘેલા અનિલ એસ., 'સમાજશાસ્ત્રનો પરિચય'યુનિ ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – ૨૦૧૫

(3) Bottemore T.B., Sociology New York, Vintage Books-૧૯૭૨

(4) Birsted Robert, 'The Social order' Tata Macgraw hill, ૧૯૭૦

(5) InkelesAlex, 'What is Sociology'? new Delhi, PHI Learning Private Limited, ૨૦૧૨

(6) Edited by John Scoott and Groden Marshal 'A Dictionary of Sociology' Oxford University Press -૨૦૦૯

એકમ
૨

# સમાજશાસ્ત્ર લક્ષણો

## રૂપરેખા

૨.૦ ઉદ્દેશો

૨.૧ પ્રસ્તાવના

૨.૨ સમાજશાસ્ત્રના લક્ષણો

- ૨.૨.૧ સામાજિક વિજ્ઞાન છે.
- ૨.૨.૨ શુદ્ધ વિજ્ઞાન છે.
- ૨.૨.૩ અમૂર્ત વિજ્ઞાન છે.
- ૨.૨.૪ હકીકતલક્ષી વિજ્ઞાન છે.
- ૨.૨.૫ સંચયાત્મક વિજ્ઞાન છે.
- ૨.૨.૬ સામાન્ય વિજ્ઞાન છે.
- ૨.૨.૭ સામાન્યકરણ કરતું વિજ્ઞાન
- ૨.૨.૮ બુદ્ધિગમ્ય અને અનુભવજન્ય વિજ્ઞાન છે.

તમારી પ્રગતિ ચકાસો

૨.૩ સારાંશ

૨.૪ શબ્દાવલિ

૨.૫ બહુવૈકલ્પિક પ્રશ્નો

૨.૬ તમારી પ્રગતિ ચકાસો

૨.૭ સંદર્ભ સૂચિ

## ૨.૦ ઉદ્દેશો

આ એકમમાં સમાજશાસ્ત્રના લક્ષણોની ચર્ચા કરવામાં આવી છે. આ એકમના અભ્યાસ પછી તમે,

૧. સમાજશાસ્ત્રના વિવિધ લક્ષણો વિશે તાર્કિક સમજ કેળવી શકશો.

૨. સમાજશાસ્ત્ર અને પ્રાકૃતિક વિજ્ઞાનો વચ્ચે ભેદ પાડી શકશો.

૩. સમાજશાસ્ત્ર તેની લાક્ષણિકતાના આધારે બીજા સામાજિક વિજ્ઞાનો કરતાં કઇ રીતે જૂદું પડે છે, તે જાણી શકશો

## ૨.૧ પ્રસ્તાવના

માનવીય જૂથોની બનેલી વ્યવસ્થાઓને માનવ સમાજ તરીકે ઓળખવામાં આવે

છે. આ માનવ સમાજના ઉદયકાળથી જ તેના વિશે જુદાં-જુદાં ચિંતકોએ ચર્ચા કરી તે વિશે ની સમજ કેળવવાનો પ્રયાસ કર્યો છે. પણ માનવ સમાજ વિશે ખરા અર્થમાં વૈજ્ઞાનિક ચિંતનની શરૂઆત ૧૮૩૮ થી ફ્રાન્સના મહાન તત્ત્વજ્ઞ ઓગષ્ટ કોમ્ટર દ્વારા કરાય. કોમ્ટરે સમાજશાસ્ત્રને ભૌતિક વિજ્ઞાનના જેવું ચોક્કસ જ્ઞાન સર્જનાર વિજ્ઞાન તરીકે સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો. તેના સમકાલિન ચિંતકો તેમજ તે પછીના સામાજિક વિજ્ઞાનીઓએ સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન તરીકે વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકાઓ અદા કરી છે, સમાજશાસ્ત્રના લક્ષણો વિશે અનેક સમાજશાસ્ત્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે.

માનવ સમાજની આંતરક્રિયા, સામાજિક સંબંધો કે જૂથજીવનનાં કોઈપણ પાસાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરનાર વિજ્ઞાનને સામાજિક વિજ્ઞાન તરીકે ઓળખાય છે. આમ, સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે અને તે સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રી બિયર સ્ટીફટે આપેલા નીચે મુજબના લક્ષણો ધરાવે છે, જેની ચર્ચા આ મુજબ છે.

## ૨.૨ સમાજશાસ્ત્રનાં લક્ષણો :

સમાજશાસ્ત્રના વિધાનોમાં ખાસ કરીને એચ.એમ.જોન્સન તથા રોબર્ટ બિયર સ્ટીફટ દ્વારા સમાજશાસ્ત્રના એક સામાજિક વિજ્ઞાન તરીકેના અપાયેલાં લક્ષણો સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન તરીકે સમજવામાં ઘણા ઉપયોગી બને છે, જેની ચર્ચા નીચે પ્રમાણે છે.

### ૨.૨.૧ સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે.

વિજ્ઞાનની એ ખાસિયત હોય છે કે તે પોતાનાં વિષયવસ્તુને વૈજ્ઞાનિક રીતે ચકાસે. સમાજશાસ્ત્ર પણ માનવ સમાજના અભ્યાસમાં વિજ્ઞાનની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. વિજ્ઞાનોને વિષયવસ્તુના આધારે બે ભાગમાં વહેંચી શકાય (૧) પ્રાકૃતિક કે કુદરતી વિજ્ઞાનો અને (૨) સામાજિક વિજ્ઞાનો જે વિજ્ઞાનો કુદરતનાં તત્ત્વનો અભ્યાસ કરે છે. તે બધા પ્રાકૃતિક કે કુદરતી વિજ્ઞાનો (**Natural Science**) તરીકે ઓળખાય છે, જયારે સમાજ કે સમાજના કોઈપણ ભાગના અભ્યાસો પોતાનું વિષયવસ્તુ ગણી તપાસનારા વિજ્ઞાનો એટલે સામાજિક વિજ્ઞાનો.

આમ, સમાજશાસ્ત્ર એ સંયોજનો અભ્યાસ કરનારું સામાજિક વિજ્ઞાન છે. દા.ત. તે સમાજની જુદી-જુદી સામાજિક વ્યવસ્થા અને લગ્ન, કુટુંબ, ધર્મ, અર્થ, રાજય વગેરેને સમાજના સંદર્ભે તપાસે છે, એટલે કે વૈજ્ઞાનિક રીતે તેને તપાસે છે. તેથી તે એક સામાજિક વિજ્ઞાનની લાક્ષણિકતા કે લક્ષણ ધરાવે છે.

### ૨.૨.૨ શુદ્ધ/ સિદ્ધાંતલક્ષી વિજ્ઞાન છે.

સમાજશાસ્ત્રનું બીજું મહત્ત્વનું લક્ષણ એટલે તે શુદ્ધ કે સિદ્ધાંતલક્ષી વિજ્ઞાન છે તે વિજ્ઞાનોને ધ્યેય કે ઉદ્દેશના આધારે પણ બે ભાગમાં વહેંચી શકાય (૨) શુદ્ધ વિજ્ઞાનો (૨) વ્યવહારલક્ષી વિજ્ઞાનો શુદ્ધ વિજ્ઞાનનો હેતુ માત્ર જાણકાર માટે જ્ઞાન સર્જનાનો હોય છે. એટલે કે જ્ઞાન ખાતર જ્ઞાન એ જે વિજ્ઞાનનો હેતુ હોય તે શુદ્ધ કે સિદ્ધાંતલક્ષી વિજ્ઞાન છે. સમાજશાસ્ત્રના પ્રારંભકાળથી જ સમાજશાસ્ત્રીઓએ સમાજનો અભ્યાસ કરીને સિદ્ધાંતોએ સમાજનો અભ્યાસ કરીને સિદ્ધાંતો સ્થાપ્યા છે. જે તેના શુદ્ધ સામાજિક વિજ્ઞાન તરીકેના લક્ષણનો નિર્દેશ કરે છે. સમાજશાસ્ત્રના અભ્યાસોથી અનેક સિદ્ધાંતો સ્થપાયા છે. જેમકે ઓગષ્ટ કોમ્ટરે ત્રણ સ્તરનો નિયમ, પ્રત્યક્ષવાદ, વિજ્ઞાનોનું

વર્ગીકરણ વગેરે જેવા સિદ્ધાંત આપ્યા દુર્ખિમે આપઘાતનો સિદ્ધાંત, સામાજિક એકતાનો સિદ્ધાંત વગેરે સિદ્ધાંતો ફક્ત જે તે બાબતની સમજૂતી કે જ્ઞાન આપે છે, આથી શકાય કે સમાજશાસ્ત્ર શુદ્ધ સામાજિક વિજ્ઞાન છે. જો કે હવે એ પણ ધ્યાને રાખવાનું છે કે, અન્ય વિજ્ઞાનોની જેમ સમાજશાસ્ત્ર વ્યવહારૂ જ્ઞાન પણ સર્જે છે.

### ૨.૨.૩ અમૂર્ત સામાજિક વિજ્ઞાન છે.

સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન તરીકે અમૂર્ત સામાજિક વિજ્ઞાનની લાક્ષણિકતા ધરાવે છે, વિજ્ઞાનોને વિષયવસ્તુના સ્વરૂપની રીતે પણ બે ભાગમાં વહેંચી શકાયઃ (૧) મૂર્ત વિજ્ઞાનો (૨) અમૂર્ત વિજ્ઞાનો, જે વિજ્ઞાનોનું વિષયવસ્તુ નરી આંખે જોઈ શકાય તેવું હોય તેને મૂર્ત વિજ્ઞાન કહેવાય, જે વિજ્ઞાન નરી આંખે જોઈ શકાય નહીં, પણ અનુભવી કે સમજી શકાય તેવા વિષયવસ્તુના અભ્યાસ સાથે જોડાયેલું હોય તેને અમૂર્ત વિજ્ઞાન કહી શકાય.

સમાજશાસ્ત્રનું વિષ્યવસ્તુ માનવ સમાજ છે. સમાજને અમૂર્ત ઘટના તરીકે સમાજશાસ્ત્ર તપાસતું હોવાથી તે એક અમૂર્ત સામાજિક વિજ્ઞાન છે. વધુ સ્પષ્ટ રીતે કહેવું હોય તો, સમાજશાસ્ત્ર સમાજમાં આંતરક્રિયાની પ્રક્રિયા, સામાજિક સંબંધોની વ્યવસ્થા, સમાજનું માળખું અને કાર્યોનો અભ્યાસ કરે છે, આ બધી અમૂર્ત ઘટનાઓ છે. જેને આપણે નરી આંખે જોઈ શકતા નથી; પરંતુ, સમજી કે અનુભવી શકીએ છીએ તેથી કહી શકાય કે સમાજશાસ્ત્રનું એક લક્ષણ અમૂર્ત સામાજિક વિજ્ઞાન તરીકેનું છે.

### ૨.૨.૪ સમાજશાસ્ત્ર હકીકતલક્ષી સામાજિક વિજ્ઞાન છે.

સમાજશાસ્ત્ર સમાજ શું છે? તે તપાસે છે. તે સમાજ કેવો હોવો જોઈએ તે કયારેય કહેતું નથી. એટલે કે તે નિરપેક્ષ કે હકીકતલક્ષી સામાજિક વિજ્ઞાન તરીકે સમાજની વાસ્તવિકતાઓને વસ્તુલક્ષી રીતે ઉજાગર કરે છે. તે સમાજનું મૂલ્યાંકન કરતું નથી, જેમ કે તે સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરે છે; પરંતુ, તે કયારેય એવું નહીં દર્શાવે કે આ સમસ્યા ખરાબ છે. તે ન હોવી જોઈએ તે અયોગ્ય છે વગેરે. એટલે કે તે એક મૂલ્યમુક્ત વિજ્ઞાન છે. મૂલ્યમુક્તતા કે હકીકતલક્ષિતા એ તેનું આગવું લક્ષણ છે.

---

**★ તમારી પ્રગતિ ચકાસો**

---

- સામાજિક વિજ્ઞાનો અને પ્રાકૃતિક વિજ્ઞાનો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

- સમાજશાસ્ત્ર શા માટે સામાજિક વિજ્ઞાન છે ? તે વિશે સાત લીટીમાં નોંધ લખો.

..................................................................

..................................................................

..................................................................

.............................................................

.............................................................

- સમાજશાસ્ત્રનું સૈદ્ધાંતિક પાસું ધ્યાને લઈ સિદ્ધાંતોના સમાજશાસ્ત્રની સૂચિ તૈયાર કરો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

- હકીકતલક્ષિતા અને આદર્શલક્ષિયતાની ચર્ચા પાંચથી સાત લીટીમાં કરો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

### ૨.૨.૫ સમાજશાસ્ત્ર સંચયાત્મક વિજ્ઞાન છે. :

સંચયાત્મક એ પણ આ શાસ્ત્રની એક આગવી લાક્ષણિકતા છે. જે શાસ્ત્રો પોતાના જ્ઞાન કે સિદ્ધાંતોમાં સતત વધારો કરતા રહે છે, તેને સંચયાત્મક વિજ્ઞાનો તરીકે ઓળખવામાં આવે છે.

સમાજશાસ્ત્રમાં પણ અન્ય વિજ્ઞાનોની જેમ શરૂઆતથી જ જ્ઞાનમાં કે સિદ્ધંતોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે.સમાજશાસ્ત્રના આ લક્ષણની સ્પષ્ટતા કરતા અમેરિકન સમાજશાસ્ત્રી હેરી એમ. જોન્સને લખ્યું છે કે, સમાજશાસ્ત્રના સિદ્ધાંતોમાં એક સિદ્ધાંતના સહારે બીજો સિદ્ધાંત રચાય છે, નવા સિદ્ધાંતો જૂના સિદ્ધાંતોમાં સુધારો કરે છે, તેને વધારે વિસ્તૃત બનાવે છે અને તેની મર્યાદાઓ દૂર કરે છે.

પ્રારંભકાળથી સમાજશાસ્ત્રમાં સતત નવા સિદ્ધાંતો, ખ્યાલો પદ્ધતિઓ વગેરે વૃદ્ધિ પામતા રહ્યાં છે. તેના સિદ્ધાંતોમાં સુધારો-વધારો થતો રહયો છે. આમ, સતત સમાજશાસ્ત્રના જ્ઞાનમાં વૃદ્ધિ થઈ રહી છે, આથી કહી શકાય કે, સમાજશાસ્ત્રની પદ્ધતિ-પ્રયુકિતઓ, તેની વિભાવના –ખ્યાલો અને તેને લગતા સિદ્ધાંતોનો ઉત્તરોત્તર વધારો થતો રહ્યો હોવાથી આ શાસ્ત્ર સંચયાત્મક છે.

### ૨.૨.૬ સમાજશાસ્ત્ર એક સામાન્ય સામાજિક વિજ્ઞાન છે. :

સમાજશાસ્ત્રનું વિષ્યવસ્તુ સમગ્ર સમાજ છે. એટલે કે તે સમાજજીવનનો સમગ્રલક્ષી અભ્યાસ કરે છે. તે કોઈ એકાદ પાસાને તપાસીને અટકી જતું નથી, આથી સમાજશાસ્ત્ર સમાજજીવનનો અભ્યાસ કરનારું સામાન્ય વિજ્ઞાન છે. વિશિષ્ટ વિજ્ઞાન નથી. સમાજશાસ્ત્રની આ લાક્ષણિકતા વિશે સમાજશાસ્ત્રી રોબર્ટ બિયરસ્ટેડટ અને

સોરો એવી સમજૂતી આપે છે કે, સમાજશાસ્ત્ર સામાજિક ઘટનાઓમાં જોવાં મળતાં સામાન્ય પરિબળોને ધ્યાને લઈ અભ્યાસ કરે છે. તે ઉદાહરણથી સમજાવે છે કે, જેમકે, આર્થિક ઘટનામાં **a ,b, c, d, e, f** પરિબળો જોવાં મળે છે.

રાજકીય ઘટનામાં **a.b.c.j.z.** પરિબળો

ધાર્મિક ઘટનામાં **a, b, c, t, o, f** પરિબળો

શૈક્ષણિક ઘટનામાં **a, b, c, n ,t, o** પરિબળો

કૌટુંબિક ઘટનામાં **a, b, c, d, p ,m** પરિબળો

આ રીતે આર્થિક, ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક અને કૌટુંબિક ઘટનાઓમાં **a, b ,c** જેવા સામાન્ય પરિબળો છે. સમાજશાસ્ત્ર સમાજની સામાજિક ઘટનાઓના સામાન્ય પરિબળોને તપાસતું કે સમજાવું હોવાથી તે એક સામાન્ય વિજ્ઞાનનું લક્ષણ ધરાવે છે, તેમ કહી શકાય.

### ૨.૨.૭ સમાજશાસ્ત્ર સામાન્ય કરણ કરતું વિજ્ઞાન છે.

સમાજશાસ્ત્ર સમાજમાં જોવાં મળતી સાર્વત્રિક ઘટનાઓઓ અભ્યાસ કરી તે અંગે સર્વસામાન્ય જ્ઞાન કે સિદ્ધાંત સ્થાપે છે. તેથી કહેવાય કે, સમાજશાસ્ત્ર સામન્યીકરણ કરતું વિજ્ઞાન છે. જેમ કે, સમાજશાસ્ત્ર સમાજમાં જોવાં મળતી સાર્વત્રિક પ્રક્રિયાઓ જેવી કે, સ્તરીકરણ, નિયંત્રણ, પરિવર્તન વગેરે અંગે સર્વસામાન્ય નિયમ સ્થાયી તેને લાગું પડે છે. આમ સમાજશાસ્ત્ર સામાન્યીકરણ કરતું સામાજિક વિજ્ઞાન છે, વિશિષ્ટીકરણ કરતું વિજ્ઞાન નથી.

### ૨.૨.૮ બુદ્ધિગમ્ય અને અનુભવજન્ય સામાજિક વિજ્ઞાન તરીકેની ખાસિયત ધરાવે છે.

જે શાસ્ત્રો વિજ્ઞાનની પદ્ધતિના ઉપયોગ વડે અને વૈજ્ઞાનિક વલણ દાખવીને પોતાના વિષ્યવસ્તુનો અભ્યાસ કરતા હોય તેવા શાસ્ત્રોને બુદ્ધિગમ્ય અને અનુભવજન્ય શાસ્ત્રો કે વિજ્ઞાનો કહેવાય. સ્વરૂપની દ્રષ્ટિએ સમાજશાસ્ત્ર બુદ્ધિગમ્યતા અને અનુભવલક્ષિતાની ખાસિયત ધરાવે છે. સમાજશાસ્ત્રીઓ પોતાનાં અભ્યાસમાં વૈજ્ઞાનિક વલણ દાખવીને જ્ઞાન મેળવે છે. એટલે કે, સમાજશાસ્ત્રના અભ્યાસોમાં વસ્તુલક્ષીની અને નૈતિક તટસ્થતા જળવાય છે.

વળી, સમાજશાસ્ત્રના જ્ઞાનની ચકાસણી કરી શકાય છે. તેમજ તેની પ્રમાણપૂર્તતા પણ જાણી શકાય છે. તેથી તે એક બુદ્ધિગમ્ય અને અનુભવલક્ષી સામાજિક વિજ્ઞાન છે. તેના સિદ્ધાંતો કે જ્ઞાનબુદ્ધિ કે તર્ક વડે સ્થપાયેલું હોય છે.

---

★ **તમારી પ્રગતિ ચકાસો :**

---

- સમાજશાસ્ત્રની સંચયાત્મક વિજ્ઞાન તરીકેની લાક્ષણિકતા ઉદાહરણ સહિત સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

- વિશિષ્ટ વિજ્ઞાનોની સરખામણીએ સમાજશાસ્ત્ર કઈ રીતે અલગ પડે છે? સાત લીટીમાં જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

- સામાન્યી કરણ કરતા વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર શું છે ? તે ટૂંકમાં ઉદાહરણ વડે સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

- સમાજશાસ્ત્રની અનુભવિક વિજ્ઞાન તરીકેની ખાસિયતો પાંચથી સાત લીટીમાં લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૨.૩ સારાંશ :

સમાજશાસ્ત્રના લક્ષણોની ઉપર્યુકત સમગ્ર ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે, સમાજશાસ્ત્ર સમાજજીવનનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન છે. એક સામાજિક વિજ્ઞાન તરીકે તે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત તે શુદ્ધ સામાજિક વિજ્ઞાની લાક્ષણિકતા ધરાવે છે, તો સાથે સાથે હવે વ્યવહારું સમાજશાસ્ત્ર પણ અસ્તિત્ત્વમાં આવ્યું છે, જે તેના વ્યવહારલક્ષી પાસાનો નિર્દેશ કરે છે, તે અમૂર્ત, હકીકતલક્ષી, સંચયાત્મક, સામાન્ય, સામાન્યી કરણ કરતું તેમજ બુદ્ધિગમ્ય અને અનુભવશાસ્ત્રની ઉપર્યુકત લાક્ષણિકતાઓની સમજથી સમાજશાસ્ત્ર કેવું વિજ્ઞાન છે કે સમાજશાસ્ત્ર શું છે? તેનો ખ્યાલ આવે છે.

## ૨.૪ શબ્દાવલી :

**૧. માનવીય જૂથો :** માનવીય જૂથો એટલે માનવીઓનાં બનેલાં જૂથોનાં સમૂહો

**૨. અમૂર્ત :** જે નરી આંખે દેખાતું ન હોય પણ જેને અનુભવથી જોઈ શકાય કે મનથી સમજી શકાય તેવું

**૩. શુદ્ધ વિજ્ઞાન : ( Pure Science )** : જ્ઞાન ખાતર જ્ઞાન કે જાણકારી માટે જ્ઞાનના હેતુથી જ્ઞાન સર્જન કરનાર વિજ્ઞાનો શુદ્ધ વિજ્ઞાનો તરીકે ઓળખાય.

**૪. સંચયાત્મક :** સંચય કરનારું વૃદ્ધિ કે વધારો કરનારું.

**૫. સામાન્ય :** ખાસ કે વિશિષ્ટ ન હોય તેવું જે દરેક જગ્યાએ હોય તે.

## ૨.૫ બહુ વૈકલ્પિક પ્રશ્નો

૧. સમાજશાસ્ત્ર નીચેનામાંથી કેવું વિજ્ઞાન નથી?

(૧) પ્રાકૃતિક (૨) સામાજિક

(૩) સૈદ્ધાંતિક (૪) સામાન્ય

જવાબ : પ્રાકૃતિક

૨. સમાજ વિશેના સમાજશાસ્ત્રીય ચિંતનની શરૂઆત કોણે કરી ?

(૧) પ્લેટોએ (૨) કોમ્પ્ટેએ

(૩) એરિસ્ટોટલે (૪) મેકવાવેલીએ

જવાબ : કોમ્પ્ટેએ

૩. સમાજશાસ્ત્ર નીચેનામાંથી કેવું વિજ્ઞાન છે?

(૧) આદર્શ (૨) કુદરતી

(૩) સામાન્ય (૪) વિશિષ્ટ

જવાબ : સામાન્ય

૪. શુદ્ધ વિજ્ઞાન તરીકે વિજ્ઞાનનો હેતુ શું હોય છે?

(૧) સમસ્યા ઉકેલ (૨) સિદ્ધાંત સ્થાપવો

(૩) વ્યવહારું જ્ઞાન (૪) ત્રણેમાંથી એકેય નહિ.

જવાબ : સિદ્ધાંત સ્થાપવો

૫. સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રમાં નીચેનામાંથી શું ખૂબ જ જરૂરી છે?

(૧) વૈજ્ઞાનિક વલણ (૨) નીતિ વિષયક જ્ઞાન

(૩) આત્મલક્ષીપણું (૪) ત્રણેમાંથી એકેય નહીં.

જવાબ : વૈજ્ઞાનિક વલણ

## ૨.૬ સ્વાધ્યાય :

૧) સમાજ વિશેના વૈજ્ઞાનિક અભ્યાસ માટે કઈ-કઈ બાબતો અગત્યની છે, તેની ટૂંકી નોંધ કરો.

૨) સમાજશાસ્ત્ર કેવું વિજ્ઞાન છે?તે સાતથી આઠ લીટીમાં નોંધો.

૩) અમૂર્ત વિજ્ઞાન તરીકેના લક્ષણની સ-ઉદાહરણ સમજૂતિ સાત લીટીમાં લખીને

આપો.

૪) શુદ્ધ વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રે સ્થાપેલા સિદ્ધાંતોની ટૂંકી યાદી બનાવો.

૫) સામાન્યી કરણ કરતા વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર શું કરે છે? તે પાંચથી સાત લીટીમાં લખો.

## ૨.૭ સંદર્ભસૂચિ :


**1**. ડૉ. વાઘેલા અનિલ એસ, 'સમાજશાસ્ત્રનો પરિચય' , યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુ.રા, અમદાવાદ

**2**. શાહ અને દવે 'સમાજશાસ્ત્રનો પરિચય' અનડા બૂક ડેપો, અમદાવાદ-200203

**3**. પરમાર વાય.એ ' સમાજશાસ્ત્રની મૂળભૂત વિભાવનાઓ ' પોપ્યુલર પ્રકાશન, સુરત-1997-98

**4**. સિંહ જે.પી, 'સમાજશાસ્ત્રની મૂળભૂત PHI learning Private Limited, New Delhi-2011

**5**. શર્મા એન્ડ શર્મા, 'સમાજશાસ્ત્રના સિદ્ધાંત 'એડલાંટિંક પબ્લિસર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, નવી દિલ્હી -2001

**6.** Inkeles Apex, 'What is Society? ' PHI learning Private Limited, New Delhi-2012

**7**. Bested Robert, ' The Social Order,' Tata Mal glow Hill, 1970

**8**. P.Gisbelt, ' Fundamentals of Sociology,' Orient Black Swan Private Limited, Hydrabad-2016

એકમ ૩

# સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર

## રૂપરેખા


૩.૦ ઉદ્દેશો

૩.૧ પ્રસ્તાવના

૩.૨ સમાજશાસ્ત્રનો અર્થ

૩.૩ સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર

- ૩.૩.૧ સમાજના મૂળભૂત એકમો
  - ૩.૩.૧.૨ સામાજિક ક્રિયા અને સામાજિક આંતરક્રિયા
  - ૩.૩.૧.૩ સામાજિક દરજ્જો અને ભૂમિકા
  - ૩.૩.૧.૪ સામાજિક રચના અને કાર્ય
  - ૩.૩.૧.૫ સામાજિક ધોરણો
  - ૩.૩.૧.૬ સંસ્કૃતિ
  - ૩.૩.૧.૭ સામાજિક જૂથો
- ૩.૩.૨ પાયાની સામાજિક સંસ્થાઓ
  - ૩.૩.૨.૧ કુટુંબ અને સગપણ સંબંધોની વ્યવસ્થા
  - ૩.૩.૨.૨ લગ્ન
  - ૩.૩.૨.૩ જ્ઞાતિ
  - ૩.૩.૨.૪ આર્થિક સંસ્થા
  - ૩.૩.૨.૫ ધર્મસંસ્થા
  - ૩.૩.૨.૬ રાજકીય સંસ્થા
  - ૩.૩.૨.૭ શિક્ષણ સંસ્થા
- ૩.૩.૩ સામાજિક પ્રકિયાઓ
  - ૩.૩.૩.૧ વ્યકિતત્ત્વ અને સામાજિકરણ
  - ૩.૩.૩.૨ સામાજિક સ્તરીકરણ અને સામાજિક ગતિશીલતા
  - ૩.૩.૩.૩ સામાજિક પરિવર્તન
  - ૩.૩.૩.૪ સામાજિક નિયંત્રણ
  - ૩.૩.૩.૫ સામાજિક સમસ્યાઓ

૩.૪ સારાંશ

૩.૫ શબ્દાવલિ

૩.૬ બહુવૈકલ્પિક પ્રશ્નો

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

૩.૭ **સ્વાધ્યાય**

૩.૮ **સંદર્ભસૂચિ**

## ૩.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે,

- સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપવા સમર્થ બનશો.
- સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રોનું સ્પષ્ટ ચિત્ર મેળવી શકશો.
- સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રોના વર્ગીકરણ વિશે માહિતી મેળવશો.

## ૩.૧ પ્રસ્તાવના

માનવી એક જિજ્ઞાસુ પ્રાણી છે તેમની જિજ્ઞાસાવૃત્તિને કારણે માનવીએ શરૂઆતથી જ તેમની આસપાસની વિભિન્ન પરિસ્થિતિઓને સમજવાનો પ્રયત્ન કર્યો છે. જેમાંથી વિવિધ વિજ્ઞાનોનો ઉદ્ભવ-વિકાસ થયો છે. વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. આ વિજ્ઞાનના પ્રાકૃતિક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન એવા મુખ્ય બે પ્રકાર પડે છે. જેમાંથી સમાજજીવનના કોઈને કોઈ પાસાઓનો અભ્યાસ કરતા વિજ્ઞાનો એટલે સામાજિક વિજ્ઞાનો. જેમાં સમાજશાસ્ત્ર પણ એક સામાજિક વિજ્ઞાન છે.

દરેક સામાજિક વિજ્ઞાન વ્યકિતના સામાજિક જીવનને સમજવા માટે પોતાના અલગ અલગ ર્દષ્ટિકોણ ધરાવે છે. જેમ કે, અર્થશાસ્ત્ર આર્થિક ર્દષ્ટિકોણથી, રાજયશાસ્ત્ર રાજકીય ર્દષ્ટિકોણથી અને સમાજશાસ્ત્ર સમાજિક ર્દષ્ટિકોણથી ઘટનાઓનો અભ્યાસ કરે છે. દરેક સામાજિક વિજ્ઞાનને પોતના ભિન્ન અભ્યાસક્ષેત્રો હોય છે. આથી, અન્ય સામાજિક વિજ્ઞાનોને જેમ જ સમાજશાસ્ત્રને પણ પોતાનું ચોકક્સ અભ્યાસક્ષેત્ર છે. સમાજશાસ્ત્ર માનવ સમાજને લગતી જે ઘટનાઓનો અભ્યાસ કરે છે, તે બધી જ ઘટનાઓને સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સમાવિષ્ટ કરી શકાય.

સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રોને સમજવા માટે આપણે સમાજશાસ્ત્રનો અર્થ સમજી તેના આધારે અભ્યાસક્ષેત્રને સમજવાનો હવે પ્રયાસ કરીએ.

## ૩.૨ સમાજશાસ્ત્રનો અર્થ

વિજ્ઞાનીઓએ સમાજશાસ્ત્રની વિવિધ ર્દષ્ટિકોણથી ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓ આપી છે. આ વ્યાખ્યાઓથી સમાજશાસ્ત્રનો અર્થ અને અભ્યાસક્ષેત્રની જાણકારી મળી રહે છે.

યંગ અને મેકના મતે, સમાજશાસ્ત્ર માનવજીવનના સામાજિક પાસાંઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે.

જોનસનના મતે, સમાજશાસ્ત્ર સામાજિક જૂથોનો અભ્યાસ કરે છે. તે આવાં જૂથોનાં આંતરિક સ્વરૂપો, તેને ટકાવી રાખતી તથા તેમાં પરિવર્તન લાવતી પ્રક્રિયાઓ અને આ જૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોના અભ્યાસ કરે છે.

મેકાઈવર અને પેજના મતે, સમાજશાસ્ત્રએ સામાજિક સંબંધોની પ્રસ્થાપિત વ્યવસ્થાનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

**★ તમારી પ્રગતિ ચકાસો- ક**

૧) સમાજશાસ્ત્રીઓએ આપેલી કોઈ પણ બે વ્યાખ્યા આપો.

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

## ૩.૩ સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર

સમાજશાસ્ત્ર માનવ સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરે છે. તેથી જ તો અન્ય સમાજવિજ્ઞાનોની તુલનામાં સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર વિશાળ છે. જુદા જુદા સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રની આપેલી વ્યાખ્યાઓના આધારે સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર નીચે મુજબ દર્શાવી શકાય :

### ૩.૩.૧ સમાજના મૂળભૂત એકમો

સમાજવ્યવસ્થાને ટકાવી રાખવામાં સમાજના મૂળભૂત એકમો મહત્ત્વનો ભાગ ભજવે છે. સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં નીચે મુજબના મૂળભૂત એકમોનો સમાવેશ થાય છે.

#### ૩.૩.૧.૧ સામાજિક સંબંધો

દરેક માનવીને પોતાની કેટલીક જરૂરિયાતો હોય છે; જેવી કે કૌટુંબિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, રાજકીય વગેરે. આ જરૂરિયાતોની પૂર્તિ માટે માનવી અન્ય માનવી જૂથ સાથે સંપર્કમાં આવે છે. આથી માનવી-માનવી, માનવી-જૂથ અને જૂથ-જૂથ વચ્ચે કૌટુંબિક, ધાર્મિક, રાજકીય, આર્થિક વગેરે સ્વરૂપના સામાજિક સંબંધો વિકાસ પામે છે. તેમજ માનવી એક સામાજિક પ્રાણી છે. હોવાથી તે અન્ય માનવીના સામાજિક સંબંધોને અનુરૂપ બનીને જીવન જીવે છે. આમ સમાજશાસ્ત્ર માટે સામાજિક સંબંધો કેન્દ્રવર્તી અને પાયાનું અભ્યાસક્ષેત્ર બની રહે છે.

#### ૩.૩.૧.૨ સામાજિક ક્રિયા અને સામાજિક આંતરક્રિયા

માનવીના સામાજિક સંબંધોને સમજવા માટે સામાજિકઈક્રયા અને આંતરક્રિયા સમજવી જરૂરી છે; કારણ કે, સામાજિક ક્રિયા એ સામાજિક સંબંધોનું એકમ છે. સમાજશાસ્ત્ર સામાજિક ક્રિયાના મૂળભૂત તત્ત્વો જેવા કે, કર્તા, ધ્યેય, સાધનો અને સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરે છે તેમજ સમાજવ્યવસ્થા સાથેના તેમના સંબંધો તપાસે છે.

બે વ્યકિત કે જૂથો વચ્ચે થતી ક્રિયા-પ્રતિક્રિયામાંથી સામાજિક આંતરક્રિયાનો ઉદ્દભવ થાય છે અને તેમાંથી જ જુદા જુદા સામાજિક સંબંધો વિકાસ પામે છે. આમ, સામાજિક સંબંધો એ સામાજિક આંતરક્રિયાનું પરિણામ છે. સમાજશાસ્ત્ર સામાજિક આંતરક્રિયાનું સ્વરૂપ, તેના પ્રકારો જેવા કે સહકાર, સ્પર્ધા, સંઘર્ષ અને સમાયોજન તેમજ આંતરક્રિયાના સામાજિક પરિણામોનો અભ્યાસ કરે છે.

### ૩.૩.૧.૩ સામાજિક દરરજો અને ભૂમિકા

સમાજવ્યવસ્થામાં જુદા જુદા સામાજિક જૂથો આવેલાં હોય છે અને આ દરેક જૂથોમાં દરજ્જા અને ભૂમિકાને ગોઠવણી થયેલી જોવા મળે છે. જેમ કે, કુટુંબમાં પિતા, માતા, ભાઈ, બહેન વગેરે દરજ્જાઓ આવેલાં છે અને તેને અનુરૂપ ભૂમિકા પણ ભજવવાની હોય છે. આથી સમાજશાસ્ત્ર સામાજિક દરજ્જાના પ્રકાર તરીકે અર્પિત દરજ્જો અને પ્રાપ્ત દરજ્જો, તેના નિર્ણાયક પરિબળો તેમજ ભૂમિકાની વ્યવસ્થા અને દરજ્જા ભૂમિકા વચ્ચેના સંબંધો અને તફાવતોનો અભ્યાસ કરે છે.

### ૩.૩.૧.૪ સામાજિક રચના અને કાર્ય

સમાજમાં સામાજિક રચના સ્વરૂપનાં જુદાં જુદાં માળખાઓ આવેલાં હોય છે. જેમ કે કુટુંબ, જ્ઞાતિ, શાળા, ધર્મ વગેરે રચનાતંત્રોને તેના ચોકકસ માળખા હોય છે. આ દરેક માળખાઓમાં ઉપજૂથો , મૂલ્યો, સામાજિક ધોરણો, ધ્યેયો અને દરજ્જા ભૂમિકાની ગોઠવણી થયેલી જોવા મળે છે. તેમજ આ દરેક સામાજિક રચનાને તેના કાર્યો હોય છે. જેમ કે, સમાજવ્યવસ્થાની જાળવણી કરવી, સામાજિકીકરણ, ધ્યેયપ્રાપ્તિ, માલ અને સેવાઓની વહેંચણી કરવી વગેરે. સમાજશાસ્ત્ર આવા સામાજિક રચનાતંત્રો, તેનું માળખું, તેના કાર્યોનો અભ્યાસ કરે છે.

સમાજશાસ્ત્ર સમાજવ્યવસ્થાની સામાજિક રચનાઓ કઈ રીતે પરસ્પર જોડાયેલી છે? અને તેમના કાર્યો વચ્ચે કેવો સંબંધ છે તેનો પણ સમાજશાસ્ત્ર અભ્યાસ કરે છે.

### ૩.૩.૧.૫ સામાજિક ધોરણો

સમાજવ્યવસ્થાને ટકાવી રાખવા માટે દરેક સમાજમાં સામાજિક નિયમો હોય છે. જેને સામાજિક ધોરણો કહેવામાં આવે છે. આવા ધોરણો ઔપચારિક અને અનૌપચારીક સ્વરૂપે જોવા મળે છે. જે સમાજમાં સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે. સમાજશાસ્ત્ર ધોરણોના પ્રકાર તરીકે ઔપચારિક સામાજિક ધોરણો જેવા કે કાયદા, આચારસંહિતા તેમજ અનૌપચારિક ધોરણો જેવા કે, લોકરીતિ, રિવાજ, રૂઢિ, પરંપરા વગેરે તેમજ તેમની શિક્ષા પદ્ધતિઓનો અભ્યાસ કરે છે.

### ૩.૩.૧.૬ સંસ્કૃતિ

માનવીએ કરેલા સમગ્ર સર્જનો એટલે સંસ્કૃતિ કે જેમાં ભાષા, ધર્મ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, વિચારસરણી, કળા, સંગીત, સાધનો, મકાનો, વાહનો વગેરે તત્ત્વોનો સમાવેશ થાય છે. સંસ્કૃતિ માનવીના વર્તન અને સમાજવ્યવસ્થા પર અસર કરે છે. માનવ વર્તન અને સામાજિક સંબંધોના ઘડતરમાં સંસ્કૃતિ મહત્ત્વનો ભાગ ભજવતી હોવાથી સમાજશાસ્ત્રમાં સંસ્કૃતિ, તેના લક્ષણો, પ્રકારો, મહત્ત્વનો વગેરે પાસાંઓનો અભ્યાસ કરવામાં આવે છે.

### ૩.૩.૪.૭ સામાજિક જૂથો

વ્યકિતની મોટાભાગની જરૂરિયાતો સમૂહમાં પૂર્ણ થાય છે. આથી વ્યકિત પોતાનું જીવન, સમૂહના સહવાસમાં રહીને જીવે છે. કુટુંબ, મિત્ર, જૂથ, કલબો, કૉલેજ, શાળા યુનિવર્સિટી, રમતગમત જૂથ, મંડળો, શહેર, ગામડું વગેરે જેવા સંગઠિત અને અસંગઠિત જૂથો સમાજમાં આવેલાં હોય છે. આથી સમાજશાસ્ત્ર સામાજિક જૂથો,

તેના પ્રકારો, તેના મહત્ત્વનો અભ્યાસ પણ કરે છે.

**★ તમારી પ્રગતિ ચકાસો – ખ**

(૧) સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર તરીકે સમાજના મૂળભૂત એકમોના નામ લખો.

..............................................................

..............................................................

..............................................................

### ૩.૩.૨ પાયાની સામાજિક સંસ્થાઓ

વ્યકિત પોતાની જરૂરિયાતો માટે અન્ય વ્યકિત કે જૂથો સાથે જોડાઇ છે. આ પ્રકારનાં જૂથોમાં જરૂરિયાતો સંબંધિત વર્તનની ઢબો વિકાસ પામે છે જે સામાજિક સંસ્થાઓ તરીકે ઓળખાય છે. અને સામાજિક સંસ્થાઓ જોડાઇને જ સમાજવ્યવસ્થા બને છે, જે સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અભ્યાસક્ષેત્ર બની રહે છે.

### ૩.૩.૨.૧ કુટુંબ અને સગપણ સંબંધોની વ્યવસ્થા

કુટુંબએ પાયાની સામાજિક સંસ્થા છે. કુટુંબ- સમાજ માટે નવી વસ્તીની ભરતી, સામાજિકીકરણ, સંસ્કારોનું સિંચન, ભરણપોષણ વગેરે મહત્ત્વના કાર્યો કરે છે. આથી સમાજશાસ્ત્ર કુટુંબ, તેના સ્વરૂપો, પ્રકારો, કાર્યો, કુટુંબ આવેલ પરિવર્તન અને પરિવર્તન લાવતા પરિબળો વગેરે પાસાંઓનો અભ્યાસ કરે છે.

સમાજવ્યવસ્થામાં કુટુંબ સંસ્થાની સાથે સગપણ સંબંધોની વ્યવસ્થા જોડાયેલી જોવા મળે છે. જેમાં લગ્ન, લોહી કે દત્તકના સંબંધોનો સમાવેશ થાય છે. જે સમાજવ્યવસ્થાના આંતરિક સ્વરૂપના ભાગરૂપ જોવા મળે છે. આથી અહીં સમાજશાસ્ત્રમાં સગપણ સંબંધો, તેના સ્વરૂપ, પ્રકારો અને જુદાં જુદાં ક્ષેત્રોમાં જોવાં મળતાં સગપણ સંબંધોનો અભ્યાસ કરવામાં આવે છે.

### ૩.૩.૨.૨ લગ્ન

લગ્ન એ કુટુંબસંસ્થા માટેની પ્રથમ આવશ્યક સંસ્થા છે. લગ્ન સ્ત્રી અને પુરુષને સમાજમાન્ય પત્ની અને પતિ તરીકેનો દરજ્જો આપે છે. તેમજ તેમની વચ્ચેના તથા તેમના બાળકો વચ્ચેના હક્કો અને ફરજો નકકી કરી આપે છે તથા વ્યકિતને સમાજમાન્ય રીતે જાતીય સંબંધો બાંધવાની છૂટ આપે છે. સમાજશાસ્ત્રમાં લગ્ન, તેના પ્રકારો, લગ્નના નિયમો, લગ્નસંસ્થામાં આવતા પરિવર્તનો વગેરે પાસાંઓનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

### ૩.૩.૨.૩ જ્ઞાતિ

જ્ઞાતિએ વિશિષ્ટ નામ ધરાવતી અને સમાજમાં વ્યકિત અને તેના કુટુંબનો સામાજિક દરજ્જો પરિભાષિત કરી ખાનપાન, સંપર્ક, ધાર્મિક જીવન, ધંધાની પસંદગી અને લગ્નજીવનનું નિયમન કરતી સગપણ સંબંધોની સંસ્થા છે. સમાજશાસ્ત્ર જ્ઞાતિસંસ્થા, તેનું સ્વરૂપ, તેના કાર્યો અને વિકાર્યો, જ્ઞાતિઓ વચ્ચેની વિસંવાદિતા, જ્ઞાતિ અને રાજકીય સંસ્થા વચ્ચેનો સંબંધ, જ્ઞાતિમાં આવતું પરિવર્તન વગેરે પાસાંઓનો

અભ્યાસ કરવામાં આવે છે.

### ૩.૩.૨.૪ આર્થિક સંસ્થા

માનવી પોતાની મૂળભૂત જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડાં અને રહેઠાણ માટે વિવિધ આર્થિક ક્રિયાઓ કરે છે. આથી આર્થિક સંસ્થા સમાજની મહત્ત્વની ઉપવ્યવસ્થા બની રહે છે. સમાજશાસ્ત્ર આર્થિક સંસ્થાનો અભ્યાસ સમાજવ્યવસ્થાના સંદર્ભમાં કરે છે. જેમાં શ્રમવિભાજન, તેનું સ્વરૂપ, ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા, આર્થિક વર્ગવ્યવસ્થા, તેના કારણો ઉદ્ભવતી જીવનશૈલી વગેરે પાસાંઓનો અભ્યાસ કરવામાં આવે છે.

### ૩.૩.૨.૫ ધર્મસંસ્થા

ધર્મ વ્યકિત અને અલૌકિક શકિત વચ્ચેના સંબંધોને સમજાવે છે. ધર્મ કોઈને કોઈ પ્રકારનો માનવીથી પર અલૌકિક એ શકિત પરનો માનવીનો વિશ્વાસ છે. આ વિશ્વાસનો આધાર ભય, ભકિતભાવના, શ્રદ્ધા અને પવિત્રતા - અપવિત્રતાની ધારણા પર હોય છે. ધર્મ સમાજવ્યવસ્થામાં સામાજિક નિયંત્રણ, નૈતિક મૂલ્યોનું જતન, વ્યકિતત્ત્વનું સુગ્રથન, બંધુત્વ જેવાં કાર્યો કરે છે. તેમજ કોમવાદ, ધાર્મિક ઝઘડા, તંગદિલી વગેરે જેવાં વિકાર્યો કરે છે. આમ, સમાજશાસ્ત્ર ધર્મસંસ્થા અને જુદા જુદા ધર્મોની માન્યતાઓ અને તેમની જીવનશૈલીઓ, તેમજ ધર્મના કાર્યો અને વિકાર્યોનો અભ્યાસ કરે છે.

### ૩.૩.૨.૬ રાજકીય સંસ્થા

રાજકીય સંસ્થા સમાજવ્યવસ્થાનું સુવ્યવસ્થિત સંચાલન કરી સામાજિક નિયંત્રણનું મહત્ત્વનું કાર્ય કરે છે. આ ઉપરાંત રાજકીય સંસ્થા કાયદાઓ અને નિયમોનું ઘડતર, પાલન, આંતરિક સંઘર્ષોનું નિવારણ, સમાજનું રક્ષણ, વિકાસ અને પ્રગતિ વગેરે મહત્ત્વના કાર્યો કરે છે. આથી, સમાજશાસ્ત્ર સમાજવ્યવસ્થાના સંદર્ભમાં રાજકીય વ્યવસ્થાઓ, તેનાં માળખા અને કાર્યોનો અભ્યાસ કરે છે.

### ૩.૩.૨.૭ શિક્ષણ સંસ્થા

સમાજવ્યવસ્થાના ઘડતરમાં શિક્ષણ મહત્ત્વની સંસ્થા છે, જે વ્યક્તિત્વનું ઘડતર અને વિકાસ, સાંસ્કૃતિક પાસાંનું હસ્તાંતરણ, સામાજિક નિયંત્રણ, સામાજિક પરિવર્તન અને સામાજિક ગતિશીલતા લાવવાનાં મહત્ત્વનાં કાર્યો કરે છે. તેથી, સમાજશાસ્ત્ર માટે શિક્ષણ મહત્ત્વનું અભ્યાસાક્ષેત્ર બને છે.

---

**★ તમારી પ્રગતિ ચકાસો – ગ**

---

(૧) સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર તરીકે સામાજિક સંસ્થાઓના નામ લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

### ૩.૩.૩ સામાજિક પ્રક્રિયાઓ

સમાજવ્યવસ્થાને નિરંતર રહેતી કેટલીક પ્રક્રિયાઓનો સમાજશાસ્ત્ર અભ્યાસ કરે છે.

#### ૩.૩.૩.૧ વ્યક્તિત્વ અને સામાજિકીકરણ

નવા જન્મેલા બાળકને સામાજિકીકરણના માધ્યમ દ્વારા સામાજિક વ્યક્તિ બનાવવામાં આવે છે. આ સામાજિક વ્યક્તિ સામાજિક ક્રિયા અને આંતર્ક્રિયાનું મહત્ત્વનું એકમ છે. આથી સમાજશાસ્ત્ર વ્યક્તિના વ્યક્તિત્ત્વનું ઘડતર કરતા મહત્ત્વના પાસાંઓ જેવા કે જૈવિક, સામાજિક વાતાવરણ, ભૌગોલિક વાતાવરણ અને સંસ્કૃતિનો અભ્યાસ કરે છે.

વ્યક્તિ જન્મ સમયે પશુ સમાન હોય છે. જેને સામાજિકીકરણ દ્વારા સંસ્કૃતિનું પ્રદાનકરી સામાજિક માનવી બનાવવામાં આવે છે. આથી સામાજિકીકરણ એક મહત્ત્વની પ્રક્રિયા છે. સમાજશાસ્ત્ર સામાજિકીકરણની પ્રક્રિયા, તેની એજન્સીઓ જેવી કે કુટુંબ, મિત્રજૂથ, શાળા, સંચાર માધ્યમો તેમજ વ્યક્તિના વ્યક્તિત્વમાં સામાજિકીકરણનો ફાળો, સંસ્કૃતિના હસ્તાંતરમાં સામાજિકીકરણનો ફાળો વગેરે બાબતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરે છે.

#### ૩.૩.૩.૨ સામાજિક સ્તરીકરણ અને સામાજિક ગતિશીલતા

સમાજમાં દરેક વ્યક્તિની બુદ્ધિ, આવડત, કૌશલ્યો સમાન હોતા નથી. આથી બુદ્ધિ, આવડત, કૌશલ્યો વગેરે જેની પાસે વધારે હોય તેને સમાજમાં સ્થાન, સત્તા અને વધુ લાભો મળે છે અને જેમની પાસે બુદ્ધિ, આવડત, કૌશલ્યો વગેરે ઓછા હોય તેને ઓછા લાભો મળે છે. સમાજમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન જેવા સ્તરો વિકાસ પામે છે. સમાજશાસ્ત્ર સામાજિક સ્તરરચના, તેનો ઉદ્ભવ-વિકાસ, સ્વરૂપ, તેમાં આવતું પરિવર્તન, સામાજિક સ્તર આધારિત જીવનશૈલી અને સ્તરરચનાને ટકાવી રાખતી પ્રક્રિયાઓનો અભ્યાસ કરે છે.

સમાજમાં સ્તરીકરણને કારણે વ્યક્તિના દરજ્જામાં પણ ફેરફાર આવતો રહે છે. જે ફેરફાર ગતિશીલતા તરીકે જોવા મળે છે. જેમાં આડી ગતિશીલતા અને ઊભી ગતિશીલતાનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્ર સામાજિક ગતિશીલતા, તેના પ્રકારો, સ્વરૂપ, ગતિશીલતાને અસર કરતા પરિબળોનો પણ અભ્યાસ કરે છે.

#### ૩.૩.૩.૩ સામાજિક પરિવર્તન

સમય, સંજોગો, પરિસ્થિતિઓ બદલાતા સામાજમાં વિવિધ જૂથો, ઉપજૂથો, સામાજિક સંસ્થાઓ અને તેમના રચનાતંત્રો તથા કાર્યોમાં બદલાવ આવે છે. જે સામાજિક પરિવર્તન દર્શાવે છે. સમાજશાસ્ત્ર સામાજિક પરિવર્તન માટે જવાબદાર પરિબળો અને અવરોધક પરિબળો તેમજ સામાજિક પરિવર્તનનું સ્વરૂપ, તેની દિશા વગેરેનો અભ્યાસ કરે છે.

#### ૩.૩.૩.૪ સામાજિક નિયંત્રણ

સમાજવ્યવસ્થાને ટકાવી રાખતી પ્રક્રિયા તરીકે સામાજિક નિયંત્રણ સાર્વત્રિક પ્રક્રિયા છે. દરેક સમાજમાં વ્યક્તિએ સામાજિક ધોરણો અનુસાર કઈ રીતે વર્તન કરવું

અને કઈ રીતે વર્તન ન કરવું તેના નિયમો હોય છે. આ નિયમોનું પાલન જ સામાજિક નિયંત્રણ છે. આવું નિયંત્રણ જુદાજુદા સાધનો જેવા કે કાયદા, લોકરીતિ, રિવાજ, પરંપરા, રૂઢિઓ, લોકમત વગેરે દ્વારા થાય છે તેમજ તેમના ભંગ બદલની ચોક્કસ શિક્ષા કે દંડની વ્યવસ્થા દરેક સમાજમાં હોય છે. આથી સામાજિક નિયંત્રણ સમાજશાસ્ત્ર માટે મહત્ત્વનું અભ્યાસક્ષેત્ર બની રહે છે.

### ૩.૩.૩.૫ સામાજિક સમસ્યાઓ

સમાજ હંમેશા પરિવર્તન પામતો રહે છે. સમાજવ્યવસ્થાના રચના અને કાર્યોમાં પરિવર્તન આવતા સમાજમાં વિઘટન ઉદ્ભવે છે. આથી કેટલીક સામાજિક સમસ્યાઓ જેવી કે ગુનાખોરી, ભિક્ષાવ્યવસાય, આત્મહત્યા, નશાખોરી, બેકારી, ગરીબી, શોષણ, વિદ્યાર્થી અશાંતિ, બાળઅપરાધ, અસ્પૃશ્યતા વગેરે ઉદ્ભવે છે. એટલે કે, સમાજશાસ્ત્ર સામાજિક સમસ્યાઓ, તેના સ્વરૂપો, તેના કારણો, અસરો તેમજ વિભિન્ન સમસ્યાઓ વચ્ચેના પરસ્પરના સંબંધોનો અભ્યાસ કરે છે.

### ★ તમારી પ્રગતિ ચકાસો- ઘ

(૧) સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર તરીકે સામાજિક પ્રક્રિયાઓના નામ લખો.

..............................................................

..............................................................

..............................................................

## ૩.૪ સારાંશ

સમાજશાસ્ત્રના અભ્યાસ ક્ષેત્રની ચર્ચા પરથી જાણી શકાય છે કે, સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોનું વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર છે. આ પરથી એમ કહી શકાય કે, સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર ખૂબ જ વ્યાપક છે અને જેમ જેમ સમાજજીવનના જુદા જુદા પાસાંઓ પર સંશોધનો થતા રહે છે તેમ તેમ અભ્યાસ ક્ષેત્ર વિસ્તરતું જાય છે અને જટીલ બનતું જાય છે. આ ઉપરાંત અભ્યાસક્ષેત્રના આધારે સમાજશાસ્ત્ર પેટાશાખાઓમાં વિભાજિત થવા લાગ્યું છે. આમ, સમાજશાસ્ત્ર સમાજજીવનના જુદાજુદા પાસાંઓનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરે છે. સમાજજીવનના દરેક સામાજિક પાસાંઓ જેવા કે, સમાજના મૂળભૂત એકમો, પાયાની સામાજિક સંસ્થાઓ અને સમાજમાં સતત કાર્યરત એવી સામાજિક પ્રક્રિયાઓ સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અભ્યાસક્ષેત્ર બની રહે છે.

## ૩.૫ શબ્દાવલિ

**સામાજિક ક્રિયાઃ** સમાજના સંદર્ભમાં વ્યક્તિ દ્વારા થતી ક્રિયા

**સામાજિક આંતરક્રિયાઃ** બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચેનો પારસ્પરિક સહવાસ અથવા ક્રિયા એટલે આંતરક્રિયા

**સામાજિક દરજ્જોઃ** સમાજ કે જૂથમાં વ્યક્તિ જે સ્થાન ધરાવે છે તેને દરજ્જો કહેવાય.

**અર્પિત દરજ્જોઃ** જે સ્થાન મેળવી શકાય અને તેના માટે કૌશલ્ય, શિક્ષણ, મહેનત, આવડત, જ્ઞાન, વગેરેની જરૂરી હોઈ તેને પ્રાપ્ત દરજ્જો કહેવાય. દા.ત. શિક્ષણ,

વિદ્યાર્થી, કલેક્ટર વગેરે.

**સામાજિક ભૂમિકાઃ** સમાજમાં વ્યક્તિ પોતાના સ્થાન પરથી કોઈપણ ફરજ બજાવે કે હક્કો ભોગવે તેને ભૂમિકા કહેવાય.

**સામાજિક રચનાઃ** સમાજવ્યવસ્થાના જુદાં જુદાં ભાગોની વ્યવસ્થિત ગોઠવણી.

**સમાજ કાર્યઃ** સમાજવ્યવસ્થાને ટકાવી રાખવામાં ફાળો આપતા હોય તેવા સમાજવ્યવસ્થાના કેટલાંક વસ્તુલક્ષી પરિણામો એ સમાજકાર્ય કહેવાય.

## ૩.૬ બહુવૈકલ્પિક પ્રશ્નો

૧. સમાજશાસ્ત્ર માનવજીવનનાં સામાજિક પાસાંઓનો ............. રીતે અભ્યાસ કરે છે.

(૧) સામાજિક (૨) વૈજ્ઞાનિક

(૩) કાલ્પનિક (૪) તાત્ત્વિક

૨. સમાજશાસ્ત્રએ સામાજિક સંબંધોની પ્રસ્થાપિત વ્યવસ્થાનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. આ વ્યાખ્યા કયા સમાજશાસ્ત્રીએ આપેલી છે ?

(૧) જોન્સન (૨) યંગ

(૩) ડેવિસ (૪) મેકાઈવર અને પેજ

૩. સંબંધો કેવા સ્વરૂપે જોવા મળે છે ?

(૧) સામાજિક- સંસ્કૃતિક (૨) આર્થિક

(૩) રાજકીય (૪) બધાં જ

૪. સામાજિક ક્રિયાનું મૂળભૂત તત્ત્વ નથી ?

(૧) કર્તા (૨) ધ્યેય

(૩) સાધનો (૪) સામાજિકીકરણ

૫. નીચેનામાંથી ઔપચારિક સામાજિક ધોરણ કયું છે ?

(૧) કાયદો (૨) રિવાજ

(૩) ફેશન (૪) લોકરીતિ

૬. કુટુંબના મહત્ત્વના કાર્યો કયા છે ?

(૧) નવી વસ્તીનું ભરતી (૨) સામાજિકીકરણ

(૩) ભરણપોષણ (૪) બધા જ

૭. નીચેનામાંથી કઈ સામાજિક પ્રક્રિયા નથી ?

(૧) સામાજિક પરિવર્તન (૨) સામાજિકીકરણ

(૩) સામાજિક નિયંત્રણ (૪) સામાજિક રચના

૮. સામાજિક જૂથ બનવા માટે ઓછામાં ઓછી કેટલી વ્યક્તિ હોવી જોઈએ ?

(૧) એક (૨) બે

(૩) દશ (૪) વીસ

જવાબોઃ (૧) વૈજ્ઞાનિક (૨) મેકાઈવર અને પેજ (૩) બધા જ
(૪) સામાજિકીકરણ (૫) કાયદો (૬) બધા જ
(૭) સામાજિક રચના (૮) બે

## ★તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો- ક**

સમાજશાસ્ત્રીની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- યંગ અને મેકના મતે, સમાજશાસ્ત્ર માનવજીવનનાં સામાજિક પાસાંઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે.

- જોનસનના મતે, સમાજશાસ્ત્ર સામાજિક જૂથોનો અભ્યાસ કરે છે. આ પ્રકારનાં જૂથોનાં આંતરિક સ્વરૂપો, તેને ટકાવી રાખતી તથા તેમાં પરિવર્તન લાવતી પ્રક્રિયાઓ અને આ જૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો- ખ**

- સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર તરીકે સમાજના મૂળભૂત એકમોના નામ આ પ્રમાણે છેઃ સામાજિક સંબંધો, સામાજિક ક્રિયા અને સામાજિક આંતરક્રિયા, સામાજિક દરજ્જો અને ભૂમિકા, સામાજિક રચના અને કાર્ય, સામાજિક ધોરણો, સંસ્કૃતિ અને સામાજિક જૂથો.

**તમારી પ્રગતિ ચકાસો- ગ**

- સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર તરીકે સામાજિક સંસ્થાઓના નામ આ પ્રમાણે છેઃ કુટુંબ અને સગપણ સંબંધોની વ્યવસ્થા, લગ્ન, જ્ઞાતિ, આર્થિક સંસ્થા, ધર્મસંસ્થા, રાજકીય સંસ્થા, શિક્ષણસંસ્થા.

**તમારી પ્રગતિ ચકાસો- ઘ**

- સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર તરીકે સામાજિક પ્રક્રિયાઓના નામ આ પ્રમાણે છેઃ વ્યક્તિત્વ અને સામાજિકીકરણ, સામાજિક સ્તરીકરણ અને સામાજિક ગતિશીલતા, સામાજિક પરિવર્તન, સામાજિક નિયંત્રણ, સામાજિક સમસ્યાઓ.

## ૩.૭ સ્વાધ્યાય

૧. સમાજશાસ્ત્ર અર્થ આપી સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્રની ચર્ચા કરો.

૨. ટૂંકનોંધ લખો – સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર

## ૩.૮ સંદર્ભસૂચિ


૧. ભારતમેં સમાજશાસ્ત્ર – ડૉ. સંજીવ મહાજન – અર્જુન પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી – ૨૦૧૨.

૨. સમાજશાસ્ત્ર – વિવેચન એવમ્ પરિપ્રેક્ષ્ય – રામ આહુજા અને મુકેશ આહુજા- રાવત પબ્લિકેશન, જયપુર – ૨૦૧૫.

૩. સમાજશાસ્ત્રનો પરિચય –ડૉ. અનિલ વાઘેલા- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- ૨૦૧૨

૪. સમાજશાસ્ત્ર પરિચય – જે. કે. દવે- અનડા બુક ડીપો- અમદાવાદ – ૨૦૧૦

એકમ ૪

# સમાજશાસ્ત્રનો અન્ય વિજ્ઞાનો સાથેનો સંબંધ

## રૂપરેખા


૪.૦ ઉદ્દેશો

૪.૧ પ્રસ્તાવના

૪.૨ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર

૪.૨.૧ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

૪.૨.૨ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત

૪.૩ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર

૪.૩.૧ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

૪.૩.૨. સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચેનો તફાવત

૪.૪ સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન

૪.૪.૧ સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચેનો સંબંધ

૪.૪.૨. સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચેનો તફાવત

૪.૫ સમાજશાસ્ત્ર અને ઇતિહાસ

૪.૫.૧ સમાજશાસ્ત્ર અને ઇતિહાસ વચ્ચેનો સંબંધ

૪.૫.૨. સમાજશાસ્ત્ર અને ઇતિહાસ વચ્ચેનો તફાવત

૪.૬ સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર

૪.૬.૧ સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

૪.૬.૨. સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો તફાવત

૪.૭ સારાંશ

૪.૮ શબ્દાવલિ

૪.૯ બહુવૈકલ્પિક પ્રશ્નો

૪.૧૦ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

૪.૧૧ સ્વાધ્યાય

૪.૧૨ સંદર્ભ સૂચિ

## ૪.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -

- સામાજિક વિજ્ઞાનો વિશે ટૂંકમાં પરિચય મેળવી શકશો.
- સમાજશાસ્ત્રની એક સામાજિક વિજ્ઞાન તરીકે સમજણ મેળવી શકશો.
- સમાજશાસ્ત્ર અને અન્ય સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી શકશો.
- સમાજશાસ્ત્ર અને અન્ય સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી શકશો.

## ૪.૧ પ્રસ્તાવના

વિજ્ઞાનોના મુખ્ય બે ભાગો પડે છે. (૧) પ્રાકૃતિક વિજ્ઞાનો (૨) સામાજિક વિજ્ઞાનો. પ્રાકૃતિક વિજ્ઞાનોમાં જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે સામાજિક વિજ્ઞાનોમાં સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનવશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્ર પ્રાકૃતિક વિજ્ઞાનોથી અંતર ધરાવે છે; પરંતુ, સામાજિક વિજ્ઞાનો સાથે સંબંધ ધરાવે છે, કારણ કે સામાજિક વિજ્ઞાનો સમાજજીવનના વિભિન્ન પાસાંઓનો પદ્ધતિથી અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર સમાજજીવનના સામાજિક સંબંધોનો અભ્યાસ કરે છે.

આ ઉપરાંત બધાં જ સામાજિક વિજ્ઞાનો સમાજજીવનના અભ્યાસ સાથે જોડાયેલાં હોવાથી તેઓ વચ્ચે પરસ્પર સંબંધ જોવા મળે છે. આમા છતાં દરેક સામાજિક વિજ્ઞાન દ્દષ્ટિબિંદુની બાબતમાં એકબીજાથી અલગ પડે છે, કારણકે દરેક સામાજિક વિજ્ઞાન સમાજજીવનના ચોક્કસ પાસાંઓનો ચોક્કસ દ્દષ્ટિબિંદુથી અભ્યાસ કરે છે. આથી, સમાજશાસ્ત્ર અને અન્ય સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો સંબંધ અને તફાવત સમજવો ખૂબ જ આવશ્યક બની રહે છે.

## ૪.૨ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર

સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર પરસ્પર સંબંધિત છે, કારણ કે બંને સામાજિક વિજ્ઞાનો છે. અર્થશાસ્ત્ર સમાજમાં માનવીની આર્થિક ક્રિયાઓનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર સમાજમાં માનવીની સામાજિક ક્રિયાઓનો અભ્યાસ કરે છે.

અર્થશાસ્ત્ર આર્થિક ક્રિયાઓના અભ્યાસમાં ઉત્પાદન, ઉપભોગના સાધનોનું વિસ્તરણ, આવક, ખર્ચ, વ્યાપાર, બજાર વગેરેનો અભ્યાસ કરે છે. ટૂંકમાં, અર્થશાસ્ત્રમાં આર્થિક પ્રવૃત્તિઓ, પ્રશ્નો અને તેના સમાધનનો અભ્યાસ કરવામાં આવે છે. જ્યારે સમાજશાસ્ત્રમાં સામાજિકક્રિયા, આંતરક્રિયા, જૂથ સંબંધો, સ્તરરચના, કાર્યો અને વિકાર્યો અને સામાજિક પરિવર્તન વગેરે સામાજિક પ્રવૃત્તિ ઓ અને પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવે છે.

અર્થશાસ્ત્રના કેટલાક ખ્યાલો સામાજિક ઘટનાને સમાજવામાં ઉપયોગી બને છે. તો સમાજશાસ્ત્રના કેટલાંક ખ્યાલો આર્થિક ઘટનાને સમજવામાં ઉપયોગી બને છે. દા.ત. માંગ અને પૂરવઠાના સિદ્ધાંતને આધારે વેશ્યાવ્યવસાય, મોંઘવારી વગેરે સમસ્યાને સમજાવી શકાય.

### ૪.૨.૧ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

વ્યક્તિ પોતાની આર્થિક જરૂરિયાતો સંતોષવા માટે સમાજમાં રહીને આર્થિક

ઉત્પાદનો કરે છે અને આર્થિક ઉત્પાદનના આધારે મિલકત સંબંધો વિકાસ પામે છે, જે સામાજિક સંબંધો પર અસર કરે છે. તેમજ સમાજવ્યવસ્થાની મૂલ્યવ્યવસ્થા આર્થિક પ્રવૃત્તિ પર અસર કરે છે. આથી માનવ સમાજનો પ્રભાવ અર્થવ્યવસ્થા ઉપર રહેલો હોય છે તો અર્થવ્યવસ્થાનો પ્રભાવ માનવ સમાજ ઉપર રહેલો હોય છે. આથી, આ બાબતનો અભ્યાસ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર બંને કરે છે.

### ૪.૨.૨ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત

(૧) અર્થશાસ્ત્ર સમાજની આર્થિક પ્રવૃત્તિઓ, ખર્ચ, આવક, માંગ, પૂરવઠો, ઉત્પાદન, ઉત્પાદનના સાધનોની વહેંચણી, બજાર, નાણાં, આવક તેમજ આર્થિક પ્રશ્નો વગેરે આર્થિક ઘટનાઓનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર સામાજિકક્રિયા, આંતરક્રિયા, સામાજિક સંબંધો, જૂથો અને પેટા જૂથો, સામાજિક સંસ્થાઓ, સામાજિક નિયંત્રણ, સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ વગેરે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરે છે. આમ, બંને શાસ્ત્રોના વિષયવસ્તુની બાબતમાં તફાવત જોવાં મળે છે.

(૨) સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર બંને અમુક સમાન ઘટનાઓનો અભ્યાસ કરતાં હોવાં છતાં દૃષ્ટિકોણની બાબતમાં એકબીજાથી અલગ પડે છે. દા.ત. બેકારીની સમસ્યાના સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કરે છે જ્યારે સમાજશાસ્ત્ર બેકારીની સમસ્યાને સમાજ પરની અસરો, જીવનશૈલી, સ્તરરચના, ગતિશીલતા વગેરેના સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કરે છે.

(૩) સમાજશાસ્ત્રમાં દરેક પ્રકારના સંબંધો, આંતરક્રિયાઓ અને સંગઠનોનો અભ્યાસ કરવામાં આવે છે. જ્યારે અર્થશાસ્ત્રમાં માત્ર આર્થિક સંબંધો, આર્થિક આંતરક્રિયાઓ અને આર્થિક સંગઠનોનો જ અભ્યાસ કરવામાં આવે છે. આથી, અર્થશાસ્ત્રની તુલનામાં સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ વ્યાપક અને જટિલ જોવા મળે છે.

આમ, આથિક પ્રવૃત્તિઓને સમજવા માટે સામાજિક પ્રવૃત્તિઓને સમજવી પડે છે. તેમજ સામાજિક વ્યવસ્થાને સમજવા માટે સમાજની પેટાવ્યવસ્થા એવી અર્થવ્યવસ્થાને સમજવી પડે છે. આથી બંને શાસ્ત્રો પરસ્પરાવલંબી છે તો દૃષ્ટિકોણની બાબતમાં બંને વચ્ચે તફાવત રહેલો જોવાં મળે છે.

---

**★ તમારી પ્રગતિ ચકાસો- ક**

---

(૧) સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે કઈ કઈ બાબતમાં તફાવત જોવાં મળે છે?

..................................................................

..................................................................

..................................................................

(૨) સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના વિષયવસ્તુની ટૂંકમાં માહિતી આપો.

..................................................................

..................................................................

..................................................................

## ૪.૩ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર

માનવશાસ્ત્ર માનવીની ઉત્પત્તિ, વિકાસ અને તેના સર્વ સર્જનો એટલે કે સમગ્ર સમાજજીવનને આવરી લેતું શાસ્ત્ર છે. તેના અભ્યાસમાં જુદાં જુદાં માનવવંશો, સમાજરચના, રીતિરિવાજો, ધર્મ, ભાષા, સંસ્કારિતા જેવી બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

માનવશાસ્ત્રમાં માનવની પ્રારંભિક અવસ્થાથી આજ સુધીની અવસ્થાઓનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે. માનવશાસ્ત્રની મુખ્ય ત્રણ શાખાઓ છે. (૧) પુરાતત્ત્વ વિજ્ઞાન કે જે ખોદકામમાંથી મળેલા અવશેષોને આધારે પ્રાગઐતિહાસિક સંસ્કૃતિ અને તેના વિકાસનો અભ્યાસ કરે છે. (૨) શારીરિક માનવશાસ્ત્ર કે માનવના શરીરની બાંધણીનો ઇતિહાસ, તેમનો ક્રમિક વિકાસ અને વર્તમાન અવસ્થા તથા ભાષા વિજ્ઞાન અન્વયે બોલીની ઢબોને ભૂતકાળ અને વર્તમાન સમયના સંદર્ભમાં વિશ્લેષણ કરીને અભ્યાસ કરે છે.(૩) સામાજિક માનવશાસ્ત્ર કે જે માનવીના સમગ્ર સામાજિક, સાંસ્કૃતિક જીવનનો અભ્યાસ કરે છે. જેમાં રીત રિવાજો, સંસ્થાઓ, વંશ, આદિવાસી, જાદુ, ધર્મ, અર્થવ્યવસ્થા વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

આમ, માનવશાસ્ત્ર માનવીના ઉદ્‌ભવથી માંડીને વર્તમાન સમય સુધીના શારીરિક, સામાજિક-સાંસ્કૃતિક જીવનનો અભ્યાસ કરે છે, જયારે સમાજશાસ્ત્ર માનવસમાજના અભ્યાસ અન્વયે સમાજનું રચનાતંત્ર, કાર્ય, વિભિન્ન જૂથો-પેટા જૂથો, સામાજિક સંબંધો, સામાજિક પરિવર્તન વગેરે બાબતોનો અભ્યાસ કરે છે. આમ, બંને શાસ્ત્ર વચ્ચે વિષયક્ષેત્રોનો તફાવત હોવા છતાં મહત્ત્વનો સંબંધ ધરાવે છે. આથી, બંને શાસ્ત્રોને જોડકી બહેનો પણ કહેવામાં આવે છે.

### ૪.૩.૧ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

સમાજશાસ્ત્ર સામાજિક માનવશાસ્ત્ર વિષયવસ્તુ સાથે સંબંધ ધરાવે છે. કારણ કે સામાજિક, સાંસ્કૃતિક, માનવશાસ્ત્ર આદિ માનવીના વર્તન વ્યવહારો, રિવાજો, રૂઢિઓ, જીવનશૈલી, દંતકથાઓ, માન્યતાઓ, શ્રદ્ધા, કૌશલ્યો, હુન્નર, અર્થવ્યવસ્થા, સામાજિક સંસ્થાઓ વગેરેનો અભ્યાસ કરે છે. આવા અભ્યાસો સમાજશાસ્ત્રમાં ખૂબ જ ઉપયોગી પૂરવાર થયા છે. આ ઉપરાંત બંને શાસ્ત્રોએ એકઠી કરેલી માહિતીઓનો પણ બંને શાસ્ત્રો એકબીજાના અભ્યાસમાં ઉપયોગ કરે છે. સમાજશાસ્ત્રમાં કાર્યાત્મકવાદી સિદ્ધાંતના વિકાસમાં તેમજ આદિવાસી સમાજના અભ્યાસમાં માનવશાસ્ત્રમાં થયેલા અભ્યાસો ખૂબ જ ઉપયોગી પૂરવાર થયા છે. આથી, સમાજશાસ્ત્રમાં પણ સામાજિક માનવશાસ્ત્ર એવી પેટા શાખાનો વિકાસ થયો છે.

### ૪.૩.૨. સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચેનો તફાવત

સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર તેમજ સામાજિક માનવશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ રહેલો હોવાં છતાં કેટલીક બાબતોમાં બંને શાસ્ત્રો વચ્ચે તફાવત પણ રહેલો જોવા મળે છે.

(૧) માનવશાસ્ત્ર માનવીની સંસ્કૃતિને જ કેંદ્રમાં રાખીને સંસ્કૃતિ અને તેના તત્ત્વોનો અભ્યાસ કરે છે. જયારે સમાજશાસ્ત્ર, સંસ્કૃતિનો અભ્યાસ સામાજિક સંબંધોને કેંદ્રમાં રાખીને કરે છે. એટલે કે જેટલે અંશે સંસ્કૃતિ માનવ સંબંધો પર અસર કરે છે તેટલે અંશે સંસ્કૃતિનો અભ્યાસ કરવામાં આવે છે. આમ, વિષયવસ્તુની બાબતમાં તફાવત

જોવા મળે છે.

(૨) માનવશાસ્ત્રનો દૃષ્ટિકોણ શુદ્ધ જ્ઞાન અને ભૂતકાળ અંગે વધારે મહત્ત્વ ધરાવે છે. તેમજ તેમાં ભવિષ્ય વિશેના અભ્યાસોને મહત્ત્વ આપવામાં આવતું નથી. એટલે કે પ્રાચીન સમાજવ્યવસ્થા, સંસ્કૃતિઓનો અભ્યાસ કરવામાં આવે છે. જયારે સમાજશાસ્ત્રનો દૃષ્ટિકોણ વર્તમાન અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને સામાજિક સંબંધો, ઘટનાઓ અને પ્રક્રિયાઓનો અભ્યાસ કરવા પર ભાર મૂકે છે. એટલે કે સમાજશાસ્ત્રનો દૃષ્ટિકોણ વર્તમાન તરફ અને માનવશાસ્ત્રનો દૃષ્ટિકોણ ભૂતકાળ તરફ રહેલો જોવા મળે છે.

(૩) સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર બંનેમાં અભ્યાસ પદ્ધતિની બાબતમાં તફાવત જોવાં મળે છે. માનવશાસ્ત્ર સહભાગી નિરીક્ષણ, ઐતિહાસિક પદ્ધતિ અને ગૌણ સામગ્રીનો ઉપયોગ કરીને અભ્યાસ કરે છે. જયારે સમાજશાસ્ત્રમાં પ્રશ્નાવલિ, મુલાકાત અનુસૂચિ, મુલાકાત માર્ગદર્શિકા, વ્યક્તિ તપાસ પદ્ધતિ જેવી પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને અભ્યાસ કરવામાં આવે છે.

(૪) સમાજશાસ્ત્રીની તુલનામાં સામાજિક માનવશાસ્ત્રી દ્વારા કરવામાં આવેલા અભ્યાસ વધારે વિસ્તૃત હોય છે.

(૫) સમાજશાસ્ત્ર સામાન્ય રીતે બધા જ પ્રકારના સમાજોનો અભ્યાસ કરે છે. જયારે સામાજિક, માનવશાસ્ત્ર આદિવાસી સમાજના અભ્યાસ પર વધારે ભાર મૂકે છે.

(૬) માનવશાસ્ત્ર જુદાજુદા સમાજોના તમામ પાસાઓનો સમગ્ર રીતે અભ્યાસ કરે છે. જયારે સમાજશાસ્ત્ર સમાજના ભાગોનો અભ્યાસ કરે છે. દા.ત. માનવશાસ્ત્ર આદિમ જાતિના અભ્યાસ તેની સંસ્કૃતિ, સામાજિક સંસ્થાઓ, શારીરિક બંધારણ વગેરે બધાં જ પાસાંઓનો અભ્યાસ કરે છે, જયારે સમાજશાસ્ત્ર આદિમ જાતિના અભ્યાસમાં તેનાં જૂથો, પેટા જૂથો, સામાજિક સંબંધો, ધોરણો, મૂલ્યો, સામાજિક નિયંત્રણ વગેરે પાસાંઓનો અભ્યાસ કરે છે.

આમ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચે તફાવતની સાથે પરસ્પરાવલંબન જોવા મળે છે.

**★ તમારી પ્રગતિ ચકાસો- ખ**

(૧) સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચેના સંબંધોની ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## ૪.૪. સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન

મનોવિજ્ઞાન માનવી અને માનવેત્તર પ્રાણીઓનાં વર્તનનું અભ્યાસ કરતું વિજ્ઞાન છે. મનોવિજ્ઞાનમાં સામાન્ય મનોવિજ્ઞાન અને સમાજલક્ષી મનોવિજ્ઞાન એ બે શાખાઓમાંથી મનોવિજ્ઞાન સમાજશાસ્ત્ર સાથે સંબંધિત છે.

સામાન્ય મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તન અને માનસિક પ્રક્રિયાઓ જેવી કે ધ્યાન,પ્રત્યક્ષીકરણ, સમાયોજન, વિચાર પ્રક્રિયા, શિખવાની પ્રક્રિયા, સ્મરણ, લાગણી, પ્રેરણા વગેરેનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનને જૂથના સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરે છે. આથી વલણો, માન્યતાઓ, પૂર્વગ્રહો, પ્રચાર, લોકમત, નેતૃત્વ, ટોળા વર્તન, જૂથ જીવન, જૂથના મૂલ્યો, સામાજિકીકરણ, કુટુંબ વગેરે જેવાં પાસાંઓનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર સામાજિક સંબંધો, જૂથો, પેટાજૂથો, રચના અને કાર્ય, સામાજિક પરિવર્તન, સામાજિકીકરણ અને સંસ્કૃતિનો અભ્યાસ કરે છે. જેમાં સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં થયેલા અભ્યાસો ઉપયોગી થાય છે.

### ૪.૪.૧ સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચેનો સંબંધ

મનોવિજ્ઞાનની શાખા સમાજલક્ષી મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર પરસ્પર ગાઢ રીતે જોડાયેલા છે. આથી સમાજલક્ષી સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનને જોડતી મહત્ત્વની કડી બની રહે છે. કારણ કે બંને શાસ્ત્રો એકબીજા પાસેથી માહિતીનું આદાન પ્રદાન કરે છે તેમજ સામાજિક જૂથો, સામાજિકરણ, વ્યક્તિત્ત્વનું ઘડતર, ધોરણો, મૂલ્યો વગેરેનો અભ્યાસ બંને શાસ્ત્રો કરે છે. તેમજ બંને શાસ્ત્રો નિરીક્ષણ, પ્રશ્નાવલિ, મુલાકાત અનુસૂચિ, મુલાકાત માર્ગદર્શિકા, વ્યક્તિ તપાસ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાન, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વ્યક્તિના વ્યક્તિત્ત્વ અને વર્તન પર સામાજિક પરિસ્થિતિઓની કેવી અસર થાય છે તે તપાસે છે જ્યારે સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સામાજિક પ્રક્રિયાઓ કે પરિસ્થિતિઓ ઉપર વ્યક્તિના વર્તન અને વ્યક્તિત્ત્વની કેવી અસરો થાય છે, તે તપાસે છે. આથી, બંને શાસ્ત્રો પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં જોવાં મળે છે અને સામાજિક મનોવિજ્ઞાન બંને શાસ્ત્રો વચ્ચેની કડી બની રહે છે.

### ૪.૪.૨. સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચેનો તફાવત

(૧) સમાજશાસ્ત્રનો દૃષ્ટિકોણ સામાજિક છે, જ્યારે મનોવિજ્ઞાનનો દૃષ્ટિકોણ વૈયક્તિક છે. એટલે કે બંને શાસ્ત્રો વચ્ચે અમુક વિષયવસ્તુમાં સામ્ય રહેલું હોવાં છતાં બંનેના દૃષ્ટિકોણ અલગ છે. દા.ત. મનોવિજ્ઞાન સામાજિક આંતરક્રિયાના અભ્યાસમાં સૂચન, અનુકરણનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર સામાજિક આંતરક્રિયાના અભ્યાસમાં સહકાર, સ્પર્ધા, સંઘર્ષ, અને સમાયોજનનો અભ્યાસ કરે છે.

(૨) સમાજશાસ્ત્રના અભ્યાસનું એકમ જૂથ છે જ્યારે મનોવિજ્ઞાનના અભ્યાસનું એકમ વ્યક્તિ છે.

(૩) સમાજશાસ્ત્રમાં મુખ્ય સ્વરૂપે વ્યક્તિના સામાજિક વ્યવહારના બાહ્ય રૂપોનો

અભ્યાસ કરવામાં આવે છે કે જે સામાજિક સંબંધોના સ્વરૂપે જોવા મળે છે. જ્યારે મનોવિજ્ઞાન વ્યક્તિના માનસિક પક્ષનો જ અભ્યાસ કરે છે.

(૪) સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓના ઉપયોગમાં કેટલીક પદ્ધતિઓ એક સમાન જોવાં મળે છે; આમ છતાં, મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનને સમજવા માટે પ્રયોગ પદ્ધતિ, મનોવિશ્લેષણ પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ પર સૌથી વધારે ભાર મૂકે છે. જ્યારે સમાજશાસ્ત્ર સામાજિક સર્વેક્ષણ, મુલાકાત અનુસૂચિ અને માર્ગદર્શિકા, પ્રશ્નાવલિ પદ્ધતિ પર સૌથી વધારે ભાર મૂકે છે.

(૫) મનોવિજ્ઞાન વ્યક્તિગત કક્ષાએ સમાજજીવનને સમજવાનો પ્રયત્ન કરે છે, જ્યારે સમાજશાસ્ત્ર જૂથ કક્ષાએ સમાજજીવનને સમજવાનો પ્રયત્ન કરે છે. આમ, બંનેના વિષયવસ્તુમાં તફાવત જોવાં મળે છે.

### ★ તમારી પ્રગતિ ચકાસો-ગ

(૧) સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચેનો કોઈપણ બે તફાવતો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## ૪.૫ સમાજશાસ્ત્ર અને ઈતિહાસ

સમાજશાસ્ત્ર સમાજમાં બનતી ઘટનાઓ તેમજ સમાજના ઉદ્ભવ-વિકાસ અને પરિવર્તનનો અભ્યાસ કરે છે જ્યારે ઈતિહાસ ભૂતકાળની ઘટનાઓને ચોક્કસ કાળક્રમમાં ગોઠવી, માનવજીવનની સાતત્યપૂર્ણ વ્યવસ્થાનું વર્ણન કરે છે. તેમજ ભૂતકાળની ઘટનાનાં કારણો અને પરિણામોની તપાસ કરે છે. આથી, સમાજશાસ્ત્ર અને ઈતિહાસ એકબીજાની નજીક રહેલાં જોવાં મળે છે.

### ૪.૫.૧ સમાજશાસ્ત્ર અને ઈતિહાસ વચ્ચેનો સંબંધ

ઈતિહાસમાં ભૂતકાલીન ઘટનાઓનું વર્ણન કરવામાં આવે છે એટલે કે ઈતિહાસનું ધ્યેય બધા પ્રકારના આર્થિક, સામાજિક અને રાજનૈતિક પરિવર્તનનો ભૂતકાળના સંદર્ભમાં અભ્યાસ કરવાનું છે. આમ, ઈતિહાસએ માત્ર રાજાઓ અને યુદ્ધોનું વર્ણન માત્ર નથી, પરંતુ ભૂતકાલીન ઘટનાઓ, સભ્યતાઓ અને સંસ્કૃતિનું અધ્યયન છે. આ બાબત સમાજશાસ્ત્રના અભ્યાસમાં ઉપયોગી બને છે. કારણ કે સમાજશાસ્ત્રમાં માનવસમાજનો ઉદ્ભવ વિકાસ, સામાજિક સંસ્થાઓ, સામાજિક નિયંત્રણની વ્યવસ્થા, ધોરણાત્મક વ્યવસ્થા અને સામાજિક પરિવર્તન જેવી અનેક ઘટનાઓના અભ્યાસમાં ઐતિહાસિક અભ્યાસો અને તે દ્વારા મેળવવામાં આવેલી માહિતી ખૂબ જ ઉપયોગી બને છે. એ જ રીતે સમાજ સુધારકો, સામાજિક સુધારણા સંસ્થાઓ અને આંદોલનોની સમાજ પર કેવી અસરો થયેલી એ જાણવા માટે ઈતિહાસના અભ્યાસો ઉપયોગી બને છે. જ્યારે સમાજશાસ્ત્રના અભ્યાસો અને ખ્યાલો ઈતિહાસને ભૂતકાળ સમાજજીવન,

સંસ્કૃતિ, સમાજવ્યવસ્થા, સામાજિક સંસ્થાઓનું માળખું, લોકો વચ્ચેના સંબંધો વગેરે સમજવામાં ઉપયોગી બને છે. આથી, ઇતિહાસ એ સમાજશાસ્ત્ર એકબીજા સાથે સંબંધિત સામાજિક વિજ્ઞાનો છે અને વર્તમાન સમયે સમાજશાસ્ત્રમાં ઐતિહાસિક અભિગમથી થતા અભ્યાસોનું મહત્ત્વ વધતા ઐતિહાસિક સમાજશાસ્ત્ર નામની પેટા શાખાને ઉદ્‌ભવ વિકાસ થયો છે, જે બંને શાસ્ત્રો વચ્ચેના સંબંધને વ્યક્ત કરે છે.

### ૪.૫.૨. સમાજશાસ્ત્ર અને ઇતિહાસ વચ્ચેનો તફાવત

સમાજશાસ્ત્ર અને ઇતિહાસ બંને વચ્ચે સંબંધ રહેલો હોવાં છતાં તેમની વચ્ચે કેટલીક બાબતોમાં તફાવત પણ રહેલો છે, જે નીચે મુજબ છેઃ

(૧) ઇતિહાસમાં સામાન્ય રીતે ભૂતકાલીન ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવે છે. એટલે કે ઇતિહાસ ભૂતકાળના માનવજીવન, માનવસંબંધો, ઐતિહાસિક બનાવો અને તેના કારણો- પરિણામોનો અભ્યાસ કરે છે અને સમાજજીવનને પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન એમ જુદા જુદા કાળક્રમમાં સાતત્યપૂર્ણ ગોઠવી તેનું વર્ણન કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર વર્તમાનકાલીન ઘટનાઓનો અભ્યાસ કરે છે. એટલે કે વર્તમાન સામાજિક સંબંધો, સામાજિક સંસ્થાઓ, સામાજિક પ્રક્રિયાઓના અભ્યાસમાં વધારે રસ ધરાવે છે અને તેના આધારે ભવિષ્ય કથનો કરવામાં આવે છે. આમ, બંને વચ્ચે વિષયવસ્તુ બાબતમાં તફાવત જોવાં મળે છે.

(૨) સમાજશાસ્ત્રમાં ઘટનાના કારણો શોધવા પર વધારે ભાર મૂકવામાં આવે છે અને તેના આધારે વિષયવસ્તુનું નિર્ધારણ કરવામાં આવે છે. જ્યારે ઇતિહાસ ઘટનાના કારણો પર વધારે ભાર ન મૂકતા જે તે ઘટનાને યથાસંભવ વર્ણવવા પર વધારે ભાર મૂકે છે.

(૩) ઇતિહાસ મૂર્ત સામાજિક વિજ્ઞાન છે એટલે કે તેમના વિષયવસ્તુનો સંબંધ સ્થૂળ ઘટનાઓ સાથે છે, જેને જોઈ શકાય છે. જ્યારે સમાજશાસ્ત્ર અમૂર્ત સામાજિક વિજ્ઞાન છે એટલે કે તેમના વિષયવસ્તુને જોઈ શકાતું નથી; પરંતુ, અનુભવી શકાય છે. દા.ત. સામાજિક સંબંધો

(૪) ઇતિહાસમાં ઘટનાનું યથાસંભવ અને તથ્યના આધારે વર્ણન કરવામાં આવે છે. જ્યારે સમાજશાસ્ત્ર, સામાજિક ઘટના અને ખાસ કરીને સામાજિક સમસ્યાઓના વિશ્લેષણની સાથે તેના નિવારણ માટેના ઉપાયો પણ સૂચવે છે.

(૫) સમાજશાસ્ત્ર અને ઇતિહાસના વિષયવસ્તુમાં કેટલીક સામ્યતા રહેલી હોવાં છતાં દ્રષ્ટિકોણની બાબતમાં તફાવત જોવાં મળે છે. ઇતિહાસ ભૂતકાળમાં માનવસમાજ કેવો હતો અને તેનું મહત્ત્વ શું છે તે સમજાવે છે. જ્યારે સમાજશાસ્ત્ર ભૂતકાળથી માંડીને વર્તમાન સમય સુધીના માનવસમાજ, તેમાં પરિવર્તન, તેના કારણો અને પરિણામોને સમજાવે છે. તેમજ ઇતિહાસ મુખ્યત્વે અસાધારણ ઘટનાઓનો અભ્યાસ કરે છે. જેમકે યુદ્ધો, રાજાઓના વર્ણન, તેમની શાસનવ્યવસ્થા વગેરે. જ્યારે સમાજશાસ્ત્ર મુખ્યત્વે સાધારણ ઘટનાઓનો અભ્યાસ કરે છે. જેમકે પ્રાચીન સમયની કુટુંબવ્યવસ્થા, સ્ત્રીનું સ્થાન, સામાજિક સ્તરીકરણ, સામાજિક ગતિશીલતા વગેરે.

(૬) સમાજશાસ્ત્ર અને ઇતિહાસ, બંને સામાજિક વિજ્ઞાનો હોવા છતાં અભ્યાસ પદ્ધતિની દૃષ્ટિ એ તફાવત જોવા મળે છે. ઇતિહાસ પોતાના અભ્યાસમાં ઐતિહાસિક પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ, ગૌણ માહિતી વગેરેને વધારે મહત્ત્વ આપે છે. જ્યારે સમાજશાસ્ત્ર પોતાના અભ્યાસમાં પ્રશ્નાવલિ, નિરીક્ષણ, મુલાકાત, વ્યક્તિ તપાસ અને ક્ષેત્રિય માહિતીને વધારે મહત્ત્વ આપે છે.

આમ, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ પરસ્પર સંબંધી હોવાની સાથોસાથ તેમની વચ્ચે વિષયવસ્તુ, દૃષ્ટિબિંદુ, અભ્યાસ પદ્ધતિ વગેરે બાબતોમાં તફાવત પણ જોવા મળે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો- ઘ**

(૧) સમાજશાસ્ત્ર અને ઇતિહાસ પોતાના અભ્યાસ માટે કઈ કઈ પદ્ધતિઓને મહત્ત્વ આપે છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## ૪.૬ સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર

રાજ્યશાસ્ત્રનો સંબંધ મુખ્યત્વે રાજ્ય, રાજકીય સંસ્થાઓ, રાજકીય વ્યવહારો, સરકાર અને વહીવટ વગેરે સાથે છે. જ્યારે સમાજશાસ્ત્રનો સંબંધ મુખ્યત્વે સમાજ, સામાજિક સંસ્થા તથા સામાજિક વ્યવહારો સાથે છે. આથી બંને શાસ્ત્રો વચ્ચે પરસ્પર સંબંધ રહેલો છે, તેમજ દૃષ્ટિકોણની બાબતમાં તફાવત પણ રહેલો જોવા મળે છે.

ટૂંકમાં, રાજ્યશાસ્ત્ર માનવીની રાજકીય વ્યવસ્થાઓ, રાજકીય સંબંધો, રાજકીય પ્રવૃત્તિઓ, રાજય વહીવટ, સરકાર, શાસનપ્રણાલી, શાસનના વિવિધ રૂપો, સરકારની વિષમતાઓ અને જટિલતાઓ વગેરે પાસાંઓનો અભ્યાસ કરી રાજકીય સિદ્ધાંતોની સ્થાપના કરે છે.

### ૪.૬.૧ સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

રાજ્યશાસ્ત્ર એક વિશેષ પ્રકારનું સામાજિક વિજ્ઞાન છે જે વ્યક્તિના રાજકીય જીવનનો અભ્યાસ કરે છે; પરંતુ, વ્યક્તિનું રાજકીય જીવન, સામાજિક જીવનનો એક ભાગ છે. રાજ્યશાસ્ત્ર માનવીનો રાજનીતિક પ્રાણીના રૂપમાં અભ્યાસ કરે છે જ્યારે સમાજશાસ્ત્ર, માનવી રાજનીતિક પ્રાણી કઈ રીતે અને શા માટે બન્યો તે બતાવે છે. આ ઉપરાંત સમાજવ્યવસ્થાની રાજકીય સંસ્થા અને રાજકીય વર્તનવ્યવહાર ઉપર સામાજિક સંસ્થાઓની અસર થયેલી જોવા મળે છે. આથી બંને શાસ્ત્રોના અભ્યાસ એકબીજા માટે ઉપયોગી માહિતી પૂરી પાડે છે. તેમજ બંને શાસ્ત્રો પોતાના વિષયવસ્તુને સમજવા માટે એકબીજાની સહાય લે છે. આથી, જ સમાજશાસ્ત્રની એક શાખા તરીકે રાજકીય સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ વિકાસ થયો છે. જે સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રને જોડી આપે છે. આ ઉપરાંત રાજ્ય, રાજકીય સંસ્થાઓ અને વર્તનવ્યવહારો, જાહેર વહીવટ વગેરે અંગેના રાજ્યશાસ્ત્રના અભ્યાસો સમાજશાસ્ત્ર માટે ખૂબ જ અગત્યના છે. સમાજશાસ્ત્રમાં થયેલા રાજ્ય, સરકાર, મતદાન વર્તન, ચૂંટણી,અને જ્ઞાતિ સંસ્થા

વચ્ચેના સંબંધો વગેરે અંગેનો રાજયશાસ્ત્ર માટે ખૂબ જ ઉપયોગી બની રહે છે. આથી કહી શકાય કે, સમાજશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર વચ્ચે સંબંધ રહેલો જોવા મળે છે.

### ૪.૬.૨. સમાજશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર વચ્ચેનો તફાવત

(૧) સમાજશાસ્ત્ર સમાજના બધા જ સ્વરૂપોનો અને પાસાઓનો અભ્યાસ કરે છે જયારે રાજયશાસ્ત્ર કેવળ રાજય, સરકાર અને રાજકીય પાસાઓનો જ અભ્યાસ કરે છે. આથી, રાજયશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર કરતા સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર વિશાળ છે.

(૨) રાજયશાસ્ત્રમાં એવા જ નિયંત્રણોનો અભ્યાસ કરવામાં આવે છે કે જે નિયંત્રણો રાજય દ્વારા સ્વીકારવામાં આવે છે, જયારે સમાજશાસ્ત્ર સામાજિક નિયંત્રણના બધા જ ક્રિયાતંત્રો જેમ કે રિવાજ, પરંપરા, લોકરીત, કાયદો, ફૅશન વગેરેનો અભ્યાસ કરે છે. આમ સમાજશાસ્ત્રનો દૃષ્ટિકોણ રાજયશાસ્ત્રની તુલનામાં વધારે વ્યાપક છે.

(૩) સમાજશાસ્ત્ર સંગઠિત અને અસંગઠિત બંને પ્રકારના સમુદાયોનો અભ્યાસ કરે છે જયારે રાજયશાસ્ત્ર માત્ર સંગઠિત સમુદાયો અને સમાજનો જ અભ્યાસ કરે છે.

(૪) સમાજશાસ્ત્રમાં સમાજનો અભ્યાસ મુખ્યત્વે સામાજિક દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે જયારે રાજયશાસ્ત્રમાં સમાજનો અભ્યાસ રાજનીતિ કે શાસકીય દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

આમ બંને શાસ્ત્રો વચ્ચે સંબંધની સાથે તફાવત પણ જોવા મળે છે.

---

**★ તમારી પ્રગતિ ચકાસો- ચ**

(૧) સમાજશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર વચ્ચેના કોઈપણ બે તફાવતો જણાવો.

................................................................

................................................................

................................................................

................................................................

### ૪.૭ સારાંશ

સમાજશાસ્ત્રના અન્ય સામાજિક વિજ્ઞાનો સાથેના સંબંધ અને તફાવતની ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે દરેક સામાજિક વિજ્ઞાનો માનવજીવનના જુદાં જુદાં પાસાંઓ અને વ્યવસ્થાઓનો અભ્યાસ કરે છે અને દરેક વિજ્ઞાનોના વિષયવસ્તુ કેટલેક અંશે સામ્યતા અને કેટલેક અંશે ભિન્નતાઓ ધરાવે છે, આથી બધા જ વિજ્ઞાનો અલગ પડે છે. કોઈપણ સામાજિક વિજ્ઞાનને સમજવા માટે તેના વિષયવસ્તુની સાથે તેના દૃષ્ટિબિંદુ અલગ હોવાથી દરેક વિજ્ઞાનો એકબીજાથી અલગ પડે છે. કોઈ પણ સામાજિક વિજ્ઞાનને સમજવા માટે તેના વિષયવસ્તુ અને સાથે દૃષ્ટિબિંદુને સમજવું ખૂબ જ જરૂરી છે. આધુનિક સમયમાં સમાજવ્યવસ્થાને સંપૂર્ણ અને ઝીણવટથી સમજવા માટે સમાજવિજ્ઞાનીઓ આંતરશાસ્ત્રીય અભિગમ ઉપર મૂકવા લાગ્યા છે અને તે એક

સામાન્ય પ્રવાહ બનવા લાગ્યો છે.

## ૪.૮ શબ્દાવલિ

**દૃષ્ટિકોણ** જોવાનો અભિગમ. Point of view

**સમાજવ્યવસ્થા** સમાજના જુદાં જુદાં ભાગોની વ્યવસ્થિત ગોઠવણી.

**રૂઢિઓ** વર્તનની એવી રીતો કે જે સમાજના કલ્યાણને માટે નિર્ણાયક હોય.

**સંસ્કૃતિ** મનુષ્યએ કરેલાં સમગ્ર સર્જનો.

**સહભાગી નિરીક્ષણ** જે ઘટનાનું નિરીક્ષણ કરવાનું હોય તે ઘટનામાં સામેલ લોકોની સાથે મળીને સંશોધક દ્વારા તે ઘટનાનું નિરીક્ષણ કરવામાં આવે છે.

**ગૌણ માહિતીઃ** પોતાના સંશોધન વિષય માટે એકત્ર કરવામાં આવી ન તેવી પહેલાથી જ અસ્તિત્ત્વ ધરાવતી દસ્તાવેજી માહિતી. આ માહિતી અન્ય હેતુ માટે પહેલેથી જ સંશોધક સિવાયની વ્યક્તિ દ્વારા મોકલવામાં આવી હોય છે.

**પ્રશ્નાવલિઃ** પ્રશ્નોનું બનેલું પત્રક કે જેમાં ઉત્તરદાતા પોતે પ્રશ્નોના ઉત્તરો લખે છે.

**મુલાકાત અનુસૂચિઃ** પ્રશ્નોનું બનેલું પત્રક કે જેમાં સંશોધક ઉત્તરદાતાને પ્રશ્નો પૂછી તેના ઉત્તરો જાતે લખે છે.

**મુલાકાત માર્ગદર્શિકાઃ** ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવવા માટે સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવેલ મુદ્દાઓની યાદી.

**વ્યક્તિ તપાસ પદ્ધતિઃ** કોઈપણ એકમના બધા જ પાસાંઓનો સંપૂર્ણ અભ્યાસ.

## ૪.૯ બહુવૈકલ્પિક પ્રશ્નો

૧. દરેક સામાજિક વિજ્ઞાનો કઈ બાબતમાં એકબીજાથી જુદા પડે છે ?

(૧) દૃષ્ટિકોણ (૨) વિચારસરણી

(૩) શબ્દો (૪) સાહિત્ય

૨. નીચેનામાંથી પ્રાકૃતિક વિજ્ઞાન નથી.

(૧) ભૌતિકશાસ્ત્ર (૨) ખગોળશાસ્ત્રી

(૩) વનસ્પતિશાસ્ત્ર (૪) સમાજશાસ્ત્ર

૩. નીચેનામાંથી માનવશાસ્ત્રની પેટા શાખા નથી.

(૧) સામાજિક માનવશાસ્ત્ર (૨) પુરાતત્ત્વ વિજ્ઞાન

(૩) ભૌતિક પુરાતત્ત્વ (૪)શારીરિક માનવશાસ્ત્ર

૪. સમાજશાસ્ત્રની કઈ પેટા શાખા તેને માનવશાસ્ત્ર સાથે જોડે છે.

(૧) માનવનું સમાજશાસ્ત્ર (૨) સામાજિક માનવશાસ્ત્ર

(૩)આદિવાસી સમાજનું સમાજશાસ્ત્ર (૪) સાંસ્કૃતિક માનવશાસ્ત્ર

૫. મનોવિજ્ઞાનના અભ્યાસનું એકમ ................ છે.

(૧) વ્યક્તિ (૨) મન
(૩) વલણો (૪) વર્તન

૬. સમાજશાસ્ત્રના અભ્યાસનું એકમ ................ છે.
(૧) વ્યક્તિ (૨) જૂથ
(૩) સમુદાય (૪) સમાજ

૭. ઇતિહાસ .............. સામાજિક વિજ્ઞાન છે.
(૧) અમૂર્ત (૨) ઐતિહાસિક
(૩) મૂર્ત (૪) એક પણ નહિ.

૮. રાજયશાસ્ત્ર માનવીનો ............ પ્રાણીના રૂપમાં અભ્યાસ કરે છે.
(૧) સામાજિક (૨) બૌદ્ધિક
(૩) તાર્કિક (૪) રાજનૈતિક

જવાબોઃ (૧) દૃષ્ટિકોણ (૨) સમાજશાસ્ત્ર (૩) ભૌતિક પુરાતત્ત્વ
(૪)સામાજિક માનવશાસ્ત્ર (૫) વ્યક્તિ (૬) જૂથ (૭) મૂર્ત
(૮) રાજનૈતિક

## ૪.૧૦ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

તમારી પ્રગતિ ચકાસો – ક

(૧) સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે વિષયવસ્તુ, દૃષ્ટિકોણ અને વિષયવસ્તુની જટિલતાની તફાવત જોવા મળે છે.

(૨) અર્થશાસ્ત્રના વિષયવસ્તુ તરીકે સમાજની આર્થિક પ્રવૃત્તિઓ, ખર્ચ, આવક, માંગ, પૂરવઠો, ઉત્પાદન, ઉત્પાદનના સાધનોની વહેંચણી, બજાર, નાણા, આવક તેમજ આર્થિક પ્રશ્નો વગેરે આર્થિક ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવે છે. જયારે સમાજશાસ્ત્રના વિષયવસ્તુ તરીકે સામાજિકક્રિયા, આંતરક્રિયા, સામાજિક સંબંધો, જૂથો અને પેટા જૂથો, સામાજિક સંસ્થાઓ, સામાજિક નિયંત્રણ, સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ વગેરે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવે છે.

તમારી પ્રગતિ ચકાસો – ખ

(૧) સમાજશાસ્ત્ર સામાજિક માનવશાસ્ત્રના વિષયવસ્તુ સાથે સંબંધ ધરાવે છે; કારણકે, સામાજિક સાંસ્કૃતિક માનવશાસ્ત્ર આદિમાનવીના વર્તન વ્યવહારો, રિવાજો, રૂઢિઓ, જીવનશૈલી, દંતકથાઓ, માન્યતાઓ, શ્રદ્ધા, કૌશલ્યો, હુન્નર, અર્થવ્યવસ્થા, સામાજિક સંસ્થાઓ વગેરેનો અભ્યાસ કરે છે. આવા અભ્યાસો સમાજશાસ્ત્રમાં ખૂબ જ ઉપયોગી પૂરવાર થયા છે. આ ઉપરાંત બંને શાસ્ત્રોએ એકઠી કરેલી માહિતીઓનો પણ બંને શાસ્ત્રો એકબીજાના અભ્યાસમાં ઉપયોગ કરે છે. સમાજશાસ્ત્રમાં કાર્યાત્મકવાદી સિદ્ધાંતના વિકાસમાં તેમજ આદિવાસી સમાજના અભ્યાસમાં માનવશાસ્ત્રમાં થયેલા અભ્યાસો ખૂબ જ ઉપયોગી પૂરવાર થયા છે. આથી સમાજશાસ્ત્રમાં પણ સામાજિક માનવશાસ્ત્ર એવી પેટા શાખાનો વિકાસ થયો છે.

તમારી પ્રગતિ ચકાસો – ગ

(૧) સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચે કોઈ પણ બે તફાવતો આ પ્રમાણે છેઃ (૧) સમાજશાસ્ત્રના અભ્યાસનું એકમ જૂથ છે જ્યારે મનોવિજ્ઞાનના અભ્યાસનું એકમ વ્યક્તિ છે. (૨) મનોવિજ્ઞાન વ્યક્તિગત કક્ષાએ સમાજજીવનને સમજવાનો પ્રયત્ન કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર જૂથ કક્ષાએ સમાજજીવનને સમજવાનો પ્રયત્ન કરે છે. આમા બંનેના વિષયવસ્તુમાં તફાવત જોવા મળે છે.

તમારી પ્રગતિ ચકાસો – ઘ

(૧) ઇતિહાસ પોતાના અભ્યાસમાં ઐતિહાસિક પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ, ગૌણ માહિતી વગેરેને વધારે મહત્ત્વ આપે છે. જ્યારે સમાજશાસ્ત્ર પોતાના અભ્યાસમાં પ્રશ્નાવલિ, નિરીક્ષણ, મુલાકાત, વ્યક્તિ તપાસ અને ક્ષેત્રીય માહિતીને વધારે મહત્ત્વ આપે છે.

તમારી પ્રગતિ ચકાસો – ચ

(૧) સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો તફાવત આ પ્રમાણે છેઃ (૧) સમાજશાસ્ત્ર સંગઠિત અને અસંગઠિત બંને પ્રકારના સમુદાયોનો અભ્યાસ કરે છે જ્યારે રાજ્યશાસ્ત્ર માત્ર સંગઠિત સમુદાયો અને સમાજનો જ અભ્યાસ કરે છે. (૨) સમાજશાસ્ત્રમાં સમાજનો અભ્યાસ મુખ્યત્વે સામાજિક દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કરવામાંઆવે છે. જ્યારે રાજ્યશાસ્ત્રમાં સમાજનો અભ્યાસ રાજનીતિ કે શાસકીય દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

## ૪.૧૧ સ્વાધ્યાય

(૧) સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચેનો સંબંધ અને તફાવત જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૨) સમાજશાસ્ત્ર અને ઇતિહાસ તથા સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો સંબંધ અને તફાવત જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

..............................................................

(૩) ટૂંકનોંધ લખોઃ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૪.૧૨ સંદર્ભ સૂચિ


૧. ભારત મેં સમાજશાસ્ત્ર – સંજીવ મહાજન – અર્જુન પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી – ૨૦૧૨.

૨. સમાજશાસ્ત્ર – વિવેચના એવમ્ પરિપ્રેક્ષ્ય – રામ આહૂજા અને મુકેશ આહુજા- રાવત પબ્લિકેશન, જયપુર – ૨૦૧૫.

૩. સમાજશાસ્ત્રનો પરિચય – અનિલ વાઘેલા- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- ૨૦૧૨

૪. સમાજશાસ્ત્રપરિચય – જે. કે. દવે - અનડા બુક ડીપો - અમદાવાદ – ૨૦૧૦

એકમ ૫

# સામાજિક ક્રિયાનો અર્થ અને તત્વો

## રૂપરેખા


૫.૦ ઉદ્દેશો

૫.૧ પ્રસ્તાવના

૫.૨ સામાજિક ક્રિયાનો અર્થ

૫.૩ સામાજિક ક્રિયાના તત્વો

- ૫.૩.૧ **Actro** – 'સ્વ' કે કર્તા
- ૫.૩.૨ **End** – ધ્યેય કે લક્ષ્ય
- ૫.૩.૩ **Conditions** – શરતો કે સંજોગો
- ૫.૩.૪ **Means** – સાધનો

૫.૪ સારાંશ

૫.૫ ચાવીરૂપ શબ્દો

૫.૬ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

૫.૭ સંદર્ભ સૂચિ


## ૫.૦ ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ તમે –

- સામાજિક ક્રિયાની અંગે સમજ મેળવી શકશો.
- સામાજિક ક્રિયા અને વ્યક્તિગત ક્રિયા વચ્ચેનો તફાવત સમજી શકશો.
- સામાજિક ક્રિયાના આવશ્યક તત્વો અંગેની જાણકારી મેળવી શકશો.

## ૫.૧ પ્રસ્તાવના :

પ્રત્યેક સામાજિક વિજ્ઞાનમાં જુદા-જુદા પરિપ્રેક્ષ્યોથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માનવીને કેન્દ્રમાં રાખીને વિવિધ અભ્યાસો કરવામાં આવતા હોય છે. સમાજના અભ્યાસુઓએ 'સમાજ'ની સમજ મેળવવા માટે 'માનવ'ની સમજ મેળવવી જરુરી બને છે, કેમકે 'વ્યક્તિ' એ સમાજનું પાયાનું એકમ છે. જેમ માનસશાસ્ત્ર માનવ મનનો અભ્યાસ કરે છે તેમ સમાજશાસ્ત્ર સમાજના સંદર્ભમાં માનવીના વર્તન-વ્યવહાર, ક્રિયા-પ્રતિક્રિયા, સંબંધો વગેરેનો અભ્યાસ કરે છે. જર્મન સમાજશાસ્ત્રી મેક્સ વેબર,

સમાજશાસ્ત્રને સામાજિક ક્રિયાના અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે ઓળખાવે છે. સમાજની સંરચનામાં માનવીની સામાજિક ક્રિયાઓ અગત્યની હોય છે. તેથી વેબર સમાજને સમજવા માટે માનવીની સામાજિક ક્રિયાને સમજવા ઉપર વિશેષ ભાર મુકે છે. અહીં, આપણે સામાજિક ક્રિયાના અર્થ અને તેના આવશ્યક તત્વોની સમજુતી મેળવીશું.

## ૫.૨ સામાજિક ક્રિયાનો અર્થઃ

આપણે સામાજિક ક્રિયાને સમજતા પહેલા 'ક્રિયા' અંગે સમજ મેળવવી જરૂરી છે. 'ક્રિયા' એ વર્તણુક છે કે જેમાં વિચાર અને પ્રવૃત્તિનો સમાવેશ થાય છે. દરેક વ્યક્તિનું હસવું, રડવું, રમવું, ફરવું, જમવું વગેરે પ્રવૃત્તિઓને ક્રિયા કહેવાય જેને આપણે વ્યક્તિગત કે વૈયક્તિક ક્રિયા તરીકે ઓળખાવી શકીએ. માનવી એક સામાજિક પ્રાણી છે તેથી તેની બધી જ ક્રિયાઓ માત્ર વૈયક્તિક ન હોતા તેમાંની ઘણીબધી સામજિક સંદર્ભમાં પણ થતી હોય છે. જેમ કે લગ્ન કરવા, શિક્ષકનું વિદ્યાર્થીઓને ભણાવવું, ધાર્મિક-આર્થિક પ્રવૃતિઓ કે પાડોશી સાથેનો વાટકી વ્યવહારપઆમ, સામાજિક ક્રિયા માટે વ્યક્તિની જે-તે ક્રિયામાં રહેલો સામાજિક સંદર્ભ ખૂબ અગત્યનો હોય છે. સામાન્ય અર્થમાં કહીએ તો માનવીની સામાજિક સંદર્ભ ધરાવતી કોઈપણ ક્રિયા સામાજિક ક્રિયા છે.

કોઈપણ ભૌતિક પદાર્થમાં જેમ (Atom) અણુનું મહત્વ છે તેવી રીતે માનવવર્તનમાં સામાજિક ક્રિયાનું મહત્વ રહેલું છે, એટલે કે 'સામાજિક ક્રિયા' એ માનવવર્તનનો નાનામાં નાનો 'અણુ' છે એમ કહી શકાય.

ક્રિયા + પ્રતિક્રિયા = આંતરક્રિયા ⟹ સામાજિક સંબંધો ⟹ જૂથ-સંગઠનો.

માનવી દ્વારા થતી 'ક્રિયા' અને 'પ્રતિક્રિયા'ની પ્રક્રિયા આંતરક્રિયાને જન્મ આપે છેપજેમાંથી 'સામાજિક સંબંધો'નું નિર્માણ થાય છે, અને આવા સામાજિક સંબંધો આગળ જતા સામાજિક 'જૂથ' કે 'સંગઠન'માં પરીણમતા હોય છે. આ બાબત સામાજિક ક્રિયાની અગત્યતા સૂચવે છે.

માનવીની રોજીંદા જીવનની મોટાભાગની પ્રવૃત્તિઓને સામાજિક ક્રિયા તરીકે ઓળખાવી શકાય પરંતુ દરેક ક્રિયાઓ સામાજિક ક્રિયા જ હોય એવું માની લેવાની જરૂર નથી. તેમાંની અમુક ક્રિયાઓ માત્ર શારીરિક ક્રિયા હોય છે એ સમજવું પણ જરૂરી છે. જેમ કે, બસ સ્ટેન્ડ કે રેલ્વે સ્ટેશન પર ભીડમાં લોકો એકબીજા સાથે અથડાય અને કોઈ જ પ્રતિક્રિયા વગર પોતાની દિશામાં આગળ નીકળી જાય છે. જયારે વરસાદ આવે ત્યારે લોકો છત્રી ખોલે છે, કોઈ બે વાહન ચાલક ટ્રાફિકમાં એકબીજા સાથે અથડાય એકબીજા સામું જોઈ કે જોયા વગર કશુ જ બોલ્યા ચાલ્યા વગર પોતપોતાની દિશામાં આગળ ચાલી નીકળે ત્યારે આવી ક્રિયાઓને સામાજિક ક્રિયા નહિ પણ માત્ર શારીરિક ક્રિયાઓ કહેવાય. અહીં એ ખાસ ધ્યાનમાં રાખવાનું થાય છે કે માનવીની કોઈપણ એવી ક્રિયા કે જે સમાજના (બીજા લોકોના) સંદર્ભમાં કરવામાં આવી હોય તેને જ સામાજિક ક્રિયા કહેવાય. પરંતુ સમાજવિજ્ઞાનીઓ સામાજિક ક્રિયાનો આવો સામાન્ય અર્થ સ્વીકારતા નથી. તેઓ વિશેષતઃ ક્રિયાની અર્થસભરતા અને સભાનપણા પર ભાર મુકે છે એટલે કે વ્યક્તિ દ્વારા સભાનપણે થતી અર્થસભર ક્રિયા એટલે સામાજિક ક્રિયા.

વ્યક્તિ દ્વારા સમાજના સભ્ય તરીકે જુદી જુદી અર્થપૂર્ણ, હેતુપૂર્વક સભાનપણે ધ્યેય પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતી ક્રિયાને સામાજિક ક્રિયા કહેવાય. એટલે કે વ્યક્તિ સમાજ(અન્યો)ના સંદર્ભમાં જયારે કોઈ ચોક્કસ હેતુની પ્રાપ્તિ માટે

સભાનતાપૂર્વક અર્થસભર ક્રિયા કરે તો એવી ક્રિયાને સામાજિક ક્રિયા તરીકે ઓળખાવી શકાય. તેમાંની કેટલીક ક્રિયાઓ સ્વાભાવિક હોય છે તો કેટલીક ક્રિયાઓ અસ્વાભાવિક હોય છે. અહીં, સ્પષ્ટતા કરવી રહે કે બધી જ સામાજિક ક્રિયાઓ સમાજ સ્વીકૃત જ હોય એ જરૂરી નથી. કેટલીક સામાજિક અનુમતિ સ્વરૂપની હોય તો કેટલીક સામજિક વિચલન સ્વરૂપની પણ હોઈ શકે છે.

અહીં, ઉપરોક્ત ચર્ચા પરથી કેટલીક બાબતો તારવવામાં આવી છે કે જે સામાજિક ક્રિયા માટે જરૂરી કે અનિવાર્ય હોઈ શકે છે, તે મુજબપ

- ઓછામાં ઓછા બે પક્ષો હોવા જરૂરી છે
- કર્તા જે ક્રિયાનો પ્રારંભ કરે તે અંગેની સભાનતા હોવી જોઈએ
- જેના સંદર્ભમાં ક્રિયા કરવામાં આવી હોય તે પક્ષને ક્રિયાના અર્થની જાણકારી કે સમજ હોવી જોઈએ.

મેક્સ વેબર સમાજશાસ્ત્રને સામાજિક ક્રિયાના અધ્યયન કરતા વિજ્ઞાન તરીકે પરિભાષીત કરે છે. તેના જ શબ્દોમાં સામાજિક ક્રિયાની સમજ સ્પષ્ટ કરીએપ

"Action is social in so far as, by virtue of the subjective meaning attached to it by the acting individual (ro individuals)it takes account of the behaviour of others and is thereby roiented in its course."

એટલે કે, કોઈપણ 'ક્રિયા'ને આપણે ત્યારે જ 'સામાજિક ક્રિયા' કહી શકીએ કે જયારે તે ક્રિયા કરતી વ્યક્તિ (કે વ્યક્તિઓ) દ્વારા ક્રિયા સાથે જોડવામાં આવેલા આત્મલક્ષી અર્થનાં કારણે તે ક્રિયા બીજી વ્યક્તિઓના વર્તનને લક્ષમાં લઈને કરવામાં આવેલી હોય અને તેના પરિણામે તે ક્રિયાનો ક્રમ બીજાઓના વર્તન તરફ અભિમુખ થયેલો હોય. બીજા શબ્દોમાં કહીએ તો "એવી ક્રિયા કે જેમાં ક્રિયા કરનાર (કર્તા કે કર્તાઓ) દ્વારા સાંકળવામાં આવેલ આત્મલક્ષી અર્થનાં કારણે તે ક્રિયામાં અન્ય વ્યક્તિઓની મનોવૃત્તિ તથા ક્રિયાઓનો સમાવેશ થતો હોય તેમજ તે દરમ્યાન તેનાથી પ્રભાવિત પણ થતા હોય એને સામાજિક ક્રિયા કહેવાય."

ટૂંકમાં કહીએ તો સામાજિક ક્રિયા એ વ્યક્તિએ ધ્યેય પ્રાપ્તિ માટે અપનાવેલ સાધનો દ્વારા અમુક શરતોની મર્યાદામાં રહીને કરેલી ક્રિયા છે. વ્યક્તિ દ્વારા સભાનપણે થતી અર્થપૂર્ણ ક્રિયા એટલે સામાજિક ક્રિયા. સામાજિક ક્રિયાના ક્ષેત્રમાં ઘણાબધા સમાજવિજ્ઞાનીઓ દ્વારા ચિંતન અને અભ્યાસો થયા છે. તેમાં વિશેષપણે મેક્સ વેબર, વિલ્ફ્રેડ પેરેટો, ટાલ્કોટ પાર્સન્સ જેવા વિદ્વાનોનું પાયાનું યોગદાન રહેલું છે જે સર્વસ્વીકૃત છે. મેક્સ વેબરે સામાજિક ક્રિયાના ચાર પ્રકારો દર્શાવ્યા છે...૧). બુદ્ધિપૂર્ણ સામાજિક ક્રિયા, ૨). પ્રભાવાત્મક સામાજિક ક્રિયા, ૩). પરંપરાગત સામાજિક ક્રિયા, ૪). મૂલ્યાંકનાત્મક સામાજિક ક્રિયા. વિલ્ફ્રેડ પેરેટો એ તાર્કિક ક્રિયા અને બિનતાર્કિક ક્રિયાના ખ્યાલ દ્વારા સામાજિક ક્રિયાની સમજુતી આપી છે. ટાલ્કોટ પાર્સન્સે વિગતવાર સામાજિક ક્રિયાના તત્વોનું વર્ણન કરેલ છે. જેના આધારે આપણે અહીં સામાજિક ક્રિયાના આવશ્યક તત્વો અંગેની વિસ્તૃત સમજ મેળવીશું.

**★ તમારી પ્રગતિ ચકાસો - ૧ :**

અ). 'સામાજિક ક્રિયા'ની વ્યાખ્યા લખો.

..............................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

બ). 'સામાજિક ક્રિયા'ના ખ્યાલમાં મહત્વનું પ્રદાન આપનાર સમાજશાસ્ત્રીઓના નામ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

**ક). ખાલી જગ્યા પૂરો.**

૧). 'ક્રિયા' એ _________ છે, જેમાં પ્રવૃત્તિ અને વિચારનો સમાવેશ થાય છે.

૨). મેક્સ વેબરે સામાજિક ક્રિયાના ________ પ્રકાર દર્શાવ્યા છે.

૩). _____________ એ તાર્કિક ક્રિયા અને બિનતાર્કિક ક્રિયા દ્વારા સામાજિક ક્રિયાની સમજુતી આપી છે.

૪). _________ એ માનવ વર્તનનો અણુ (Atom) છે.

## ૫.૩ સામાજિક ક્રિયાના તત્વો:

ટાલ્કોટ પાર્સન્સે સામાજિક ક્રિયાના જે તત્વો દર્શાવ્યા છે તેના આધારે સામાજિક ક્રિયાની સમજૂતી વધુ સરળ બની રહે છે. પાર્સન્સના આધારે સામાજિક ક્રિયાના તત્વો નીચે મુજબ વર્ણવી શકાય.

(i) Actro – 'સ્વ' કે કર્તા

(ii) End – ધ્યેય કે લક્ષ્ય

(iii) Conditions – શરતો કે સંજોગો

(iv) Means – સાધનો

હવે, આપણે ઉપરોક્ત સામાજિક ક્રિયાના આવશ્યક તત્વોની વિગતે સમજૂતી મેળવીશું.

### (i) Actro – 'સ્વ' કે કર્તા:

'સ્વ' એટલે કર્તા (ક્રિયા કરનાર) જે સામાજિક ક્રિયાનું પ્રથમ તત્વ છે. 'દરેક ક્રિયાને એનો કર્તા હોય છે' એવું સ્પષ્ટીકરણ જરૂરી નથી, છતાં 'કર્તા' ને એક સ્વતંત્ર તત્વ તરીકેની ઓળખ જરૂરી છે. અહીં 'કર્તા'ને માત્ર માનવશરીર તરીકે ન જોતા એને સામાજિક વ્યક્તિ તરીકે જોવો-જાણાવો જરુરી છે. કારણ કે 'સ્વ' એ વ્યક્તિની સભાનતા અને આત્મચેતના દર્શાવે છે. જયારે બાળક જન્મે છે ત્યારે એને 'સ્વ' અંગેની કોઈ સભાનતા હોતી નથી પરંતુ સમાજીકરણ અને અન્યો સાથેની આંતરક્રિયાની પ્રક્રિયામાં 'સ્વ' અંગેની સમજ (સભાનતા) ઉદ્ભવે છે અને પછીથી એનું વિસ્તૃતીકરણ થાય છે. એટલે કે વ્યક્તિમાં 'હું' કે 'મારું' અંગેની સભાનતા જન્મે અને ત્યારબાદ ધીમે-ધીમે 'અમે' કે 'આપણું' એવા ખ્યાલમાં પરિવર્તિત થાય છે. કિંગ્સ્લે ડેવિસ 'સ્વ'

ને સભાનતા અને અનુભવ ધરાવતી માનસિક ઘટના તરીકે ઓળખાવે છે. માણસ પાસે ભાષા અને બુધ્ધિમત્તાના લીધે વિચારવાની ક્ષમતા છે જેનાથી તેનામાં હેતુલક્ષીતા ઉદ્ભવે છે જે તેની ક્રિયામાં 'અહંમ'(ego) તરીકે પ્રદર્શિત થતી હોય છે. આમ, દરેક ક્રિયામાં વ્યક્તિનો 'સ્વ' કે 'અહંમ'(ego) રહેલો હોય છે જેને ક્રિયા કરનાર તત્વ તરીકે ઓળખાવી શકીએ.

માનવીના વર્તનનો અભ્યાસ કરવા માટે 'સ્વ' ને સમજવો જરૂરી છે. સમુહજીવનના ભાગરૂપે સામાજિક આંતરક્રિયાની પ્રક્રિયામાંથી ઉદ્ભવતો 'સ્વ' જ ક્રિયા કરનાર છે. 'કર્તા' અન્ય વ્યક્તિઓ કે પરિસ્થિતિને કઈ રીતે જુએ છે? કેવી સંવેદના અનુભવે છે? તેનું અર્થઘટન કેવી રીતે કરે છે? - ટૂંકમાં, 'સ્વ'ને સમજવાથી ક્રિયા કરનારના જે-તે સંદર્ભના પ્રત્યક્ષીકરણ જેવી આત્મલક્ષી બાબતો અંગે જાણી શકાય છે. વ્યક્તિનું વ્યક્તિત્વ જ 'સ્વ' છે, જે પ્રવૃત્તિ કરે છે અને પ્રતિક્રિયા આપે છે. આમ, 'સ્વ' જ ધ્યેય નક્કી કરી સંજોગો અનુરૂપ સાધનોની પસંદગી કરી ધ્યેયપ્રાપ્તિના પ્રયત્નો કરે છે.

(ii) End – **ધ્યેય કે લક્ષ્યઃ**

'ધ્યેય' એટલે કે લક્ષ્ય એ સામાજિક ક્રિયાનું બીજું અગત્યનું તત્વ છે. પ્રત્યેક સામાજિક ક્રિયા ધ્યેયલક્ષી હોય છે. ધ્યેય એ 'સ્વ'ની પસંદગીયુકત કલ્પના છે. ધ્યેયનું કોઈ વર્તમાન અસ્તિત્વ નથી, તે ભાવિ જીવનની અવસ્થા છે. સંકલ્પ અને પ્રયત્નો દ્વારા ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે. ધ્યેયો વ્યક્તિના વર્તનના સંચાલક બળ છે, તેના પ્રેરકો છે, તેની પ્રેરણા છે કે જેનાથી ક્રિયા કરનાર વ્યક્તિ સતત પ્રવૃતિશીલ રહે છે. ધ્યેય એ 'સ્વ' સાથે જોડાયેલું આત્મલક્ષી પરિબળ છે એમ કહી શકાય.

ધ્યેય અંગે વ્યક્તિની સભાનતા હોય અને ન પણ હોય એવું હોઈ શકે છે. 'કર્તા'ને પોતાની ક્રિયાના હેતુ કે ઉદ્દેશ અંગે પ્રાથમિક સભાનતા ન હોય એવું બની શકે, જે ધ્યેય તેના અસભાન મનમાં (unconscious mind) રહેલો હોય અને પાછળથી એ અંગેની સભાનતા વિકસે એવું બની શકે. મનોવિજ્ઞાનીઓ 'અસભાન' ધ્યેયોને વ્યક્તિના વર્તનને નક્કી કરતા મહત્વના પરિબળ તરીકે જોવે છે, જયારે સમાજશાસ્ત્રીઓના માટે વ્યક્તિની 'ધ્યેયસભાનતા' વધુ મહત્વની છે. અહીં, નોધવું જરૂરી છે કે, વ્યક્તિની સામાજિક ક્રિયા પાછળ માત્ર એક જ ધ્યેય હોય એ જરૂરી નથી, એક થી વધુ ધ્યેયો સંગઠિત સ્વરૂપે રહેલાહોય છે. જેમાં પ્રાથમિક ધ્યેયની પ્રાપ્તિ બાદ ક્રિયાનો અંત આવે એવું જરૂરી નથી, કેમ કે ક્રિયા તો અવિરત ચાલુ જ રહે છે અને તે ધ્યેયપૂર્તિ બાદ અન્ય ધ્યેયના સંદર્ભમાં સામાજિક ક્રિયા ચાલુ રહે છે. કેટલાક ધ્યેયો 'સાધ્ય' હોય છે તો કેટલાક 'સાધન' સ્વરૂપે પણ રહેલા હોય છે. આમ, સામાજિક ક્રિયામાં ધ્યેયો પસંદગીયુકત કોટીક્રમ સ્વરૂપે રહેલા હોય છે. વ્યક્તિની જરૂરિયાત, આગવા મૂલ્યો, સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો, સામાજિક પરિસ્થિતિ, સામાજિક ધોરણો વગેરે વ્યક્તિના ધ્યેયોને નક્કી કરતા મહત્વના પરિબળો છે, જે ઓછે-વત્તે અંશે વ્યક્તિના 'સ્વ' સાથે સુગ્રથિત થયેલા હોય છે. વ્યક્તિના કૌટુંબિક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, સામાજિક કે આધ્યાત્મિક સ્વરૂપના વિવિધ ધ્યેયો વ્યક્તિને પ્રેરણા પૂરી પાડી સતત પ્રવૃત્તિમય રાખે છે. આમ, સામાજિક ક્રિયાના સંદર્ભમાં ધ્યેયો એ ક્રિયા કરનારના સંચાલક બળ તરીકેનેં કાર્ય કરે છે અને ક્રિયાને પ્રક્રિયા બનાવે છે, જે નિરંતર ચાલુ રહેતી હોય છે.

### (iii) Conditions – શરતો કે સંજોગોઃ

સામાજિક ક્રિયાનું ત્રીજું મહત્વનું તત્વ એ 'શરતો' છે. ધ્યેયપ્રાપ્તિમાં રહેલા અવરોધરૂપ પરિબળો કે જેના પર 'સ્વ'નું કોઈ જ નિયંત્રણ ન હોય એને શરતો કે સંજોગો તરીકે ઓળખાવી શકાય. શરતો એ વ્યક્તિની પ્રવૃતિઓની મર્યાદાઓ નક્કી કરે છે. આમ, જે અવરોધોનું ઉલ્લંઘન થઇ શકે એમ ન હોય એ બધી જ બાબતોને શરતો કહેવાય. શરતો કે સંજોગોને પસાર કર્યા વગર ધ્યેયની પ્રાપ્તિ થયી શકતી નથી. દા.ત. ભારતમાં મતાધિકાર માટે ૧૮ વર્ષની ઉમર જરૂરી છેપકોલેજમાં અધ્યાપક બનવા માટે નેટ/સેટ કે પી.એચડી ની પદવી જરૂરી છેપપોલીસ કે લશ્કરમાં જોડવા માટે નક્કી કરેલ શારીરિક માપદંડો મુજબ યોગ્યતા હોવી જરૂરી છે.

ક્રિયા કરનારને બંધનકર્તા શરતો આંતરિક અને બાહ્ય એમ બંને સ્વરૂપની હોઈ શકે છે. વ્યક્તિની અંદર જ હોય એવી વ્યક્તિત્વલક્ષી મર્યાદાઓ કે બંધનો આંતરિક સ્વરૂપની શરતો છે. સામાજિક અને ભૌતિક વાતાવરણ કે પરિબળો બાહ્ય સ્વરૂપની શરતો બની રહે છે. કોઈ વ્યક્તિને કાર કે બાઈક ચલાવવી હોય પણ એનામાં એની આવડત ન હોય તો એ ચલાવી શકતો નથી. વ્યક્તિ ગીત ગાવા ઈચ્છતો હોય પરંતુ એનું ગળું ખરાબ હોય તો એ ગાઈ શકતો નથીપતો એવી વ્યક્તિની અંદર જ રહેલી મર્યાદાઓને આંતરિક સ્વરૂપની શરતો ગણાવી શકાય. કોઈ વ્યક્તિને અન્ય ધર્મી કે અન્ય જ્ઞાતિની વ્યક્તિ સાથે લગ્ન કરવા હોય અને તે વ્યક્તિ પોતાના સમાજ કે જ્ઞાતિના ધોરણોના કારણે લગ્ન ન કરી શકેપતો એવી શરતો એ સામાજિક વાતાવરણમાંથી ઉદ્ભવેલી બાહ્ય સ્વરૂપની શરતો છે. કોઈ વ્યક્તિને કેનેડા જવું હોય તો જરૂરી ભૌગોલિક અંતર કાપવું જરૂરી છે, જે એની શરત છે. શરતો એ વ્યક્તિની ક્રિયાને અસરકર્તા સામાજિક, ભૌગોલિક કે વ્યક્તિત્વલક્ષી એવા તત્વો છે કે જેના પર વ્યક્તિના 'સ્વ'નું કોઈ જ નિયંત્રણ હોતું નથી અને વ્યક્તિએ આવા તત્વોની મર્યાદાઓમાં રહીને ક્રિયા કે પ્રવૃત્તિ કરવાની રહે છે. બાહ્યતત્વોની અસરને સમજવા માટેનું ઉત્તમ ઉદાહરણ જોઈએ તોપ કોઈ ઉમેદવાર સમગ્ર વર્ષ દરમ્યાન ખૂબ મહેનત કરે છેપપરિક્ષા સારી રીતે આપે છે અને તેનું પેપર પણ ખૂબ જ સારું જાય છે તેને સારું પરિણામ આવવાનો પૂરો વિશ્વાસ હોય છેપપણ પેપર ફૂટી ગયું હોવાની ઘટના સામે આવે છે અને તેને લીધે પરિક્ષા કેન્સલ થાય અને ઉમેદવારે પરિક્ષા ફરીથી આપવી પડે એવા સંજોગો ઉભા થાય છે અથવા તો પરિક્ષા આપ્યા પહેલા જ પેપર ફૂટી જવાના કારણે પરિક્ષા કેન્સલ થાય તો પરત ફરવું પડે એવા ઉમેદવારના ધ્યેયને અવરોધતા પરિબળોને શરતો તરીકે ગણાવી શકાય. આમ, વ્યક્તિની ક્રિયાને પ્રભાવિત કરતા પરિબળો તરીકે કોઈને કોઈ શરતો અવશ્ય હોય જ છે, એટલે કે દરેક વ્યક્તિની સામાજિક ક્રિયામાં 'શરત'નું તત્વ રહેલું હોય છે.

### (iv) Means- સાધનોઃ

સામાજિક ક્રિયાનું ચોથું મહત્વનું તત્વ એ 'સાધનો' છે. સાધનો એટલે વ્યક્તિની પરિસ્થિતિના એવા પરિબળો કે જેના પર કર્તાનો કાબૂ હોય છે. સાધનો એ ધ્યેયપ્રાપ્તિ માટેના માધ્યમો જ છે. વ્યક્તિ સામાજિક ક્રિયા માટે જે ધ્યેય ધરાવતો હોય એના માટેની શરતોના સંદર્ભમાં ધ્યેયપ્રાપ્તિ માટેના સાધનોનું સ્વરૂપ સરળ કે જટિલ હોઈ શકે છે. તેમજ કેટલીક પરિસ્થિતિઓમાં કર્તા પાસે ધ્યેયપ્રાપ્તિ માટે સાધનોની બહુલતા હોય ત્યારે કર્તા તેની ધ્યેયપ્રાપ્તિ માટે જે વધુ અનુરૂપ હોય એવા સાધનની પસંદગી કરે છે, તો ક્યારેક એક જ ધ્યેય માટે અનેક સાધનોનો ઉપયોગ જરૂરી બને છે. જો કર્તા સાધનોની પસંદગીમાં ભૂલ કરે તો તેની ધ્યેયપ્રાપ્તિમાં અવરોધો ઉભા થતા હોય છે, તો

અમુક સંજોગોમાં ધ્યેયપ્રાપ્તિ અચોક્કસ બની જવાની સંભાવનાઓ પણ રહેલી હોય છે. એટલે કાળજીપૂર્વક સાધનોની પસંદગી કરવામાં આવે એ ખૂબ જરૂરી છે. દા.ત. કોઈ વિદ્યાર્થી પરિક્ષામાં સારું પરિણામ લાવવાની અપેક્ષાએ ખૂબ મહેનત કરી પોતાનો ધ્યેય પ્રાપ્ત કરે છે તો એ સમાજમાન્ય છે, પણ જો કોઈ વિદ્યાર્થી ગેરરીતિઓ દ્વારા પોતાનો ધ્યેય હાંસલ કરે છે તો તેની આવી ધ્યેયપ્રાપ્તીને સમાજ અમાન્ય કે અસ્વીકૃત માનવામાં આવે છે. મહાત્મા ગાંધી ધ્યેયપ્રાપ્તિ માટે સાધનોની શુદ્ધતા પર વિશેષ ભાર મુકે છે. સાધન અને ધ્યેય સહસંબંધ ધરાવે છે.

કોઈ એક પરિસ્થિતિમાં રહેલો ધ્યેય અન્ય પરિસ્થિતિમાં સાધન સ્વરૂપે જોવા મળે છે. દા.ત. વિદ્યાર્થીકાળમાં સારી ટકાવારી સાથે ડીગ્રી પ્રાપ્ત કરવી એ 'ધ્યેય' હોય છે, જે ડીગ્રી મેળવ્યા પછીથી નોકરી મેળવવા માટે એક 'સાધન' બની રહે છે.

તેવી રીતે કોઈ એક વ્યક્તિ માટે જે 'સાધન' હોય એ અન્ય વ્યક્તિ માટે 'શરત' સ્વરૂપે પણ હોઈ શકે છે. દા.ત. આર્થિક સધ્ધરતા ધરાવનાર કોઈ વ્યક્તિ કોલેજ અભ્યાસ માટેની જરૂરી ફી ભરી એન્જીનીઅર કે ડોક્ટરની પદવી મેળવી શકે છે, પરંતુ ગરીબ વ્યક્તિ કે જે ફી નથી ભરી શકે એમ એ ડીગ્રી મેળવી શકતો નથી. અહીં, એક વ્યક્તિ માટે આર્થિક સધ્ધરતા એ 'સાધન' છે તો અન્ય વ્યક્તિ માટે તે 'શરત' સ્વરૂપે જોવા મળે છે. આ રીતે અમુક પરિસ્થિતિઓમાં વ્યક્તિના 'ધ્યેય' ક્રિયા માટેના 'સાધન' બનતા હોય છે તો ક્યારેક કેટલીક ક્રિયાઓમાં એક વ્યક્તિ માટે જે 'સાધન' હોય એ અન્ય વ્યક્તિ માટે 'શરત' બની રહે છે. આમ, સામાજિક ક્રિયા 'ધ્યેયો' અને 'સાધનો'ની પરસ્પર સંબંધિત પ્રવૃત્તિઓની જટિલ ગૂંફન છે, એક સંકલિત પ્રક્રિયા છે એમ કહી શકાય.

### ★ તમારી પ્રગતિ ચકાસો – ૨:

અ). 'સામાજિક ક્રિયા'ના તત્વોના નામ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

બ). 'શરતો' એટલે શું?

..........................................................................

..........................................................................

..........................................................................

**ક). ખાલી જગ્યા પૂરો.**

૧). 'સ્વ' વ્યક્તિની ____________ અને ____________ દર્શાવે છે.

૨). ____________ એ કહ્યું છે કે ધ્યેય પ્રાપ્તિ માટે સાધનોની શુદ્ધતા હોવી જોઈએ.

૩). પરિસ્થિતિના એવા પરિબળો કે જેના પર કર્તાનો કાબૂ હોય તેને ____________ કહેવાય.

૪). ____________ વ્યક્તિના પ્રેરકોનું કાર્ય કરે છે.

## ૫.૪ સારાંશ

આ એકમમાં આપણે સામાજિક ક્રિયાના અર્થ અને તેના ચાર તત્વો અંગેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. સામાજિક ક્રિયામાં રહેલો સંદર્ભ તેમજ કર્તાનો ક્રિયા અંગેનો ધ્યેયની અગત્યતાની ચર્ચા કરી, આવી ધ્યેયપ્રાપ્તિ માટે ક્રિયા કરનાર વ્યક્તિ તેની પરિસ્થિતિ મુજબ કેટલીક શરતો કે સંજોગોની મર્યાદામાં રહીને યોગ્ય સાધનોની પસંદગી કરે એ ખૂબ જરૂરી હોય છે. અહીં, સામાજિક ક્રિયાની સરળ સમજ આપવાનો અને તેના આવશ્યક તત્વો અંગેની વિસ્તૃત છણાવટ કરી છે. વધુમાં, સામાજિક ક્રિયાના ક્ષેત્રમાં વિશેષ પ્રદાન આપનાર સમાજવિજ્ઞાનીઓના ચિંતન અને વિચારોનો સમાવેશ કરેલો છે.

## ૫.૫ ચાવીરૂપ શબ્દોઃ (Key Wrods)

ક્રિયાઃ માનવીની વર્તણુક તરીકે ઓળખાવી શકીએ, જેમાં તેના વિચાર અને પ્રવૃતિ સમાવિષ્ટ હોય છે.

સ્વઃ ક્રિયા કરનાર વ્યક્તિનું વ્યક્તિત્વ અથવા ક્રિયા કરનાર વ્યક્તિ.

ધ્યેયઃ વ્યક્તિના વર્તન પાછળ રહેલું અસરકારક પરિબળ કે જે તેના ભવિષ્યના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે.

શરતોઃ કોઈપણ ક્રિયાની ધ્યેયપ્રાપ્તિમાં રહેલા ક્રિયા કરનાર વ્યક્તિના નિયંત્રિણ બહારના અવરોધરૂપ પરિબળો.

સાધનોઃ કોઈપણ ક્રિયાની ધ્યેયપ્રાપ્તિ માટેની પરિસ્થિતિના એવા પરિબળો કે જેના પર કર્તાનો કાબૂ હોય છે.

## ૫.૬ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબઃ

- તમારી પ્રગતિ ચકાસો - ૧ :

  અ). ક્રિયા કરનાર દ્વારા સાંકળવામાં આવેલ આત્મલક્ષી અર્થનાં કારણે તે ક્રિયામાં અન્ય વ્યક્તિઓની મનોવૃત્તિ તથા ક્રિયાઓનો સમાવેશ થતો હોય તેમજ તે દરમ્યાન તેનાથી પ્રભાવિત પણ થતા હોય એને સામાજિક ક્રિયા કહેવાય.

  બ). ટાલ્કોટ પાર્સન્સ, મેક્સ વેબર, વિલ્ફ્રેડ પેરેટો.

  ક). ખાલી જગ્યા પૂરો.

  ૧). વર્તણુંક

  ૨). ચાર

  ૩). વિલ્ફ્રેડ પેરેટો

  ૪). સામાજિક ક્રિયા

- તમારી પ્રગતિ ચકાસો – ૨ઃ

  અ). (૧) સ્વ, (૨) ધ્યેય, (૩) શરતો અને (૪) સાધનો.

  બ). ધ્યેયપ્રાપ્તિમાં રહેલા અવરોધરૂપ પરિબળો કે જેના પર 'સ્વ'નું કોઈ જ નિયંત્રણ ન હોય એને શરતો કે સંજોગો તરીકે ઓળખાવી શકાય.

  ક). ખાલી જગ્યા પૂરો.

૧). સભાનતા અને આત્મચેતના

૨). મહાત્મા ગાંધી

૩). સાધનો

૪). ધ્યેય

## ૫.૭ સંદર્ભ સૂચિ


૧. જે.કે.દવે : સામાન્ય સમાજશાસ્ત્ર – અનડા પ્રકાશન, અમદાવાદ

૨. ભારત મેં સમાજશાસ્ત્ર – સંજીવ મહાજન – અર્જુન પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી – ૨૦૧૨.

૩. સમાજશાસ્ત્રનો પરિચય – અનિલ વાઘેલા- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- ૨૦૧૨

## એકમ ૬ સામાજિક આંતરક્રિયાઃ અર્થ, લાક્ષણિકતા અને સ્વરૂપ

### રૂપરેખા


૬.૦ ઉદ્દેશો

૬.૧ પ્રસ્તાવના

૬.૨ સામાજિક આંતરક્રિયાનો અર્થ

૬.૩ સામાજિક આંતરક્રિયાની લાક્ષણિકતા

૬.૪ સામાજિક આંતરક્રિયાના સ્વરૂપ-પ્રકાર

- ૬.૪.૧ Cooperation - સહકાર
- ૬.૪.૨ Competition - સ્પર્ધા
- ૬.૪.૩ Conflict - સંઘર્ષ

૬.૫ સારાંશ

૬.૬ ચાવીરૂપ શબ્દો

૬.૭ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

૬.૮ સંદર્ભ સૂચિ


### ૬.૦ ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ તમે –

- સામાજિક આંતરક્રિયાના અર્થ અંગે સ્પષ્ટ સમજ મેળવી શકશો.
- સામાજિક આંતરક્રિયાના લક્ષણો અને સ્વરૂપનો પરિચય મેળવી શકશો.
- સામાજિક આંતરક્રિયાની સમજ સ્પષ્ટ થતાં વ્યક્તિગત ઓળખ અને દરજ્જા પર સામાજિક ભૂમિકાની અસર શું છે? તે અંગેની સમજ મેળવી શકશો.

### ૬.૧ પ્રસ્તાવનાઃ

સામાન્યરીતે જનમાનસમાં 'સમાજ'નો અભ્યાસ કરતા 'એક વિજ્ઞાન' તરીકે સમાજશાસ્ત્રની સરળ સમજ રહેલી છે. આપણે કહી શકીએ કે, પ્રાથમિકપણે સમાજશાસ્ત્રનું ધ્યેય માનવસંબંધોના અભ્યાસકેન્દ્રી રહેલું છે. ઘણા સમાજવિજ્ઞાનીઓ સમાજશાસ્ત્રને માનવીના સામાજિક સંબંધોના ગૂંફનનો અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે પરિભાષિત કરે છે. અહીં, સમાજિક સંબંધો ખૂબ મહત્વના બને છે. સામાન્યપણે

આપણા મનમાં સવાલ થાય કે, સામાજિક સંબંધો કેવી રીતે વિકસતા હશે?, સામાજિક સંબંધો પાછળ કયા પરિબળો જવાબદાર હોય?. સામાજિક સંબંધોની ઉદ્ભવ પ્રક્રિયા શું હશે?...આવા ઘણા બધા પ્રશ્નો અભ્યાસુના મનમાં પેદા થતા હોય છે. આવા સવાલોના ઉત્તરમાં સરળ ભાષામાં એમ કહી શકાય કે, માનવીના સામાજિક સંબંધો એ માનવીની આંતરક્રિયાનું પરિણામ છે. રોજબરોજના જીવનમાં વ્યક્તિ અન્યો સાથે કોઈને કોઈ પ્રકારે આંતરક્રિયાઓ કરતો રહેતો હોય છે જે આંતરક્રિયાઓના પુનરાવર્તનની પ્રક્રિયા સર્જે છે, જે સામાજિક સંબંધમાં પરિણમે છે. આમ, આપણે સામાજિક સંબંધના અભ્યાસની પૂર્વશરતના ભાગરૂપે સામાજિક આંતરક્રિયાને સમજાવી ખૂબ જરૂરી છે.

## ૬.૨ સામાજિક આંતરક્રિયાનો અર્થઃ

સામાન્ય પરિભાષામાં કહીએ તો જયારે સામાજિક સંદર્ભમાં બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચે થતી ક્રિયા-પ્રતિક્રિયા એટલે સામાજિક આંતરક્રિયા. એટલે કે બે કે તેથી વધુ પક્ષો વચ્ચે સામાજિક સંદર્ભ ધરાવતી હોય તેવી ક્રિયા-પ્રતિક્રિયાની પ્રક્રિયા કે શ્રેણીને સામાજિક આંતરક્રિયા તરીકે ઓળખવામાં આવે છે.


સામાજિક આંતરક્રિયા અંગે કિંગસ્લે ડેવિસ ની સમજુતી પ્રમાણે, સામાજિક આંતરક્રિયા માટે સંપર્ક અગત્યનો છે અને સંપર્ક માટે ભૌતિક કે સંવેદનાત્મક માધ્યમની જરૂર પડે છે, જે આવશ્યકપણે સામાજિક અર્થ ધરાવતું હોવું જોઈએ. આ સમજુતી આધારે કહીએ તો, એકથી વધુ પક્ષો વચ્ચે અર્થપૂર્ણ માધ્યમ દ્વારા થતી ક્રિયા-પ્રતિક્રિયાને સામાજિક આંતરક્રિયા કહેવાય.

**સોરોકીન** સામાજિક આંતરક્રિયાની વ્યાખ્યા આપતા જણાવે છે કે, ''આંતરક્રિયા એક એવી ઘટના છે કે જેમાં એક પક્ષ બીજા(અન્ય) પક્ષની આંતરિક(માનસિક) કે બાહ્ય ક્રિયા ઉપર અસર કરે છે.'' વધુમાં કહીએ તો, સોરોકીન સામાજિક આંતરક્રિયાને પ ારસ્પરિક અસર ઉપજાવતી એક ઘટના તરીકે ગણાવે છે. જે ક્રિયાના આંતરિક કે બાહ્ય પરિબળો સાથે સંબંધિત હોઈ શકે છે.

**ડાઉસન અને ગેટ્ટીઈસ** (Dawson and Gettyes) સામાજિક આંતરક્રિયાની વ્યાખ્યા કરતા જણાવે છે કે, ''સામાજિક આંતરક્રિયા એક એવી પ્રક્રિયા છે કે જેમાં લોકો એકબીજાના મનમાં પ્રવેશ કરતા હોય છે.''

સામાજિક આંતરક્રિયા આપણી આસપાસ જે કાંઈપણ છે (લોકો, ઘટનાઓ, સામાજિક પરિસ્થિતિઓ, સંસ્કૃતિ વગેરે) તેના સંદર્ભમાં આપણી ક્રિયા અને પ્રતિક્રિયાઓની એક પ્રક્રિયા છે. માનવી સમાજના સંદર્ભમાં અન્યો સાથે વિવિધ પ્રકારે સામાજિક ક્રિયાઓ કરે છે, ત્યારે આવી ક્રિયાઓ એકબીજાની પ્રતિક્રિયાઓને પ્રભાવિત કરતી હોય છે આવી પારસ્પરિક અસર પેદા કરતી ક્રિયા-પ્રતિક્રિયાની પ્રક્રિયાને 'સામાજિક આંતરક્રિયા' કહેવાય. અહી, સામાજિક આંતરક્રિયામાં ઉદ્દીપક તરીકે રહેલું 'પારસ્પરિક અસર'નું તત્વ ખૂબ મહત્વનું છે.

બે વ્યક્તિઓ કે પક્ષો વચ્ચે થતી કોઈ ક્રિયાના ક્રમની કે અભિમુખતાની ફેરબદલીની પ્રક્રિયામાંથી સામાજિક આંતરક્રિયા ઉદ્ભવે છે.




'અ' ની 'બ'ના સંદર્ભમાં અને 'બ' ની 'અ'ના સંદર્ભમાં થતી ક્રિયા-પ્રતિક્રિયાની પ્રક્રિયા જેને આપણે આંતરક્રિયા કહી શકીએ.

ક્રિયા + પ્રતિક્રિયા = આંતરક્રિયા

આમ, સામાજિક આંતરક્રિયા એ બે કે તેથી વધુ પક્ષો વચ્ચે થતી ક્રિયા-પ્રતિક્રિયાની એક પ્રક્રિયા છે. પાર્ક અને બર્ગેસ (ૅક્ષ્ઙ્ક્ષ્હ્ઙ્ઘ મેપ્નીજજ)ના મતે, 'સંપર્ક' અને 'પ્રત્યાયન' સામાજિક આંતરક્રિયા માટેની બે શરતો છે. સંપર્ક સામાજિક આંતરક્રિયાનું પ્રથમ ચરણ છે. લોકોનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકબીજાને મળવું કે વ્યવહારમાં આવવું જરૂરી છે. તેમાં લોકો પરસ્પરની પ્રતિક્રિયા, એકબીજાની ક્રિયાઓ-વર્તણુક સાથે અંતરમેળ સાધતા હોય છે. પ્રત્યાયન આંતરક્રિયાનું માધ્યમ છે. જેમાં વ્યક્તિ વિચારો, લાગણીઓના આધારે અન્યોના વર્તન-વ્યવહાર અંગે ધારણાઓ બાંધતો હોય છે કે નિષ્કર્ષ તારવતો હોય છે. આમ, સામાજિક આંતરક્રિયાના માટે સંપર્ક અને પ્રત્યાયન ખૂબ જ મહત્વના છે.

## ૬.૩ સામાજિક આંતરક્રિયાની લાક્ષણિકતાઃ

સામાજિક આંતરક્રિયાની કેટલીક આગવી ખાસિયતો છે. જેમ કે, તેના માટે બે કે તેથી વધુ પક્ષો હોવા જરૂરી છે. આ પક્ષો વચ્ચે ચોક્કસ માધ્યમ દ્વારા પારસ્પરિક ક્રિયાઓ થાય એ પણ એટલું જ જરૂરી છે. અહીં, સામાજિક આંતરક્રિયાની લાક્ષણિકતાઓનો વિગતે પરિચય મેળવીએ.

### ૧) બે કે તેથી વધુ પક્ષોઃ

સામાજિક આંતરક્રિયા માટે ઓછામાં ઓછા બે પક્ષો હોવા જરૂરી છે. આવા પક્ષોમાં વ્યક્તિ, જૂથ કે સંસ્કૃતિ હોઈ શકે છે. વ્યક્તિ–વ્યક્તિ, વ્યક્તિ-જૂથ, જૂથ-જૂથ,

વ્યક્તિ/જૂથ અને સંસ્કૃતિ એમ કોઈ પણ સ્વરૂપે બે કે તેથી વધુ પક્ષો હોવ જરૂરી છે. હવે, આ બાબતને વિગતવાર સમજવાનો પ્રયાસ કરીએ.

- **વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે :-** આ કોઈ પણ બે વ્યક્તિઓ વચ્ચે એકબીજાના સંદર્ભમાં થતી આંતરક્રિયા છે. દા.ત. ડોક્ટર અને દર્દી , પતિ અને પત્ની, બાળક અને માતા, ગ્રાહક અને દુકાનદાર વગેરે.

- **વ્યક્તિ - જૂથ વચ્ચે :-** આ એક વ્યક્તિ દ્વારા કોઈ સમૂહ (લોકો)ના સંદર્ભમાં કરવામાં આવતી આંતરક્રિયા છે. દા.ત. એક શિક્ષકનું તેના વિદ્યાર્થીઓને ભણાવવું, એક રાજકીય નેતાનું જાહેર ભાષણ, કોઈ ધર્મગુરુ દ્વારા તેના અનુયાયીઓને ઉપદેશ, ધાર્મિક કથાઓ અને પ્રવચનો વગેરે.

- **જૂથ - જૂથ વચ્ચે :-** આ કોઈપણ બે સમૂહો વચ્ચે એકબીજાના સંદર્ભમાં થતી આંતરક્રિયા છે. દા.ત. બે ટીમ વચ્ચે રમાતી (ક્રિકેટ, ફૂટબોલ, વોલીબોલ, કબ્બડી, હોકી વગેરેની) રમત, બે કુટુંબો વચ્ચે થતી આંતરક્રિયા, બે પક્ષો વચ્ચેની જૂથ અથડામણ – જ્ઞાતિ સંઘર્ષ, કોમી રમખાણ વગેરે.

- **વ્યક્તિ કે લોકો - સંસ્કૃતિ વચ્ચે :-** આ વ્યક્તિ કે લોકો અને સંસ્કૃતિ વચ્ચે થતા આદાન-પ્રદાનની પ્રક્રિયા સૂચવે છે. જેમાં વ્યક્તિનું સંસ્કૃતિના પ્રચાર-પ્રસારની પ્રક્રિયામાં સમાયોજન અને આત્મસાતીકરણ થતું જોવા મળે છે. રેડીયો, ટી.વી., સમાચારપત્રો, પુસ્તકો, જાહેરાતો, નાટકો, ચલચિત્રો, મેળાઓ, પ્રદર્શનો, સોશ્યલ મીડિયા વગેરેમાં સમાજની સંસ્કૃતિ દ્રશ્યમાન થતી હોય છે. સામાજિક આંતરક્રિયા માસ કમ્યુનિકેશનના આ માધ્યમો સાથેનો લોકોનો સામાજિક સંબંધ દર્શાવે છે. તેના સભાન કે અસભાન નિરિક્ષણ દ્વારા તેમના જીવનમાં સામાજિક પરિવર્તન આવતું હોય છે, તો બીજી તરફ લોકો પોતાની જરૂરિયાતો પ્રમાણે આવા માધ્યમોને પણ બદલતા રહેતા હોય છે આ રીતે લોકો અને સંસ્કૃતિ વચ્ચે પારસ્પરિક પ્રકિયા ચાલતી રહે છે.

સામાજિક આંતરક્રિયા એક વ્યક્તિથી ઉદ્ભવતી નથી, તેના માટે બે કે તેથી વધુ પક્ષોનું હોવુ અનિવાર્ય બાબત છે. આવી આંતરક્રિયા પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે હોય શકે છે. માતા અને બાળકની આંતરક્રિયા પ્રત્યક્ષ છે, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયા પ્રત્યક્ષ સ્વરૂપની છે, જયારે કોઈ લેખક અને વાચક વચ્ચે થતી આંતરક્રિયા, વ્હોટ્સઅપ કે ફેસબુક જેવા સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ પર થતી આંતરક્રિયા, નેતા કે ધર્મગુરુ ટેલિવિઝન કે રેડિયો પર ભાષણ કે ઉપદેશ આપે છે એ પરોક્ષ સ્વરૂપની આંતરક્રિયા છે. આમ, સામાજિક આંતરક્રિયા માટે લોકોનો એટલે કે બે પક્ષો વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક હોવો જરૂરી છે.

### ૨) સંપર્ક માધ્યમ :

સામાજિક આંતરક્રિયા માત્ર બે પક્ષો હોવાથી શક્ય બનતી નથી, પરંતુ તેમની વચ્ચેના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક માધ્યમ પણ એટલુ જ જરૂરી હોય છે. બંને પક્ષે પરસ્પર ઉદ્દીપક અસર પેદા થાય એ માટે ચોક્કસ માધ્યમનું હોવું ખૂબ મહત્વનું છે. પ્રત્યાયન માટેના સંપર્ક માધ્યમ શાબ્દિક (Verbal) કે અશાબ્દિક (Non-Verbal) સ્વરૂપના હોઈ શકે છે. પ્રત્યક્ષ આંતરક્રિયામાં વાણી, ચેહરાના હાવભાવ, હાસ્ય, વિવિધ અંગચેષ્ટાઓ વગેરે જેવા સંકેતોનો ઉપયોગ થતો હોય છે, આવા સંકેતો અર્થપૂર્ણ હોય છે. અહી, વપરાતા સંકેતોનો અર્થ બંને પક્ષો સમજતો હોય એ જરૂરી છે એટલે કે એક પક્ષે જે અર્થમાં સંકેતનો ઉપયોગ કર્યો હોય એજ અર્થ સામેનો પક્ષ સમજે એ ખૂબ જરૂરી છે. પરોક્ષ આંતરક્રિયામાં સંદેશવ્યવહારના સાધન તરીકે પુસ્તકો, વ્હોટ્સઅપ, ફેસબુક,


ટ્વીટર, સમાચારપત્રો, ફિલ્મો, રેડીયો વગેરે જેવા માધ્યમોનો ઉપયોગ થતો હોય છે. દા.ત. એક વ્યક્તિ બીજી વ્યક્તિને મળે ત્યારે હાથ મળાવી કે ગળે મળીને એકબીજા પ્રત્યેનો ભાવ વ્યક્ત કરે છે. સવારે કોઈ વ્યક્તિને 'ગુડ મૉર્નિંગ' કહેવામાં આવે તો તેની પ્રતિક્રિયામાં સામે ગુડ મૉર્નિંગ કે સ્માઈલ આપે, હાથ હલાવીને અભિવાદન કરવાની ચેષ્ટા કરતા હોય છે.

ટૂંકમાં કહીએ તો, સામાજિક આંતરક્રિયા માટે કોઈને કોઈ માધ્યમના ઉપયોગ દ્વારા પારસ્પરિક અસર ઉપજે એ જરૂરી છે, આવી અસર ત્યારે જ શક્ય બનતી હોય છે જયારે સંપર્ક માધ્યમો દ્વારા એક પક્ષ અન્ય પક્ષ પ્રત્યેની પોતાની લાગણી કે ભાવ પ્રદર્શિત કરે અને સામો પક્ષ એ ભાવ કે લાગણીને સમજી શકે છે. અહીં, પ્રત્યક્ષ કે પરોક્ષ માધ્યમથી સંપર્ક વ્યવહાર માટે વપરાતા સંકેતો અર્થપૂર્ણ હોય એ પણ એટલું જ જરૂરી છે.

### ૩) પારસ્પરિક અસરઃ

સામાજિક આંતરક્રિયામાં 'અસર'નું તત્વ ખૂબ મહત્વનું છે. સામાજિક આંતરક્રિયા એ લોકોની ક્રિયા-પ્રતિક્રિયાની પ્રક્રિયાનું પરિણામ છે, આ પ્રક્રિયામાં લોકો એકબીજા પર પોતાની ક્રિયા દ્વારા અસર પેદા કર્તા હોય છે જે પ્રતિક્રિયા સ્વરૂપે વ્યક્ત થતી હોય છે એટલે કે તે ચોક્કસ માધ્યમો દ્વારા પરસ્પર અસર ઉપજાવતી ઘટના છે. વ્યક્તિ કે જૂથની ક્રિયા-પ્રતિક્રિયાની આવી પારસ્પરિક અસર બાહ્ય વર્તન કે આંતરિક વર્તન સ્વરૂપની હોઈ શકે છે. દા.ત. વ્યક્તિના વલણો, વિચારો, માન્યતા, હિતો, અપેક્ષાઓ, અભિપ્રાયો વગેરે ઉપર અસર થાય છે તો એ આંતરિક અસર છે. જયારે એક વ્યક્તિ બીજી વ્યક્તિને તાલી આપે કે 'હાઈ-ફાઈવ' કરે, શિક્ષક વિદ્યાર્થીને 'કમ હિઅર' કહે અને વિદ્યાર્થી શિક્ષકની પાસે જાય કે 'ગેટ આઉટ' કહે ને વિદ્યાર્થી વર્ગખંડની બહાર નીકળી જાય, કોઈ બે વ્યક્તિઓ એકબીજ સાથે ગાળા-ગાળી કરે કે મારા-મારી કરે તો એ બાહ્ય સ્વરૂપની અસરો છે. આંતરિક અને બાહ્ય સ્વરૂપની ક્રિયાઓ એકબીજા સાથે સંકળાયેલી હોય છે. કોઈ પણ ક્રિયાની પહેલા આંતરિક અરસ ઉદ્ભવે છે અને એના પરિણામ સ્વરૂપની પ્રતિક્રિયા બાહ્ય સ્વરૂપે વ્યક્ત થતી હોય છે.

એટલે કે ' **A** ' દ્વારા કરવામાં આવતી કોઈ સામાજિક ક્રિયા ' **B** ' ની ક્રિયા માટે ઉદ્દીપન પૂરું પડે છે, પરિણામ સ્વરૂપ ' **B** ' પ્રતિક્રિયા કરતો હોય છે અને ' **B** ' ની પ્રતિક્રિયાની અસર ' **A** ' ઉપર પડતી હોય છે. આવી પરસ્પરાવલંબી ઉદ્દીપક પ્રવૃત્તિઓ જે એક પ્રક્રિયાના સ્વરૂપે આંતરક્રિયામાં પરિણમે છે.




● **A** ની સામાજિક ક્રિયા ● **B** ની પ્રતિક્રિયા

● **B** ની પ્રતિક્રિયાના સંદર્ભમાં **A** ની પ્રતિક્રિયા

● **A** ની પ્રતિક્રિયાના સંદર્ભમાં **B** ની પ્રતિક્રિયા

આમ, સામાજિક આંતરક્રિયા બે પક્ષો વચ્ચે થતી પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રિયાની એક પ્રક્રિયા છે. જેમાં બંને પક્ષ એકબીજા માટે ઉદ્દીપકનું કાર્ય કરતા હોય છે એટલે સામાજિક આંતરક્રિયાને પારસ્પરિક અસર કરતી પરસ્પરાવલંબી પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો - ૧ :**

અ) સામાજિક આંતરક્રિયા અંગે કિંગસ્લે ડેવિસના વિચારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

બ) સામાજિક આંતરક્રિયાના લક્ષણો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

**ક) ખાલી જગ્યા પૂરો.**

૧) પરસ્પર થતી ક્રિયા-પ્રતિક્રિયાની પ્રક્રિયા એટલે __________.

૨) સામાજિક આંતરક્રિયા માટે માધ્યમના સંકેતો __________ હોવા જોઈએ.

૩) પાર્ક અને બર્ગેસના મતે ક્કક્ક________અને ________ આંતરક્રિયાની શરતો છે.

૪) સામાજિક આંતરક્રિયામાં________નું તત્વ ખૂબ મહત્વનું હોય છે.

૫) ટેલીવિઝન પર પ્રસારિત ધાર્મિક કથા________આંતરક્રિયાનું ઉદાહરણ છે.

## ૬.૪ સામાજિક આંતરક્રિયાના સ્વરૂપો (પ્રકારો) :

સમાજવિજ્ઞાનીઓએ સામાજિક આંતરક્રિયા અંગેના પોતાના આગવા દ્રષ્ટિકોણથી વિવિધ પ્રકારોની સમજુતી આપેલ છે. જેમાં સહકાર (cooperation), સ્પર્ધા (competition), સંઘર્ષ (conflict), વિનિમય (exchange), સમાયોજન (accommodation), આત્મસાતીકરણ (assimilation), જુલમ કે બળજબરી (coercion) વગેરે જેવા વિભિન્ન સ્વરુપોની છણાવટ થયેલી જોવા મળે છે. અહી, આપણે સામાજિક આંતરક્રિયાની પ્રાથમિક સમજુતી મેળવવાના હેતુથી **કિંગસ્લે ડેવિસે વર્ણવેલ મુખ્ય ત્રણ પ્રકારો** (સહકાર, સ્પર્ધા અને સંઘર્ષ) વિષે વિગતવાર ચર્ચા કરીશું.

### ૬.૪.૧. Cooperation – સહકારઃ-

'સહકાર' એ મૂળભૂત, સાર્વત્રિક અને સાતત્યતા ધરાવતી એક સામાજિક પ્રક્રિયા છે. માનવીની પોતાની અનેકવિધ જરૂરિયાતો પૈકી પોતે સ્વતંત્ર રીતે બધી જ જરૂરિયાતો સંતોષી શકતો નથી, તેના માટે તેને અન્યોની મદદ, આશ્રય કે સહાયની જરૂર પડે છે અને તે પરિસ્થિતિમાંથી સહકાર જન્મે છે. લોકોની એકબીજા પ્રત્યેની ભાવના કે માનવતાના ધોરણે પરસ્પર મદદ કરવી એ સહકારનો પર્યાય છે. કેટલાક વિદ્વાનોના 'સહકાર' અંગેના ખ્યાલાત્મક સ્પષ્ટીકરણ જોઈએ.

"સહકાર એક પ્રક્રિયા છે, જેમાં વ્યક્તિઓ કે જૂથો ઓછે-વત્તે અંશે સંગઠિત થઈ સામાન્ય હેતુઓની પરિપૂર્તિ માટે સામુહિક પ્રયત્નો કરે છે." - **ફેરચાઈલ્ડ**

"સહકાર એ સામાજિક આંતરક્રિયાનું એક સ્વરૂપ છે, જેમાં બે કે તેથી વધુ લોકો સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે સાથે મળીને કાર્ય કરતા હોય છે." - **મેરિલ્લ અને એલ્ડરેડ્જ**

"વ્યક્તિઓ કે જૂથોની જે આંતરક્રિયા ધ્યેયની સંયુક્ત પ્રાપ્તિ ઉપર રચાયેલી હોય તેને સહકાર કહેવાય." - **ક્યુબર**

"લોકો સમાન ધ્યેયોની પ્રાપ્તિ માટે સાથે મળીને કાર્ય કરતા હોય ત્યારે તેમના એવા વર્તનને સહકાર કહેવાય." - **ઓગ્બર્ન અને નિમ્કોફ**

"માનવી પોતાના વ્યક્તિગત કે સર્વસામાન્ય ધ્યેયપ્રાપ્તિના હેતુથી સાથે મળીને કે અન્યોની મદદ લઈને કાર્ય કરે છે તેને સહકાર કહેવાય." - **મેકાઈવર અને પેજ**

સહકાર માટે સહાનુભુતિ અને પરિચય આવશ્યક બાબત છે. કોઈ વ્યક્તિ અંગત કે સામુહિક હિતો સંતોષવા કોઈની મદદ લે કે બીજી વ્યક્તિને મદદ કરે છે, તે સહકાર છે. માનવી કોઈ જૂથના સભ્ય તરીકે જૂથના સર્વસામાન્ય હિતોની પરિપૂર્તિ મારે અન્યોની સાથે મળીને પ્રત્યક્ષ રીતે કોઈ કાર્ય કરે છે અથવા એ કાર્યમાં પરોક્ષ રીતે સહયોગ આપે તો તેને સહકાર કેહવાય. કિંગસ્લે ડેવિસ સહકારની સમજુતી આપતા જણાવે છે કે, સમાન ધ્યેયની પ્રાપ્તિ હેતુ સાથે મળીને કામ કરવું એને સહકાર કહેવાય.

### ★ સહકારના પ્રકારઃ-

સમાજમાં માનવીની સામાજિક આંતરક્રિયાનું ઉંડાણપૂર્વક વિશ્લેષણ કરીએ તો સહકારના પ્રત્યક્ષ, પરોક્ષ, પ્રાથમિક, દ્વિતિયક અને તૃતીયક જેવા વિવિધ સ્વરૂપ જોવા મળે છે. અહીં, આપણે મેકાઈવર અને પેજે દર્શાવેલ પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર વિષે વિગતે પરિચય મેળવીશું.

- **પ્રત્યક્ષ સહકારઃ** વ્યક્તિ કે જૂથના સભ્યો કોઈ ચોક્કસ ધ્યેયની પ્રાપ્તિ માટે એકબીજાના સાથે મળી સમાન કાર્ય કે પ્રવૃત્તિ કરતા હોય તેને પ્રત્યક્ષ સહકાર કહેવાય. આ પ્રક્રિયામાં તેમની વચ્ચે પ્રાથમિક સંબંધો અને શારીરિક-ભૌતિક નિકટતા હોય છે. દા.ત. રમત રમવી, પ્રાર્થના કરવી, મજૂરોનું સાથે મળીને કામ કરવું, ખેડૂતોએ અન્યો સાથે મળીને ખેતી કરવી વગેરે. પ્રત્યક્ષ સહકારના કેટલાક કિસ્સાઓમાં આપણને શ્રમવિભાજન પણ થયેલું જોવા મળે છે.

દા.ત. કોઈ એક કુટુંબમાં પતિ-પત્ની બંને નોકરી કરતા હોય એવા કિસ્સામાં પતિ પત્નીને રસોઈ કે ઘરકામમાં મદદ કરતો હોય તો એ પ્રત્યક્ષ સહકાર છે. બીજું ઉદાહરણ જોઈએ, કોઈ એક વિદ્યાર્થી પરિક્ષાની તૈયારી માટે એકલો વાંચન-અભ્યાસ કરી શકે એમ હોય તેમ છતાં તે અન્ય મિત્રોની સાથે ગ્રુપમાં મળીને તૈયારી કરતા હોય ત્યારે

રાત્રિવાંચન દરમ્યાન ચા-કોફી પીવા માટે તે સમૂહમાંથી કોઈ એક દૂધ લાવી આપે, કોઈ ચા-કોફી બનાવે, કોઈ વાસણ ધોઈ નાખે વગેરે રીતે એકબીજાને સહાયક બનતા હોય છે. આમ, તેમનો ધ્યેય પરિક્ષાની તૈયારી કરવાનો એક સમાન છે પણ એ દરમ્યાન અન્ય કામકાજ કે પ્રવૃતિઓમાં એકબીજાને મદદરૂપ થતા હોય છે, જેને આપણે પ્રત્યક્ષ સહકાર કહી શકીએ.

જયારે કોઈ એક વ્યક્તિની કે જૂથની ધ્યેયની પ્રાપ્તિ કે પરિપૂર્તિમાં અન્ય કોઈ વ્યક્તિ કે જૂથ સીધી રીતે (પ્રત્યક્ષ) રીતે મદદ કે સહાય કરે છે તો તે પ્રત્યક્ષ સહકાર છે. ધ્યેયપ્રાપ્તિ માટેનો પ્રત્યક્ષ અને સહકારી પ્રયાસ એટલે પ્રત્યક્ષ સહકાર એમ કહી શકીએ. સામાજિક પરિસ્થિતિ, સામાજિક ફરજો, સામાજિક મૂલ્યો અને લોકોની પરસ્પરની અપેક્ષાઓમાંથી પ્રત્યક્ષ સહકાર જન્મે છે. સમાજના પ્રાથમિક જૂથોમાં પ્રત્યક્ષ સહકારનું તત્વ મુખ્ય હોય છે. જેમ કે, કુટુંબ, મિત્રજુથ, ગ્રામીણ સમુદાયો, આદિવાસી સમૂહોમાં પ્રત્યક્ષ સહકાર વધુ જોવા મળે છે અને તેમાં તેનું વિશેષ મહત્વ પણ રહેલું છે.

● **પરોક્ષ સહકારઃ** પરોક્ષ સહકારમાં લોકો પોતાના સમાન હિતોની પૂર્તિ માટે વૈયક્તિક રીતે કાર્ય કરતા હોય છે એટલે કે લોકોના હિતો સમાન હોય પરંતુ એની પરિપૂર્તિ માટેની પ્રવૃતિઓ કે કાર્ય તેઓ વ્યક્તિગત ધોરણે કરતા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ એક ધ્યેયની પ્રાપ્તિ માટે જયારે એક વ્યક્તિ કે જૂથને અન્ય વ્યક્તિ કે જૂથ આડકતરી (પરોક્ષ) રીતે મદદકર્તા કે સહાયરૂપ બનતા હોય ત્યારે તેને પરોક્ષ સહકાર કહેવાય. સહકારનું આ પ્રકારનું સ્વરૂપ શ્રમવિભાજન અને વિશેષીકરણના સિધ્ધાંત પર રચાયેલું છે. ખાસ કરીને દૂરવર્તી જૂથો, શહેરી સમુદાયો, ઔપચરિક સંગઠનો વગેરેમાં પરોક્ષ સહકારનું સ્વરૂપ જોવા મળે છે, જ્યાં એક જ ધ્યેયની પ્રાપ્તિ માટે લોકો અલગ અલગ પ્રવૃતિઓ કરતા હોય છે.

દા.ત. અમુલ ડેરીમાં વિવિધ વિભાગો છે, તેમાં દરેક વિભાગમાં વિભિન્ન કાર્યોનું વિશેષપણે કાર્યવિભાજન થયેલું જોવા મળે છે અને દરેક વ્યક્તિ પોતાને સોંપેલ કાર્ય કરતી હોય છે. જેમકે દૂધ એકઠું કરવું, દૂધની વિવિધ પ્રોડક્ટ્સ તૈયાર કરવી, તેને અલગ તારવવી, તેનું પેકિંગ કરવું, તેને સ્ટોરમાં એકત્રિત કરવી, તેના વિતરણની વ્યવસ્થા કરવી વગેરે જેવા વિભિન્ન કાર્યોનું શ્રમવિભાજન અને વિશેષીકરણ થયેલું જોવા મળે છે, જે પરોક્ષ સહકારનું ઉત્તમ ઉદાહરણ છે. બીજું દ્રષ્ટાંત જોઈએ, એક યુનિવર્સીટી છે, જેનો ધ્યેય શિક્ષણના પ્રચાર-પ્રસારનો છે. યુનિવર્સીટીમાં સંચાલન અને વ્યવસ્થાના ભાગરૂપે અનેક વિભાગો રચવામાં આવે છે. વહીવટી વિભાગ, પરિક્ષા વિભાગ, સ્કોલરશીપ વિભાગ, એકાઉન્ટ વિભાગ, વિષયવાર ડીપાર્ટમેન્ટસ, ફરિયાદ નિવારણ કેન્દ્ર, લાઈબ્રેરી વિભાગ વગેરે જેવા વિવિધ વિભાગો હોય છે. તેના દરેક વિભાગ સાથે સંકળાયેલ વ્યક્તિઓ વ્યક્તિગત રીતે સોંપાયેલ કાર્યો કે પ્રવૃત્તિ કરતા હોય છે, જેમાં પરોક્ષ સહકાર રહેલો હોય છે.

સામાજિક આંતરક્રિયામાં સહકારની પ્રક્રિયા વ્યાપક અને જટિલ છે. અમુક સંજોગોમાં વ્યક્તિ પોતાના સ્વાર્થ કે સુરક્ષા માટે પણ સહકાર સાધતો હોય છે. માનવીનું પરસ્પરાવલંબન સહકારને અનિવાર્ય બનવે છે એમ કહીએ તો એમાં કશું ખોટું નથી. જુથજીવન કે સમૂહજીવન સહકારની પ્રક્રિયાના કારણે જ શક્ય બને છે. સામાજીકરણ દ્વારા દરેક વ્યક્તિમાં સહકારની ભાવનાનું બાલ્યાવસ્થાથી જ નિરૂપણ થતું હોય છે. પ્રાથમિક જૂથોમાં પ્રત્યક્ષ સહકાર કેન્દ્રમાં હોય છે, જે વ્યક્તિની સામાજિક-માનસિક જરૂરિયાતોનો સંતોષ અને હૂંફ પૂરી પાડે છે. જયારે પરોક્ષ સહકાર દૂરવર્તી જૂથ, ઔપચારિક સંગઠનો, શહેરી સમુદાયો અને આધુનિક-ઔદ્યોગિક સમાજની લાક્ષણિકતા

બની ગયું છે. તેના પરિણામે અમુક સંજોગોમાં માનવી સામાજિક એકલતા અનુભવતો હોય છે, ક્યારેક મનોરોગનો ભોગ બનતો હોય છે તો કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિને સામાજિક વિચલન તરફ પણ દોરી જતો હોય છે. આમ, સહકારની પ્રક્રિયા સાર્વત્રિક, જટિલ, અને વ્યાપક છે, જે વિવિધ સ્વરૂપે વ્યક્ત થતી હોય છે. જેમાં સામાજિક, સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક જેવા અનેકવિધ પરિબળો ભાગ ભજવતા હોય છે.

## ૬.૪.૨. Competition – **સ્પર્ધાઃ-**

સ્પર્ધા એ સામાજિક આંતરક્રિયાનું સાર્વત્રિક, વ્યક્તિ નિરપેક્ષ અને પ્રાથમિક સ્વરૂપ છે. એ અર્થમાં પ્રાથમિક છે કે તે આંતરક્રિયાના અન્ય તમામ સ્વરૂપો માટે મૂળભૂત છે. સામાન્ય રીતે પ્રત્યેક માનવી અજાણપણે જ અસંખ્ય સ્પર્ધાત્મક સંબંધોના તાણાવાણામાં સામેલ હોય છે. ક્યારેય માનવી પોતાની બધી જ ઈચ્છાઓ સંતોષી સકતો નથી, તેને સંતોષવા માટે સતત પ્રયત્ન કરતો હોય છે જે સ્પર્ધાનો તાત્વિક આધાર છે. સ્પર્ધા એ અવિરત ચાલતી રહેતી એક ગત્યાત્મક આંતરક્રિયા છે. સ્પર્ધા એક એવી પ્રક્રિયા છે કે જેમાં બે અથવા તેથી વધુ પક્ષો એક જ ધ્યેય ધરાવતા હોય અને પ્રત્યેક પક્ષ અન્ય પક્ષોની પહેલા તેને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ હોય છે. એટલે કે તમામ પક્ષો અન્યો કરતા પહેલા ધ્યેય પ્રાપ્ત કરવા, એકબીજા પક્ષોને ધ્યેયપૂર્તિમાંથી બાકાત રાખવાનો પ્રયત્ન કરતા હોય તેવી આંતરક્રિયાને ‘સ્પર્ધા’ કહેવામાં આવે છે. કેટલાક સમાજવિજ્ઞાનીઓએ આપેલી વ્યાખ્યાઓ જોઈએ.

“સ્પર્ધા એ પુરસ્કાર કે બદલાનો અધિકાર પ્રાપ્ત કરવાનો સંઘર્ષ છે, કે જેના મર્યાદિત ધ્યેય કે ચીજવસ્તુ તરીકે દરજ્જો, સત્તા, પુરવઠો, સંપતિ, સેવાઓ, પ્રેમ જેવું કંઈપણ હોઈ શકે છે.” **– હોર્ટન અને હન્ટ**

“સ્પર્ધા એ બે કે તેથી વધુ વ્યક્તિઓ અથવા જૂથો દ્વારા એક જ ધ્યેયની પ્રાપ્તિના પ્રયાસો છે, જ્યાં ધ્યેયની સંખ્યા મર્યાદિત હોય છે.” **– બિયાન્ઝ**

“સ્પર્ધા એ સામાજિક સંસર્ગ કે પરિચય વિનાની આંતરક્રિયા છે.” **– પાર્ક અને બર્ગેસ્સ**

સરળ શબ્દોમાં વ્યાખ્યા કરીએ તો, “માનવીની અન્યોથી(others) પહેલા પુરસ્કાર કે બદલા (reward) પર એકાધિકાર (monopolise) મેળવવાની કે પ્રાપ્ત કરવાની પ્રક્રિયા એટલે સ્પર્ધા.”

આમ, સ્પર્ધા કેટલીક ચીજવસ્તુ કે ધ્યેયની મર્યાદિત સંખ્યાના લીધે ઉદ્ભવે છે. ડેવિડ સ્પર્ધા વિષેનું મંતવ્ય જણાવતા નોંધે છે કે, “સ્પર્ધા એ સંઘર્ષથી વિરુદ્ધ ઘટના છે, તેમછતાં તે સંઘર્ષનું સુધારેલું સ્વરૂપ છે.” કોઈપણ સ્પર્ધા નિયમોથી સંચાલિત હોય છે, જે ધ્યેય પ્રાપ્તિ માટેના સાધનો નક્કી કરે છે. આ નિયમો કે ધોરણોની મર્યાદામાં રહીને ધ્યેય પ્રાપ્ત કરવાનો હોય છે. પરંતુ જ્યારે હરીફો દ્વારા નિયમોનું ઉલ્લંઘન થાય કે નક્કી કરેલા ધોરણો-મર્યાદાઓ ઓળંગી જાય ત્યારે તે આંતરક્રિયા સ્પર્ધા ન રહેતા સંઘર્ષમાં પરિણમતી હોય છે. તેથી દરેક પક્ષે ધ્યેયપ્રાપ્તીના નિયમો-ધોરણો અને માન્ય સાધનોનો જ ઉપયોગ કરે એ અત્યંત આવશ્યક બાબત છે. જે સંદર્ભે કહી શકાય કે, હરીફ પક્ષો વચ્ચેના પારસ્પરિક સહકાર વગર સ્પર્ધા શક્ય બનતી નથી.

### ★ સ્પર્ધાની લાક્ષણીક્તાઓઃ

સામાજિક આંતરક્રિયાના એક સ્વરૂપ તરીકે સ્પર્ધાની કેટલીક આગવી લાક્ષણીકતાઓને નીચે મુજબ વર્ણવી શકાય.

- સ્પર્ધા સાર્વત્રિક પ્રક્રિયા છે.

- સ્પર્ધા ગતિશીલ પ્રક્રિયા છે.
- સ્પર્ધા સંસ્કૃતિ પરિભાષિત ઘટના છે.
- સ્પર્ધા અનભિજ્ઞ કે અસભાન પણ હોઈ શકે છે.
- સ્પર્ધા વૈયક્તિક કે અવૈયાક્તિક હોઈ શકે છે.
- સ્પર્ધા રચનાત્મક કે ખંડનાત્મક હોઈ છે.
- મર્યાદિતપણું એ સ્પર્ધાની એક શરત છે.
- સ્પર્ધા હંમેશા ધોરણો (નિયમો) દ્વારા સંચાલિત હોય છે.

આમ, સ્પર્ધા એક પ્રક્રિયા છે, જે ઉપર દર્શાવેલ ખાસિયતો ધરાવે હોય છે. હવે, આપણે સામાજિક આંતરક્રિયાના એક પ્રકાર તરીકે ‘સ્પર્ધા’ના પ્રકારો વિષે જાણકારી મેળવીશું.

### ★ સ્પર્ધાના પ્રકારોઃ

સ્પર્ધાના વિવિધ પ્રકારો અંગે વિદ્વાનોમાં વિપુલ પ્રમાણમાં ચર્ચા થતી રહેતી હોય છે. બર્નાર્ડ સામાજિક સ્પર્ધા, આર્થિક સ્પર્ધા અને રાજકીય સ્પર્ધા એમ ત્રણ વિસ્તારિત પ્રકારો વર્ણવે છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ સાંસ્કૃતિક સ્પર્ધા વિષે પણ ચર્ચા કરતા હોય છે. આપણે અહીં પ્રત્યક્ષ સ્પર્ધા અને પરોક્ષ સ્પર્ધા એમ બે પ્રાથમિક પ્રકારોનો પરિચય મેળવીશું.

#### ● પ્રત્યક્ષ સ્પર્ધાઃ

જ્યાં સ્પર્ધકો વચ્ચે ભૌતિક કે શારીરિક નિકટતા હોય અને પ્રાથમિક સંપર્ક ધરાવતા હોય, તેઓમાં એકબીજા સાથેની સ્પર્ધા અંગે સભાનતા હોય તેમજ ચોક્કસ નિયમો-મર્યાદાઓને આધીન રહીને માન્ય સાધનો દ્વારા એકબીજાની પહેલા ધ્યેય પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે એને પ્રત્યક્ષ સ્પર્ધા કહેવાય. દા.ત. શાળા કે કોલેજમાં પ્રથમ ક્રમાંક માટે વિદ્યાર્થીઓમાં સ્પર્ધા હોય એ પ્રત્યક્ષ સ્પર્ધાનું ઉદાહરણ છે. તેવી રીતે સ્પોર્ટ્સમાં ક્રિકેટ વર્લ્ડકપ, ઓલમ્પીકની સ્પર્ધાઓ, ફૂટબોલ, હોકી, ટેનિસની વિવિધ પ્રતિયોગીતા, કારની રેસ (ફોર્મ્યુલા વન), ઘોડાની રેસ વગેરેને પ્રત્યક્ષ સ્વરૂપની સ્પર્ધા કહેવાય. આમ, પ્રત્યક્ષ સ્પર્ધામાં સ્પર્ધકો વચ્ચે પરસ્પરની નિકટતા અને પરિચય હોય છે તેમજ તેમની વચ્ચે એકબીજાના સ્પર્ધક તરીકેની સભાનતા પણ જોવા મળે છે.

#### ● પરોક્ષ સ્પર્ધાઃ

જ્યાં સ્પર્ધકો વચ્ચે ભૌતિક કે શારીરિક નિકટતા ન હોય અને પરસ્પરનો સામાન્ય પરિચય ન હોય તેમજ એકબીજાનો પ્રાથમિક સંપર્ક પણ ન હોય અને સ્પર્ધક તરીકે અન્યોની હાજરી અંગે સભાનતા ન હોવા છતાંય તેઓ એકબીજા પહેલા ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા હોય તેને પરોક્ષ સ્પર્ધા કહેવાય. દા.ત. વિદ્યાર્થીના ધોરણ ૧૦ કે ૧૨માં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવવાના પ્રયત્નો પરોક્ષ સ્પર્ધાનું ઉદાહરણ છે. કોઈ વ્યક્તિ કે જૂથના અન્યો કરતા વધુ સત્તા, અધિકારો કે હક્કો મેળવવાના પ્રયાસો તેમજ અન્યો કરતા વધુ સામાજિક પ્રતિષ્ઠા કે સન્માન મેળવવાના પ્રયત્નો પરોક્ષ સ્પર્ધા છે. કોઈ એક જ્ઞાતિ અન્ય જ્ઞાતિઓ કરતા ઉચ્ચ દરજ્જો મેળવવાના પ્રયાસો પરોક્ષ સ્પર્ધા કહેવાય. બીજું ઉદાહરણ આર્થિક ક્ષેત્રનું જોઈએ, દરેક કંપની સામાન્યરીતે પોતાની પ્રોડક્ટસના વેચાણ વૃદ્ધિનું ધ્યેય પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરતી હોય છે. તેના

માટે વસ્તુની ગુણવત્તા સુધારે, કિંમતમાં ઘટાડો કરે, જાહેરાતમાં વધારો કરે, આકર્ષક ઇનામો રાખે, ડિસ્કાઉન્ટ આપે વગેરે જેવા પ્રયત્નોથી તેઓ ગ્રાહકોને આકર્ષવાના સઘળા પ્રયાસો કરતા હોય છે. અહીં કંપનીઓની પ્રત્યક્ષ હાજરી હોતી નથી. દરેક કંપની વેચાણવૃદ્ધિ દ્વારા અન્ય કંપનીઓ કરતા પહેલા ધ્યેય પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ હોય છે, જે પરોક્ષ સ્પર્ધા દર્શાવે છે.

સ્પર્ધની આંતરક્રિયા વ્યક્તિ કે જૂથના વિકાસ માટે ઉદ્દીપન પૂરું પડે છે. સ્પર્ધાત્મક પ્રોત્સાહનના લીધે વ્યક્તિ કે જૂથનો વિકાસ થાય છે, જે છેવટે સમાજના વિકાસમાં પરિણામે છે. વર્તમાન સમયમાં સ્પર્ધા ભાગ્યે જ શુદ્ધ કે તંદુરસ્ત સ્વરૂપે જોવા મળે છે. સ્પર્ધા માટે નક્કી થયેલા નિયમો કે ધોરણો ઉલ્લંઘી, માન્ય સાધનો સિવાયના સાધનો વડે એકબીજા પક્ષો દ્વારા હરીફની ધ્યેયપ્રાપ્તિમાં વિભિન્ન રીતે અડચણો કે અવરોધો ઉભા કરવામાં આવતા હોય છે. જયારે સ્પર્ધામાં આવા તત્વો પ્રવેશે છે ત્યારે તે આંતરક્રિયા સ્પર્ધા તરીકે રહેતી નથી, તે પરોક્ષ સંઘર્ષમાં પરિવર્તિત થતી હોય છે.

### ૬.૪.૩. Conflict – **સંઘર્ષઃ-**

માનવસમાજમાં સહકાર અને સ્પર્ધાની જેમ જ સંઘર્ષ પણ સાર્વત્રિક અને મહદઅંશે સતત ચાલતી પ્રક્રિયા છે. સામાજિક આંતરક્રિયામાં જયારે બે પક્ષમાંથી કોઈ એક પક્ષ વિરોધ કરે ત્યારે સામાજિક સંઘર્ષ પેદા થાય છે. કાર્લ માર્ક્સ નું જાણીતું વિધાન છે કે, 'માનવ સમાજનો ઈતિહાસ વર્ગ સંઘર્ષનો ઈતિહાસ છે.' વ્યક્તિ કે જૂથો સમાન હક્કો ધરાવતા હોય તેમછતાં તેમના વૈયક્તિક ધ્યેયો પણ હોય, જયારે તેમના ધ્યેયો એકબીજાની વિરુદ્ધના થાય છે ત્યારે સંઘર્ષ અસ્તિત્વમાં આવે છે. કેટલાક સમાજવિજ્ઞાનીઓએ આપેલ સંઘર્ષના ખ્યાલને સમજીએ.

"વ્યક્તિઓ કે જૂથોના પરસ્પર વિરુદ્ધના પ્રયત્નો કે પ્રવૃતિમય વર્તનને સંઘર્ષ કહેવાય." - **ઓગબર્ન અને નિમ્કોફ**

"સામાજિક સંઘર્ષ એક એવી પ્રક્રિયા છે, જેમાં વ્યક્તિઓ કે જૂથો પ્રત્યક્ષ હિંસા કે ધમકી દ્વારા તેમના વિરોધીઓનો અંત લાવે છે." - **ગિલ્લીન**

"સંઘર્ષ એ બીજા કે અન્ય લોકોની ઇચ્છાનો વિરોધ, પ્રતિકાર કે જુલમ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે." - **એ. ડબ્લ્યુ. ગ્રીન**

"જયારે લોકો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે પરસ્પર સ્પર્ધામાં ઉતારે અને એકબીજાનો વિરોધ કરતા હોય ત્યારે તેને સામાજિક સંઘર્ષ કહેવાય." - **મેકાઈવર અને પેજ**

★ **સંઘર્ષની લાક્ષણીક્તાઓઃ**

સામાજિક સંઘર્ષના ખ્યાલ અંગેના સ્પષ્ટીકરણ પરથી તારી આવતી લાક્ષણીકતાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

- સંઘર્ષ એ સાર્વત્રિક ઘટના છે.

- સંઘર્ષ એક સભાનપણે કરવામાં આવતી ક્રિયા છે.
- સંઘર્ષ વૈયક્તિક કે અવૈયાક્તિક હોઈ શકે છે.
- સંઘર્ષ સતત નહી, અસતત હોય છે.
- સંઘર્ષ સંસ્કૃતિ દ્વારા અભિસંધિત હોય છે.
- સંઘર્ષ સમાધાનશૈલી ધરાવતો હોય છે.
- વિફલતા અને અસલામતી સંઘર્ષના પ્રોત્સાહકો હોય છે.

આમ, સંઘર્ષની આંતરક્રિયા સાર્વત્રિક છે, કર્તાની સભાનતા ધરાવે છે. તેના સમાધાન તરીકે સમાયોજન(accommodation) અને આત્મસાતીકરણ(assimilation) એમ બે રીતો છે. હવે, સંઘર્ષના વિવિધ સ્વરૂપો અંગે માહિતીગાર થઈશું.

### ★ સંઘર્ષના પ્રકારઃ-

સંઘર્ષના પ્રકારો વિષે વિદ્વાનોએ પોતાના મંતવ્યો અનુસાર વિવિધ પ્રકારો દર્શાવ્યા છે. જ્યોર્જ સિમ્મેલ સંઘર્ષને ચાર પ્રકારમાં વહેંચે છે. ૧). યુદ્ધ, ૨). કથિત કે આંતરિક ઝઘડો, ૩). દાવો કે મુકદમો અને ૪). અવૈયક્તિક વિચાર સંઘર્ષ. બીજા વિદ્વાનોના મતે જોઈએ, વ્યક્તિગત અને જૂથ સંઘર્ષ, પ્રચ્છન અને પ્રગટ સંઘર્ષ, વર્ગ સંઘર્ષ, વંશીય સંઘર્ષ, જ્ઞાતિ સંઘર્ષ, આંતરરાષ્ટ્રીય સંઘર્ષ વગેરે જેવા સંઘર્ષના વિવિધ પ્રકારો જાણવા મળે છે. અહીં, આપણે પ્રાથમિક અભ્યાસમાં પ્રત્યક્ષ - પરોક્ષ , આંતરિક - બાહ્ય અને વ્યક્તિગત - જુથલક્ષી એમ ત્રણ સ્વરૂપો અંગે વિગતે માહિતગાર બનીશું.

### ● પ્રત્યક્ષ અને પરોક્ષ સંઘર્ષઃ

જયારે બે પક્ષોનું ધ્યેય સમાન હોય અને એકબીજાની ધ્યેયપ્રાપ્તિમાં બંને પક્ષે પરસ્પર સીધી રીતે કોઈ અવરોધો કે અડચણો પેદા કરવામાં આવે, એકબીજાનો નાશ કરવા શારીરિક બળનો ઉપયોગ કર્તા હોય ત્યારે તે સ્વરૂપના સંઘર્ષને 'પ્રત્યક્ષ સંઘર્ષ' કહેવાય. એટલે કે બંને પક્ષો એક જ ધ્યેયની પ્રાપ્તિ માટે એકબીજાની ધ્યેયપ્રાપ્તિમાં પડકારો ઉભા કરે, પરસ્પર આરોપો-પ્રત્યારોપો કરી ઉતારી પડવાના પ્રયાસો કરવામાં આવે, શારીરિક બળ — હિંસા અને ધમકી દ્વારા પરસ્પરને આડખીલીરૂપ બનવાના પ્રયત્નો થતા હોય એને પ્રત્યક્ષ પ્રકારનો સંઘર્ષ કહેવાય. દા.ત.- કોઈ બે વ્યક્તિઓ કે જૂથો મારામારી કરતા હોય, જ્ઞાતિ ઝઘડાઓ, વંશીય કે કોમી રમખાણો દરમ્યાન થતી હિંસા, ચૂંટણી સમયે રાજકીય પક્ષો દ્વારા એકબીજા પર જે કીચડ ઉછાળવામાં આવે છે તે પ્રત્યક્ષ સંઘર્ષ છે.

પરોક્ષ સંઘર્ષની પરિસ્થિતિ પ્રત્યક્ષ સંઘર્ષથી એકદમ વિપરીત હોય છે. તેમાં સીધા અવરોધો અને પ્રત્યક્ષ હિંસાની જગ્યા એ આડકતરી રીતે એકબીજાની ધ્યેય પ્રાપ્તિને અવરોધવાના પ્રયત્નો થતા હોય છે. દા.ત.- પડોશીઓ અંગે કાનાફૂસી કરવી, બીજા સગાઓને ચડામણી કરવી, લોકોને ગેરમાર્ગે દોરવા, ખોટી સલાહ કે માર્ગદર્શન આપવું વગેરે.

### ● આંતરિક અને બાહ્ય સંઘર્ષઃ

જયારે કોઈ જૂથ કે સમૂહના સભ્યો વચ્ચે સીધા કે આડકતરા પરસ્પર વિરોધના લીધે તેમની વચ્ચે સંઘર્ષ પેદા થાય ત્યારે તે આંતરિક સંઘર્ષ છે એમ કહેવાય. એટલે કે જૂથના સભ્યોમાં આંતિરક વૈમનસ્ય કે મતભેદોના કારણે તેઓ એકબીજાનો પ્રત્યક્ષ કે

પરોક્ષ સ્વરૂપે વિરોધ કરતા હોય, સીધી કે આડકતરી રીતે હિંસા પર ઉતારી આવે તેને આંતરિક સંઘર્ષ કહેવાય. કેટલાક કિસ્સાઓમાં માનવીના પોતાના સામાજિક-સંસ્કૃતિક મુલ્યો અને ધોરણોના કારણે આંતરવૈયક્તિક (ંહટ્ટીર્જિહક્રક્ર) સંઘર્ષ પેદા થતો હોય છે, જેને આંતરિક સંઘર્ષ કહી શકાય. દા.ત.- રાજકીય પક્ષોમાં જોવા મળતા આંતરિક ડખાઓ, જ્ઞાતિ કે કોમના આંતરિક મતભેદો. આંતરિક સંઘર્ષના ઉત્તમ ઉદાહરણ તરીકે કૌટુંબિક ઝઘડાઓને ગણાવી શકાય, આંતરપેઢીય તફાવતો(પ્ન્નીહીર્ક્રિહ પ્નક્ર્ટ)ના કારણે ઉભા થતા માતા-પિતા અને સંતાનો વચ્ચેના પ્રશ્નો. બીજા ઉદાહરણ જોઈએ, રૂઢીચુસ્ત પરિવારના યુવક-યુવતીના પ્રેમસંબધ, આંતરજ્ઞાતીય કે આંતરધર્મીય લગ્નની ઈચ્છા, માતા-પિતાની ઈચ્છા મુજબ સંતાને અભ્યાસ કરવો કે કારકિર્દી પસંદ કરવી પડે એવા સંજોગોમાં વ્યક્તિ આંતરવૈયક્તિક સંઘર્ષ અનુભવતો હોય છે.

જયારે કોઈ એક જૂથ બીજા અન્ય જૂથ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંઘર્ષમાં આવે તેને બાહ્ય સંઘર્ષ કહેવાય. દા.ત.- કોઈ બે કોમ કે જ્ઞાતિ વચ્ચેના સંઘર્ષો, કોઈ એક જ ધર્મના બે સંપ્રદાયો વચ્ચેનો સંઘર્ષ બાહ્ય સંઘર્ષ છે. કુટુંબને એક જૂથ 'એકમ' તરીકે લક્ષ્યમાં રાખી કહીએ, આજુબાજુમાં રહેતા બે કુટુંબો (આડોશ-પડોશ)ના ઝઘડાઓ, અબોલા કે અસહકાર સ્વરૂપે જોવા મળતો સંઘર્ષ બાહ્ય સંઘર્ષ છે.

- **વ્યક્તિગત અને જુથલક્ષી સંઘર્ષઃ**

જયારે કોઈપણ બે વ્યક્તિઓ સંઘર્ષના બે પક્ષ તરીકે જોવા મળે, તેઓ એકબીજાના ધ્યેયને અવરોધે કે પરસ્પર વિરોધી ધ્યેય ધરાવતા હોય અને પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે સંઘર્ષમાં ઉતરે છે ત્યારે તેવા સંઘર્ષને વ્યક્તિગત સંઘર્ષ છે, જે આંશિક કે પૂર્ણ સ્વરૂપે હોઈ શકે છે. દા.ત.- બે સગા ભાઈઓ વચ્ચે મિલકત કે સંપતિનો ઝઘડો, બે મિત્રો વચ્ચે ફિલ્મ જોવા કે ફરવાના સ્થળ અંગેના મતભેદના કારણે ઉભો થતો સંઘર્ષ વ્યક્તિગત સંઘર્ષ છે. આમ, વ્યક્તિગત સંઘર્ષમાં બે વ્યક્તિઓના વિચારભેદ, પસંદ-નાપસંદ, અંગત ઈચ્છાઓ, અનુકુળતા, મહત્વકાંક્ષા વગેરે જેવા પરિબળો ભૂમિકા ભજવતા હોય છે.

જયારે કોઈ બે કે તેથી વધુ જૂથો પોતાના સમાન કે વિશિષ્ટ ધ્યેયો પ્રાપ્ત કરવા એકબીજા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંઘર્ષમાં આવે ત્યારે તેને જુથલક્ષી સંઘર્ષ કહેવાય. એટલે કે વિભિન્ન જૂથો સમાન ધ્યેય કે પોતાના આગવા ધ્યેયને પ્રાપ્ત કરવા માટે પરસ્પર અન્ય જૂથો સાથે સીધી રીતે કે આડકતરા સંઘર્ષમાં ઉતારે તો તે જૂથ સંઘર્ષ છે. આવો સંઘર્ષ આંશિક કે પૂર્ણ સ્વરુપનો હોઈ શકે છે. દા.ત.- લઘુમતી અને બહુમતી જૂથ વચ્ચેના સંઘર્ષ, કંપનીના માલિક અને કામદારો વચ્ચેનો સંઘર્ષ, જ્ઞાતિ આધારિત અનામતના સંઘર્ષો, વિવિધ ધાર્મિક જૂથો વચ્ચે થતા સંઘર્ષો વગેરે જેવા જુથલક્ષી સંઘર્ષો છે. વિકાસલક્ષી યોજનાઓને કારણે બે રાજ્યો વચ્ચે ઉભા થતા વિવાદો (સરદાર સરોવર પરિયોજના સંદર્ભે ગુજરાતના તેના પાડોશી રાજયો સાથેના પ્રશ્નો), તેમજ બે રાષ્ટ્રો વચ્ચેના સીમા અંગેના વિવાદો એ જૂથ સંઘર્ષના ઉત્તમ ઉદાહરણો છે.

સંઘર્ષ માટે મુખ્યત્વે પરસ્પરના વિરોધી હિતો કે ધ્યેયો કારણભૂત હોય છે. બે વ્યક્તિઓ કે જૂથો એકબીજા સાથે પોતાના આગવા હિતો સંતોષવાના પ્રયાસોના કારણે જ પરસ્પર સંઘર્ષમાં આવતા હોય છે. કેટલાક સંઘર્ષો સાંસ્કૃતિક અને વૈચારિક તફાવતોના લીધે પેદા થતા હોય છે. જેમકે, વારસાગત કૌટુંબિક ઝઘડાઓ, ભારતમાં હિંદુ-મુસ્લિમના પ્રશ્નો, ભારત-પાકિસ્તાનના વિવાદો વગેરે. આમ, સંઘર્ષના સ્વરૂપ, સ્ત્રોત અને તેની માત્રામાં વિભિન્નતા રહેલી જોવા મળે છે.

**★ તમારી પ્રગતિ ચકાસો – ૨ઃ**

અ) 'સહકાર' અને 'સંઘર્ષ' વચ્ચે તફાવત દર્શાવો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

બ) 'સ્પર્ધા'ની ઉદાહરણ સાથે સમજુતી આપો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

**ક) ખાલી જગ્યા પૂરો.**

૧) સહકાર માટે ________ અને ________ જરૂરી છે.

૨) સમાજના ________ માં પ્રત્યક્ષ સહકાર જોવા મળે છે.

૩) જ્યોર્જ સિમ્મેલ સંઘર્ષના ______ પ્રકાર દર્શાવે છે.

૪) _______ હંમેશા ધોરણો કે નિયમો દ્વારા સંચાલિત હોય છે.

૫) લોકોના પરસ્પર વિરુદ્ધના પ્રયત્નોને _______ કહેવાય.

## ૬.૫ સારાંશ

સામાજિક આંતરક્રિયા સમૂહજીવનનું નિર્ણાયક પરિબળ છે. માનવીના પરસ્પરના ક્રિયા-પ્રતિક્રિયારૂપી વર્તન આંતરક્રિયા છે, જે એક પ્રક્રિયા તરીકે જોવા મળે છે. સામાજિક આંતરક્રિયા સહકાર, સ્પર્ધા અને સંઘર્ષ એમ ત્રણ સ્વરૂપે થતી હોય છે. પરસ્પરનો સહકાર કે જે સમૂહજીવન શક્ય બનાવે છે, જૂથજીવનમાં લોકો વચ્ચે અમુક સંજોગોમાં સ્પર્ધા અને સંઘર્ષની આંતરક્રિયા પણ ઉદ્ભવતી હોય છે. માનવીના જીવનમાં તેની આંતરક્રિયા સહકારમાંથી સ્પર્ધા અને સ્પર્ધામાંથી સંઘર્ષ સ્વરૂપે વિકસી આવે છે, તો ક્યાંક કોઈ એક જ પરિસ્થિતિમાં ત્રણેય સ્વરૂપની આંતરક્રિયા પણ સંભવ છે. ચાર્લ્સ હોર્ટન કૂલે સહકાર અને સંઘર્ષની પ્રક્રિયા વિષે જણાવે છે કે, માનવજીવનમાં સહકાર અને સંઘર્ષ એક જ સામાજિક પ્રક્રિયાના બે પાસાં છે, તેવી ઘટનાને એકબીજાથી અલગ કરી શકાય નહિ. તેથી કહી શકીએ કે સામાજિક પ્રક્રિયામાં સહકાર અને સંઘર્ષના તત્વો વધુ ઓછે અંશે હાજર હોય છે. આમ, પ્રત્યેક સમાજમાં સહકાર, સ્પર્ધા અને સંઘર્ષની આંતરક્રિયા વિવિધ સ્વરૂપે જોવા મળે છે.

## ૬.૬ ચાવીરૂપ શબ્દોઃ (Key Wrods)

- **આંતરક્રિયાઃ** બે કે તેથી વધુ પક્ષો વચ્ચે અર્થપૂર્ણ માધ્યમ દ્વારા થતી ક્રિયા-

પ્રતિક્રિયાને આંતરક્રિયા કહેવાય.

- **સહકારઃ** સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે સાથે મળીને કરવામાં આવતી પ્રવૃત્તિને સહકાર કહેવાય.
- **સ્પર્ધાઃ** બે કે તેથી વધુ વ્યક્તિઓ અથવા જૂથો દ્વારા સમાન મર્યાદિત ધ્યેયની પ્રાપ્તિના પ્રયાસોને સ્પર્ધા કહેવાય.
- **સંઘર્ષઃ** ધ્યેયપ્રાપ્તિ માટેના વ્યક્તિઓ કે જૂથોના એકબીજા વિરુદ્ધના પ્રયત્નોને સંઘર્ષ કહેવાય.

## ૬.૭ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબઃ

★ **તમારી પ્રગતિ ચકાસો - ૧ :**

ક) ખાલી જગ્યા પૂરો.

૧) આંતરક્રિયા

૨) અર્થપૂર્ણ

૩) સંપર્ક અને પ્રત્યાયન

૪) અસર

૫) પરોક્ષ

★ **તમારી પ્રગતિ ચકાસો – ૨:**

ક) ખાલી જગ્યા પૂરો.

૧) સહાનુભુતિ અને પરિચય

૨) પ્રાથમિક જૂથો

૩) ચાર

૪) સ્પર્ધા

૫) સંઘર્ષ

## ૬.૮ સંદર્ભ સૂચિ

૧. જે.કે.દવે : સામાન્ય સમાજશાસ્ત્ર – અનડા પ્રકાશન, અમદાવાદ

૨. ભારત મેં સમાજશાસ્ત્ર – સંજીવ મહાજન – અર્જુન પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી – ૨૦૧૨.

૩. સમાજશાસ્ત્રનો પરિચય – અનિલ વાઘેલા- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- ૨૦૧૨

એકમ ૭

## સામાજિક રચનાનો અર્થ અને પાસા
## (Meaning and Aspects of Social Structure)

**રૂપરેખા**

૭.૦ ઉદ્દેશ્યો
૭.૧ પ્રસ્તાવના
૭.૨ સામાજિક રચના શબ્દનો ઉદ્ભવ-વિકાસ
૭.૩ સામાજિક રચનાનો અર્થ અને વ્યાખ્યાઓ
૭.૪ સામાજિક રચનાની ખાસિયતો
૭.૫ સામાજિક રચનાના મુખ્ય તત્ત્વો
૭.૬ સામાજિક રચનાના પ્રકારો
૭.૭ સામાજિક રચના વિષય પર સામાજિક વિચારકોનું પ્રદાન
૭.૮ રચના સાથે સંબંધિત કેટલીક અન્ય વિભાવનાઓ
૭.૯ સારાંશ
૭.૧૦ તમારી પ્રગતિ તપાસો
 ૭.૧૦.૧ મોટા પ્રશ્નો
 ૭.૧૦.૨ ટૂંકા પ્રશ્નો
 ૭.૧૦.૩ ખરાં અને ખોટાં વિધાનો જણાવો.
૭.૧૧ સંદર્ભ સૂચિ

### ૭.૦ ઉદ્દેશ્યો

આ એકમ વાંચ્યા પછી તમે નીચે પ્રમાણે કરી શકશો.

- સામાજિક રચનાના અર્થનું વર્ણન.
- સામાજિક રચનાની ખાસિયતોની સમજૂતી
- સામાજિક રચનાના મુખ્ય તત્ત્વોની તપાસ
- સામાજિક રચનાના પ્રકારોની તપાસ

### ૭.૧ પ્રસ્તાવના

આ એકમમાં તમે સામાજિક રચનાનો અર્થ અને તેના મુખ્ય તત્ત્વો વિશે જાણશો. અહીં અમે સામાજિક રચનાના પ્રકારોનો નિર્દેશ કર્યો છે. આ એકમમાં તમે સામાજિક રચનાના વિષય પર સામાજિક વિચારકોનું પ્રદાન પણ જાણશો. અંતે આ એકમમાં રચના સાથે સંબંધિત કેટલીક અન્ય વિભાવનાઓ વિશે જાણકારી મેળવશો.

## ૭.૨ સામાજિક રચના શબ્દનો ઉદ્‌ભવ-વિકાસ

સામાન્ય ભાષામાં રચના શબ્દનો ઉપયોગ બનાવટ અથવા ઢાંચાના સંદર્ભમાં કરવામાં આવે છે. એક રીતે તે નમૂનો (Pattern) હોય છે. જ્યારે કોઈ મકાન બનાવવામાં આવે છે ત્યારે તે મકાનનો ઢાંચો અથવા સ્વરૂપને એક પ્રકારની રચના કહેવામાં આવે છે.

૧૯મી સદીમાં આ ખ્યાલનો ઉપયોગ કોઈ એક સમગ્ર વ્યવસ્થાના ભાગો વચ્ચેના પારસ્પરિક સંબંધો તરીકે કરવામાં આવતો હતો. વાસ્તવિક રીતે રચનાનો ઉપયોગ શરીર રચના વિજ્ઞાનમાં વધુ થયો. ત્યાર બાદ રાજનીતિ શાસ્ત્રના દાર્શનિકોએ એનો ઉપયોગ કર્યો. તેમણે એનો ઉપયોગ જૈવિક સ્વરૂપે કર્યો.

આજકાલ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રમાં 'સામાજિક રચના'ના ખ્યાલનો વ્યાપક સ્વરૂપે ઉપયોગ થઈ રહ્યો છે. સામાજિક રચના (Social Structure)નો અર્થ સમાજનું માળખું થાય છે, જ્યારે સામાજિક કાર્ય (Social Function) સામાજિક વ્યવસ્થાનું કાર્યાત્મક પાસુ દર્શાવે છે. સમાજ ખંડિત વ્યવસ્થા છે, તેમાં એના અનેક ભાગો હોય છે. આ બધા ભાગો વ્યવસ્થિત સ્વરૂપે મળીને સામાજિક રચનાનું ગઠન કરે છે. આ ભાગોના વિવિધ કાર્યો હોય છે. એક બાજુ સામાજિક રચના સમાજનું બાહ્ય સ્વરૂપ દર્શાવે છે તો બીજી બાજુ સામાજિક રચના સમાજની આંતરિક પ્રક્રિયાઓનું સૂચન કરે છે.

સોશ્યલ સ્ટ્રક્ચર શબ્દ લેટિન ભાષાથી આવ્યો છે. સમાજશાસ્ત્રમાં સામાજિક રચનાના ખ્યાલનો ઉપયોગ સૌપ્રથમ હરબર્ટ સ્પેન્સરે ૧૮૮૫માં પોતાના પુસ્તક 'પ્રિન્સિપલ્સ ઓફ સોશિયોલોજી'માં કર્યો હતો. તેમનું કહેવું છે કે જે રીતે વ્યક્તિની એક રચના હોય છે અને એમાં હાથ, પગ, મોં, નાક, કાન તેના અંગો હોય છે તેવી જ રીતે સમાજની પણ એક રચના હોય છે.

સામાજિક રચનામાં કયા-કયા ભાગોનો સમાવેશ કરી શકાય તે વિશે વિદ્વાનોમાં વિવાદ છે, કારણ કે દરેક સમાજની પોતાની અલગ અલગ રચના હોય છે. આથી રેડક્લિફ બ્રાઉને કહ્યું છે કે, "સામાજિક રચના સ્થાનિયતાથી પ્રભાવિત છે."

રચનાનો વ્યાપક અને વિસ્તૃત રીતે ઉપયોગ **રેડક્લિફ બ્રાઉન** દ્વારા કરવામાં આવ્યો હતો. રેડક્લિફ બ્રાઉને ૧૯૧૦માં ઈમાઈલ દુર્ખાઈમના સમાજશાસ્ત્ર પર જે વ્યાખ્યાનો આપ્યાં તેના શિર્ષક 'સોશિયલ સ્ટ્રક્ચર' રાખ્યા. બ્રાઉને સામાજિક રચનાનો સૌથી નાનો ભાગ વ્યક્તિને ગણાવ્યો. આથી બ્રાઉન અને નાડેલ સામાજિક રચનાને મૂર્ત માને છે, પરંતુ મોટાભાગના સમાજશાસ્ત્રીઓ એને અમૂર્ત માને છે. સામાજિક રચનાના ખ્યાલનો હરબર્ટ સ્પેન્સર અને ઈમાઈલ દુર્ખાઈમે વ્યાપક સ્વરૂપે ઉપયોગ કરી તેને વ્યવસ્થા (System), સંગઠન (Organization), જટિલ રચના અને પ્રકારનો સમાનાર્થી (જીઅર્હહઅદ્વજ) બનાવી દીધો. નાડેલ, કાર્લ મૈનહીમ, મર્ટન, પારસન્સ, જોન્સન, ગિન્સબર્ગ, મૈકાઈવર અને લેવી સ્ટ્રાસે પણ સામાજિક રચનાનો વ્યાપક સ્વરૂપે ઉપયોગ કર્યો છે.

## ૭.૩ સામાજિક રચનાનો અર્થ અને વ્યાખ્યાઓ

સામાજિક રચનાના ખ્યાલનો ઉપયોગ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર બંનેમાં થાય છે. આ બંને વિજ્ઞાનોમાં તેનો જુદી જુદી રીતે ઉપયોગ થયો છે. અહીં આપણે શરૂઆતથી સામાજિક રચનાનો જે અર્થ સમાજશાસ્ત્રમાં લેવામાં આવ્યો, તેની ચર્ચા કરીશું અને ત્યારબાદ કેટલાક માનવશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યાઓ

વિશે ચર્ચા કરીશું.

મોરિસ જિન્સબર્ગ (Moris Ginsberg) એ 'રિજન એન્ડ અનરિજન ઈન સોસાયટી'માં સામાજિક રચનાની વ્યાખ્યા આપી છે. એના મતે, "સામાજિક રચનાનો અભ્યાસ સામાજિક સંગઠનના મુખ્ય સ્વરૂપો એટલે કે જૂથો, મંડળો અને સંસ્થાઓના પ્રકાર અને આ બધાના સંકુલ (Complex) કે જેના વડે સમાજનું ઘડતર થાય છે એની સાથે સંબંધિત છે. સામાજિક રચાનામાં એક સમગ્ર ક્ષેત્રના વિશ્લેષણનો સમાવેશ થશે."

એસ.એફ.નાડેલ (S. F. Nadel) એ 'થ્યોરી ઓફ સોશિયલ સ્ટ્રક્ચર'માં લખ્યું છે કે સામાજિક રચના વિવિધ અંગોની એક વ્યવસ્થાનું સૂચન કરે છે એ તુલનાત્મક સ્વરૂપે સ્થિર હોય છે, પરંતુ એનું ઘડતર કરતાં અંગો પોતે પરિવર્તનશીલ હોય છે.

જોકે નાડેલે પોતાના પુસ્તકમાં એક બીજા સ્થાને લખ્યું છે કે સમાજશાસ્ત્રના પુસ્તકોમાં સામાજિક રચનાની કોઈપણ ચોક્કસ વ્યાખ્યા જોવા નથી મળતી. વિવિધ સમાજશાસ્ત્રીય સાહિત્યમાં સામાજિક રચના શબ્દનો પ્રયોગ વ્યાપક અર્થમાં અને અસ્પષ્ટ રીતે કરવામાં આવે છે.

કાર્લ મૈનહીમ (Carl Mannheim) એ 'આઈડિયોલોજી એન્ડ યૂટોપીયા'માં સામાજિક રચનાની વ્યાખ્યા વિશે લખ્યું છે કે, "સામાજિક રચના આંતરક્રિયાત્મક સામાજિક શક્તિઓનું જાળ છે જેની દ્વારા નિરીક્ષણ અને ચિંતનની જુદી જુદી રીતો ઉદ્ભવે છે."

ટાલકોટ પારસન્સે પણ સામાજિક રચનાને સ્પષ્ટ કરતાં લખ્યું છે કે, "સામાજિક રચના પરસ્પર સંબંધિત સંસ્થાઓ, એજન્સિઓ અને સામાજિક પ્રતિમાનો (Social Patterns) અને સાથે સાથે જૂથમાં વ્યક્તિ દ્વારા ગ્રહણ કરવામાં આવતા દરજ્જા અને કાર્યોની વ્યવસ્થા છે."

આમ, પારસન્સ સામાજિક રચનાને એક ક્રમબદ્ધ વ્યવસ્થા સ્વરૂપે જુએ છે. સામાજિક રચનાના આ એકમો એકબીજા સાથે મળીને ક્રમબદ્ધ સ્વરૂપે સામાજિક રચનાનું ઘડતર કરે છે; નહીં કે એકબીજાથી અંતર રાખીને.

મૈકાઈવર અને પેજ (MacIver and Page) એ 'સોસાયટી'માં લખ્યું છે કે, "જૂથ ઘડતરની વિવિધ રીતો, સમગ્ર સ્વરૂપો સામાજિક રચનાના જટિલ ઢાંચાનું ઘડતર કરે છે. સામાજિક રચનાના વિશ્લેષણમાં સામાજિક પ્રાણીઓની વિવિધ પ્રકારની મનોવૃત્તિઓ અને રુચિઓના કાર્ય પ્રકટ થાય છે."

આમ, મૈકાઈવર અને પેજ જૂથો બનવાની વિભિન્ન રીતોના સમગ્ર સ્વરૂપને જ સામાજિક રચના કહે છે. તેમના મતે સામાજિક રચના એક અમૂર્ત (Abstract) ખ્યાલ છે. આ વિશે મૈકાઈવર અને પેજે પોતે એકબીજી જગ્યાએ ઉદાહરણ સાથે લખ્યું છે કે, "જો આપણે એક વિમાનમાંથી નીચે તરફ એક શહેર કે ગામ કે સામાજિક નિવાસ કે અન્ય બીજા ક્ષેત્રને જોઈએ તો આપણને મકાન, રસ્તા, પુલ અને માનવ પ્રવૃત્તિઓના બીજા પુરાવા જોવા મળશે. એટલે સુધી કે આપણે જાતે વ્યક્તિઓ ને પણ જોઈ શકીએ છીએ. આપણે સમાજના બાહ્ય પાંસાઓને જોઈ શકીએ છીએ, પરંતુ સમાજને જોઈ સકતા નથી."

હૈરી એમ. જોનસને પણ સામાજિક રચનાની વ્યાખ્યા આપતા લખ્યું છે કે, "કોઈ વસ્તુની રચના તેના અંગો (Parts)ના સ્થાયી આંતરસંબંધોથી ઘડાય છે. અંગ શબ્દથી પણ કેટલાક સ્થાયી અંશની માહિતી મળે છે. જોકે સામાજિક વ્યવસ્થા લોકોની આંતરસંબંધિત ક્રિયાઓ (Acts)થી બને છે. આ માટે જ તેની રચનાને આ ક્રિયાઓમાં

જોવા મળતી નિયમિતતા (Regularity) અને પુનરાવૃત્તિ (Recurrence)ના પ્રમાણમાં શોધવી જોઈએ.''

જોનસનની આ વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ થાય છે કે જોનસન પણ સામાજિક રચનાને અખંડિત નથી માનતા અને એ સ્વીકારે છે કે આનું ઘડતર એકથી વધુ એકમોના સંયોજનથી થાય છે અને આ એકમો વચ્ચે પરસ્પર સંબંધ જોવા મળે છે અને એ સંબંધ સ્થાયી પણ હોય છે. આમ, સામાજિક રચનાનું ઘડતર પણ લોકોની પરસ્પર સંબંધિત ક્રિયાઓ દ્વારા થાય છે. આ ક્રિયાઓ વારંવાર કરવામાં આવે છે અને એમાં એક નિયમિતતા પણ જોવા મળે છે.

કોજર અને રોજનબર્ગ (Coser and Roseonberg) એ 'સોશિયોલોજીકલ થ્યોરી'માં સામાજિક રચના વિશે લખ્યું છે કે, 'રચના એટલે સામાજિક એકમોની તુલનાત્મક સ્થિરતા અને માળખાગત સંબંધો.'

આમ, આ લેખકોના મતે પણ એ બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે સામાજિક રચનાનું ઘડતર સામાજિક એકમોની તુલનાત્મક પ્રકારની સ્થિરતાને આધારે થાય છે.

મજૂમદાર અને મદન (Majumdar and Madan) એ પણ આનાથી મળતી વ્યાખ્યા આપી છે કે, ''પુનરાવર્તિત સામાજિક સંબંધોના તુલનાત્મક સ્થાયી પાંસાઓથી સામાજિક રચનાનું ઘડતર થાય છે.''

આ સમાજશાસ્ત્રીઓ સિવાય કેટલાક માનવશાસ્ત્રીઓ (Anthropologists) એ પણ સામાજિક રચનાની વ્યાખ્યાઓ આપી છે.

ઈગ્ગન (Eggan) ના મતે, ''આંતર વ્યક્તિક સંબંધ સામાજિક રચનાના અંગો છે. વ્યક્તિઓ દ્વારા અધિકૃત દરજ્જા સ્થિતિઓ સ્વરૂપે એ સામાજિક રચનાનું ઘડતર કરે છે.''

ફોર્ટસ (Fortes)ના મતે, ''વ્યક્તિઓની વચ્ચે જોવા મળતો પારસ્પરિક સંબંધ જ સામાજિક રચનાના અંગો છે.'' એના મતે આ ખ્યાલનો ઉપયોગ ખાસ કરીને સગપણ સંબંધ, રાજકીય અને કાયદાકીય સંસ્થાઓના વિશ્લેષણમાં કરવામાં આવે છે.

રેમન્ડ ફર્થ (Raymond Firth) એ 'સોશિયલ ચેંજ ઈન ટિકોપિયા' નામના પુસ્તકમાં 'સામાજિક રચના'નો ઉપયોગ કર્યો છે. એને સામાજિક રચનાનો પ્રયોગ એવા પાયાના સામાજિક સંબંધો તરીકે કર્યો છે, જે સમાજના મૂળ સ્વરૂપને જાળવી રાખે છે અને સામાજિક સંગઠનની સીમા નક્કી કરે છે.

ઈવાન્સ પ્રિચાર્ડ (Evans Pritchard) એ ૧૯૪૯માં પ્રકાશિત 'દિ નુએર' (The Nuear) પુસ્તકમાં સામાજિક રચનાનો ઉપયોગ જૂથોની વચ્ચે જોવા મળતા સંબંધો માટે કર્યો છે.

ડી. ફોર્ડ અને એ. આર. રૈડક્લિફ બ્રાઉન (De Ford and R. Redcliffe Brown)ના મતે સામાજિક રચનાનો ભાગ કે અંગ વ્યક્તિ જ છે અને રચના એ પોતે, સંસ્થા દ્વારા પરિભાષિત અને નિયમિત રીતે સંબંધોથી જોડાયેલા વ્યક્તિઓની એક ક્રમબદ્ધતા છે.

ઉપરોક્ત વર્ણનથી સ્પષ્ટ છે કે સામાજિક રચનાના ખ્યાલ વિશે સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓના વિચારોમાં અંતર છે. તેમ છતાં લગભગ બધા જ વિદ્વાનો સામાજિક રચનાની કેટલીક મહત્ત્વની વિશેષતાઓ સાથે સહમત છે, તેથી સામાજિક રચનામાં નિમ્ન દર્શાવેલા તત્ત્વોનું હોવું આવશ્યક છે –

(૧) સામાજિક રચના અનેક અંગો (Parts) કે એકમો (Units)થી મળીને બને

છે.

(૨) સામાજિક રચનામાં આ અંગો કે એકમો પરસ્પર આંતરસંબંધિત હોય છે. આ અંગોના પારસ્પરિક સંબંધ અથવા ક્રમબદ્ધતાનું જ બીજું નામ સામાજિક રચના છે.

(૩) સામાજિક રચના એક રીતે શરીર રચના જેવી જ છે અને એનો ઉપયોગ પણ એ અર્થમાં જ કરવામાં આવે છે.

(૪) વ્યાપક અર્થમાં સામાજિક રચનાનો ઉપયોગ સામાજિક સંગઠન, સામાજિક વ્યવસ્થા કે સામાજિક સ્વરૂપના અર્થમાં થાય છે અને સામાજિક જૂથો, સંસ્થાઓ, મંડળો વગેરે એના એકમો છે.

## ૭.૪ સામાજિક રચનાની ખાસિયતો :

સામાજિક રચના વિશે આપણે જુદા જુદા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓની વ્યાખ્યાઓ જોઈએ. જો આ વ્યાખ્યાઓનો સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ કરીએ તો આપણને સામાજિક રચનાની કેટલીક મહત્વની ખાસિયતોનો ખ્યાલ મળી શકે છે. આ ખાસિયતો આપણને સામાજિક રચનાની વિભાવનાને વધુ સ્પષ્ટ રીતે સમજવામાં પણ મદદરૂપ થાશે.

### ૭.૪.૧ સામાજિક રચના બાહ્ય સ્વરૂપનો ખ્યાલ આપે છે.

સામાજિક રચનાનું ઘડતર જુદા જુદા ભાગો અને એકમોથી થાય છે. આ એકમો અને ભાગો જ્યારે એક આંતરસંબંધિત વ્યવસ્થા સ્વરૂપે ક્રમબદ્ધ રીતે જોડાય છે, ત્યારે એક ઢાંચો કે નમૂનો તૈયાર થાય છે, એવી જ રીતે કે જેવી રીતે પથ્થર, સિમેન્ટ, લોખંડ વગેરે દ્વારા એક મકાન બનાવવામાં આવે છે. મકાનના બાહ્ય સ્વરૂપની જેમ જ સામાજિક રચના પણ બાહ્ય સ્વરૂપનો ખ્યાલ આપે છે.

### ૭.૪.૨ એકથી વધુ ભાગો કે એકમો :

સામાજિક રચના પોતે અનેક ભાગો અને એકમોની એક વ્યવસ્થા છે. રચનાની સૌથી મહત્ત્વની ખાસિયત એ છે કે એનું ગઠન માત્ર કોઈ એક ભાગ કે એકમને આધારે થઈ શકતું નથી, પરંતુ એકથી વધુ અંગો કે એકમો જ્યારે સંયુક્ત સ્વરૂપે ભેગા થાય છે ત્યારે જ રચનાનું નિર્માણ શક્ય છે. સામાજિક રચનાના અંગો કે એકમો વિવિધ સામાજિક જૂથો, સંસ્થાઓ વગેરે છે.

### ૭.૪.૩ ચોક્કસ ક્રમબદ્ધતા:

વાસ્તવિક રીતે સામાજિક રચના એક વ્યવસ્થિત સ્વરૂપની ક્રમબદ્ધતા છે, જે જુદા-જુદા અંગો કે એકમોની વચ્ચે જોવા મળે છે. એટલે કે આપણે ધ્યાન રાખવું જોઈએ કે માત્ર અંગો કે એકમોના સંકલન માત્રથી કોઈ સામાજિક રચના ઘડાતી નથી, જ્યાર સુધી કે એના બધા અંગો વ્યવસ્થિત રીતે ક્રમબદ્ધ ન થાય. જે રીતે ઈંટ, સિમેન્ટ, લોખંડ, પથ્થરના ઢગલાથી કે સંકલનથી મકાન બની શકતું નથી, એવી જ રીતે એકમોની ક્રમબદ્ધતાના અભાવમાં સામાજિક રચના બની શકતી નથી.

### ૭.૪.૪ રીતિબદ્ધ આંતરસંબંધ:

રચના ભાગો કે એકમોના રીતિબદ્ધ આંતરસંબંધોથી જ ઘડાય છે. રચનામાં જુદા જુદા ભાગો કે એકમોનું માત્ર વ્યવસ્થિત રીતે ક્રમબદ્ધ હોવું જ પૂરતું નથી પરંતુ તેમની વચ્ચે આંતરસંબંધો હોવા પણ જરૂરી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, ઘડિયાળનું ગઠન કરતા બધા એકમો વચ્ચે પરસ્પર આંતરસંબંધ હોય તો જ ઘડિયાળની રચના બને છે.

### ૭.૪.૫ મોટાભાગે સ્થિર કે સ્થાયી ખ્યાલ :

સામાજિક રચના મોટાભાગે એક સ્થિર અને સ્થાયી ખ્યાલ છે. જોનસનના મતે સામાજિક રચનાનું ગઠન જે જૂથો અને પેટાજૂથો વડે થાય છે તે મોટાભાગે વધુ સ્થાયી હોય છે. જૂથો, મંડળો, કુટુંબ, મજૂર સંઘ વગેરે બધા મોટાભાગે સ્થાયી જૂથ છે. નાડેલના મતે સામાજિક રચના એ રીતે પણ સ્થિર અને સ્થાયી છે કે એમાં આપણે કોઈ વસ્તુના સમગ્ર ભાગોના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરીએ છીએ કે જેઓ સામાન્ય રીતે સ્થિર અને સ્થાયી હોય છે.

### ૭.૪.૬ રચનાનું સ્વરૂપ અમૂર્ત :

સામાજિક રચનાની એક બીજી ખાસિયત તેનું અમૂર્ત સ્વરૂપ છે. મૈકાઈવર અને પેજ અને ટાલકોટ પારસન્સ બંનેએ સામાજિક રચનાની આ ખાસિયત તરફ આપણું ધ્યાન દોર્યું છે. એમનું માનવું છે કે સામાજિક રચનાનું ગઠન કરતા એકમો કે ભાગ, સંસ્થાઓ, એજન્સીઓ વગેરે બધી અમૂર્ત છે. આ એકમોનું ભૌતિક વસ્તુઓની જેમ કોઈ મૂર્ત (concrete) સ્વરૂપ કે આકાર નથી.

### ૭.૪.૭ પેટા રચનાઓની હાજરી :

સામાજિક રચના એક ખંડિત વ્યવસ્થા છે. એનું ગઠન અસંખ્ય પેટા રચનાઓ (Sub-Structures) ના જોડાણથી થાય છે. સામાજિક રચનાઓની પેટારચનાઓમાં કુટુંબ, જ્ઞાતિ, વર્ગ, શિક્ષણ સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, આર્થિક સંસ્થાઓ વગેરે મુખ્ય છે, જેમની પોતાની એક રચના હોય છે. આવી રીતે આ અનેક પેટારચનાઓ ભેગી મળીને એક સામાજિક રચનાનું નિર્માણ કરે છે.

### ૭.૪.૮ સ્થાનિક વિશેષતાઓથી પ્રભાવિત :

પ્રત્યેક સમાજની પોતાની સામાજિક રચના હોય છે, જે ખાસ કરીને તે સમાજની સ્થાનિક વિશેષતાઓથી પ્રભાવિત હોય છે. દરેક સમાજની પોતાની ભૌગોલિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય વિશેષતાઓ હોય છે, આથી જ એક સમાજની સામાજિક રચના બીજા સમાજની સામાજિક રચનાથી ભિન્ન હોય છે. રેડક્લિફ બ્રાઉને લખ્યું છે કે સામાજિક રચનાની વિભાવનામાં સ્થાનિક વિશેષતાઓનું મહત્ત્વનું સ્થાન હોય છે.

### ૭.૪.૯ વિઘટનની સંભાવના :

સામાજિક રચનામાં ઘણીવાર વિઘટનના તત્ત્વો પણ જોવા મળે છે. રોબર્ટ મર્ટન અને ઈમાઈ દુર્ખીમે ધોરણહીનતા (Anomie) નો ઉલ્લેખ કર્યો છે અને જણાવ્યું છે કે ઘણીવખત સામાજિક રચના પોતે સમાજમાં અસંગતતા પેદા કરે છે. આમ, સામાજિક

રચનામાં વિઘટનના તત્ત્વોની સંભાવના નકારી શકાતી નથી.

### ૭.૪.૧૦ સામાજિક પ્રક્રિયાઓનું મહત્ત્વ :

સામાજિક રચનાના ઘડતરમાં સહકારાત્મક અને બિન-સહકારાત્મક એમ બંને પ્રકારની સામાજિક પ્રક્રિયાઓ જેવી કે – સહકાર, સંઘર્ષ, પ્રતિસ્પર્ધા, અનુકૂલન, આત્મીયીકરણ વગેરેની ભૂમિકા પણ મહત્વની હોય છે. આ સામાજિક પ્રક્રિયાઓને આધારે જ સામાજિક રચનાનું સ્વરૂપ નક્કી થાય છે.

## ૭.૫ સામાજિક રચનાના મુખ્ય તત્ત્વો :-

- પારસન્સે સામાજિક રચનાના ત્રણ તત્ત્વો જણાવ્યા છે.

  (૧) સગપણ વ્યવસ્થા, (૨) સત્તા, (૩) ધર્મ
- રેડક્લિફ બ્રાઉને સામાજિક રચનાના ત્રણ તત્ત્વો જણાવ્યા છે.

  (૧) સગપણ સંબંધો, (૨) આર્થિક સંગઠન, (૩) ધર્મ
- જોનસને સામાજિક રચનાના ચાર તત્ત્વો જણાવ્યા છે.

  (૧) વિવિધ પ્રકારના નાના સામાજિક જૂથો (૨) ભૂમિકા, (૩) ધોરણો

  (૪) સાંસ્કૃતિક મૂલ્યો.
- લાઈટ અને કેલરે સામાજિક રચનાના ચાર તત્ત્વો જણાવ્યા છે.

  (૧) દરજ્જો, (૨) ભૂમિકા, (૩) જૂથ, (૪) સંસ્થા

## ૭.૬ સામાજિક રચનાના પ્રકારો :

- રોબર્ટ મર્ટને સામાજિક રચનાના બે પ્રકાર જણાવ્યા છે.

  (૧) પ્રકટ રચના, (૨) અપ્રકટ રચના
- દુર્ખીમ અને રેડક્લિફ બ્રાઉને બે પ્રકાર જણાવ્યા છે.

  (૧) વાસ્તવિક રચના, (૨) સામાન્ય રચના
- પીટર બ્લાઉએ સામાજિક રચનાના બે પ્રકાર જણાવ્યા છે.

  (૧) ઔપચારિક રચના, (૨) અનૌપચારિક રચના
- કાર્લ માર્ક્સે સામાજિક રચનાના બે પ્રકાર જણાવ્યા છે.

  (૧) આધારભૂત રચના (Base Structure)

  (૨) સર્વોચ્ચ રચના (Super Structure)
- પારસન્સે સામાજિક મૂલ્યોને આધારે ચાર પ્રકારની સામાજિક રચના જણાવી છે.

  (૧) સાર્વત્રિક પ્રાપ્ત પ્રતિમાન, (૨) સાર્વત્રિક અર્પિત પ્રતિમાન,

  (૩) વિશિષ્ટ પ્રાપ્ત પ્રતિમાન, (૪) વિશિષ્ટ અર્પિત પ્રતિમાન.

## ૭.૭ સામાજિક રચના વિષય પર સામાજિક વિચારકોનું પ્રદાન :

- સામાજિક રચનાને વિશ્વના સંદર્ભમાં માર્ક્સેએ સમજાવી.

- ઈવાન્સ પ્રિચાર્ડ અને રેમન્ડ ફર્થે, રેડક્લિફ બ્રાઉનની 'સામાજિક રચના' બાબતે ટીકા કરી છે.
- બ્રાઉને સામાજિક રચનાના અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયા અને આફ્રિકી આદિવાસી સમાજોનો અભ્યાસ કર્યો.
- બ્રાઉન, મર્ટન, અલ્થ્યુઝરે રચનાના કાર્યાત્મક પાંસાનો અભ્યાસ કર્યો.
- સામાજિક રચનાને સિદ્ધાંત સ્વરૂપે બ્રાઉને રજુ કર્યું.
- નાડેલે સામાજિક રચનાની ભૂમિકા જણાવી.
- મર્ટનની સામાજિક રચનાને પ્રયોગવાદી કહેવામાં આવે છે.
- આર. કે. બ્રાઉન સામાજિક રચનાને નિરંતર પરિવર્તી માને છે.
- બ્રિટેન અને અમેરિકામાં સામાજિક રચનાને સંબંધો તરીકે પરિભાષિત કરવામાં આવી છે તો ફ્રાંસમાં ભાષાની રચના અને માનસિક ક્રિયાઓ સાથે સાંકળવામાં આવી.
- લેવી સ્ટ્રોસના મતે, ''રચનાનો અનુભવ સાથે કોઈ સંબંધ નથી.'' સ્ટ્રોસે રચના સંબંધિત એક મોડેલ આપ્યું છે :
- રચનાનું નિરીક્ષણ થઈ શકતું નથી અને ઈન્દ્રિયો દ્વારા અનુભવી પણ શકાતી નથી.
- ડેનિયલ બેલે વર્ગ રચનાના સંદર્ભમાં અક્ષીય સિદ્ધાંત આવ્યો છે અને જણાવ્યું કે જેનો યંત્ર વિજ્ઞાન અને વ્યવસાયમાં સર્વોચ્ચ સ્થાને હોય છે તેઓ કેન્દ્રમાં હોય છે.
- બ્રાઉને ભાર આપી રચના વિશે સમજાવ્યું છે.
- માર્ક્સે રચનાના સંઘર્ષ વિશે જણાવ્યું છે.
- મર્ટન રચના અને કાર્યને ભિન્ન માને છે.
- દુર્ખીમ અને ગિન્સબર્ગ રચના અને કાર્ય વચ્ચે ગાઢ સંબંધ માને છે.
- ભારતમાં અક્ષય દેસાઈ, આર.કે. મુખર્જી, કૈથલિન ગફ અને લુઈસ ડ્યુમોંટ રચનાવાદી તરીકે ઓળખાય છે.
- લુઈસ ડ્યુમોંટે 'જ્ઞાતિના સ્તરીકરણ'નો રચનાત્મક સિદ્ધાંત આપ્યો છે.
- રેડક્લિફ બ્રાઉન અને નાડેલના મતે રચનામાં સ્થિરતા અને નિરંતરતા બંને હોય છે.
- બ્રાઉન રચનામાં વ્યક્તિ અને વ્યક્તિઓ વચ્ચેના બધા જ સંબંધોનો સમાવેશ કરે છે.
- રેમન્ડ ફર્થ સામાજિક અને રચના અને સામાજિક સંગઠનમાં અંતર જણાવે છે જ્યારે ગિન્સબર્ગ બંનેને એક માને છે.
- નાડેલ રચનાને 'ભૂમિકાઓનું પોટલું કહે છે.' તેના મતે 'રચના એક બ્લેન્ક ચેક સમાન છે જેમાં કોઈપણ વ્યક્તિ જેટલી રકમ ઇચ્છે છે તેટલી ભરી દે છે. આજે રચનાનો ઉપયોગ ફેશનની જેમ થાય છે.' નાડેલે રચનાને એક સિદ્ધાંત બનાવવાની સાથે સાથે એને અભ્યાસની પદ્ધતિ પણ માને છે.
- ''કેટલીકવાર સામાજિક રચના પોતે સમાજમાં ધોરણ-હીનતા પેદા કરે છે'' – મર્ટન અને દુર્ખીમ.

## ૭.૮ રચના સાથે સંબંધિત કેટલીક અન્ય વિભાવનાઓ :

- રચના દરજ્જો અને સંગઠન ભૂમિકા — બ્રાઉન
- પુનર્જન્મિત રચનાવાદ — પીટર બ્લાઉ
- રચનાકરણ — ગિડિંગ્સ
- રચનાવાદ — લેવી સ્ટ્રોસ
- રચનાત્મક તંગદિલી સિદ્ધાંત — નીલ સ્મેલ્સર
- અનુકૂલ કાર્યનો ખ્યાલ - મેરિયન જે. લેવી
- સામાજિક સંતુલનનો ખ્યાલ - પૅરેટો

## ૭.૯ સારાંશ

આ એકમમાં અમે સામાજિક રચનાના સ્વરૂપ વિશે સમજાવ્યું છે. અહીં અમે સામાજિક રચનાનો અર્થ અને વ્યાખ્યાઓની ચર્ચા કરી છે અને સામાજિક રચનાની ખાસિયતોનું કેટલાંક ઉદાહરણો આપીને વર્ણન પણ કર્યું છે.

## ૭.૧૦ તમારી પ્રગતિ ચકાસવા માટેની પ્રશ્નોત્તરી

### ૭.૧૦.૧ મોટા પ્રશ્નો

૧. સામાજિક રચનાનો ઉદ્‌ભવ-વિકાસ જણાવો.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

૨. સામાજિક રચનાનો અર્થ અને વ્યાખ્યાઓ જણાવો.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

૩. સામાજિક રચનાની ખાસિયતો જણાવો.

...................................................................
...................................................................
...................................................................

.............................................................
.............................................................
.............................................................

### ૭.૧૦.૨ ટૂંકા પ્રશ્નો

૧. સામાજિક રચનાના મુખ્ય તત્ત્વો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................

૨. સામાજિક રચનાના પ્રકારો

.............................................................
.............................................................
.............................................................
.............................................................

૩. સામાજિક રચના વિષય પર સામાજિક વિચારકોનું પ્રદાન.

.............................................................
.............................................................
.............................................................
.............................................................

### ૭.૧૦.૩ ખરાં અને ખોટાં વિધાનો જણાવો.

૧. સોશિયલ સ્ટ્રક્ચર શબ્દ લેટિન ભાષાથી આવ્યો છે.

૨. સામાજિક રચનાના ખ્યાલનો સૌપ્રથમ ઉપયોગ હરબર્ટ સ્પેન્સરે કર્યો.

૩. પ્રિન્સિપલ્સ ઓફ સોશિયોલોજી પુસ્તક કાર્લ માર્ક્સનું છે.

૪. સોસાયટી એ મેકાઈવર અને પેજનું પુસ્તક છે.

૫. 'થ્યોરી ઓફ સોશિયલ સ્ટ્રક્ચર' પુસ્તક એસ. એફ. નોડલનું છે.

૬. રચનાકરણની વિભાવના લેવી સ્ટ્રોસે આપી છે.

જવાબ- (૧) ખરૂં (૨) ખરૂં (૩) ખોટું (૪) ખરૂં (૫) ખરૂં (૬) ખોટું

### ૭.૧૧ સંદર્ભસૂચિ :-

(૧) શર્મા, રામનાથ અને શર્મા રાજેન્દ્ર (૧૯૯૫), 'समाजशास्त्र के सिद्धांत' એટલાન્ટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.

(૨) શાહ, એ.જી. અને દવે, જે. કે. (૧૯૯૭), 'સમાજશાસ્ત્ર પરિચય', અનડા પ્રકાશન, અમદાવાદ.

એકમ ૮

# સામાજિક નિયંત્રણનો અર્થ અને મહત્વ

## રૂપરેખા


૮.૦ ઉદેશ્યો

૮.૧ પ્રસ્તાવના

૮.૨ સામાજિક નિયંત્રણનો આર્થ અને વ્યાખ્યા

૮.૩ સામાજિક નિયંત્રણનો હેતુ

૮.૪ સામાજિક નિયંત્રણની આવશ્યકતા અને મહત્વ

૮.૫ સારાંશ

૮.૬ ચાવી રૂપ શબ્દો

૮.૭ તમારી પ્રગતિ તપાસો

૮.૮ સંદર્ભ સૂચિ


## ૮.૦ ઉદેશ્યો

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ આટલું જાણશો

સામાજિક નિયંત્રણનો અર્થ અને વ્યાખ્યા

સામાજિક નિયંત્રણની જરૂરિયાત

સામજિક નિયંત્રણનું મહત્વ સમજી શકશો

## ૮.૧ પરિચય

પ્રારંભિક દિવસોમાં માણસો ગુફાઓમાં, જંગલો અને નદીકાંઠાના વિસ્તારોમાં વસવાટ કરતા હતા, જે વાતાવરણ અસલામત અને અવિશ્વાસનીય ગણી શકાય તેવું હતું આ સમયે લોકો નાના નાના જૂથોમાં રહેતા હોવાથી પ્રકૃતિના કેટલાક તત્વો સામે અવારનવાર સંઘર્ષમાં રહેતા. તત્કાલીન સમયે લોકો કુદરત અને પ્રકૃતિના તત્વો ઉપર પોતાનું આધિપત્ય સ્થાપવા માટે સંસ્થાઓની રચના કરવાનું વિચાર્યું અને સંગઠિત સમુદાય પોતાની સ્થિરતા માટે માનવ સિવાયના મહાકાય પશુઓથી સુરક્ષિત રહી શકે તે અનુસંધાને વ્યવસ્થા ગોઠવતો ગયો પરંતુ માનવી સ્વભાવે સ્વાર્થી અને સુખ અને શક્તિ માટે વિભિન્ન વિરોધાભાસ ધરાવે છે એટલે જો તેમને મુક્તપણે કાર્ય કરવા દેવામાં આવે તો સમાજમાં કોઈ કામ યોગ્ય રીતે થઈ શકે નહી અને સમાજમાં માનવીના અનિચ્છીત આચરણને રોકવા અને યોગ્ય કાર્યોને પ્રોત્સાહન આપવા માટે સમાજમાં નીચ્ચિત નિયમો અને તેના અમલીકરણ માટેની વ્યવસ્થા કરવામાં આવી જેથી માનવ સમુદાય સામાજિક વ્યવહારનું નિયમન થઇ શકે.

## ૮.૨ સામાજિક નિયંત્રણનો આર્થ અને વ્યાખ્યા

સામાજિક નિયંત્રણનો શબ્દનો ઉપયોગ જુદીજુદી રીતે થાય છે. વ્યક્તિઓને તેમના વર્તનને સમાજની આવશ્યકતા અનુરૂપ રાખવા માટે સમાજ દ્વારા નિશ્ચિત ધારાધોરણોનું ગઠન કરવામાં આવ્યુ હોય છે, સામાન્ય રીતે સમાજના બધા જ સભ્યોને આ નિયંત્રણો માન્ય હોય છે. આમ સામાજિક નિયંત્રણને એક વ્યાપક અર્થમાં જોઈએ તો સમાજના આદર્શ અને ઉદેશ્યો પ્રાપ્ત કરવા માટે તથા લક્ષ્યો સુધી પહોંચવા તથા સમાજને સુવ્યવસ્થિત રાખવા માટે સામાજિક નિયંત્રણ ને યોગ્ય રીતે લાગુ કરવા એટલે સામાજિક નિયંત્રણ કહી શકાય. જોકે કેટલાક વિચારકોએ સામાજિક નિયંત્રણની વિસ્તૃત વ્યાખ્યા કરવાનો પ્રયાસ કર્યો છે,

કિંબોલ યંગના મતે ‘સામાજિક નિયંત્રણ પ્રતીકાત્મક કે શારીરિક બળનો ઉપયોગ કરે છે. જે દ્વારા અપેક્ષિત વર્તણુક ની ક્રિયા ઓનો અમલ કરાય છે.’

ઓગબર્ન અને નીમ્કોફના મતે ‘સામાજિક નિયંત્રણ એવી પ્રક્રિયાઓ અને સાધનો છે. જેના દ્વારા સામાજિક ધોરણોનું ઉલ્લંઘન માર્યાદિત બનાવવામાં આવે છે.’

મેકાઈવર અને પેજના મતે ‘સમગ્ર સામાજિક વ્યવાસ્થાને સુગ્રથિત રાખતી અને તેનું સાતત્ય ચાલુ રાખવાની રીત એટલે સામાજિક નિયંત્રણ.’

જે. એસ. રોકના મતે ‘સામાજિક નિયંત્રણ અમુક પ્રક્રિયાઓ માટે સંયુક્ત રીતે વપરાતો શબ્દ છે જે દ્વારા આયોજિત અથવા અનાયોજિત રીતે વ્યક્તિઓને તેમના સમૂહના મુલ્યો સમજાવવામાં કે શીખવવામાં આવે છે અથવા તેની અનુરૂપતા માટે દબાણ કરે છે.’

હોર્ટન અને હન્ટના જણાવ્યા મુજબ ‘સામાજિક નિયંત્રણ એટલે કોઈ એક સમૂહ કે સમાજ પોતાના સભ્યોના વ્યવહાર પોતાની અપેક્ષા અનુસાર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્રક્રિયા કે માધ્યમોને કહે છે.’

આમ સામાજિક નિયંત્રણને કોઈપણ સામાજિક સાંસ્કૃતિક માધ્યમ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. વ્યવસ્થિત અને પ્રમાણમાં સુસંગત નિયંત્રણો વ્યક્તિઓ પર લાદવામાં આવે છે અને જેના માધ્યમથી વ્યક્તિને યોગ્ય વર્તન કરવા માટે પ્રોત્સાહન મળે છે સમાજની કામગીરીની સરળતા માટે આ પ્રકારનું સામાજિક નિયંત્રણ આવશ્યક છે.

## ૮.૩ સામાજિક નિયંત્રણના હેતુઓ

જે પ્રકારે નિયમ અને કાનૂનના અભાવમાં રાજ્ય વ્યવસ્થિત ચલાવી શકાતું નથી, બસ એમ જ નિયમ અને કાનૂન વિના કોઈ પણ સમાજ યોગ્ય રીતે ચલાવી શકાતો નથી. સામાજિક નિયંત્રણની પ્રક્રિયા દ્વારા જ સમાજ સંચાલિત થાય છે. નિયંત્રણના સંદર્ભમાં રાજ્યમાં અને સમાજમાં બહુ ઓછો ફરક છે. રાજ્યમાં લિખિત સ્વરૂપે નિયમો ચાલે છે જ્યારે સમાજમાં અલિખિત સ્વરૂપના નિયમો હોય છે, રાજ્યના નિયમો યોજનાબદ્ધ રીતે બનાવવામાં આવે છે જ્યારે સમાજના નિયમો આદર્શ અને સમય-સંજોગો અનુસાર નિર્માણ થતા હોય છે, અથવા તો ફેરફાર થતા રહેતા હોય છે. સામાજિક નિયંત્રણની પ્રક્રિયાના મુખ્ય ઉદેશ સમાજમાં અવ્યવસ્થા સામે વ્યવસ્થા સ્થાપવાના રહ્યા છે. ભવિષ્યમાં સમાજનું અસ્તિત્વ ટકી રહે તે માટે આ નિયમ આવશ્યક બની રહે છે. રાજ્યના નિયમો તોડવાથી જેમ દંડની જોગવાઈ છે, તેમ સમાજના નિયમો તોડવાથી પણ સમાજ તેમને સજા આપી શકે છે અને નિયમ પાલન માટે સમાજ દ્વારા બદલો પણ આપવામાં આવે છે. આપણે અહી સામાજિક નિયંત્રણના કેટલાક ઉદેશોને વિસ્તૃત

રીતે સમજવાનો પ્રયાસ કરીશું.

### ૮.૩.૧ સામાજિક સંસ્થાઓમાં એકતા અને એકરૂપતા લાવવા માટેનો હેતુ

સમાજમાં વિવિધ સંસ્થાઓ કાર્યાત્મક રીતે એકબીજા સાથે જોડાયેલી હોય છે, એક સંસ્થામાં આવતું પરિવર્તન અન્ય સંસ્થાઓને અસર કરતું હોય છે એ જ રીતે એક સંસ્થામાં થતું ભંગાણ અન્ય સંસ્થાઓને પણ ભંગાણના આરે મૂકી દે છે. પરિણામે સામાજિક સંસ્થાના ટકાવ માટે સમાજ દ્વારા નિયમો ઘડવામાં આવેલા હોય છે. જેના પરિણામે એક સંસ્થાના અન્ય સંસ્થાઓ સાથે સંબંધ ટકી રહે તેવા પ્રયાસ થાય છે. જેમ કે લગ્ન અને કુટુંબ બંને પરસ્પરને પૂરક છે, લગ્નસંસ્થામાં ભંગાણ કુટુંબ સંસ્થામાં પણ વિઘટન સૂચવે છે. એટલે લગ્ન અને કુટુંબ બંને માટેના નિશ્ચિત ધારાધોરણો હોય છે, પછી તે ગમે તે સ્વરૂપે હોય કાયદાના સ્વરૂપે, રીતરિવાજના સ્વરૂપે કે પછી પણ પરંપરાના સ્વરૂપે પણ હોઈ શકે છે. આમ સંસ્થાના ઐક્ય માટે  સામાજિક નિયંત્રણ આવશ્યક છે.

### ૮.૩.૨ સામાજિક સંબંધોમાં સ્થિરતા સ્થાપિત કરવા માટે

સમાજમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધોના તાણાવાણા ખૂબ જ મહત્વ ધરાવે છે અને આ સંબંધોના તાણાવાણાથી સમાજ વ્યવસ્થા ટકી રહે છે. સામાજિક સંબંધોને લાંબા ગાળા સુધી ટકાવી રાખવા માટે કેટલાક નિયમો હોવા જરૂરી છે, એ નિયમોના આધારે સામાજિક સંબંધોમાં લાંબા સમય સુધી અવિશ્વાસ પેદા થતો નથી અને લોકોને સંબંધોમાં વિશ્વાસ રાખતા કરી શકાય છે. લગ્ન જેવા સંબંધમાં અનૈતિક સંબંધો પરના સામાજિક નિયંત્રણના કારણે પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં સ્થિરતા આવે છે. આ ઉપરાંત જાતિગત સંબંધો, કૌટુંબિક સંબંધો અને સગપણ સંબંધો ટકી રહે છે. આમ સંબંધોના સ્થાયિત્વ માટે સામાજિક નિયંત્રણ મહત્વની ભૂમિકા ભજવે છે.

### ૮.૩.૩ વ્યક્તિ અને જૂથોના વર્તનને એક બનાવવા માટે

માનવી સ્વભાવગત સ્વાર્થી હોવાથી ઇચ્છિત વર્તન કરવા તરફ વિશેષ આગ્રહી હોય છે, પરંતુ પ્રત્યેક વ્યક્તિએ સ્થળ અને દરજ્જાના અનુસંધાને વર્તનની કેટલીક રીતોને અનુસરવાનું હોય છે. કેટલાક જૂથો સામાજિક નિયમોને અળગા કરી મૂકે છે પરિણામે તે સમાજ વ્યવસ્થાનો દ્રોહ કરે છે. આવા સંજોગોમાં જૂથનું અસ્તિત્વ જોખમાય છે. એટલે વ્યકિતએ અને જૂથોએ અનુસરવાના નિયમો સમાજ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યા હોય છે, જેનું વ્યક્તિ અને જૂથ બંને એ અનુસરવું ફરજીયાત હોય છે. તોજ જૂથનું અને વ્યક્તિના વર્તનમાં સામ્ય આવે એજ અસ્તિત્વના ટકાવ માટે આવશ્યક છે. આ માટે પણ સામાજિક નિયંત્રણનીઆવશ્યકતા રહેલી હોય છે.

### ૮.૩.૪ સામાજિક તણાવ અને તકરાર પર નિયંત્રણ રાખવા માટે

વર્તમાન સમયે વૈયક્તિક વિકાસ માટે પ્રત્યેક વ્યક્તિની દોટ રહેલી છે, અહી સામાજિક ધોરણોનાં ભંગ કરીને પણ વ્યક્તિ પોતાનો વિકાસ સાધવા પ્રયાસ કરે છે. વૈયક્તિક વિકાસ માટે વ્યક્તિને યોગ્ય અવસર ન મળે તો તે માનસિક તણાવનો ભોગ બને છે, અથવા તો સમાજથી વિમુખ થાય છે કે પોતાની જાત થી વિમુખ થાય છે, જે કેટલાક ધોરણભંગ વર્તન કરવા પ્રેરાય છે. આ ઉપરાંત સમાજના અન્ય વ્યક્તિઓ સાથે

સંઘર્ષમાં ઉતરે છે, જે સમાજના સ્થાયિત્વ માટે નુકસાનકારક છે. એટલે ઔપચારિક કે અનૌપચારિક સામાજિક નિયંત્રણના માધ્યમથી વ્યક્તિને આ સંઘર્ષની સ્થિતિમાંથી મુક્ત રાખે છે અને સમાજમાં તકરારની પરિસ્થિતિ ઉભી થવા દેતું નથી. આમ સામાજિક વ્યવસ્થા અને સુલેહ માટે સામાજિક નિયંત્રણ આવશ્યક બની રહે છે.

### ૮.૩.૫ વ્યક્તિઓ, જૂથો અને સંસ્થાઓના ધ્યેયોને સમજવા માટે

સંસ્થાઓને પોતાના નિશ્ચિત ધ્યેય હોય છે જે વ્યક્તિ અને જૂથના ધ્યેય સાથે બંધબેસતા તેમજ અનુકૂળ થાય તે માટે કેટલા ધારા-ધોરણો હોય છે. આ ધારા-ધોરણોને અનુસંધાને જવ્યકિત અને સંસ્થાઓ કેટલાક હિતો સંતોષી શકે છે. સામાજિક વ્યવસ્થા તંત્રમાં રિવાજ, રૂઢિઓ, પરંપરા, ફેશન વગેરે જેવી બાબતો ક્યાંકને ક્યાંક નિશ્ચિત ધ્યેયોને સમજવામાં ઉપયોગી થાય છે અથવાતો તેને પ્રાપ્ત કરવામાં ઉપકારક નીવડે છે. અને આ પણ સામાજિક નિયંત્રણના વાહકો જ છે. એટલે કે સામાજિક નિયંત્રણની ધ્યેયોની સમજણ માટે પણ આવશ્યકતા છે.

### ૮.૩.૬ નબળા લોકોના હિતોના રક્ષણ માટે

સમાજમાં વિભિન્ન વર્ગના લોકો સહ અસ્તિત્વ ધરાવે છે, વિકાસશીલ રાષ્ટ્રો માટે સાધનોની ઉપલબ્ધિ ના અભાવે હંમેશા સમાજનો બહુધા વર્ગ ઊણપનો ભોગ બને છે, અને સમૃદ્ધ વર્ગ વિશેષાધિકાર ભોગવતો હોય છે. આવી અવ્યવસ્થા ન સર્જાય તે માટે કાનૂન, ધર્મ વગેરે જેવા સામાજિક નિયંત્રણના સાધનો બાજ નજર રાખે છે. જેથી યોગ્ય વ્યક્તિને યોગ્ય તક મળી શકે, તેમના હિતોનું રક્ષણ થઈ શકે અને આ સ્થિતિમાં નબળા વર્ગના લોકોનું હીત સાચવી શકાય છે. જો સમાજમાં નિયંત્રણની કોઈ વ્યવસ્થા જ ન હોય તો નબળો વધારે નબળો બનતો જાય અને અસમાનતાની ખાય વધારે ઊંડી બનતી જાય. એટલે સમાનતા અને હિતોની જાળવણી માટે પણ સામાજિક નિયંત્રણ આવશ્યક તત્વ છે

### ૮.૩.૭ યોગ્ય અને સમાન તકો પ્રદાન કરવા

સમાજમાં પ્રત્યેક વ્યક્તિને સમાનતાનો બંધારણીય અધિકાર છે, પરંતુ તેની અમલવારીના અભાવે મોટાભાગના લોકોના શ્રમનું મૂલ્ય આંકી શકાતું નથી. પ્રત્યેક વ્યક્તિને સમાન તક ઉપલબ્ધ બની રહે તે માટે સામાજિક નિયંત્રણ એવું કારક અને આવશ્યક તત્વ છે કે શિક્ષણ, રોજગારી, આરોગ્ય વગેરે જેવી સેવાઓમાં પ્રત્યેકને કામ કરવાની તક મળે છે, રાષ્ટ્રના ઉપલબ્ધ કુદરતી સંસાધનો પર સર્વેનો સમાન અધિકાર રહ્યો છે. આ સમાનતા માટે ક્યાંક ધર્મ, રીવાજ, પરંપરા, કાનુન વગેરે જેવા સામાજિક નિયંત્રણના સાધનો ઉપયોગી પુરવાર થાય છે. એટલે કે તકોની સમાન વહેંચણી માટે પણ સામાજિક નિયંત્રણ ની આવશ્યકતા રહેલી હોય છે.

### ૮.૩.૮ બદલો અને પુરસ્કાર માટે

વ્યક્તિને યોગ્ય કાર્ય બદલ પ્રોત્સાહિત કરવા માટે તેમજ સમાજની ઈચ્છિત અવસ્થાથી વિપરીત કાર્ય કરવા માટે સજાની જોગવાઈ હોય છે. આ સજા સામાજિક નિયંત્રણની એજન્સીના માધ્યમથી અપાય છે. ઔપચારિક કે અનૌપચારિક નિયંત્રણથી વ્યક્તિના કામની કદર થાય છે, પરિણામે સમાજમાં યોગ્ય અને અયોગ્ય કામગીરી માટે બદલો મળી શકે તે વ્યવસ્થા નિયંત્રણની એજન્સીઓ કરે છે. સમાજમાં ઉચિત કામમાં

જોડાયેલ વ્યક્તિને ઉચિત પુરસ્કાર મળે અને અન્ય અનુચિત કામગીરી કરનારને સજા મળે તે આવશ્યક છે. આ કામગીરી માટે પણ સામાજિક નિયંત્રણ આવશ્યક છે.

### ૮.૩.૯ સમાજના વિવિધ જૂથો અને સંસ્થાઓના જોડાણ માટે

સામાજિક નિયંત્રણએ સમાજના વિવિધ જૂથો વચ્ચે તેમજ સંસ્થાઓ વચ્ચેના જોડાણની ભૂમિકા ભજવે છે. વ્યક્તિ પણ નિયમથી બંધાયેલો હોય અને જૂથના પોતાના પણ કેટલાક નિયમો હોય છે. આમ વ્યક્તિ અને જૂથના નિયમો સંસ્થાના નિયમોના અનુસંધાનમાં હોય છે, પરિણામે વ્યક્તિ સંસ્થા માટે અને સંસ્થા વ્યક્તિ માટે એમ બંને એકબીજાને માટે પૂરક હોય છે. અહીં જો સામાજિક નિયંત્રણની વ્યવસ્થા ન હોય તો વ્યક્તિ ઉન્મત બને છે. અને સંસ્થા પોતાનું કામ કરી શકતી નથી એટલે કે વ્યક્તિ અને સંસ્થાનું જોડાણ એ સામાજિક નિયંત્રણના માધ્યમથી જ થાય છે.

### ૮.૩.૧૦ માનવતાવાદી મૂલ્યોના પ્રસ્થાપન અને અલગતાવાદીઓના વિસ્થાપન માટે

સમાજમાં સામાજિક નિયંત્રણની આવશ્યકતા તેમના સ્વ-રક્ષણ અને સ્થાયિત્વ માટે છે. વ્યક્તિ અત્યાર સુધી સલામતી માટે પ્રયાસો કરતો રહ્યો છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સહકારની ભાવના વિકસે અને ધોરણભંગ વર્તનોથી પર રહે તે માટે સામાજિક નિયંત્રણ આવશ્યક છે. આ પ્રકારના વર્તનને ટકાવી રાખવા માટે સામાજિક નિયંત્રણની એજન્સી વિશેષ કામ કરે છે. એટલે કે પ્રત્યેક વ્યક્તિને એક-બીજા સાથે જોડતા રાખવા માટે સામાજિક નિયંત્રણની એજન્સીઓની ભૂમિકા હોય છે જો સામાજિક નિયંત્રણ વ્યવસ્થા ન હોય તો વ્યક્તિ વ્યક્તિ અને સમાજ વચ્ચે વૈમનસ્ય ફેલાય છે. આવા સંજોગોમાં યોગ્ય કામગીરી થઈ શકતી નથી પરિણામે સમાજમાં સુલેહ શાંતિ ટકતી નથી આ માટે પણ સામાજિક નિયંત્રણની જરૂરિયાત છે.

## ૮.૪ સામાજિક નિયંત્રણની આવશ્યકતા અને મહત્વ

કોઈ પણ સમાજના વિકાસનો આધાર તેના જુદા જુદા સમૂહો, સંસ્થાઓ, અને મંડળોનું અસરકારક કાર્ય છે. જયારે સમાજના સભ્યોના હેતુઓ વચ્ચે કલેશ થાય ત્યારે જોખમો ઉભા થાય છે. આ જોખમો ઉભા થવામાં તકો ની ઉણપ હોય જે સમસ્યાને વધારે મજબુત બનાવે છે. આવા સંજોગોમાં સમાજમાં ઉદ્ભવતી સમસ્યાને નાથવા નિયંત્રણની વિભિન્ન એજન્સીઓનો આધાર લેવો ફરજીયાત બની રહે છે. સમાજના જુદાજુદા વિભાગો વચ્ચે સામાજિક સંતુલન સાધવા માટે નક્કર ગોઠવણ હોવી જરૂરી છે અને યોગ્ય ગોઠવણ માટે સામાજિક નિયંત્રણનું અનોખું મહત્વ રહેલું છે.

સામાજિક નિયંત્રણની એટલા માટે પણ જરૂરીયાત છે કે આપણા સમાજની તંદુરસ્ત પરંપરા ની જાળવણી અને ભાવી પેઢીમાં સંક્રાંત કરવા માટે આ પરંપરાઓને સલામત રાખવામાં પણ રીવાજો, રૂઢી, સામાજીકરણ વગેરે જવાબદાર બને છે. આ પરંપરાઓ પેઢી દર પેઢી અનુસરાતી રહે તે તંદુરસ્ત સમાજની નિશાની છે. જુદા જુદા સમુહોમાંથી આવતા લોકોનો પોતાના હેતુ અને હિતો હોય આમ છતાં બધાને એકજૂથમાં રાખી સમાજ વ્યવસ્થા અને માળખું જાળવી રાખવાની મૂળભૂત કામગીરી સામાજિક નિયંત્રણની ગણી શકાય.

સહકાર એ વિકાસ માટે અને ટકી રહેવા માટેનું ઉતમ હથિયાર છે. સમાજની વિચારસરણી, વર્તન પદ્ધતિ, મુલ્યો વગેરે એકબીજાના સહકાર થી ટકી રહે છે આ સહકારની ભાવના માટે પણ સામાજિક નિયંત્રણ ની આવશ્યકતા રહેલી છે. જયાં

સહકાર નથી ત્યાં સમાજનો કોઈ પણ ભાગ તેનું કાર્ય કે વિકાસ કરી શકતો નથી એટલે સામાજિક નિયંત્રણ ફરજીયાત અને આવશ્યક તત્વ બની રહ્યું છે.

## ૮.૫ સારાંશ

આમ સામાજિક નિયંત્રણ વ્યક્તિને સલામતી અને સ્થિરતા આપે છે. માનસ એક એવું પ્રાણી છે કે જેને પોતાની જાત ઉપર ઉભા થવામાં ખુબ લાંબો સમય લાગે છે અને બીજાના આધારની જરૂર પડે છે. એટલે વ્યક્તિના અસ્તિત્વના ટકાવ માટે સમાજના વિવિધ વિભાગોની આવશ્યકતા રહેલી છે, જેના આધારે તે સલામત રહી શકે આમ છતાં માનવ સ્વભાવે સ્વાર્થી હોવાથી તેને મુક્ત રીતે કાર્ય કરવાની છૂટ આપવામાં આવે તો સમાજ સુવ્યવસ્થિત ચાલે નહિ એટલે પ્રત્યેક વ્યક્તિ નિયંત્રણ ઈચ્છે છે. આ સામાજિક નિયંત્રણ જ વ્યક્તિ દ્વારા સમાજના વિવિધ ભાગોને સાથે લઈ ચાલે છે અને વિકાસ સાધે છે. માનવ સમાજ ના અસ્તિત્વ અને ચીર ટકાવ માટે સામાજિક નિયંત્રણ આવશ્યક બની રહે છે.

## ૮.૬ ચાવી રૂપ શબ્દો

સામાજિક નિયંત્રણઃ સમાજના ઈચ્છિત વર્તન સિવાયની પ્રવૃતિઓ ઉપરની પાબંધી.

સમૂહઃ બેથી વધારે વ્યક્તિઓ કે જેની વચ્ચે અર્થપૂર્ણ આંતરક્રિયા થતી હોય.

માનવ વર્તનઃ વ્યક્તિની એવી કોઈ પણ પ્રતિક્રિયા કે વ્યવહાર જેમાં વ્યક્તિ એકલી હોય.

## ૮.૭ તમારી પ્રગતિ તપાસો

૧) સામાજિક નિયંત્રણ એટલે શું?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૨) સામાજિક નિયંત્રણની આવશ્યકતા જણાવો ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૮.૮ સંદર્ભ સૂચિ


- ડૉ. અક્ષયકુમાર આર.દેસાઈઃ 'સમાજ' (મેકઆઈવર અને પેજ કૃત 'society'નો અનુવાદ) ભાગ-૧, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-૯
- ડૉ. તારાબેન પટેલ : 'સમાજશાસ્ત્રનાં મૂળતત્વો', ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-૯
- ડૉ. અનીલ એસ. વાઘેલાઃ 'સમાજશાસ્ત્રનો પરિચય' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ -૬
- **सत्यकेतु विद्यालंकार : 'समाजशास्त्र' , सरस्वती सदन, मसूरी.**

## એકમ ૯

# સામાજિક નિયંત્રણનું સ્વરૂપ

## રૂપરેખા


૯.૦ ઉદ્દેશ્યો

૯.૧ પ્રસ્તાવના

૯.૨ સામાજિક નિયંત્રણનું સ્વરૂપ

૯.૩ જહોન્સનનું સામાજિક નિયંત્રણનું વર્ગીકરણ

૯.૪ સારાંશ

૯.૫ ચાવી રૂપ શબ્દો

૯.૬ તમારી પ્રગતિ ચકાસો

૯.૭ સંદર્ભ સૂચિ


## ૯.૦ ઉદ્દેશ્યો

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ આટલું જાણશો

જુદાજુદા વિચારકોએ આપેલ સામાજિક નિયંત્રણના સ્વરૂપને સમજી શકશો

સામાજિક નિયંત્રણ કઈ કઈ રીતે થાય છે તે સમજી શકાશે

## ૯.૧ પ્રસ્તાવના

દરેક સમાજ તેના સભ્યોને તથા સમાજને સોસિયલ ઓર્ડરમાં રાખવા પ્રયત્ન કરતા જ હોય છે, જો કે સમાજ સંચાલનના સ્વરૂપો બધાજ સમાજમાં એકરૂપ નથી હોતા તેનું કારણ તે સમાજના સભ્યોમાં આંતરિક તફાવતો જેવાકે તેમની સંસ્કૃતિક પૃષ્ઠભુમી, અંગત સબંધો, સામાજિક સબંધો અને સામાજિક પરિસ્થિતિ વગેરે છે. સમાજના સભ્યોમાં વિવિધ ઉદેશો, રુચિઓ અને વિચારધારા હોવાના કારણે સમાજનું એક જ રીતથી સંચાલન લગભગ અશક્ય બને છે. આપને મુખ્યત્વે ગ્રામીણ અને શહેરી સમુદાયોની તથા બંધ અને ખુલ્લા સમુદાયો એવી બે વ્યવસ્થાઓ છે, પરિણામે સામાજિક નિયંત્રણના સ્વરૂપો જુદા જુદા હોય એ સ્વાભાવિક પણે સ્વીકારવું રહ્યું ક્યારેક સમાજ વ્યવસ્થા પુરષ્કાર આપીને તો ક્યારેક સજા આપીને પણ સમાજ નિયંત્રણ કરવાનો પ્રયાસ કરે છે. એટલે સ્પષ્ટ કહીએ તો કેટલાક ઔપચારિક અને કેટલાક અનૌપચારિક સ્વરૂપો સમાજ વ્યવસ્થા જાળવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા હોય છે. કેટલાક વિચારકોએ અને સંશોધકોએ આ સામાજિક નિયંત્રણને જુદા જુદા સ્વરૂપે સમજવાનો પ્રયાસ કર્યો છે. જેને આપને સમજવાનો પ્રયાસ કરીએ.

## ૯.૨ સામાજિક નિયંત્રણનું સ્વરૂપ

સમાજ વ્યવસ્થાના ટકાવ માટે પ્રત્યેક સમાજ કેટલીક રીતે સામાજિક નિયંત્રણ લાદતું હોય છે કેટલાક સમાજશાસ્ત્રીઓ દ્વારા જેમના જુદા જુદા સ્વરૂપ અંગે વિગતે ચર્ચા કરવાનો પ્રયાસ કરેલ છે જેને આપણે ટુંકમાં જોવાનો પ્રયાસ કરીએ.

### ૯.૨.૧ સભાન અને અસભાન સામાજિક નિયંત્રણ

સભાન અને અસભાન સ્વરૂપના સામાજિક નિયંત્રણ માટે સી. એચ. કુલે અને એલ. એલ. બર્નાડ બે રીતે સમજુતી આપવાનો પ્રયાસ કેરે છે. તેમના માટે માણસના વર્તનના સંદર્ભમાં સામાજિક નિયંત્રણ માટે આ સભાન અને અસભાન સ્વરૂપના સામાજિક નિયંત્રણની વાત કરેલ છે. માણસની સભાન વર્તુણક એ પ્રકારના કૃત્યો અને ક્રિયાઓનો ઉલ્લેખ કરે છે. જેમ કે એક સારો કર્મચારી તેના બોસની ખુરશી પર બેસતો નથી અને જયારે તેના બોસ સાથે વાત કરે છે. ત્યારે તે સાવચે અને સચેત રહે છે. બીજી બાજુ કેટલીક માનવ ક્રિયાઓ અસભાન એટલે કે અજાણતા કરવામાં આવે છે. અને એ વ્યક્તિ પોતે એમ નથી જાણતી કે શામાટે તે આમ કરે છે. કારણ કે તે એક સ્વાભાવિક અને પુનરાવર્તિત વર્તન છે. દા.ત. જયારે આપને કપડાની ગડી વળી મુકીએ ત્યારે તેની એક ચોક્કસ પેટર્નને અનુસરીએ છીએ, આપણે પહેલા આંતરવસ્ત્રો મુકીએ છીએ અને તેને આપણે ઉપરના વસ્સ્ત્રો મુક્યા પછી તેની ઉપર મુકતા નથી પરંતુ તે નીચે મૂકી ઉપર ઉપરના વસ્ત્રો મુકીએ છીએ. ટુંકમાં આપણે એ પરિસ્થિતિમાં છીએ જ્યાં આપણે કાળજીપૂર્વક અને ઈરાદાપૂર્વક રીતે વર્તીએ છીએ, આ પદ્ધતિને આપણે સભાન સામાજિક વ્યવસ્થાપન તરીકે ઓળખીએ છીએ અને જે પરિસ્થિતીમાં આપણે સ્વયંસ્ફુરિત અને અસભાન રીતે વર્તીએ છીએ, આ નિયંત્રણની સિસ્ટમને આપણે અસભાન સામાજિક નિયંત્રણ તરીકે ઓળખીએ છીએ. પ્રથમ પ્રકારમાં આપને ખાવું , પીવું, અસ્પૃશ્યતા અને લગ્નને આપને જતી વ્યવસ્થાની અંદર શામેલ કરી શકીએ, બીજા પ્રકારમાં આપણે પરંપરાઓ, સંસ્કારો અને ધાર્મિક વિધીવીધાનના પ્રભાવ હેઠળ લેવાયેલા નિયંત્રણનો સમાવેશ કરી શકીએ.

### ૯.૨.૨ પ્રત્યક્ષ અને પરોક્ષ નિયંત્રણ

કાર્લ મેનહીમ નામના સમાજશાસ્ત્રીએ પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપના સામાજિક નિયંત્રણના સ્વરૂપની વાત કરી છે. તેમના જણાવ્યા પ્રમાણે માતા પિતા, મિત્રો, શિક્ષકો, પડોશીઓ વગેરે જેવા નજીકના લોકો દ્વારા માનવીય વર્તન પર નિયંત્રણ કરવામાં આવે છે. ત્યારે તે પ્રત્યક્ષ પ્રકારનું સામાજિક નિયંત્રણ છે. પરોક્ષ સામાજિક નિયંત્રણ એ સામાજિક અને ભૌતિક વાતાવરણ વિવિધ જૂથો અને સસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. પ્રત્યક્ષ પ્રકારના સામાજિક નિયંત્રણ વધુ અને ટકાઉ છે. જયારે પરોક્ષ પ્રકારના સામાજિક નિયંત્રણની અસર ઓછી અને ટુકા ગાળા માટે ની હોય છે.

### ૯.૨.૩ હકારાત્મક અને નકારાત્મક સામાજિક નિયંત્રણ

કિંબોલ યંગે સામાજિક નિયંત્રણના હકારાત્મક અને નકારાત્મક સ્વરૂપને વિગતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. હકારાત્મક સામાજિક નિયંત્રણ વ્યક્તિના પોતાના સકારાત્મક પ્રેરણા પર આધારિત છે. આવા પ્રકારના નિયંત્રણને નક્કર સામગ્રીના લાભોથી તથા સામાજિક સ્વીકૃતિ જેવા ઇનામોના વચન દ્વારા અસર પાડી શકાય છે. હકારાત્મક સામજિક નિયંત્રણના વધુ મૂળભૂત સ્વરૂપમાં વ્યક્તિઓના સામાજિક

ધોરણોનું આંતરીકરણ, મુલ્ય અને ભૂમિકા અપેક્ષાઓના આંતરીકરણ પર આધાર રાખે છે. સામાજિક ધોરણોમાં વ્યક્તિની માન્યતા તેને અનુકૂળ થવા પ્રેરણા આપે. વિદ્યાર્થીઓને તેની પરીક્ષામાં સફળતામાં તથા રમતમાં તેમની ટીમની પ્રશંશા વગેરે હકારાત્મક રીતે સમાજને નિયંત્રિત કરી વર્તનને સમાજ સ્વીકૃતિ અપાવી શકાય છે.

કેટલાક વર્તનો એવા હોય જે સમાજ માટે તથા સ્વીકૃત વ્યવસ્થાતંત્ર માટે અનુકૂળ ન હોય તો તેવા વર્તનો માટે શરૂઆતથીજ નકારાત્મક પ્રતિભાવ આપવામાં આવે જેથી તેવા પરકારના વર્તનો પર સીધીરીતે અંકુશ આવી શકે. જોકે આ પ્રકારના નિયંત્રણમાં ક્યારેક ધોરણભંગ વર્તન વધવાની શક્યતાઓ પણ રહેલી છે. નાના બાળકો તથા સગીર વયના ગુનેગારને નકારાત્મક પદ્ધતિથી નિયંત્રણ કરવામાં આવે જેમાં સજા મહત્વનું કારક છે. આમ પરિસ્થિતિ અનુસાર હકારાત્મક કે નકારાત્મક સામાજિક નિયંત્રણ પદ્ધતિ ઉપયોગમાં લઇ શકાય છે.

### ૯.૨.૪ આયોજિત અને બિનઆયોજિત અને સ્વયંસંચાલિત સામાજિક નિયંત્રણ

મુરે અને ગુર્વીચે સામાજિક નિયંત્રણના નિચે મુજબના ત્રણ સ્વરૂપોની વાત કરેલ છે. જેમાં સંગઠિત (આયોજિત), અસંગઠિત (બિન આયોજિત) અને આપમેળે થતું સામાજિક નિયંત્રણ.

આયોજિત સામાજિક નિયંત્રણની કાર્ય પ્રણાલીમાં માણસનું વર્તન સામાજિક એજન્સીએ નિર્ધારિત કરેલ વર્તન ઢબ આધારિત હોય છે. સામાજિક એજન્સી સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરેલ પોતે શું કરવું અને શું ન કરવું તે નક્કી હોય છે. શૈક્ષણિક સંસ્થાઓ, કુટુંબ, રાજ્ય વગેરે આ પ્રકારના સામાજિક નિયંત્રણનો ભાગ હોય છે. બિનઆયોજિત સામાજિક નિયંત્રણમાં માણસનું વ્યક્તિત્વ ધાર્મિક વિધિઓ અને પરંપરાઓ, રીવાજો, લોકમત, વગેરેના પ્રભાવ હેઠળ હોય છે. આ ઉપરાંત સ્વયંસંચાલિત સામાજિક નિયંત્રણમાં વ્યક્તિ પોતે પોતાનામાંથી પ્રેરણા લઇ પોતાનું કાર્ય કરવા માટે સક્ષમ થાય છે. વ્યક્તિઓ તેમના અનુભવો, આદર્શો, મુલ્યો, વિચારસરણીને આધારે તેમની કેટલીક તત્કાલીન અને કેટલીક લાંબા ગાળાની જરૂરિયાતો ઉપર નિયંત્રણ મેળવે છે. આ પ્રકારના સામાજિક નિયંત્રણમાં ધાર્મિક નિર્ધારણનો સમાવેશ કરી શકાય, આ પ્રકારના નિયંત્રણો લાદવામાં આવતા નથી પરંતુ લોકો તેમને આપમેળે જ સ્વીકારી લે છે જે લાંબા ગાળા સુધી સામાજિક નિયંત્રણ ટકાવી રાખે છે.

### ૯.૨.૫ આપખુદશાહી અને લોકશાહી સામાજિક નિયંત્રણ

આ નિયંત્રણના સ્વરૂપ અંગે લેપયર દ્વારા વિસ્તૃત સમજુતી આપવામાં આવી છે. જયારે કોઈ પણ વહીવટી એજન્સી અથવા સતા પ્રાપ્ત કરવા માટે નેતાગીરી આપખુદશાહી પ્રકારના સામાજિક નિયંત્રણનો ઉપયોગ કરે છે જેને સમાજ દ્વારા સ્વીકૃતિ આપવામાં આવે છે અને સતા ભોગવતા લોકો પોતાના નીજી સ્વાર્થ માટે ભૌતિક સંસાધન અને માનવ સંસાધનોનું શોષણ કરે છે. તેમજ અન્ય લોકોને પણ આ શોષણકાર્યમાં જોડે છે અને સામાન્ય લોકોની ઈચ્છાઓને કચડી નાખવામાં આવે છે. તેઓ સામાન્ય પ્રજાના હિતોને ધ્યાને લેતા નથી અને દમનકારી કનુનો બનાવીને શોષણ કરે છે. આ પ્રકારના નિયંત્રણ સ્વરૂપને આપખુદશાહી નિયંત્રણ કહેવામાં આવે છે.

લોકશાહી પ્રકારના નિયંત્રણમાં સમાજના વ્યક્તિઓમાં નિશ્ચિત ધારાધોરણ અનુસાર વર્તન માટે કેટલાક નિયંત્રણના નિયમો બનાવવામાં આવે છે. આ નિયમોમાં

લોકોની ઈચ્છાઓને ધ્યાને લેવામાં આવે છે આ પ્રકારના નિયંત્રણ માટે ચર્ચાઓ, સલાહ અને સહ્ભાગીતાને સામાન્ય રીતે ઉપયોગમાં લેવાય છે, આપખુદશાહીની સરખામણીએ લોકશાહી સ્વરૂપના નિયંત્રણને લોકો સ્વીકારે છે, તેમજ આ સ્વરૂપના નિયંત્રણમાં ધમકી, ફરજ પાડવી કે યાતનાયુક્ત યુક્તિઓનો ઉપયોગ કરવામા આવતો નથી. આમ આ બંને સ્વરૂપે સામાજિક નિયંત્રણ સમાજમાં જોઈ શકાય છે.

### ૯.૨.૬ ઔપચારિક અને અનૌપચરિક સમાજિક નિયંત્રણ

કેટલાક સમાજશાસ્ત્રીઓએ સામાજિક નિયંત્રણને બે સ્વરૂપે વર્ગીકૃત કરવાનો પ્રયાસ કર્યો છે. આમ તો મુરે દ્વારા અપાયેલ સંગઠિત અને અસંગઠિત સામાજિક નિયંત્રણ સ્વરૂપને જ આ સાથે સાંકળી શકાય છે. ઔપચારિક સામાજિક નિયંત્રણમાં રાજ્ય પણ જોડાયેલ છે અને માનવ વર્તનને નિયંત્રિત કરવા માટે રાજ્યની સતાનો ઉપયોગ સ્વીકાર્ય છે. રાજ્ય દ્વારા નિર્ધારિત નિયમોને સમાજ દ્વારા સ્વીકારવાજ રહ્યા અને સમગ્ર માટે બંધનકર્તા હોય છે જેમાં કાયદા, પોલીસ, ન્યાયતંત્ર, જેલ વગેરે જેવા લેખિત કાર્યવાહીના સ્ત્રોતોનો ઉપયોગ થાય છે આમ આ પ્રકારનું નિયંત્રણ ફરજીયાત ગણવું રહ્યું.

અનૌપચરિક સામાજિક નિયંત્રણમાં સામાન્ય રીતે પરમ્પરાગત પદ્ધતિ અને ઉપચારો ઉપયોગમાં લેવાય છે જેમાં રીવાજો, માન્યતાઓ, પરંપરાઓ, ટીકા, ધર્મ વગેરે બાબતોનો આધાર લઇ વ્યક્તિના વર્તનને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ થાય છે ખાસ કરીને આદિમજાતિના સમાજો અને ગ્રામીણ સમાજોમાં આ પ્રકારનું નિયંત્રણ વધારે અસરકારક બને છે આધુનિક અને જટિલ સમાજમાં અનૌપચરિક કરતા ઔપચારિક સામાજિક નિયંત્રણ વધારે અસરકારક બની રહે છે.

## ૯.૩ જહોન્સનનું સામાજિક નિયંત્રણનું વર્ગીકરણ

જહોન્સને સામાજિક નિયંત્રણના સ્વરૂપને ચાર વિભાગમાં વર્ગીકૃત કરેલ છે.

### ૯.૩.૧ સ્વનિયંત્રણ સ્વરૂપનું સામાજિક નિયંત્રણઃ-

વ્યક્તિના કેટલાક વર્તન સમાજના ભયથી નિયંત્રિત થતા હોય છે. સમાજના લોકો ટીકા કરશે મશ્કરી કરશે વગેરે બાબતોને લઈને વ્યક્તિ ધોરણ ભંગ વર્તન કરતો નથી આ પ્રકારનું નિયંત્રણ એ સ્વનિયંત્રણ કહી શકાય.

વ્યક્તિના કેટલાક વર્તન તેના અંતરઆત્મા દ્વારા નિયંત્રિત થાય છે. જેમાં વ્યક્તિને બાલ્યાવસ્થામાં શીખવેલા નીતિ નિયમો અને મુલ્યોના જતનની ટેવ પાડવામ આવી હોય છે. આ ટેવ તેમને ગુનાહિત કે ધોરણ ભંગ વર્તન કરવાથી રોકે છે. જેમાં સામાજીકરણ, ધર્મ, જ્ઞાતિ વગેરે દ્વારા શીખવેલી વર્તન પ્રણાલી સ્વનિયંત્રણમાં સમાવિષ્ટ થાય છે.

### ૯.૩.૨ ધોરણભંગ વર્તનને અટકાવવાના સ્વરૂપે સામાજિક નિયંત્રણ

સમાજમાં સામાજિક ધોરણોની એક ચોક્કસ વ્યવસ્થા હોય છે અને એ વ્યવસ્થા ટકાવી રાખવા માટે સામાજિક નિયંત્રણ આવશ્યક બની રહે છે અને જ્યાં વ્યવસ્થા યોગ્ય હોય ત્યાં ધોરણભંગ વર્તન થાય જ નહિ આ વ્યવસ્થા માટે બાળકોને પહેલેથી જ વર્તનની ઢબ સામાજીકરણના માધ્યમથી શીખવવામાં આવે છે તથા ધોરણભંગ વર્તનના ગેર ફાયદા અંગે જાણકારી આપવામાં આવે છે તેમજ ધોરણઅનુરૂપ વર્તન કરવાના

ફાયદાઓ અંગે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે. આમ ધોરણ ભંગ વર્તન થાય જ નહિ તેવા પ્રકારે સામાજિક નિયંત્રણ કરવામાં આવે છે.

### ૯.૩.૩ ચિકિત્સાના સ્વરૂપે થતું સમાજિક નિયંત્રણ

જેમ ડોકટર દ્વારા રોગના નિદાન બાદ અમુક પ્રકારે ખાન-પાન તેમજ જીવન શૈલી માટે કેટલાક નીચ્ચિત નિયમો અનુસરવા માટે જણાવવામાં આવે તે પ્રકારે સમાજમાં કેટલાક ધોરણ ભંગ વર્તનો આગળ થવા જતી વધારે નુકશાની થતી અટકાવવાના ચિકિત્સા સ્વરૂપના નિયંત્રણના ઉપાયો અપનાવે છે. સમાજમાંના કેટલાક સામાજિક ચિકિત્સકો દ્વારા આ પ્રકારે ગુનાહિત વર્તન કરેલ વ્યક્તિને ફરીથી સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાનો કે લાવવાનો પ્રયાસ કરે છે અહીં માત્ર શિક્ષા એજ માત્ર ઉપાય નથી તે સાબિત કરે છે.

### ૯.૩.૪ સામાજિક અલગતા સ્વરૂપે સામાજિક નિયંત્રણ

પ્રત્યેક સમાજમાં ધોરણભંગ વર્તન વધતા ઓછા પ્રમાણમાં થતું હોય છે. તેના પ્રમાણને ઘટાડવા માટે સામાજિક નિયંત્રણની એજન્સીઓ કાર્યરત હોય છે. અહીં સામાજિક અલગતાના સ્વરૂપમાં વ્યક્તિના ધોરણભંગ વર્તન બદલ તેને શિક્ષા આપવામાં આવે છે જેમાં ખાસ કુટુંબથી કે સમાજથી અલગ કરવામાં આવે છે તેમજ જ્ઞાતિ બહાર પણ મુકવામાં આવે છે. જયારે કેટલાક ધોરણભંગ વર્તન માટે કાયદાકીય નિયંત્રણ લાગુ કરવામાં આવે છે જેમાં પણ કુટુંબ અને સમાજથી અલગ પાડવામાં આવે છે. આ પદ્ધતિ દ્વારા પણ સામાજિક નિયંત્રણ કરાવાવમાં આવે છે.

## ૯.૪ સારાંશ

આમ સામાજિક નિયંત્રણનું સ્વરૂપ દરેક સમજે ભિન્ન ભિન્ન પ્રકારનું જોવા મળે છે. કેટલાક સર્વસાધારણ સામાન્યીકરણોના આધારે ઉપરયુક્ત બાબતોને વિવિધ વિચારકો દ્વારા આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે કોઈ પણ સમાજનું અસ્તિત્વ સામાજિક નિયંત્રણ સિવાય ટકી શકતું નથી અને કોઈ એક જ સ્વરૂપે સમાજને નિયંત્રિત કરી શકાય એ પણ શક્ય નથી એટલે દરેક સમાજે પોતાની અનુકુળતા અને વ્યવસ્થા પ્રમાણે નિયંત્રણના સ્વરૂપને સ્વીકાર્યું હોય કે અપનાવ્યું હોય છે.

## ૯.૬ તમારી પ્રગતિ ચકાસો

(૧) સામાજિક નિયંત્રણના સ્વરૂપ અંગે જાણાવો?

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

(૨) જહોન્સને કરેલ સામાજિક નિયંત્રણનું વર્ગીકરણ કરો?

.............................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## ૯.૭ સંદર્ભ સૂચિ


- ડૉ. અક્ષયકુમાર આર.દેસાઈઃ 'સમાજ' (મેકઆઈવર અને પેજ કૃત 'ર્જ્ર્રીઅ'નો અનુવાદ) ભાગ-૧, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-૯
- ડૉ. તારાબેન પટેલ : 'સમાજશાસ્ત્રનાં મૂળતત્વો', ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-૯
- ડૉ. અનીલ એસ. વાઘેલાઃ 'સમાજશાસ્ત્રનો પરિચય' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય અમદાવાદ -૬
- **सत्यकेतु विद्यालंकार : 'समाजशास्त्र' , सरस्वती सदन, मसूरी.**

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ*

*'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડીયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.*

*અસ્તુ !*

**કુલપતિ,**

*પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય,*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*

*જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,*

*છારોડી, અમદાવાદ.*

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાતયુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ |

**લેખન**

| | |
|---|---|
| ડૉ હસમુખ પંચાલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ.ડી. ગ્રામસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) એચ.એલ.ચાવડા | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ |
| પ્રો.(ડૉ.) જે. સી. પટેલ | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ.પૂર્વી ઓઝા | આસોસીએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર. |
| ડૉ.હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ જીતેન્દ્ર મેકવાન | આસિસ્ટન્ટ પ્રોફેસર ,ગુજરાતી વિભાગ, મહેમદાવાદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મહેમદાવાદ |
| ડૉ. દિનુભાઈ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**સંપાદન**


| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |
| ડૉ. નિતિનકુમારજાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |


**પ્રકાશક**


| | |
|---|---|
| ડૉ. ભાવિન ત્રિવેદી | કા. કુલસચિવ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |

**ISBN : 978-93-89456-59-2**



: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## વિષય સમિતિ

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ |

## લેખન

| | |
|---|---|
| ડૉ. રાકેશ ભેડી | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. નિતીન રેટીયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી કાલજીભાઈ આર. કટારા આર્ટસ કોલેજ, શામળજી, ભિલોડા, અરવલ્લી. |
| ડૉ. સુભાસ પાંડર | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

## પરામર્શન (વિષય)

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) જે. સી. પટેલ | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) ગૌરાંગ જાની | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) એચ.એલ.ચાવડા | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |

## પરામર્શન (ભાષા)

| | |
|---|---|
| ડૉ.પૂર્વી ઓઝા | આસોસીએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર. |
| ડૉ.દિનુભાઈ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| પ્રા. ઉર્વિકા પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડો બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |
| ડૉ. નિતિનકુમારજાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ. |

**પ્રકાશક**

| | |
|---|---|
| ડૉ. ભાવિન ત્રિવેદી | કા. કુલસચિવ, ડો બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |

**ISBN : 978-93-89456-60-8**

: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.) Sociology**

**સમાજશાસ્ત્ર પરિચય**

**(Introduction to Sociology)**

**SOMJ-101/SOMN-101**

# વિભાગ – 2

**એકમ – ૯**

**સામાજિક નિયંત્રણનું સ્વરૂપ.**

---

**એકમ – ૧૦**

**સામાજિક ધોરણનો અર્થ અને લક્ષણો.**

---

**એકમ – ૧૧**

**ધોરણ અનુરૂપતા અને કારણો.**

---

**એકમ – ૧૨**

**૨સામાજિક જૂથનો અર્થ અને લક્ષણો.**

---

**એકમ – ૧૩**

**સામાજિક જૂથના પ્રકાર.**

---

**એકમ – ૧૪**

**સામાજિક દરજ્જાનો અર્થ અને પ્રકાર.**

---

**એકમ – ૧૫**

**ભૂમિકાનો અર્થ અને ભૂમિકા સંઘર્ષ.**

---

**એકમ – ૧૬**

**સામાજિક સ્તરીકરણનો અર્થ અને વિભાવનાઓ.**

---

**એકમ – ૧૭**

**સામાજિક ગતિશીલતાનો અર્થ અને તેનું સ્વરૂપ.**

---

**એકમ – ૧૮**

**સામાજિક સંસ્થાઓ : કુટુંબસંસ્થા, ધર્મસંસ્થા, શિક્ષણ અને રાજ્યસંસ્થા.**

એકમ ૧૦

# સામાજિક ધોરણોનો અર્થ અને લક્ષણો

## રૂપરેખા


૧૦.૦ ઉદ્દેશો

૧૦.૧ પ્રસ્તાવના

૧૦.૨ સામાજિક ધોરણોનો અર્થ

- ૧૦.૨.૧ સામાજિક ધોરણોનો અર્થ અને વિભાવના
- ૧૦.૨.૨ સામાજિક ધોરણોનું બદલાતું સ્વરૂપ
- ૧૦.૨.૩ ધોરણોમાં વિસંવાદિતા

૧૦.૩ સામાજિક ધોરણોના લાક્ષણો

- ૧૦.૩.૧ સુગ્રથિતતા અને સંઘર્ષ
- ૧૦.૩.૨ ધોરણોના ઉદ્દભવની રીત
- ૧૦.૩.૩ ધોરણોનું વૈવિધ્ય
- ૧૦.૩.૪ વર્તનનો માપદંડ
- ૧૦.૩.૫ ધોરણોનું સંસ્થીકરણ
- ૧૦.૩.૬ વર્તન ઉપર ધોરણોની અસર

૧૦.૪ સારાંશ

૧૦.૫ ચાવીરૂપ શબ્દો

૧૦.૬ તમારી પ્રગતિ તપાસો

૧૦.૭ સંદર્ભ સૂચિ


## ૧૦.૦ ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે નીચે પ્રમાણે કરી શકશો

- સામાજિક ધોરણનો અર્થ સમજી શકશો.
- સામાજિક ધોરણો ના ખ્યાલની સ્પષ્ટતા થશે.
- સામાજિક ધોરણની લાક્ષણિકતાઓનું વર્ણન સમજી શકશો.

## ૧૦.૧ પ્રસ્તાવના

સમાજશાસ્ત્રની કેન્દ્રીય વિભાવનાના માળખામાં સામાજિક ધોરણો એ મુખ્ય વિભાવના છે, તેની સમજ આ એકમ મેળવીશું. સામાજિક ધોરણોના બદલાતા સ્વરૂપને ઓળખીશું. ધોરણોમાં વિસંવાદિતાની ચર્ચા કરવામાં આવી છે. સામાજિક ધોરણોની

લાક્ષણિકતાઓ વિશે પણ આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.

## ૧૦.૨ સામાજિક ધોરણોનો અર્થ

સમાજ અને સંસ્કૃતિ પરસ્પરાવલંબી છે. સામાજિક ધોરણો સંસ્કૃતિનો જ એક ભાગ છે. વ્યક્તિ સંસ્કૃતિના ભાગરૂપ સામાજિક ધોરણો અને મૂલ્યો અનુસાર વર્તન કરે છે. સામાજિક ધોરણોનો વિચાર કરતાં જણાશે કે આપણા દૈનિક જીવનનો વ્યવહાર સામાજિક ધોરણો દ્વારા શક્ય બને છે. આપણા દૈનિક જીવનનો વિચાર કરીએ તો આપણે અનેક પરિચિત અને અપરિચિત વ્યક્તિઓ સાથે સંપર્કમાં આવીએ છીએ. આ બધાં સાથેનો સંપર્ક અમુક પ્રકારના નિયમો દ્વારા શક્ય બને છે. કૉલેજમાં પ્રવેશ માટેના, પરીક્ષા માટેના, સમૂહજીવનના, ટ્રેન કે બસમાં મુસાફરી માટેના, વાહન ચલાવવા માટેના, લગ્ન અંગેના, ખાનપાન અને સંપર્ક માટેના, વ્યાપાર અને વાણિજ્ય અંગેના એમ અનેકવિધ જૂથ પરિસ્થિતિઓમાં વ્યક્તિએ કોની સાથે કઈ રીતે વર્તવું અને કઈ રીતે ન વર્તવું તે નક્કી કરતા નિયમો જોવા મળે છે. આવા નિયમોને લીધે જ પરિચિતો અને અપરિચિતો સાથેનો આપણો સંપર્ક વ્યવહાર શક્ય બને છે. સમાજશાસ્ત્રમાં આ પ્રકારના નિયમો સામાજિક ધોરણો તરીકે ઓળખવામાં આવે છે.

માનવસમાજમાં સામાજિક ધોરણો સાર્વત્રિક રીતે જોવા મળે છે. માનવસમાજ અને પ્રાણીસમાજ વચ્ચેનો આ જ પાયાનો તફાવત છે. પ્રાણીસમાજમાં વર્તન વ્યવહાર નક્કી કરતા કોઈ નિયમો હોતા નથી. પ્રાણીસમાજમાં પ્રાણીઓનું વર્તન આનુવંશિક તત્ત્વો અને બાહ્ય વાતાવરણ વચ્ચેની આંતરક્રિયા દ્વારા નક્કી થાય છે. જ્યારે માનવ વર્તનો આ ઉપરાંત માનવીએ સાંસ્કૃતિક રીતે પ્રાપ્ત કરેલી વર્તનની ઢબો (culturally acquired patterns) દ્વારા નક્કી થાય છે. આવી સાંસ્કૃતિક ઢબનું મહત્ત્વનું લક્ષણ એ છે કે માનવસમાજમાં ધોરણાત્મક વ્યવસ્થા (Normative order) જોવા મળે છે.

સામાજિક ધોરણો વર્તનના માપદંડો (ધોરણો) છે. સામાજિક જૂથના સભ્યો તેમાં સહભાગી બને છે, તે પ્રમાણે તેઓ વર્તશે તેવી તેમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે. કોઈ એક ચોક્કસ પરિસ્થિતિમાં વ્યક્તિ કે જૂથના સ્વીકૃત અને જરૂરી વર્તનના ધોરણો નિર્દેશ કરે છે. તેઓ સામાજિક જીવનના નિયમો છે.

આવી સામાજિક ધોરણાત્મક વ્યવસ્થાને લીધે જ માનવસમાજમાં પરિચિતો અને અપરિચિતો સાથે આપણો સંપર્ક વ્યવહાર શક્ય બને છે અને તેનાથી જ સમાજમાં એક પ્રકારની સ્થિરતા અને વ્યવસ્થા જોવા મળે છે. સામાજિક ધોરણના અભાવમાં માનવવ્યવહાર અશક્ય બની જાય. આમ માનવસમાજમા સામાજિક ધોરણોનું વિશિષ્ટ મહત્ત્વ રહેલું છે.

### સામાજિક ધોરણોની વિભાવનાઓઃ-

બ્રુમ અને સેલ્ઝનીક- ‘‘સામાજિક ધોરણો યોગ્ય અને અયોગ્ય વર્તનનું સ્પષ્ટીકરણ કરતા નિયમો છે, તેના પાલનની કદર કરવામાં આવે છે અને ઉલ્લંઘન બદલ સજા કરવામાં આવે છે.’’

બસ્ટિડટ- ‘‘ સામાજિક ધોરણ એ સામાજિક પરિસ્થિતિમાં વર્તનને નિયંત્રિત કરતા નિયમ કે પ્રમાણ (standard) છે. તે સામાજિક અપેક્ષા છે. તે એવું પ્રમાણ છે જે મુજબ વર્તન કરવાની આપણી પાસે અપેક્ષા રાખવામાં આવે છે.’’

જહોન્સન- ‘‘ ધોરણો એ મનમાં અસ્તિત્ત્વ ધરાવતી એક અમૂર્ત ઢબ છે, જે વર્તન

માટે અમુક સીમા બાંધી દે છે.''

યંગ અને મેક- '' સામાજિક ધોરણોને અમુક સામાજિક પરિસ્થિતિને અને સ્થાન સાથે સંકળાયેલી જૂથ જીવનની અપેક્ષાઓ તરીકે ઓળખાવે છે.''

ઉપર જણાવેલ વિવિધ વ્યાખ્યાઓ ઉપરથી નીચે મુજબ સમજ મેળવી શકાય,

જહોન્સનની વ્યાખ્યા ધોરણોના આંતરીકરણ ઉપર ભાર મૂકે છે, કારણ કે ધોરણો હોય પરંતુ વ્યક્તિના મનમાં તેનું આંતરીકરણ ન થયું હોય કે વ્યક્તિના 'સ્વ'નો તે ઓછેવત્તે અંશે ભાગ બની ગયો ન હોય તો વ્યક્તિ માટે તેનું કંઈ જ મહત્ત્વ નથી. એટલે આંતરીકરણને લીધે જ તે વ્યક્તિના વર્તન માટે મર્યાદા બાંધી આપે છે.

નાગરિક તરીકે કઈ રીતે વર્તવું અને કઈ રીતે ન વર્તવું અથવા કયું વર્તન કરી શકાય અને કયું વર્તન ન કરી શકાય તે માટેના રાજ્યના કાયદા સામાજિક ધોરણો છે. જીવનસાથીની પસંદગી અંગેના જ્ઞાતિના અંતર્લગ્ન અને બહિર્લગ્ન અંગેના, લગ્ન વય અંગેના રિવાજો સામાજિક ધોરણો છે.

માત-પિતાએ તેના સંતાનો પ્રત્યે કેવી ભૂમિકા ભજવવી, પતિએ પત્ની સાથે અને પત્નીએ પતિ સાથે કેવી ભૂમિકા ભજવવી તે અંગેની કુટુંબજીવનની સમાજમાન્ય પારસ્પરિક અપેક્ષાઓ સામાજિક ધોરણો છે. એ જ રીતે ડૉક્ટર, ઇજનેર, શિક્ષક, વિદ્યાર્થી વગેરે જેવાં સ્થાનો સાથે સંકળાયેલી ભૂમિકા નક્કી કરતાં નિયમો સામાજિક ધોરણો છે.

સમૂહજીવનમાં અમુક અપેક્ષાઓ સ્વીકૃત બની હોય છે. આથી અપેક્ષા મુજબ વર્તન ન થાય તો ટીકા કે મશ્કરી કે અન્ય પ્રકારની સજાને પાત્ર બને છે. ઉ.દા., જ્ઞાતિના સભ્ય તરીકે અન્ય સભ્યો આપણી પાસે અમુક વર્તનની અપેક્ષા રાખે છે, નાગરિક તરીકે આપણી પાસે અન્ય નાગરિકો અમુક અપેક્ષા રાખે છે, એ જ રીતે કૉલેજમાં શિક્ષક પાસેથી વિદ્યાર્થી અમુક વર્તનની અપેક્ષા રાખે છે. આવી અપેક્ષાઓ વિભિન્ન સ્વરૂપે વ્યક્ત થાય છે. આમ સામાજિક ધોરણો સમૂહજીવનમાં સ્વીકૃત થયેલી વર્તનને લગતી અપેક્ષાઓ છે. આ અપેક્ષાઓ અમુક ભૂમિકા અને સ્થાન સાથે સંકળાયેલી હોય છે.

સામાજિક ધોરણો અમુક સામાજિક પરિસ્થિતિ સાથે સંકળાયેલા હોય છે. જેમ કે મૃત્યુ પ્રસંગે કોઈ સ્ત્રી લાલ-પીળી સાડી પહેરીને આવી હોય તો તેની ટીકા થતી હોય છે. એ જ રીતે ખાનપાનની બાબતમાં, સામાન્ય પોશાકની બાબતમાં પણ આવું જ જોવા મળે છે. આ દૃષ્ટાંત વિભિન્ન પરિસ્થિતિમાં કઈ રીતે વર્તવું જોઈએ અને કઈ રીતે ન વર્તવું જોઈએ, તેની સમૂહજીવનની અપેક્ષાઓ જ છે અને તે સામાજિક ધોરણોનો નિર્દેશ કરે છે.

એટલે કે જૂથજીવન (રાજ્ય, જ્ઞાતિ, સમુદાય, કોમ, કૉલેજ વગેરે)માં અમુક સામાજિક પરિસ્થિતિમાં અમુક સ્થાન ઉપર રહીને વ્યક્તિએ કઈ રીતે કોની સાથે વર્તવું અને કઈ રીતે ન વર્તવું તે અંગેના વિધેયાત્મક અને નિષેધાત્મક નિયમોને સામાજિક ધોરણો કહેવાય. આવા નિયમો સમૂહ દ્વારા વ્યક્તિ પાસે રાખવામાં આવતી વર્તનની અપેક્ષાનો નિર્દેશ કરે છે. વ્યક્તિ તે અનુસાર વર્તન કરે તો તેનો કોઈ ને કોઈ સ્વરૂપનો બદલો સામાજિક સ્વીકૃતિ, માન-પાન વગેરે મળે છે અને ઉલ્લંઘન કરે તો ટીકા, મશ્કરી, દંડ જેવી સજા થાય છે. આ વિભાવના અનુસાર રાજ્યના કાયદા, જ્ઞાતિ, સમુદાય, કોમ વગેરેના રિવાજો, લોકરીતિ, લોકનીતિ, શિષ્ટાચાર, શિરસ્તો, ફૅશન વગેરે સામાજિક ધોરણો છે.

### ૧૦.૨.૨ સામાજિક ધોરણોનું બદલાતું સ્વરૂપ :-

પદાર્થવાદી વાસ્તવિકતાથી ભિન્ન, માનવસમાજ આદર્શમૂલક કાયદાઓથી ટકેલો છે. જ્યારે પદાર્થવાદી જગતના કાયદાઓ સ્વયં સંચાલિત હોય છે અને તેમનો અનાદર થતો નથી ત્યારે સામાજિક સંબંધોને અને અંતે સામાજિક માળખાને નિયંત્રિત કરતાં વિવિધ પ્રકારના ધોરણોનું ઉલ્લંઘન કરી શકાય છે અને તેમને બદલી પણ શકાય છે.

જૂથના સભ્યોના આંતર સંબંધો અને વર્તન તથા સમાજ તેમના સંબંધો અને વર્તનને નિયંત્રિત કરતા માપદંડો એટલે સામાજિક ધોરણો. ધોરણો આદેશાત્મક (નિર્દેશાત્મક) અને નિષેધાત્મક હોય છે એટલે કે ધોરણો લોકોને કશુંક કરવા અને કશુંક કરવાથી દૂર રહેવાનું જણાવે છે.

સામાજિક ધોરણો લોકોના વર્તનને નિયંત્રિત કરે છે. છતાં માત્ર શારીરિક દમનથી આવું નિયંત્રણ હાંસલ કરી શકાય તેમ નથી. પુરસ્કાર અને દંડ વિશે અનેકઈવધ પ્રકારના ધોરણો અને વ્યવસ્થાતંત્રો છે અને તે સર્વે લોકોના વર્તનને ઠીક ઠીક પ્રમાણમાં નિયંત્રિત કરે છે. આમ છતાં, જૂથે સ્વીકારેલાં ધોરણોને જૂથના સભ્યો માનીને ચાલે છે અને તેથી તેવાં ધોરણોથી દૂર જવાનું તેઓ ઉચિત માનતા નથી, આ બાબત પણ મહત્ત્વની છે.

### ૧૦.૨.૩ સામાજિક ધોરણોમાં વિસંવાદિતા (Discord in Social Norms) :-

સામાજિક ધોરણો એ મૂલ્યો પર આધારિત છે. એક સમગ્ર તરીકે સમાજ કે ચોક્કસ જૂથે સારું કે ઈચ્છનીય લેખ્યુ હોય તેવા પ્રમાણમાં ચોક્કસ નિયમોને સામાજિક ધોરણો સૂચવે છે. વિવિધ જૂથોમાં ધોરણોનું વૈવિધ્ય જોવા મળે છે અને ક્યારેક આવા ધોરણો એકબીજાથી વિરોધી સ્વરૂપના પણ હોય છે. જેમ કે, પરિવાર અને વ્યાપક પણે લોહીની સગાઈથી જોડાતાંનું જૂથ ઈચ્છે તે પ્રમાણે પ્રત્યેક સભ્યને એકબીજાની પ્રત્યેક રીતે મદદ કરવી જોઈએ. જો કોઈ સરકારી કે અન્ય તંત્રમા સત્તા પર હોય તો તેના સગાસબંધીને તે રોજગારી આપશે તેવી અપેક્ષા રખાય છે. પરંતુ, વ્યવસ્થાતંત્રના ધોરણો પ્રમાણે તેણે વધારે કાર્યકુશળ ઉમેદવારની પસંદગી કરવાની હોય છે. ધોરણોમાં રહેલી વિસંવાદિતા આ એક દૃષ્ટાંત જ છે. વિસંવાદિતા જુદાં- જુદાં જૂથોના ધોરણોમાં હોય છે એટલું જ નહિ; પરંતુ, એક જ જૂથના વિવિધ ધોરણો વચ્ચે પણ હોય છે. આવી અસંમતિઓનો ઉકેલ મૂલ્યોને ધ્યાનમાં રાખીને લાવવામાં આવે છે. મૂલ્યોને ધોરણો કરતાં વધારે ઊંચી કક્ષાના અને સામાન્યપણે સ્વીકૃત લેખવામાં આવે છે. તેથી અસંમતિઓ વચ્ચે મેળ બેસાડી શકાય છે. મૂલ્યો કેટલા સર્વમાન્ય અને મૂળભૂત છે તેના સંદર્ભમાં ધોરણોને ઊંચા કે નીચા ગણવામાં આવે છે.

કોઈ પણ સમાજમાં ધોરણો સૌને સમાન રીતે સ્વીકૃત હોઈ પણ શકે અને ન પણ હોઈ શકે, કારણ કે કેટલાક ધોરણો સમાજના અમુક સભ્યો કે સમૂહોને ફાયદાકારક હોય છે, જ્યારે તે ધોરણો અન્યોને નુકસાનકારક પણ હોઈ શકે. દા.ત. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓને મર્યાદામાં રાખતા નિયમો કે રિવાજ સ્ત્રીઓના વિકાસમાં બાધારૂપ સાબિત થાય છે, પરંતુ પુરુષો તેમાં સત્તાનો અનુભવ કરે છે.

---

**★ તમારી પ્રગતિ ચકાસો. (ક)**

---

૧. સામાજિક ધોરણોનો અર્થ આપો. આશરે ૫૦ શબ્દોમાં તમારો જવાબ લખો.

..................................................................

..................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

૨. સાચા જવાબ પર નિશાની કરો.

**(i)** સમાજના બધા જ ધોરણો લેખિત અને કાયદાબદ્ધ હોય છે.

હા ☐ ના ☐

**(ii)** કોઈ પણ સામાજિક સંરચનાના ટકવા માટે સામાજિક ધોરણો નિર્ણાયક બને છે.

હા ☐ ના ☐

**(iii)** "ધોરણો એ મનમાં અસ્તિત્ત્વ ધરાવતી એક અમૂર્ત ઢબ છે, જે વર્તન માટે અમુક સીમા બાંધી દે છે.''- આમ જહોન્સન જણાવે છે.

હા ☐ ના ☐

## **૧૦.૩ સામાજિક ધોરણોના લક્ષણો** (Characteristics of Social Norms) :-

સામાજિક ધોરણોના લક્ષણોની સ્પષ્ટ સમજ માટે ધોરણોની વિભાવના સાથે સંલગ્ન હોય તેવા શબ્દપ્રયોગો અને વિભાવનાઓ દ્વારા સામાજિક ધોરણોના લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય.

**૧) સુગ્રથિતતા અને સંઘર્ષ :-** સ્થિર અને સંતુલિત સમાજોમાં વિવિધ પ્રકારના સામાજિક ધોરણો હોવા છતાં, લગભગ તમામ લોકોએ સર્વસંમતિથી સ્વીકારેલાં મૂલ્યોથી આવા ધોરણો વ્યવસ્થિત અને એકીકૃત કરવામાં આવે છે. કોઈ પણ સમાજમાં બધા જ લોકો ધોરણોને સંપૂર્ણપણે અનુસરે તેવું ક્યારેય બનતું નથી; પરંતુ, સ્થિર પરંપરાગત સમાજોમાં પાયાના મૂલ્યો અને તેમના પાયામાં રહેલાં સામાજિક ધોરણોનું ઔચિત્ય વિશે ઊંચી માત્રામાં એકમતી પ્રવર્તતી હોય છે. છતાં, આવા સમાજોમાં પણ વિવિધ ધોરણો અને અથડામણનો સંપૂર્ણ અભાવ હોતો નથી.

આધુનિક સમાજોમાં અભૂતપૂર્વ સામાજિક વિભિન્નીકરણ અને સામાજિક પરિવર્તનનો ઝડપી દર રહેલો હોય છે. આવા સમાજોમાં પણ ધોરણો વચ્ચેની અથડામણો નવી પરાકાષ્ઠાએ પહોંચતી હોય છે. આવા સમાજોમાં ઉપજૂથો હોય છે અને તેમના ખાસ ધોરણો બૃહદ સામાજિક પ્રથાના ધોરણોનો ભંગ પણ કરતા હોય છે. જેમ કે, બૃહદ સમાજોમાં ગુનાહિત સાંસ્કૃતિક-ઉપસંસ્કૃતિઓ હોય છે. એવા સમાજોમાં સ્વીકૃત વર્તનથી ફંટાતા વર્તનને ગુનાઈતતાના ક્ષેત્રનું લેખવામાં ન પણ આવતું હોય. આને કારણે સ્વીકૃત સંસ્કૃતિથી ફંટાતી ઉપસંસ્કૃતિનું નિર્માણ થતું હોય છે. સામાજિક પરિવર્તનની બહુ ઝડપી ગતિ ધોરણ સંઘર્ષ અને ધોરણ ભંગ કે ધોરણ વિચલનને વધારનારી પણ બને છે. જ્યારે મૂલ્યો ઝડપથી બદલાતા હોય ત્યારે સાચું શું અને ખોટું શું તે વિશે નિર્ણય કરવો અઘરો બને છે. મૂલ્યો અને ધોરણની વિવિધ પ્રથાઓનું એક સાથે હોવું, ઝડપી સામાજિક પરિવર્તન સાથોસાથ મોટા પાયા પર વિવિધ સંસ્કૃતિઓ અને જુદી જુદી જાતિઓના જૂથો વચ્ચેના સંપર્કો આવા મૂલ્યો અને ધોરણો વચ્ચેના મેળની ચેતનાને નબળી પાડે છે. જ્યારે લોકો એક જ પ્રકારના મૂલ્યો અને ધોરણોને જાણે છે ત્યારે તેમને

ચુસ્તપણે વળગી રહેતા હોય છે. પરંતુ, જ્યારે તેઓ અનેકવિધ વૈકલ્પિક મૂલ્યો અને ધોરણોથી સભાન થાય છે ત્યારે તેઓ તેમના એક પણ મૂલ્ય કે ધોરણને પવિત્ર અને અનુલ્લંઘનીય લેખતા નથી.

**૨) ધોરણના ઉદ્દભવની રીતઃ-** સામાજિક ધોરણોનો ઉદ્દભવ એ કોઈ વ્યક્તિનું સર્જન નથી; પરંતુ, સમૂહજીવનનું સહિયારું સર્જન છે. પરિણામે સામાજિક ધોરણોને Group shared expectation તરીકે ઓળખવામાં આવ્યાં છે. બીજી રીતે કહીએ તો સામાજિક ધોરણોનો ઉદ્દભવ આંતરક્રિયામાંથી થાય છે. આમ સામાજિક ધોરણો સમૂહજીવનની પેદાશ છે. સમૂહજીવન આંતરક્રિયા દ્વારા શક્ય બને છે. આંતરક્રિયાની પ્રક્રિયામાં વ્યક્તિઓ વચ્ચે પારસ્પરિક વર્તનની અપેક્ષાઓ ઉદ્દભવે છે. વ્યક્તિઓ સામાન્ય રીતે આવી અપેક્ષાઓ અનુસાર વર્તન કરવા લાગે છે. આ અપેક્ષાઓ સમય જતાં ટેવનું સ્વરૂપ ધારણ કરે છે. આ પૈકી કેટલીક ટેવો જ્યારે સમૂહજીવનમાં યોગ્ય ગણાય છે અને અમુક ટેવો અયોગ્ય ગણાય છે ત્યારે સભ્યોની વર્તનની યોગ્ય ટેવોને સ્વીકૃતિ મળે છે, અયોગ્ય ટેવો ઉપર નિયંત્રણ મુકાય છે અને તે માટે નિયમો રચાય છે. આ નિયમો સમૂહજીવનમાં મોટાભાગના સભ્યો સ્વીકારે અને તેના પાલનનો આગ્રહ રાખે ત્યારે તે નિયમો સામાજિક ધોરણો બને છે. આમ, સામાજિક ધોરણોના ઉદ્દભવની પ્રક્રિયા જોઈએ તો તે આંતરક્રિયાની પેદાશ છે. એટલે કે તેનું સર્જન સમૂહ દ્વારા થયેલું છે. ધોરણોના ઉદ્દભવની પ્રક્રિયાને ટૂંકમાં આ રીતે દર્શાવી શકાયઃ

આંતરક્રિયા, ટેવો, મૂલ્યાંકન, નિયમો, સામાજિક ધોરણો.

**૩) ધોરણોનું વૈવિધ્ય :-** વિભિન્ન સમાજોમાં અને એક જ સમાજના જુદા જુદા સ્તરોમાં ધોરણોની વિવિધતાઓ જોવા મળે છે. સામાજિક ધોરણો સાર્વત્રિક હોવા છતાં તેમાં વૈવિધ્ય પણ જોવા મળે છે. રિવાજ, ફેશન, શિષ્ટાચાર, લોકરીતિ, લોકનીતિ, ધર્મના નિયમો, વિભિન્ન મંડળોના નિયમો, કાયદા વગેરે ધોરણો વિવિધલક્ષી છે. સામાન્ય વ્યવહારથી માંડીને વિશિષ્ટ પ્રસંગોને લગતા સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રને આવરી લેતા કોઈ ને કોઈ સ્વરૂપના સામાજિક ધોરણો હોય છે.

મેકાઇવર અને પેઇજ (૧૯૪૯ઃ ૨૦-૨૧)ના જણાવ્યા પ્રમાણે, માતા-પુત્ર વ્યભિચારના પ્રતિબંધ સિવાય સમાજમાં સાર્વત્રિક રીતે પ્રતિબંધિત હોય તેવું બહુ ઓછું વર્તન જોવા મળે છે. સાંસ્કૃતિક વ્યવહારોમાં બહુ મોટી ભિન્નતા જોવા મળે છે. કેટલાક સમાજોમાં અન્યને આદર આપવા માટે માથું ઢાંકતા લોકો જોવા મળે છે અને અન્યમાં માથું ખુલ્લું કરતાં જોવાં મળે છે. કેટલાક સમાજો તેમના જ જનસમુદાયમાં લગ્નને પ્રતિબંધિત કરતા હોય છે. કેટલાક પોતાના જનસમુદાયની બહાર થતા લગ્નને પ્રતિબંધિત કરતા હોય છે. કેટલાક સમાજોમાં પરણીતો માટે ચુસ્ત આચાર-સંહિતા હોય છે અને જે પરિણીત નથી તેમને તે લાગૂ પડતી નથી. જ્યારે કેટલાક સમાજોમાં જે પરિણીત નથી તેમના પર તેવી આચાર- સંહિતાનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે અને પરિણીતો માટે તેવું થતું નથી. આમ, એક સમાજમાંથી અન્ય સમાજમાં, એક સામાજિક જૂથમાંથી અન્ય સામાજિક જૂથમાં અસ્તિત્ત્વમાં હોય તેવી નિર્ણાયક ધોરણોમાં ઘણી મોટી વિભિન્નતાને આપણે જોઈએ છીએ.

**૪) વર્તનનો માપદંડઃ-** સામાજિક ધોરણો વર્તનના મૂલ્યાંકનના માપદંડ પૂરા પાડે છે. એટલે કે ધોરણો દ્વારા વ્યક્તિઓના વર્તનનું મૂલ્યાંકન થાય છે. ધોરણો કયું વર્તન યોગ્ય છે અને કયું વર્તન અયોગ્ય છે તે નક્કી કરે છે. સામાજિક ધોરણો મૂલ્યો ઉપર રચાયેલા હોય છે. આથી વ્યક્તિના વર્તનો, વિચારો, વાણી, લાગણીઓ તેમ જ બધા પ્રકારના સામાજિક વ્યવહારો ઉચિત કે અનુચિત, યોગ્ય છે કે અયોગ્ય અથવા ઈચ્છનીય છે કે અનિચ્છનીય તે પ્રવર્તમાન રિવાજ, કાનૂન, લોકરીતિ, લોકનીતિ

વગેરે ધોરણો વડે જ માપવામાં આવે છે. આમ સામાજિક ધોરણો વર્તનના મૂલ્યાંકનનો માપદંડ છે.

બીજું કે સામાજિક ધોરણોમાં વૈવિધ્ય રહેલું છે. આ વિવિધતાની સામે હજુ માનવજાતિ કેન્દ્રવાદ અસ્તિત્ત્વમાં આવ્યો નથી. વિભિન્ન સમાજોમાં ધોરણોની વિવિધતા રહેલી હોવાથી સાંસ્કૃતિક પશ્ચાદ ભૂમિકાના સંદર્ભમાં સામાજિક ઘટનાને જોવાની બાબત એટલું મહત્ત્વ આપવામાં આવતું નથી. આમ છતાં, પોતાનાં જ ધોરણો પ્રમાણે અન્ય પ્રજાઓને મૂલવવાનું વલણ રહેલું છે. આ ચોક્કસ સ્વરૂપનો માનવજાતિ કેન્દ્રવાદ છે. હાલના મોટાભાગના સામાજિક શાસ્ત્રો પોતે આવી ઊંડી પશ્ચિમી માનવજાતિ કેન્દ્રવાદની મનોદશાથી પીડાય છે.

**૫) ધોરણોનું સંસ્થીકરણઃ-** સંસ્થીકરણ સામાજિક ધોરણોનું મહત્ત્વનું લક્ષણ છે. સંસ્થીકરણ એટલે સામાજિક ધોરણોનો વિશાળ સ્વીકાર, તેનું આંતરીકરણ અને તેના પાલન માટે બદલો અને શિક્ષાની પદ્ધતિ.

★ સમાજના મોટાભાગના સભ્યોએ સામાજિક ધોરણોનો સ્વીકાર કરેલો હોય છે. જેમ કે લોકરીતિ, લોકનીતિ, રિવાજો, ફૅશન, કાયદા, પરંપરા વગેરે સામાજિક ધોરણો સમાજના મોટાભાગના સભ્યોએ સ્વીકારેલા હોય છે.

★ સમાજના મોટા ભાગના સભ્યો ધોરણોના ઉલ્લંઘનને ગંભીર રીતે જોતા હોય છે. દા.ત. અમુક રિવાજનું ગંભીરતાપૂર્વક પાલન કરવું ઉચિત મનાતું હોય છે અને તેનું ઉલ્લંઘન થાય તો વ્યક્તિ દુઃખની લાગણી અનુભવે છે. આને ધોરણોનું આંતરીકરણ કહેવાય. બીજી રીતે કહીએ તો, ધોરણો વ્યક્તિના મનમાં ઊંડા ઊતરી ગયા હોય છે અને તે વ્યક્તિના જીવનના ભાગરૂપ બની ગયા હોય છે.

★ સામાજિક ધોરણોનો અમલ થાય તે માટે બદલો અને શિક્ષાની પદ્ધતિ વિકસી હોય છે. એટલે કે સામાજિક ધોરણોને સમાજે માન્ય કર્યા હોય છે અને તેનું પાલન કરનારને બદલો કે પુરસ્કાર આપવામાં આવે છે અને ઉલ્લંઘન કરવા બદલ સજા કે દંડ કરવામાં આવે છે. આમ, બદલો અને સજા સામાજિક ધોરણોનું મહત્ત્વનું લક્ષણ છે.

**૬) વર્તન ઉપર ધોરણોની અસર :-** સામાજિક ધોરણો વ્યક્તિના વર્તન ઉપર અસર પાડવાની શક્તિ ધરાવે છે. ધોરણોના સંસ્થીકરણને લીધે તે વ્યક્તિના વર્તન ઉપર અસર ઉપજાવે છે. જહોન્સન કહે છે તેમ, " ધોરણ મનમાં અસ્તિત્ત્વ ધરાવતી અમૂર્ત ઢબ છે." લોકનીતિ, લોકરીતિ, રિવાજ, પરંપરા, ફેશન, શિષ્ટાચાર વગેરે સામાજિક ધોરણો વ્યક્તિના મનમાં આંતરીકૃત થયાં હોય છે. આથી ધોરણોની અસર માત્ર બાહ્ય વર્તન પૂરતી મર્યાદિત નહીં રહેતા વ્યક્તિના વિચારો, વર્તનો, માન્યતાઓ અને સંબંધો ઉપર થાય છે. આવી અસરો પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપની, સભાન કે અસભાન એમ કોઈ પણ સ્વરૂપે હોઈ શકે છે.

સામાજિક ધોરણો વ્યક્તિના વર્તન ઉપર અસર કરે છે તેનો અર્થ એવો નથી કે વ્યક્તિ આપોઆપ ધોરણ મુજબ વર્તન કરે છે. ડેવિસ નોંધે છે કે,"ધોરણોની સાથે 'ફરજ' નું તત્ત્વ રહેલું છે." એટલે કે અમુક પરિસ્થિતિમાં વ્યક્તિ અમુક રીતે જ વર્તી શકે તેમ ધોરણો દ્વારા સૂચિત થાય છે. અમુક રીતે જ વર્તવાનો વ્યક્તિ જો પ્રયત્ન કરે નહીં તો ધોરણ અપેક્ષિત વર્તન થતું નથી. વ્યક્તિનું વર્તન વગર પ્રયત્ને જો ધોરણોને અનુરૂપ થતું હોય તો તેમાં 'ફરજ'નું તત્ત્વ સામેલ હોતું નથી. જો વ્યક્તિના વર્તનો આપોઆપ જ ધોરણોને અનુરૂપ થતાં હોત તો ધોરણોની સાથે બદલો અને સજાની પદ્ધતિનો વિકાસ ન થયો હોત. આ બાબત પણ ધોરણોના આંતરીકરણ કે મનમાં અસ્તિત્ત્વ ધરાવતી અમૂર્ત ઢબનો નિર્દેશ કરે છે. આમ, ધોરણોની સાથે ફરજનું તત્ત્વ સંકળાયેલું છે તેનો અર્થ એ થયો કે, ધોરણોને અનુરૂપ વર્તન કરવા માટે વ્યક્તિએ

પ્રયત્ન કરવો પડે છે.

**★ તમારી પ્રગતિ ચકાસો (ખ).**

૧) ''સામાજિક ધોરણોનું વૈવિધ્ય જોવા મળે છે.'' — આ વિધાન ૫૦ શબ્દોમાં સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**૨) સાચા જવાબ પર નિશાની કરો.**

**(i)** જો લોકો તેમના સમાજના રૂઢિગત રિવાજોને ન અનુસરે તો તેમને પોલીસનો સામનો કરવો પડે છે.

હા ના

**(ii)** લગ્ન એક સંસ્થા છે અને તે મોટાભાગના સમાજોમાં જોવા મળે છે.

હા ના

**(iii)** રૂઢિગત રિવાજો અને સંસ્થાઓ સામાજિક ધોરણો છે તો પ્રચલિત રીતો (ફેશન) પણ સામાજિક ધોરણો છે.

હા ના

**(iv)** ધોરણોનું સંસ્થીકરણ એ સામાજિક ધોરણોનું લક્ષણ છે.

હા ના

## ૧૦.૪ સારાંશ

આ એકમમાં સામાજિક ધોરણોનો અર્થ અને લક્ષણોની જાણકારી મળી. સામાજિક માળખું (સંરચના) વ્યવસ્થિત સામાજિક વર્તનનું બનેલું હોઈને સામાજિક ધોરણો વિના તે ટકી શકે નહીં. જો લોકોના વર્તનને વિશાળ અને અનેકઈવધ આદેશાત્મક અને નિષેધાત્મક ધોરણોથી નિયંત્રિત કરવામાં ન આવે તો માનવસમાજ અકલ્પ્ય અંધાધૂંધીમાં જ ધકેલાઈ જાય. આમ, વિવિધ બાબતોની ચર્ચા કરવામાં આવી છે.

## ૧૦.૫ ચાવીરૂપ શબ્દો (Key Words):

**પ્રતિબંધાત્મક ધોરણો (Prohibitive Norms)** : વ્યક્તિને કશુંક કરતાં રોકે તેવું કોઈપણ ધોરણ. જેમ કે ભારતના કેટલાંક વિસ્તારોમાં જેઠને સ્પર્શ કરવાનો (સામાજિક) પ્રતિબંધ છે.

**દંડ (Penalties)** : કોઈપણ નિયમ કે ધોરણનો ભંગ કરનાર વ્યક્તિ કે વ્યક્તિઓ પર લાદવામાં આવતા ગેરલાભો.

**મૂળભૂત (Fundamental)** : કોઈપણ પ્રથા કે વ્યવસ્થાતંત્રનો પાયો કે

મહત્ત્વનો મુદ્દો રચે તેવી બાબત.

**સંસ્થીકરણ (Institutionalization)** : તે પ્રક્રિયા જેના અંતર્ગત રાજનૈતિક પરિવર્તન, આંદોલન અને શોધ સ્થિર અને સ્થાયી સંસ્થાઓમાં પરિણમે છે.

## ૧૦.૬ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો.

તમારી પ્રગતિ ચકાસો (ક)

૧. બસ્ટિડટ, જહોન્સન વગેરે વિદ્વાનોએ આપેલ વ્યાખ્યા લખી શકાય. (જુઓ ૧૦.૨ વિભાગ)

૨. **(i)** ના

**(ii)** હા

**(iii)** હા

તમારી પ્રગતિ ચકાસો (ખ)

૧. સામાજિક ધોરણોનું વૈવિધ્ય (જુઓ વિભાગ ૧૦.૩ નો ત્રીજો મુદ્દો)

૨. **(i)** ના

**(ii)** હા

**(iii)** હા

**(iv)** હા

## ૧૦.૭ સંદર્ભ સૂચિ

**Horton P.B. and Hunnt C.L. 1981. Sociology, Mc Graw Hill: London**

**Mac Iver. R.M and C. Page 1949 Society, Macmillan: New York.**

એકમ ૧૧

# ધોરણ અનુરૂપતા અને કારણો

## રૂપરેખા


૧૧.૦ ઉદ્દેશો

૧૧.૧ પ્રસ્તાવના

૧૧.૨ ધોરણ અનુરૂપતાનો અર્થ

૧૧.૩ ધોરણ અનુરૂપતાના કારણો

- ૧૧.૩.૧ સામાજિકરણ
- ૧૧.૩.૨ સિદ્ધાંતિકરણ
- ૧૧.૩.૩ આદતીકરણ
- ૧૧.૩.૪ જૂથ- તાદાત્મ્ય
- ૧૧.૩.૫ ઉપયોગિતા
- ૧૧.૩.૬ ધોરણોનો કોટિક્રમ
- ૧૧.૩.૭ પુરસ્કાર અને સજા
- ૧૧.૩.૮ વિચારસરણી
- ૧૧.૩.૯ સ્થાપિત હિતો

૧૧.૪ સારાંશ

૧૧.૫ ચાવીરૂપ શબ્દો

૧૧.૬ તમારી પ્રગતિ તપાસો

૧૧.૭ સંદર્ભ સૂચિ


## ૧૧.૦ ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે

- ધોરણ અનુરૂપતાનો અર્થ સમજી શકશો.
- ધોરણ અનુરૂપતાના વર્તનને સમજી શકશો.
- ધોરણ અનુરૂપતાના કારણોની સમજ પ્રાપ્ત થશે.

## ૧૧.૧ પ્રસ્તાવના

સમાજશાસ્ત્રની કેન્દ્રીય વિભાવનાના માળખામાં સામાજિક ધોરણ અનુરૂપતા એ મુખ્ય વિભાવના છે તેની સમજ પ્રાપ્ત કરીશું. ધોરણ અનુરૂપતાના અર્થ સાથે તેની મુખ્ય બાબતોની ચર્ચા કરી છે. ધોરણ અનુરૂપતાના કારણોની ચર્ચા કરવામાં આવી છે.

## ૧૧.૨ ધોરણ અનુરૂપતાનો અર્થ:- (Meaning of Social Conformity)

સામાજિક વ્યવસ્થામાં સભ્યોના વર્તન નક્કી કરતા વિવિધ પ્રકારના અને વિવિધ સ્વરૂપના ધોરણો હોય છે. સામાજિક વ્યવસ્થા તેના સભ્યોમાં સામાજિક ધોરણોનું આંતરીકરણ કરે છે. સામાજિકરણ અને સંસ્થીકરણ જેવી પ્રક્રિયાઓ દ્વારા સભ્યોમાં ધોરણો આંતરીકૃત થાય છે. સમાજના મોટા ભાગના સભ્યો મોટા ભાગના ધોરણોનું પોતાના વર્તનમાં પાલન કરતા કે અનુસરણ કરતા જોવા મળે છે. આ ઘટનાને સમાજશાસ્ત્રમાં સામાજિક ધોરણ- અનુરૂપતા તરીકે ઓળખાવી શકાય.

સમાજ કે જૂથના સભ્યો જ્યારે મરજિયાત રીતે કે ફરજિયાત રીતે સભાનપણે કે અસભાનપણે સામાજિક ધોરણો સાથે બંધબેસતું હોય એવું વર્તન કરે ત્યારે તે ઘટનાને સામાજિક ધોરણ અનુરૂપતા કહેવાય.

સામાજિક ધોરણ અનુરૂપતાના અર્થની સાથે બે મહત્વની બાબતો છે.

૧) ધોરણ- અનુરૂપતાનું પ્રમાણ- સમાજ કે જુથના બધા જ સભ્યો બધાં ધોરણોનુ સમાન રીતે અનુસરણ કરતા નથી. કેટલાંક ધોરણોનું વધારે પ્રમાણમાં અનુસરણ થતું હોય છે તો કેટલાંક ધોરણોનું ઓછા પ્રમાણમાં અનુસરણ થતું હોય છે. તે જ રીતે કેટલાક સભ્યો અમુક ધોરણ વધુ પ્રમાણમાં અનુસરતા હોય છે તો બીજા કેટલાક સભ્યો તે જ ધોરણને ઓછા પ્રમાણમાં અનુસરતા હોય છે. આમ ધોરણ અનુરૂપતા ધોરણદીઠ, વ્યક્તિદીઠ, જુથદીઠ અને સમુદાયદીઠ જુદાં- જુદાં પ્રમાણમાં કે ઓછા વત્તા પ્રમાણમાં જોવા મળે છે.

૨) ધોરણ- અનુરૂપતાનો ખ્યાલ સાપેક્ષ છે.- ડેવીસ નોંધે છે તેમ સમાજના બધાં જ ધોરણો બધા જ સભ્યોને સમાન રીતે લાગુ પડતાં નથી. એટલે કે વડીલો માટેના જે ધોરણો હોય છે તે જ ધોરણો બાળકો માટે હોતા નથી. આમ, ધોરણ- અનુરૂપતાનો ખ્યાલ વ્યક્તિના સામાજિક દરજ્જાના સંદર્ભમાં કરવાનો હોય છે.

### ★ તમારી પ્રગતિ ચકાસો. (ક)

**ખાલી જગ્યા પૂરો**

(i) ________ અને ________ જેવી પ્રક્રિયાઓ દ્વારા સભ્યોમાં ધોરણો આંતરીકૃત થાય છે.

(ii) સામાજિક ધોરણ અનુરૂપતાના અર્થ સાથે બે મહત્વની બાબતો ________ અને ________ છે.

## ૧૧.૩ ધોરણ અનુરૂપતાના કારણો (Causes of Social Conformity) :-

સમાજના વિવિધ ધોરણોનું પાલન કે અનુસરણ થતું હોવાની ઘટના આપણા રોજબરોજના પ્રત્યક્ષ અનુભવની છે. કેટલાંક ધોરણોને તો આપણે સાવ અસભાન રીતે, કોઇ વિચાર કર્યા વિના જ ટેવવશ થઈને અનુસરતા હોઈએ છીએ, જ્યારે કેટલાંક ધોરણો તેની ઉપયોગિતા જણાવાથી બુદ્ધિપૂર્વક અને વિચારપૂર્વક આપણે પાળીએ છીએ. આમ, સામજના સભ્યો સામાજિક ધોરણોનું અનુસરણ કરે છે તે માટે વિવિધ કારણો જવાબદાર હોય છે. સામાજિક ધોરણ અનુરૂપતાનાં કેટલાંક મહત્વના કારણો નીચે મુજબ દર્શાવી શકાય.

### ૧૧.૩.૧ સામાજિકરણ (Socialization) :-

સમાજમાં ધોરણોનું વ્યક્તિમાં આંતરીકરણ કરવાની પ્રક્રિયાને સામાજિકરણ તરીકે ઓળખવામાં આવે છે. સામાજિકરણના પરિણામે સામાજિક ધોરણો વ્યક્તિના ભાગરૂપે બની જાય છે. બાળકને તેનું કુટુંબ, મિત્રજૂથો, શાળાઓ વગેરે સમાજના એકમો સમાજના ધોરણો શીખવે છે. સામાજિક ધોરણોના અનુસરણની તાલીમ શક્તિને તેના બાલ્યકાળથી જ મળતી હોવાથી બાળક ધીમે ધીમે ધોરણ અનુરૂપ વર્તન કરતાં શીખે છે. ધોરણોનું અનુસરણ જરૂરી હોવાનું તે સ્વીકારે છે. ટૂંકમાં કહીએ તો સામાજિકરણની પ્રક્રિયા એટલે વ્યક્તિને ધોરણ અનુરૂપ વર્તન કરવાનું શીખવતી પ્રક્રિયા. સમાજની વ્યવસ્થાને ટકાવી રાખવા માટે સામાજિકરણ પ્રત્યેક સમાજનું આવશ્યક સામાજિક કાર્ય છે. સામાજિકરણ સમાજમાં ધોરણ અનુરૂપ વર્તનો સર્જે છે.

### ૧૧.૩.૨ સિદ્ધાંતિકરણ (Indoctrination) :-

સિદ્ધાંતિકરણની પ્રક્રિયા સામાજિકરણ સાથે સંકળાયેલી છે. સામાજિકરણની પ્રક્રિયાને કારણે ધોરણો વ્યક્તિના વ્યક્તિત્વ સાથે વણાઇ ગયા છે. વ્યક્તિત્વમાં ધોરણોનું આંતરીકરણ કરવાની પ્રક્રિયાને સિદ્ધાંતિકરણ કહેવામાં આવે છે. આમ, સિદ્ધાંતિકરણ એવી પ્રક્રિયા છે જેમાં ધોરણો વ્યક્તિના મહત્વના ભાગરૂપ બની જાય છે. માતા- પિતા, વડીલો, મિત્રો, શિક્ષકો, નેતાઓ વગેરે સામાજિકરણના જુદા જુદા એજન્ટો વ્યક્તિમાં ધોરણોનું આંતરીકરણ કરે છે. સૂચનો, માર્ગદર્શન, દબાણ, ધમકી, શિક્ષણ, ઉપદેશ, સલાહ વગેરે દ્વારા બાલ્યકાળથી જ ધોરણો મુજબ વર્તન કરવાનું શીખવવામાં આવે છે. આમ, બાલ્યકાળથી જ ધોરણોનું આંતરીકરણ- સિદ્ધાંતિકરણ થતાં ધોરણ અનુરૂપ વર્તનો સર્જાય છે.

### ૧૧.૩.૩ આદતીકરણ (Habituation):-

આદતીકરણ એ સિદ્ધાંતિકરણની પૂરક પ્રક્રિયા છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો આદતીકરણ એ સિદ્ધાંતિકરણનું પરિણામ છે. ધોરણો વ્યક્તિના જીવનમાં માનસિક રીતે ઊંડા ઊતરવાની પ્રક્રિયા આંતરીકરણ સૂચવે છે, જ્યારે આદતીકરણ એ વ્યક્તિના બાહ્ય વર્તનમાં ધોરણોની અભિવ્યક્તિ છે. ધોરણોનું આંતરીકરણ થતાં વ્યક્તિ ધોરણને અનુરૂપ વર્તન કરવા લાગે છે અને ધીમે ધીમે આવું ધોરણ અનુરૂપ વર્તન એક ટેવ તરીકે વિકસે છે. આમ, ધોરણ અનુરૂપ વર્તનની ટેવ કે આદત પડવાની પ્રક્રિયાને આદતીકરણ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે બાળક ખાતા શીખે એટલે જમણા હાથે ખાવાનું ધોરણ તેનામાં આંતરીકૃત કરવામાં આવે છે. આ બાબત તેને વારંવાર કહેવામાં, સમજાવવામાં આવે છે. ડાબા હાથે ખાય ત્યારે ટોકવામાં આવે છે. આ રીતે ધીમે ધીમે બાળક જમણા હાથે જ ખાવાની આદત વિકસાવે છે અને આવી આદત વિકસ્યા પછી વ્યક્તિ સહજ અને સ્વાભાવિક રીતે જ જમણા હાથે ખાય છે. તે જ પ્રમાણે લખવાની બાબતમાં, વાહન ચલાવવાની બાબતમાં, પ્રાર્થના કરતા સમયે મૌન રહેવાની બાબતમાં અનેક ધોરણો આદતને વશ થઈને જ પાળતા હોઇએ છીએ. ટૂંકમાં કહીએ તો બાલ્યકાળથી જ વ્યક્તિમાં વર્તનની ટેવો પાડવાની પ્રક્રિયાને આદતીકરણ કહેવામાં આવે છે. એક વખત ટેવ પડ્યા પછી આપોઆપ આપણે તે ટેવ મુજબ વર્તન કરવા લાગીએ છીએ. આથી જ આપણે કેટલાંક સામાજિક ધોરણોથી સભાન ન હોવા છતાં તેનું સહજ રીતે અનુસરણ કર્યા કરતા હોઇએ છીએ. સિદ્ધાંતિકરણ અને આદતીકરણની પ્રક્રિયાઓના કારણે ધોરણો આપણને લાદેલાં, આપણા ઉપર ઠોકી બેસાડેલાં લાગતા નથી, પણ આપણને આપણા વ્યક્તિત્વના જ એક ભાગરૂપ લાગે છે. ડેવીસ કહે છે તેમ "They are more personal than habit, deeper than

consciousness"

### ૧૧.૩.૪ જૂથ- તાદાત્મ્ય – (Group identification):-

વ્યક્તિ પોતાના જૂથ સાથે એકતા વ્યક્ત કરવા માટે, જૂથ તરફ તાદાત્મ્ય વ્યક્ત કરવા માટે પોતાના જૂથના ધોરણોનું અનુસરણ કરે છે. આપણે આપણી જ્ઞાતિ તરફ તાદાત્મ્ય વ્યક્ત કરવા માટે જ્ઞાતિના ઘણા રિવાજો પાળતા હોઇએ છીએ. જૈન ધર્મના એક જૂથના લોકો દેરાસરમાં જઈને કેસર- સુખડનો ચાંલ્લો કરીને પોતાના જૂથ પ્રત્યેનું તાદાત્મ્ય વ્યક્ત કરે છે. દરેક જૂથ પોતાના સભ્યોમાં પોતાના ધોરણોનું સિદ્ધાંતિકરણ અને આદતીકરણ કરે છે અને તેના પરિણામે વ્યક્તિ પોતાની વફાદારી, જૂથ પ્રત્યેની નિકટતા, એકતા, મારાપણું કે તાદાત્મ્ય વ્યક્ત કરવા માટે પોતાના જૂથના ધોરણોને અનુરૂપ વર્તન કરે છે.

### ૧૧.૩.૫ ઉપયોગિતા (Utility) :-

કેટલાંક સામાજિક ધોરણો એવાં હોય છે કે જેનું આપણામાં સિદ્ધાંતિકરણ કે આદતીકરણ થયેલું હોતું નથી. તેમ છતાં તેની ઉપયોગિતા જણાવાથી આપણે તેનું અનુકરણ કરતા રહીએ છીએ. કાયદો, નિયમો, ફેશનો વગેરે વિવિધ પ્રકારના ધોરણો નવાં- નવાં સર્જાયે જ જાય છે. આથી બધાં ધોરણોનું સિદ્ધાંતિકરણ અને આદતીકરણ શક્ય હોતું નથી, પણ આવાં ધોરણો વ્યક્તિને પોતાના સામાજિક અને વ્યક્તિગત જીવનમાં ઉપયોગી જણાવાથી તેનું અનુસરણ કરે છે. આવું અનુસરણ વિચારપૂર્વકનું, સભાનપૂર્વક હોય છે. વાહનવ્યવહાર ના નિયમો આપણે તેની ઉપયોગિતાને કારણે અનુસરીએ છીએ. આપણે જાણીએ છીએ કે અકસ્માતથી બચવા માટે તેનું અનુસરણ જરૂરી છે. તે જ રીતે લાઇનમાં ઉભા રહેવાની ઉપયોગિતા સમજીને જ આપણે ટિકિટ મેળવવા કે રેશન મેળવવા લાઇનમાં ઊભા રહેતા હોઇએ છીએ. આવાં ધોરણો આપણને આપણી જરૂરિયાત સંતોષવામાં, આપણા ધ્યેયને પ્રાપ્ત કરવામાં ઉપયોગી જણાય છે. કેટલાક ધોરણો વ્યક્તિના સ્થાપિત હિતોનું રક્ષણ કરતા હોવાથી તેવી વ્યક્તિઓ તેનું અનુસરણ કરે છે. આમ, ધોરણોની ઉપયોગિતા ધોરણ અનુરૂપ વર્તન કરવા માટેનું એક અગત્યનું કારણ છે.

### ૧૧.૩.૬ ધોરણોનો કોટિક્રમ(Hierarchy of norms):-

સમાજમાં સામાજિક દરજ્જાઓનો કોટિક્રમ હોય છે. આ કોટિક્રમમાં વ્યક્તિ જે સ્થાન કે દરજ્જો ધરાવતી હોય છે તે સ્થાન કે દરજ્જો જાળવી રાખવા માટે અને તે સ્થાન ઉપરથી ઉપરના સ્થાનમાં જવા માટે પોતાના સ્થાનને અનુરૂપ ધોરણોનું અનુસરણ કરે છે. જેમ કે પોલીસ કોન્સ્ટેબલના પદ ઉપરથી પોલીસ ઇન્સ્પેક્ટરના સ્થાને જવા ઇચ્છતો પોલીસમેન પોતાની ભૂમિકાને લગતાં ધોરણો અનુસરવામાં ખૂબ કાળજી રાખતો હોય છે.

એટલે કે સામાજિક દરજ્જાના કોટિક્રમમાં ઉપરના સ્થાને જવાની સ્વાભાવિક ઇચ્છા ધોરણ અનુરૂપ વર્તનો સર્જે છે. કોટિક્રમમાં પોતાનું વર્તમાન સ્થાન જાળવી રાખવા માટે પણ ધોરણ અનુરૂપતા જરૂરી ગણવામાં આવે છે. પોલીસમેન, શિક્ષક, કારકૂન, પ્રધાન પોતાના સ્થાનને લગતાં ધોરણોનું અનુસરણ કરવામાં સતત નિષ્ફળ જાય તો તેમને તેમનું વર્તમાન સ્થાન ગુમાવવાનો પણ વારો આવે છે.

આ રીતે સમાજમાં ધોરણોનો પણ કોટિક્રમ હોય છે. સમાજમાં કેટલાંક ધોરણો

વધુ મહત્વના ગણાતા હોય છે તો કેટલાંક ધોરણો ઓછા મહત્વના હોય છે. આમ, ધોરણોના ઓછા વત્તા મહત્વ વિશેની વ્યક્તિની સમજણ તેને વધુ મહત્વના ધોરણ અનુસરણ તરફ દોરી જાય છે. જેમ કે, પિતાની આજ્ઞા સંતાને માનવી એ એક સામાજિક ધોરણ છે. પણ પિતા જો તેના સંતાનને ચોરી કરવાનું કહે તો જે ધોરણ વધારે મહત્વનું લાગે તે મુજબ વર્તશે. આમ, ધોરણોનું ઓછુવત્તું મહત્વ, તેનો કોટિક્રમ ધોરણ અનુરૂપતા સર્જવામાં ફાળો આપે છે.

## ૧૧.૩.૭ પુરસ્કાર અને સજા (Reward and Punishment):-

વ્યક્તિ ધોરણને અનુરૂપ વર્તન કરે તો તેને માન, પ્રતિષ્ઠા આપવામાં આવે, તેની પ્રશંસા કરવામાં આવે, તેનું બહુમાન કરવામાં આવે, પ્રમાણપત્ર, માનચંદ કે ઇલકાબો આપવામાં આવે. વિવિધ રીતે વ્યક્તિને ધોરણ અનુરૂપતાનો પુરસ્કાર કે બદલો અપાય છે. શિક્ષક પોતાની ભૂમિકાના ધોરણોનું સારી રીતે અનુસરણ કરે તો તેને વિદ્યાર્થીઓમાં અને સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. લશ્કરના માણસને ઇલકાબ મળે છે, ધર્મ અને નીતિના ધોરણો પાળનાર માણસને લોકો સદાચારી કે નીતિવાન કહીને તેને માન આપે છે. આમ, વિવિધ રીતે પુરસ્કાર કે બદલાની પદ્ધતિ ધોરણ અનુરૂપતાને પ્રોત્સાહન આપે છે. આનાથી વિરુદ્ધ, ધોરણભંગ વર્તન થતું અટકાવવા માટે ધોરણો સાથે સજા પદ્ધતિ કે શિક્ષા પદ્ધતિ પણ વિકસેલી હોય છે. લગ્ન સુધી જાતીય પવિત્રતા જાળવવાના ધોરણોનો ભંગ કરનારને સમાજમાં અપકીતિ મળે, જ્ઞાતિના રિવાજના ભંગ કરનાર સાથે જ્ઞાતિજનો સંબંધો તોડી નાખે, વર્ગમાં તોફાન કરનાર વિદ્યાર્થીને શિક્ષક ઠપકો આપે વગેરે ધોરણભંગ વર્તનો માટે કરવામાં આવતી શિક્ષા કે સજાના ઉદાહરણો છે. આમ, શિક્ષા પદ્ધતિનો હેતુ ધોરણ- ભંગ વર્તનને અટકાવીને ધોરણ- અનુરૂપતા ઊભી કરવાની હોય છે.

## ૧૧.૩.૮ વિચારસરણી (Ideology):-

દરેક જૂથ અને દરેક સમાજની વિચારસરણી ધોરણ અનુરૂપતામાં ફાળો આપે છે. જહોનસન નોંધે છે કે, જૂથમાં સભ્યોની સ્વૈચ્છિક ભાગીદારી અને જૂથના ધોરણોને અનુરૂપ રહીને થતું વર્તન અમુક અંશે વિશાળ સમાજમાં જૂથના સ્થાન અંગે તેમજ જૂથના કાર્યો અંગે જૂથના સભ્યો જે વિચારો ધરાવે છે તેને આભારી છે. વિચારસરણી બે રીતે સંસ્થીકૃત થયેલાં ધોરણો સાથે સંકળાયેલી છે. એક તો એ કે સમાજના વિશાળ મૂલ્યો અમુક અંશે સામાજિક ધોરણોમાં અભિવ્યક્ત થતાં હોય છે અને વિચારસરણી આવા મૂલ્યો ઉપર ભાર મૂકે છે. બીજુ એ કે, સામાજિક સંસ્થાઓ જૂથના આદર્શો કે મૂલ્યોને વાસ્તવમાં કેટલે અંશે પરિપૂર્ણ કરે છે તે હકીકત વિચારસરણીમાં વ્યક્ત થાય છે. આથી વિચારસરણી પ્રવર્તમાન વ્યવસ્થામાં વ્યક્તિની શ્રદ્ધાને મજબૂત બનાવે છે. અને તેથી સમાજના કે જૂથના સભ્યોને ધોરણ અનુરૂપ વર્તન કરવાની પ્રેરણા મળે છે. જહોનસન કહે છે તેમ આ રીતે વિચારસરણી સામાજિક ધોરણોને બૌદ્ધિક ટેકો પૂરો પાડે છે.

## ૧૧.૩.૯ સ્થાપિત હિતો (Vested Interests):-

ફક્ત આદર્શવાદી હેતુઓ અને સજાપદ્ધતિ એ બે ના કારણે જ ધોરણોનું પાલન થાય છે એમ નથી. ધોરણોના અનુસરણની ઘટનામાં સ્થાપિત હિતો પણ મહત્વનો ભાગ ભજવે છે. હક્કો અને ફરજો સામાજિક ધોરણો દ્વારા નક્કી થાય છે. ઘણા હક્કો

એવા હોય છે કે જેના દ્વારા જૂથના અમુક સભ્યોના લાભને ગર્ભિત રીતે રક્ષણ મળે છે અને જૂથના અન્ય સભ્યો આવા લાભમાંથી બાકાત રહે છે. જૂથના જે સભ્યોના લાભને ધોરણો વડે રક્ષણ મળે છે તેવા સભ્યો ધોરણોથી સંતુષ્ઠ હોય છે અને આવા ધોરણોનું તેઓ રક્ષણ કરે છે. આમ, જૂથના જે સભ્યોને સમાજમાન્ય ધોરણોના કારણે લાભ મળે છે તે સભ્યો સ્થાપિત હિતો બને છે. આવું સ્થાપિત હિત ધરાવતા સભ્યો પોતે તો જૂથના ધોરણોનું અનુકરણ કરે છે જ પણ અન્ય સભ્યોએ પણ તે ધોરણોનું અનુસરણ કરવું જોઇએ એવો આગ્રહ સેવે છે. આમ, સ્થાપિત હિતો ધોરણ અનુરૂપતાનું કારણ બને છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો (ખ)

૧. ધોરણ અનુરૂપતાના લક્ષણોમાંથી ‘‘વિચારસરણી’’ ની પાંચ લીટીમાં સમજૂતી આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**૨. સાચા જવાબ પર નિશાની કરો.**

**(i)** આદતીકરણ એ સિદ્ધાંતિકરણની પુરક પ્રક્રિયા છે.

હા ના

**(ii)** સામાજિકરણની પ્રક્રિયાના કારણે ધોરણો વ્યક્તિના વ્યક્તિત્વ સાથે વણાઇ જાય છે.

હા ના

**(iii)** કોટિક્રમમાં પોતાનું વર્તમાન સ્થાન જાળવી રાખવા માટે પણ ધોરણ અનુરૂપતા જરૂરી ગણવામાં આવે છે.

હા ના

**(iv)** લગ્ન સુધી જાતીય પવિત્રતા જાળવવાના ધોરણનો ભંગ કરનારને સમાજ માં અપકીતિ મળે છે.

હા ના

**(v)** દરેક જૂથ પોતાના સભ્યોમાં પોતાના ધોરણોનું સિદ્ધાંતિકરણ અને આદતીકરણ કરે છે.

હા ના

## ૧૧.૪ સારાંશ

આ એકમમાં સામાજિક ધોરણ અનુરૂપતાનો અર્થ અને તેના કારણોની જાણકારી મળી. વ્યક્તિ માત્ર સજાના ભયથી પ્રેરાઇને જ ધોરણોનું અનુસરણ કરતી નથી. સજાપદ્ધતિ એક નકારાત્મક પરિબળ છે, જ્યારે સિદ્ધાંતિકરણ, આદતીકરણ અને જુથ-તાદાત્મ્ય જેવાં પરિબળો ધોરણ અનુરૂપતાના સર્જતા એવા વિધાયક પરિબળો છે કે જેને પરિણામે વ્યક્તિને, ધોરણો લાદેલાં નિયંત્રણો સમાન લાગતા નથી પણ સહજ રીતે જ વ્યક્તિ ધોરણોનું અનુસરણ કરે છે.

## ૧૧.૫ ચાવીરૂપ શબ્દો (Key Words)

**જૂથ** (Group): જ્યારે વ્યક્તિઓના સમૂહમાં પારસ્પરિક સામાજિક સંબંધ અને સરખાપણાનું ભાન હોય છે ત્યારે તે સામાજિક જૂથ બને છે.

**વિચારસરણી** (Ideology): યુક્તિઓ અને માન્યતાઓનો એવો વ્યવસ્થિત વૈચારિક અનુબંધ છે જેનો ઉપયોગ કોઇ વર્તમાન અથવા ઉપયુક્ત સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થાના ઔચિત્યને સ્થાપિત કરવા માટે કરવામાં આવે છે.

**સમાજ** (Society): મેકાઈવરના મત મુજબ વ્યક્તિઓ વચ્ચેના સામાજિક સંબંધોનું માળખું એટલે સમાજ.

**સામાજિક દરજ્જો** (Social Status): સમાજમાં માનવી જુદા જુદા સમૂહોનું સભ્યપદ ધરાવતો હોય છે. એના સમૂહની સામાજિક, સાંસ્કૃતિક વ્યવસ્થામાં વ્યક્તિને જે નિશ્ચિત સ્થાન મળે છે તેને સામાજિક દરજ્જો કહેવામાં આવે છે.

## ૧૧.૬ તમારી પ્રગતિ તપાસોના જવાબો

તમારી પ્રગતિ ચકાસો (ક)

૧. ધોરણ અનુરૂપતા એટલે સમાજ કે જૂથના સભ્યો જ્યારે મરજિયાત રીતે કે ફરજિયાત રીતે સભાનપણે કે અસભાનપણે સામાજિક ધોરણો સાથે બંધબેસતું હોય એવું વર્તન કરે ત્યારે તે ઘટનાને સામાજિક ધોરણ અનુરૂપતા કહેવાય.

૨. ખાલી જગ્યાના જવાબ.

 ૧. સામાજિકરણ અને સંસ્થીકરણ

 ૨. ધોરણ અનુરૂપતાનું પ્રમાણ અને ધોરણ અનુરૂપતાનો ખ્યાલ આપે છે.

તમારી પ્રગતિ ચકાસો (ખ)

૧. દરેક જૂથ અને દરેક સમાજની વિચારસરણી ધોરણ અનુરૂપતામાં ફાળો આપે છે. જહોનસન નોંધે છે કે, જૂથમાં સભ્યોની સ્વૈચ્છિક ભાગીદારી અને જૂથના ધોરણોને અનુરૂપ રહીને થતું વર્તન અમુક અંશે વિશાળ સમાજમાં જૂથના સ્થાન અંગે તેમજ જૂથના કાર્યો અંગે જૂથના સભ્યો જે વિચારો ધરાવે છે તેને આભારી છે.

૨. **(i)** હા

**(ii)** હા

**(iii)** હા

**(iv)** હા

**(v)** હા

## ૧૧.૭ સંદર્ભ સૂચિ

- Mac Iven, R.M. and C. Page 1949 Society, Macmillan: New York
- Horten P.B. and Hunnt C.C. 1981 Sociology, McGraw- Hill: London

એકમ ૧૨

## સામાજિક જૂથનો અર્થ અને લક્ષણો (Meaning and Characterstics of Social Group)

### રૂપરેખા


૧૨.૦ ઉદ્દેશ્યો
૧૨.૧ પ્રસ્તાવના
૧૨.૨ સામાજિક જૂથની પરિભાષાઓ
૧૨.૩ સામૂહિક જીવનના મુખ્ય લક્ષણો
૧૨.૪ સામાજિક જૂથોનું વર્ગીકરણ
૧૨.૫ સારાંશ
૧૨.૬ તમારી પ્રગતિ તપાસો
૧૨.૬.૧ મોટા પ્રશ્નો
૧૨.૬.૨ ટૂંકા પ્રશ્નો
૧૨.૬.૩ ખાલી જગ્યા પૂરો.
૧૨.૭ સંદર્ભ સૂચિ


### ૧૨.૦ ઉદ્દેશ્યો

આ એકમ વાંચ્યા પછી તમે નીચે પ્રમાણે કરી શકશો.

- સામાજિક જૂથ વિશે સમજી શકશો.
- સામાજિક જૂથની પરિભાષાઓ જાણી શકશો.
- સામૂહિક જીવનના લક્ષણો તપાસી શકશો.
- સામાજિક જૂથોનું વર્ગીકરણ જાણી શકશો.

### ૧૨.૧ પ્રસ્તાવના :

વ્યક્તિનું જીવન સાચા અર્થમાં સામૂહિક જીવન છે. આપણામાંની દરેક વ્યક્તિ કોઈને કોઈ જૂથનો સભ્ય જરૂર હોય છે. એનું કારણ એ છે કે આજના જટિલ સમાજમાં કોઈપણ વ્યક્તિ કેટલાક જૂથોનો સભ્ય થયા વિના પોતાની જરૂરિયાતો પૂરી કરી શકતો નથી. વિવિધ ક્ષેત્રોમાં આ જરૂરિયાતો પૂરી કરનારા જૂથોની સંખ્યા એટલી વધુ છે કે સરળતાથી તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. અહીં એ બાબત ધ્યાનમાં રાખવાની છે કે

જૂથ શબ્દ કોઈ વ્યવસ્થાને સૂચિત કરતું નથી. એ કેટલીક વ્યક્તિઓનું સંકુલ છે અને એની સંખ્યાની સીમા હોય છે. જૂથમાં સામેલ અથવા તેમાં જોડાયેલી દરેક વ્યક્તિ એકબીજા સાથે ઘનિષ્ઠતાનો અનુભવ કરે છે. આને જૂથની સૌથી અગત્યની વિશેષતા માનવામાં આવે છે. બીજા જૂથોથી અલગતા જાળવી રાખવા માટે જૂથ કેટલાક ખાસ પ્રકારના પ્રતીકો વિકસાવે છે. આ બાબતને આધારે કહી શકાય છે કે સામાજિક જૂથ એક પ્રકારનું સંગઠન છે, જેના સભ્યો એકબીજાને ઓળખતા હોય છે અને વ્યક્તિગત રીતે તેઓ એકબીજા સાથે પોતાની એકરૂપતા સ્થાપિત કરે છે જેમાં કુટુંબ, સામાજિક વર્ગ, વિભિન્ન પ્રજાતિઓ, ધાર્મિક અને વ્યાવસાયિક વર્ગ, વિભિન્ન શારીરિક અથવા માનસિક યોગ્યતાવાળા વ્યક્તિ વગેરેને સામેલ કરી શકાય છે.

સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં સામાજિક જૂથોનો વિશેષ મહત્વ છે. આપણી વિભિન્ન આવશ્યકતાઓને પૂરી કરવા માટે દરેક વ્યક્તિ કેટલાક જૂથોનો સભ્ય હોય છે. આમાંથી દરેક વ્યક્તિ એક કુટુંબ, પડોશ, ગામ કે શહેરનો સભ્ય છે. વ્યવસાયને આધારે આપણામાંના ઘણા મજૂર, ક્લાર્ક, અધ્યાપક, લેખક, કલાકાર, ડૉક્ટર, એન્જિનિયર કે વ્યાપારી જૂથના સભ્ય છે. ઉંમરને આધારે આપણે બાળ, પ્રૌઢ કે વૃદ્ધોના જૂથોના સભ્ય હોઈએ છીએ, લિંગના આધારે આપણે સ્ત્રી કે પુરુષ જૂથના સભ્ય હોઈએ છીએ. આ પ્રકારના જૂથોને આધારે વ્યક્તિનું ઘડતર થાય છે. કોઈપણ વ્યક્તિ જે એક સમાન પુસ્તક વાંચે છે, સમાચાર પત્ર ખરીદે છે, એક વર્ષ વર્ગખંડમાં અભ્યાસ કરે છે અથવા એક ધર્મમાં વિશ્વાસ ધરાવે છે તેઓ બધા એક જૂથના સભ્ય કહેવાય. એક ધ્વજને વંદન કરનારા, એક જ પ્રજાતિથી પોતાની ઉત્પત્તિ કહેનારા અને એક જ શ્રેણીના આયકર ચૂકવતા વ્યક્તિઓ એક જૂથના કહેવાશે. ગુનેગાર, વ્યવસાયિકો, ચિત્રકારો, સંગીતકાર, શિક્ષક અને કવિ — બધા એક જૂથનુ ગઠન કરે છે. દરેક જૂથ વિશે આપણી મનોવૃત્તિઓ જુદી જુદી હોય છે. કેટલાક જૂથોને આપણે સમગ્ર રીતે પોતાના માનીએ છીએ તો કેટલાક જૂથોનું સભ્યપદ કેટલાક ખાસ ઉદ્દેશ્યો પૂરા કરવા માટે ગ્રહણ કરીએ છીએ. આ જૂથોનું સ્વરૂપ જેવું પણ હોય, દરેક જૂથ વ્યક્તિનું સમાજીકરણ કરે છે અને વિભિન્ન ક્ષેત્રોમાં વ્યક્તિને પોતાના સમાજના મૂલ્યો અને તેના પ્રત્યે બીજા લોકોની અપેક્ષાઓથી પરિચિત કરાવે છે. બધા સામાજિક જૂથો વ્યક્તિને સામાજિક ક્રિયાઓમાં ભાગ લેવા માટે પ્રેરણા આપે છે. સફળતા અને અસફળતા વચ્ચે અનુકૂલન સાધવાનું શિખવાડે છે, આગાહી કરવાની ક્ષમતા પ્રદાન કરે છે, વ્યક્તિને જીવન પ્રત્યે આશાવાદી બનાવે છે અને વ્યવહાર-કુશળતાનો ગુણ પ્રદાન કરે છે.

## ૧૨.૨ સામાજિક જૂથની પરિભાષાઓ :

સમાજશાસ્ત્રીઓએ સામાજિક જૂથની ઘણીબધી પરિભાષાઓ આપી છે. દૃષ્ટિકોણમાં ભેદ હોવા છતાં આ પરિભાષાઓમાં સામાજિક જૂથની કેટલીક વિશેષતાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. સામાજિક જૂથની પરિભાષાઓની ટીકાત્મક ચર્ચા કરતાં વધુ સ્પષ્ટતા થશે કે જૂથ શું છે ? સામાજિક જૂથની આ પરિભાષાઓમાં મુખ્ય પરિભાષાઓ આ પ્રમાણે છે.

આર.એમ. વિલિયમ્સના મતે, ''એક સામાજિક જૂથ પરસ્પર સંબંધિત ભૂમિકાઓ નિભાવતા લોકોનું પોતાના અને બીજાથી એક પરસ્પર ક્રિયાના એકમ સ્વરૂપે મનાતું જૂથ છે.'' આમ, સામાજિક જૂથ કેટલાક ચોક્કસ લોકોનું સમુદાય છે. આ લોકોની ભૂમિકાઓ એકબીજાથી સંબંધિત હોય છે. આ સમુદાયને જૂથના બધા લોકો એક એકમ માને છે, જેમાં સભ્યો વચ્ચે પરસ્પર વ્યવહાર થતો રહે છે. જૂથની બહારના લોકો પણ તેના વિશે આવું જ માને છે.

ઓગ્બર્ન અને નિમકોફ, ''જ્યારે કોઈ બે કે બેથી વધુ વ્યક્તિઓ ભેગા મળે છે અને એકબીજા પર પ્રભાવ પાડે છે ત્યારે તેઓ એક જૂથનું ગઠન કરતા હોય તેવું કહી શકીએ છીએ''. સામાજિક જૂથની આ પરિભાષા વધુ સરળ છે, એમાંથી એનો ચોક્કસ ખ્યાલ આવે છે કે લોકોના કોઈપણ સંગ્રહને જૂથ ત્યારે જ માની શકાય છે જ્યારે તેઓ એકબીજા પર પ્રભાવ પાડતા હોય એટલે કે જ્યારે તેઓ એકબીજા પ્રત્યે સભાન (Awareness) હોય.

મૈકાઈવરના મતે, ''જૂથથી આપણો ખ્યાલ સામાજિક પ્રાણિઓના કોઈપણ એવા સંગ્રહથી છે જે એકબીજાની સાથે વિશેષ સામાજિક સંબંધ સ્થાપિત કરતા હોય.'' આ પરિભાષાથી એ સ્પષ્ટ થાય છે કે જૂથના સભ્યોનો એકબીજાની સાથે સામાજિક સંબંધ (Social Relationship) હોવો આવશ્યક છે.

ગિલિન અને ગિલિનના મતે, ''સામાજિક જૂથના ઉદ્‌ભવ માટે એવી પરિસ્થિતિઓનું હોવું જરૂરી છે જેમાં સંબંધિત વ્યક્તિઓ વચ્ચે અર્થપૂર્ણ સ્વરૂપની અને લાંબાગાળાની ક્રિયા થઈ શકે અને જેમાં સામાજિક હિતો પ્રત્યે બધા ધ્યાન કેન્દ્રિત કરી શકે અને કેટલાક સામાન્ય ચાલકો, પ્રેરકો અને આવેગોનો વિકાસ થઈ શકે.'' સામાજિક જૂથની આ પરિભાષામાં જૂથના સભ્યો વચ્ચે પરસ્પર ઉત્તેજના અને પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયા (આંતરક્રિયા)ને જરૂરી માનવામાં આવ્યા છે. જૂથમાં કેટલાક સામાન્ય ધ્યેયો, ચાલકો, હિતો, આવેગ, પ્રેરકો હોય છે.

એડવર્ડ સાપિરના મતે, ''કોઈ જૂથનું ગઠન એ તથ્યને આધારે થાય છે કે દરેકનું કોઈને કોઈ હિત છે જે જૂથના સભ્યોને પરસ્પર બાંધી રાખી છે'', સભ્યોમાં સામાન્ય હિત (Common Interest) પણ હોવા જોઈએ જેથી તેઓ એકબીજા સાથે બંધાઈને રહે.

એલરિજ અને મૈરિલના મતે, ''સામાજિક જૂથની પરિભાષા એવા બે કે વધુ વ્યક્તિ તરીકે કરી શકાય છે કે જેમની વચ્ચે કેટલાક ચોક્કસ ગાળા કે સમયથી સંદેશા વ્યવહાર છે અને જે કોઈ સામાન્ય ક્રિયા કે હેતુ પ્રમાણે કાર્ય કરે છે.'' આ પરિભાષા પ્રમાણે જૂથનો સામાન્ય હેતુની સાથે સાથે ચોક્કસ સમયગાળા પૂરતું સંચાર પણ જરૂરી છે.

બોગાર્ડસના મતે, ''એક સામાજિક જૂથ બે કે તેથી વધુ વ્યક્તિઓની એવી સંખ્યાને કહે છે જેમની વચ્ચે ધ્યાનના કેટલાક સામાન્ય વિષયો હોય, જેઓ એકબીજાને પ્રેરણા પૂરી પાડતા હોય, જેઓમાં સામાન્ય વિશ્વાસ હોય, જેઓ કોઈપણ ક્રિયામાં સહભાગી થતા હોય.''

જૂથની પરિભાષાઓની આ ચર્ચા પરથી એ સ્પષ્ટ થઈ ગયું હશે કે, ''સામાજિક જૂથ લોકોના એવા સંકલનને કહે છે કે જે એક એકમની સમાન છે અને જેના સભ્યોમાં પરસ્પર સામાજિક સંબંધ અને સામાજિક આંતરક્રિયા, સભાનતાની સાથે સાથે કેટલાક સામાન્ય ઉદ્દેશ્યો, હિતો, ઉત્તેજકો, સામાન્ય પ્રેરકો હોય છે.''

આ બધાને કારણે સામાજિક જૂથના સભ્યો એકબીજાને પ્રભાવિત કરે છે અને પરસ્પર જોડાયેલા રહે છે.

## ૧૨.૩ સામૂહિક જીવનના મુખ્ય લક્ષણો :

જૂથ જીવનની વિશેષતાઓ નક્કી કરવાનું કામ અઘરું છે. તેમ છતાં, સામુહિક જીવનની કેટલીક વિશેષતાઓનો ઉલ્લેખ કરી શકાય છે. જે આ પ્રમાણે છે –

### ૧૨.૩.૧ જૂથના સભ્યોમાં પરસ્પર સંબંધ હોય છે.

લોકોના કોઈ જૂથ માત્રને જૂથ માની શકાય નહીં. જૂથના સભ્યો વચ્ચે પરસ્પર સંબંધ હોવો જોઈએ. ખરેખર તો, આ સામાજિક સંબંધને જ જૂથ કહેવાય. ક્યૂબરે લખ્યું છે કે, ''જૂથ કોઈપણ સંખ્યાના લોકોના પારસ્પરિક સંબંધને કહે છે.'' મૈકાઈવર વગેરે અન્ય સમાજશાસ્ત્રીઓ બધા પ્રકારના સામાજિક સંબંધોને જૂથની અનિવાર્ય વિશેષતા માને છે.

### ૧૨.૩.૨ જૂથમાં એકતાની ભાવના હોય છે.

કૂલેના મતે દરેક જૂથમાં એકતાની ભાવના હોવી જરૂરી છે. આથી જૂથના લોકો એકબીજાને પોતાના સમજે છે અને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે.

### ૧૨.૩.૩ જૂથના સભ્યોમાં પરસ્પર સહકારની ભાવના હોય છે.

અમે ભાવ (We-feeling) ના કારણે જૂથના સભ્યો એકબીજા સાથે દરેક કામમાં સહકાર દાખવે છે, જૂથોને નુકસાન કરનારા પરિબળો સામે સાથે મળી સંઘર્ષ કરે છે. જૂથથી બહારના લોકોને પારકાં સમજે છે અને જૂથને સુખી અને સમૃધ્ધ બનાવવા માટે સતત પ્રયત્ન કરે છે.

### ૧૨.૩.૪ જૂથના સભ્યોમાં સ્વાર્થ, ધોરણો અને મૂલ્યો બાબતે સમાનતા હોય છે.

સ્માલ (Small) લખ્યું છે કે જૂથ એવા થોડા કે વધુ વ્યક્તિઓને કહેવાય કે જેમનામાં એવા પ્રકારના સંબંધો હોય છે કે તેઓ એકસમાન લાગે. એ માટે જૂથના સભ્યોમાં કેટલાક સમાન ધોરણો, સમાન મૂલ્યો, સમાન હિતોનું હોવું ખૂબ જરૂરી છે આ બધાના કારણે જૂથમાં એકતા જળવાય છે અને વ્યક્તિગત રીતે બધા એકબીજાથી ભિન્ન હોવા છતાં બધા સભ્યો પરસ્પર સંગઠિત રહે છે.

### ૧૨.૩.૫ જૂથના સભ્યોના વ્યવહારમાં સમાનતા હોય છે.

ધોરણો, મૂલ્યો અને હિતોમાં સમાનતા હોવાને લીધે જૂથના સભ્યોના વર્તન વ્યવહારમાં સમાનતા જોવા મળે છે. જનેનિકી (Znaniecki) એ લખ્યું છે કે જૂથ માત્ર વ્યક્તિઓનું સમૂહ નથી હોતું, પરંતુ તે જૂથના સભ્યોના વર્તન-વ્યવહારનો સમન્વય હોય છે.

### ૧૨.૩.૬ સભ્યોની આંતરક્રિયા પર જૂથનું નિયંત્રણ :

સામૂહિક જીવનમાં વર્તન વ્યવહારની સમાનતાનું મુખ્ય કારણ સભ્યોની ક્રિયા અને આંતરક્રિયા પર જૂથનું નિયંત્રણ છે. દરેક જૂથમાં કેટલીક પ્રથાઓ, પરંપરાઓ અને રીતો સામાન્ય હોય છે અને જૂથના દરેક સભ્યોએ તેનું પાલન કરવું પડે છે. આ બાબતોનું ઉલ્લંઘન કરતા સભ્યોને જૂથ સજા કરે છે. આ રીતે સામૂહિક નિયમોનું બધા સભ્યોએ પાલન કરવું પડે છે. આમ કોઈને કોઈ પ્રકારના નિયમો વિના સામૂહિક જીવન અશક્ય છે.

**૧૨.૩.૭ જૂથના સભ્યો પર જૂથની વિશેષતાઓનો પ્રભાવ હોય છે.**

દરેક જૂથની પોતાની કેટલીક વિશેષતાઓ હોય છે. જે તેમને બીજા જૂથોથી જુદાં પાડે છે. જૂથની આ વિશેષતાઓનો જૂથના દરેક સભ્ય પર પ્રભાવ હોય છે. આ પ્રભાવ બધા સભ્યો પર જૂદો જૂદો પડે છે તેમ છતાં બધા પર જૂથની છાપ રહે છે.

સામૂહિક જીવનની ઉપરોક્ત વિશેષતાઓને કુટુંબ જૂથના ઉદાહરણ દ્વારા સારી રીતે સમજી શકાય છે. કુટુંબના સભ્યોમાં પતિ-પત્ની, પિતા-પુત્ર, ભાઈ-બહેન વગેરે વચ્ચે પરસ્પર સંબંધ હોય છે અને એ બધા મળીને કુટુંબના હિતો માટે કામ કરે છે. બધા સભ્યો એકબીજાને પોતાના સમજે છે અને તેમની પ્રવૃત્તિઓમાં કેટલાંક અંતર હોવા છતાં તેમના માટે કેટલાક ધોરણો અને મૂલ્યો સમાન હોય છે. સામાન્ય હિતોના કારણે જે કુટુંબ એકમ તરીકે કામ કરે છે. સભ્યો પર કુટુંબનું નિયંત્રણ રહે છે. કુટુંબના નિયમોનું પાલન ન કરનારને કુટુંબ દ્વારા ઠપકો મળે છે અને બહારના લોકો દ્વારા પણ ફિટકાર મળે છે. કુટુંબના દરેક સભ્ય પર કુટુંબની વિશેષતાઓની છાપ રહે છે. એટલે સુધી કે વ્યક્તિના અમુક વ્યવહારને જોઈ એવું અનુમાન કાઢવામાં આવે છે કે અમુક વ્યક્તિ અમુક પ્રકારના કુટુંબમાં જ ઉછરી હશે. સામૂહિક જીવનની આ વિશેષતાઓ આ પ્રકારના અન્ય જૂથોમાં પણ જોવા મળે છે. આમ સામાજિક જૂથનો આધાર સામાજિક સંબંધો હોય છે તેથી ઉદાહરણ તરીકે કુટુંબ એક સામાજિક જૂથ છે.

**૧૨.૩.૮ સમાન મૂલ્યો :-**

દરેક જૂથના કેટલાક ચોક્કસ સમાન મૂલ્યો હોય છે જે તેને અન્ય જૂથોથી જુદા પાડે છે અને તેના સભ્યોને એકતાથી જકડી રાખે છે. આમ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, શુદ્રો અને વૈશ્યોના સામાજિક મૂલ્યોમાં અંતર જોઈ શકાય છે. જાતિ પંચાયતો આ સામાજિક મૂલ્યોનું રક્ષણ કરે છે અને એનું ઉલ્લંઘન કરનારનો જાતિમાંથી બહિષ્કાર કરવામાં આવે છે. એમની સાથે વ્યવહાર, સગાઈ-લગ્ન વગેરે બંધ કરી દેવામાં આવે છે. ઉદાહરણ તરીકે કુટુંબના સભ્યોના સામાજિક મૂલ્યો સમાન હોય છે જે પરંપરાગત રીતે ચાલતા રહે છે અને તે સભ્યોના વર્તન વ્યવહાર પર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આથી સામાજિક જૂથોમાં સભ્યો સામાન્ય મૂલ્યો દ્વારા બંધાયેલા રહે છે.

**૧૨.૩.૯ પરસ્પર ફરજો :-**

સામાન્ય મૂલ્યોની સાથે સાથે સામાજિક જૂથના સભ્યો પરસ્પરની ફરજોથી બંધાયેલા રહે છે. કુટુંબ એનું સુંદર ઉદાહરણ છે - કુટુંબમાં માતા-પિતા અને બાળકો, મોટાભાઈઓ અને નાના ભાઈઓ, ભાઈ-બહેનો, પતિ-પત્ની વગેરે સભ્યોની એકબીજા પ્રત્યે પૂરક ફરજો હોય છે. બાળકો માતા-પિતાની આજ્ઞાનું પાલન કરે છે અને તેમની અપેક્ષાઓ અનુરૂપ બનવાના પ્રયત્નો કરે છે. પતિ-પત્ની પરસ્પર પ્રેમભર્યો વર્તન વ્યવહાર કરે છે. પતિ, પત્નીની આવશ્યકતાઓની પૂર્તિ કરે છે અને પત્ની પતિની આજ્ઞા માને છે અને બધા કાર્યોમાં તેને સાથ સહકાર આપે છે. આ રીતે કુટુંબના સભ્યો પરસ્પર ફરજોનું પાલન કરે છે.

**૧૨.૩.૧૦ પરસ્પર અપેક્ષાઓ :-**

સામાજિક જૂથમાં સભ્યો એકબીજાથી સહકાર, પ્રેમ અને સહાનુભૂતિની અપેક્ષા રાખે છે. કુટુંબમાં પત્નીથી પતિને પ્રેમની અને પતિથી પત્નીને પ્રેમની અપેક્ષા હોય છે જ્યારે એ આશા નિરાશામાં તબદીલ થાય છે ત્યારે પારિવારિક સંબંધો તૂટે છે અને

છૂટાછેડાની નોબત આવી જાય છે. એવી જ રીતે માતા-પિતા તેમની સંતાનોથી આશા રાખે છે કે તે તેમની આજ્ઞાઓનું પાલન કરશે. બીજી તરફ સંતાનોને માતા-પિતાથી મમતા અને સહાનુભૂતિની અને જીવનમાં આગળ વધવામાં સહકારની અપેક્ષા હોય છે. આ અપેક્ષાઓ પૂરી ન થતાં કૌટુંબિક વિઘટન શરૂ થાય છે કુટુંબ જ નહીં, પાડોશીઓ પણ કેટલીક અપેક્ષાઓના બંધનમાં બંધાઈ રહે છે. આમ લોકોના બધા જૂથોમાં સભ્યો એકબીજાથી અનેક અપેક્ષાઓ રાખે છે. જ્ઞાતિ અને બિરાદરીના લોકો, સગા-સંબંધીઓ વગેરે સુખ-દુઃખમાં ન મળે તો કેવી જ્ઞાતિ અને કેવા સગા ? બધાને એવી આશા હોય છે કે તેમના ત્યાં દુઃખ-સુખમાં જ્ઞાતિના લોકો હાજરી આપશે અને જ્યાર સુધી આવું થાય છે ત્યાર સુધી જ્ઞાતિનું સંગઠન જળવાઈ રહે છે. જે શાળામાં શિષ્ય-ગુરુની આજ્ઞા ન માને અને ગુરુ-શિષ્યનું જ્ઞાન વૃદ્ધિમાં સહકાર ન આપે તો તે શાળા કેટલા દિવસ ચાલશે ? આથી સામાજિક જૂથો ત્યાર સુધી રહે છે જ્યાર સુધી તેના સભ્યો પરસ્પર અપેક્ષાઓ પૂર્ણ કરતા રહે છે.

આ ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે, ''સામાજિક જૂથ સામાન્ય મૂલ્યો, પરસ્પર ફરજો અને અપેક્ષાઓ દ્વારા જળવાઈ રહે છે.''

## **૧૨.૪ સામાજિક જૂથોનું વર્ગીકરણ** (Classification of Social Groups) :

સમાજશાસ્ત્રીઓએ સામાજિક જૂથોનું વર્ગીકરણ જુદી જુદી રીતે આપ્યું છે. જૂથોના આ વર્ગીકરણનો મુખ્ય આધાર કાર્ય (Functions), ક્ષેત્ર, સ્થિરતા વગેરે છે. જાર્જ સિમેલ, વૉન વિજે અને બેકરે સંખ્યાના આધારે, ટોનીજે સામાજિક આંતરક્રિયાના ગુણના આધારે, લૉવી અને મેલીનોવસ્કીએ ઉંમર, જાતિ, જાદુ અને અન્ય લક્ષણોના આધારે અને મોનિયરે લોહીના સંબંધ, સ્થાન અને ક્રિયાના આધારે જૂથોનું વર્ગીકરણ કર્યું છે. લોહીના સંબંધો અને શારીરિક વિશેષતાઓના આધારે પણ જૂથોનું વર્ગીકરણ કર્યું છે. તેવી જ રીતે આકાર, સમયગાળો અને ઇચ્છાને આધારે પણ સામાજિક જૂથોનું વર્ગીકરણ કરવામાં આવે છે.

– મેકાઈવર અને પેજે સામાજિક રચનાને આધારે જૂથના ત્રણ પ્રકારોની ચર્ચા કરી છે. (૧) ક્ષેત્રિય જૂથ, (૨) ચોક્કસ સંગઠનવાળા જૂથ અને (૩) હિતો પ્રત્યે જાગૃત જૂથ.

– જર્મન સમાજશાસ્ત્રી સિમેલ આકાર (Size)ને જૂથના વર્ગીકરણનો આધાર માને છે. જોકે વ્યક્તિ પોતાની સામાજિક સ્થિતિઓની સાથે સમાજશાસ્ત્રનો મૂળભૂત એકમ છે. આથી સિમેલે સભ્યપદને આધારે જૂથના ત્રણ પ્રકારો જણાવ્યા છે – એકલ સમૂહ (Monaid), દ્વિ સમૂહ (Dyad) અને ત્રિ સમૂહ (Triad).

– ફિચર દ્વારા આપવામાં આવેલું વર્ગીકરણ – ફિચરના મતે દરેક સમાજમાં વિભિન્ન પ્રકારના કાર્યો થાય છે. આ કાર્યો સમાજને સારી રીતે ચાલુ રાખવામાં સહાયક હોય છે અને સમાજના અસ્તિત્વને પણ ટકાવી રાખે છે. એને આગળ એમ પણ કહ્યું છે કે ભિન્ન-ભિન્ન પ્રકારના કાર્યો ભિન્ન-ભિન્ન જૂથો કરે છે. કોઈપણ સમાજમાં મૂળભૂત રીતે પાંચ પ્રકારના કાર્યો કરવામાં આવે છે જેને પાંચ પ્રકારના જૂથો પૂરા કરે છે.

(૧) **કુટુંબ સમૂહ –** કુટુંબ આપણા સમાજનો મહત્વનો સમૂહ છે. વ્યક્તિ પોતાના જન્મ પછી પોતાને કુટુંબમાં જુએ છે અને અહીં જ તે સામાજિક જીવનની પ્રથમ શિક્ષા ગ્રહણ કરે છે. આ રીતે આપણને જોવા મળે છે કે કુટુંબ યૌન, પ્રજનન અને બાળકોના પાલન-પોષણ સંબંધિત આવશ્યકતાઓની પૂર્તિ કરે છે. પત્ની અને બાળકોની, એક

આવાસ નીચે રહેતા વ્યક્તિઓની ભાવનાત્મક આવશ્યકતાઓની પૂર્તિ થાય છે.

(૨) **શૈક્ષણિક સમૂહ –** દરેક સમાજની એક આવશ્યકતા એ પણ હોય છે કે તે આવનારી પેઢીને સમાજની સંસ્કૃતિ અને આવશ્યકતાઓનો પરિચય કરાવે. આ કાર્યો પૂર્ણ કરવા માટે સમાજમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ હોય છે. શાળા, કોલેજ વગેરે આવા સમૂહોના ઉદાહરણ છે. વિવિધ આદિવાસી સમાજોમાં જોવા મળતા યુવાગૃહો પણ આના ઉદાહરણ છે.

(૩) **રાજકીય સમૂહ –** સમાજની જાળવણી કરવા માટે કાયદો અને વ્યવસ્થાની જરૂર પડે છે. આ માટે આપણને અનેક જૂથો પર આધારિત રહેવું પડે છે. રાજકીય પક્ષ, પોલીસ, ન્યાયાલય વગેરે આવા સમૂહોના ઉદાહરણ છે. આદિવાસી વિસ્તારોમાં જોવા મળતી પંચાયતી વ્યવસ્થાને પણ રાજકીય જૂથનું ઉદાહરણ માની શકાય છે.

(૪) **ધાર્મિક સમૂહ –** પ્રારંભિક કાળથી આજ સુધી પ્રત્યેક સમાજમાં ધર્મ કોઈ ને કોઈ સ્વરૂપે ચોક્કસ જોવા મળે છે. વર્તમાન યુગને ભૌતિકવાદી દૃષ્ટિકોણ સાથે સાંકળવામાં આવે છે. તેમ છતાં ધર્મ આપણા સમાજનો એક મુખ્ય આધાર છે. ધર્મ એક માધ્યમ છે. જેની દ્વારા વ્યક્તિ પોતાને આધ્યાત્મિકતા સાથે જોડે છે અને ધર્મના તાબા હેઠળ તેને નિરાશા વખતે પણ આશાનું કિરણ દેખાય છે. વિવિધ પ્રકારના ધાર્મિક સંપ્રદાયો આવા સમૂહોના ઉદાહરણ છે.

(૫) **મનોરંજન સમૂહ –** દરરોજનો આપણો મોટાભાગનો સમય વિભિન્ન પ્રકારના કાર્યો કરવામાં પસાર થાય છે. જે ક્યારેક ક્યારેક કંટાળાજનક બની જાય છે. આવી સ્થિતિમાં વ્યક્તિને ઇચ્છા થાય છે કે તે થોડોક સમય મનોરંજન કાર્યોમાં પસાર કરે.

નાટક-નૃત્ય, ભવઈ વગેરે મંડળિયો અને સિનેમા વગેરે આવા સમૂહોના ઉદાહરણ છે.

- હ્વાઈટ સૈંડરસને રચનાને આધારે જૂથોને ત્રણ શ્રેણીમાં વિભાજિત કર્યા છે. તેને જૂથોને અસ્વૈચ્છિક (Involuntary), સ્વૈચ્છિક (voluntary) અને પ્રતિનિધિ (deligate)માં વિભાજિત કર્યા છે. અસ્વૈચ્છિક જૂથ સગપણ સંબંધો (keenship) પર આધારિત છે, ઉદાહરણ : કુટુંબ. વ્યક્તિ પોતાની ઇચ્છાથી કુટુંબની પસંદગી કરતો નથી. તે કુટુંબમાં જન્મે છે. સ્વૈચ્છિક જૂથ એ હોય છે જેમાં વ્યક્તિ પોતાની ઇચ્છાથી જોડાય છે. તે પોતાની ઇચ્છાથી એનું સભ્યપદ મેળવે છે અને જ્યારે એની ઇચ્છા થાય તે એનું સભ્યપદ છોડી શકે છે. પ્રતિનિધિ જૂથમાં વ્યક્તિ કેટલાક લોકોનાં પ્રતિનિધિ તરીકે સામેલ થાય છે. ઉદાહરણ : સંસદ એક પ્રતિનિધિ જૂથ છે.

- ટોનીજે જૂથોને સમુદાયો અને મંડળોમાં વર્ગીકૃત કર્યા છે. તેઓ તેને ગેમિનશાફ્ટ (સમુદાયો) અને ગેસેલશાફ્ટ (મંડળો) કહે છે. ગેમિનશાફ્ટ પ્રાથમિક જૂથની જેમ છે અને ગેસેલશાફ્ટ ગૌણ જૂથની સમાન છે.

- સી.એચ - કૂલે સંપર્કના પ્રકારોને આધારે જૂથોને પ્રાથમિક (Primary) અને ગૌણ (Secondary)માં વિભાજિત કર્યા છે. પ્રાથમિક જૂથમાં મોઢામોઢના અને ઘનિષ્ઠ સંબંધો હોય છે. ઉદાહરણ : કુટુંબ. ગૌણ જૂથમાં સંબંધો ગૌણ અથવા અવૈયક્તિક હોય છે. ઉદાહરણ : રાજ્ય અથવા રાજકીય પક્ષ.

- સમનરે જૂથોને અંતઃસમૂહ (In-group) અને બાહ્યસમૂહ (Out-group)

માં વર્ગીકૃત કર્યા છે એવા જૂથો જેની સાથે વ્યક્તિ તાદાતમ્ય સ્થાપિત કરે છે, તેને અંતઃસમૂહ કહે છે. તેનું કુટુંબ, જ્ઞાતિ, જાતિ, કૉલેજ, વ્યવસાય, ધર્મ વગેરે એવા સમૂહ છે જેના વિશે તે સમાનતાનો ભાવ ધરાવે છે. આ જૂથમાં અમેની ભાવના હોય છે. અંતઃસમૂહમાં સમૂહના બીજા સભ્યો પ્રત્યે સહાનુભૂતિની ભાવના હોય છે. બાહ્યસમૂહની વ્યાખ્યા અંતઃસમૂહનાં સંબંધોને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. સામાન્ય રીતે એને અમે અને તમે દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે. પ્રત્યેક જૂથને એ ખબર હોય છે કે તેઓ અમારી સાથે નથી. અમે લોકતંત્રીય છીએ, તેઓ સામ્યવાદી છે, અમે હિંદુ છીએ, તેઓ મુસલમાન છે, અમે બ્રાહ્મણ છીએ, તેઓ હરિજન છે. એવો દૃષ્ટિકોણ સ્પષ્ટ હોય છે કે, ‘આ મારા લોકો છે, તે મારા લોકો નથી.’ અંતઃસમૂહના સભ્યોમાં એકબીજા પ્રત્યે સંલગ્નતાનો ભાવ જન્મે છે જ્યારે બાહ્યજૂથના સભ્યો પ્રત્યે વિમુખતા અને શત્રુતાની ભાવના ઉત્પન્ન કરે છે.

## ૧૨.૫ સારાંશ :

વ્યક્તિનું જીવન સાચા અર્થમાં સામૂહિક જીવન છે. સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં સામાજિક જૂથોનો વિશેષ મહત્ત્વ છે. દરેક પ્રકારનું જૂથ વ્યક્તિનું સમાજીકરણ કરે છે. તે વ્યક્તિને પોતાના સમાજના મૂલ્યો અને તેના પ્રત્યે બીજા લોકોની અપેક્ષાઓથી પરિચિત કરાવે છે. બધા સામાજિક જૂથો વ્યક્તિને સામાજિક ક્રિયાઓમાં ભાગ લેવા માટે પ્રેરણા આપે છે. તે વ્યક્તિને સફળતા અને અસફળતા વચ્ચે અનુકૂલન સાધવાનું શિખવાડે છે. વ્યક્તિને જીવન પ્રત્યે આશાવાદી બનાવે છે. વધુમાં, આ એકમમાં સામૂહિક જીવનના લક્ષણોને ઉદાહરણ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સાથેસાથે સામાજિક જૂથોનું વર્ગીકરણ પણ સમજાવ્યું છે.

## ૧૨.૬ તમારી પ્રગતિ તપાસો

### ૧૨.૬.૧ મોટા પ્રશ્નો

૧. સામાજિક જૂથની પરિભાષાઓ સ્પષ્ટ કરો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

૨. સામૂહિક જીવનના લક્ષણો ઉદાહરણો સહિત સમજાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

**૧૨.૬.૨ ટૂંકા પ્રશ્નો**

૧. સામાજિક જૂથ

..............................................................
..............................................................
..............................................................
..............................................................

૨. સામાજિક જૂથોનું વર્ગીકરણ

..............................................................
..............................................................
..............................................................
..............................................................

**૧૨.૬.૩ ખાલી જગ્યા પૂરો.**

૧. વ્યક્તિનું જીવન સાચા અર્થમાં ............... છે.
(સામાજિક જીવન, સામૂહિક જીવન, નાગરિક જીવન)

૨. જૂથ વ્યક્તિનું ............... કરે છે.
(સમાજીકરણ, પશ્ચિમીકરણ, સ્થાનીયકરણ)

૩. જૂથના સભ્યોમાં પરસ્પર............... હોય છે.
(સમાજ, સંબંધ, વ્યવસ્થા)

૪. ............... એ સામાજિક રચનાને આધારે જૂથના પ્રકારો દર્શાવ્યા છે.
(ફિચર, સિમેલ, મેકાઈવર અને પેજ)

૫. ............... એ જૂથોને સમુદાયો અને મંડળોમાં વર્ગીકૃત કર્યા છે.
(ટોનીજ, સેંડરસન, ફિચર)

૬. ............... સંપર્કના પ્રકારોને આધારે જૂથોને પ્રાથમિક અને ગૌણમાં વિભાજિત કર્યા છે.
(સિમેલ, ટોનીજ, સી.એચ.કૂલે)

૭. ...............જૂથોને અંતઃસમૂહ અને બાહ્ય સમૂહમાં વર્ગીકૃત કર્યા છે.
(સેંડરસન, સમનર, સી.એચ.કૂલે)

## ૧૨.૭ સંદર્ભ સૂચિ

(૧) શર્મા, રામનાથ અને શર્મા રાજેન્દ્ર (૧૯૯૫), 'समाजशास्त्र के सिद्धांत' એટલાન્ટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.

(૨) શાહ એ.જી. અને દવે જે.કે., (૧૯૯૭), 'સમાજશાસ્ત્ર પરિચય', અનડા પ્રકાશન, અમદાવાદ.

એકમ ૧૩

# સામાજિક જૂથના પ્રકારો
## (Types of Social Groups)

રૂપરેખા


૧૩.૦ ઉદ્દેશ્યો
૧૩.૧ પ્રસ્તાવના
૧૩.૨ પ્રાથમિક જૂથ
૧૩.૨.૧ પ્રાથમિક જૂથની વિશેષતાઓ
૧૩.૨.૨ પ્રાથમિક જૂથોનું મહત્ત્વ
૧૩.૨.૩ પ્રાથમિક જૂથના કાર્યો
૧૩.૨.૪ પ્રાથમિક જૂથોના વિકાર્યો
૧૩.૨.૫ પ્રાથમિક સમૂહોના ઉદાહરણો
૧૩.૨.૬ પ્રાથમિક જૂથના વિચારકો
૧૩.૩ ગૌણ અથવા દ્વિતીયક જૂથ
૧૩.૩.૧ દ્વિતીયક અથવા ગૌણ જૂથની પરિભાષાઓ
૧૩.૩.૨ દ્વિતીયક જૂથની વિશેષતાઓ
૧૩.૩.૩ દ્વિતીયક જૂથોનું મહત્ત્વ
૧૩.૩.૪ ગૌણ જૂથને કારણે પેદા થનારી સમસ્યાઓ
૧૩.૩.૫ દ્વિતીયક જૂથોનું વર્ગીકરણ
૧૩.૪ પ્રાથમિક અને ગૌણ જૂથોમાં અંતર (તફાવત)
૧૩.૫ સંદર્ભ જૂથ
૧૩.૬ સારાંશ
૧૩.૭ તમારી પ્રગતિ ચકાસો
૧૩.૭.૧ મોટા પ્રશ્નો
૧૩.૭.૨ ટૂંકા પ્રશ્નો
૧૩.૭.૩ ખરાં-ખોટાં વિધાનો જણાવો
૧૩.૮ સંદર્ભ સૂચિ

## ૧૩.૦ ઉદ્દેશ્યો

આ એકમમાં તમે નીચેની બાબતો જાણશો, સમજશો અને તપાસી શકશો.

- પ્રાથમિક જૂથોની વિશેષતાઓ, મહત્ત્વ, કાર્યો અને વિકાર્યો
- ગૌણ અથવા દ્વિતીયક જૂથની પરિભાષાઓ, વિશેષતાઓ અને મહત્ત્વ
- પ્રાથમિક અને ગૌણ જૂથોમાં અંતર
- સંદર્ભ જૂથનો અર્થ અને વિશેષતાઓ

## ૧૩.૧ પ્રસ્તાવના

સામૂહિક જૂથોની સંખ્યા એટલી વધુ છે કે બધાનો ઉલ્લેખ કરવો પણ મુશ્કેલ છે. એક જ આધારે જૂથોની સંખ્યા સૌથી વધુ છે. સગવડ માટે વિદ્વાનોએ વિભિન્ન આધારો પર બનેલા કેટલાક મુખ્ય જૂથોનો ઉલ્લેખ કર્યો છે. જો જૂથોનું સામાન્ય વર્ગીકરણ કરીએ તો કાર્યોના આધારે તેમણે સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, રાજકીય એવા જૂથોમાં વિભાજિત કરી શકાય છે. જૂથની સ્થિરતાના આધારે જૂથોને સ્થાયી અને અસ્થાયી બે ભાગોમાં વહેંચી શકાય છે. જો આપણે જૂથના સભ્યોના પારસ્પરિક સંબંધોને મહત્ત્વ આપીએ તો બધા જૂથોને પ્રાથમિક અને ગૌણ બે શ્રેણીઓમાં વિભાજિત કરી શકાય છે.

સી. એચ. કૂલેએ જૂથોને પ્રાથમિક (primary) અને ગૌણ અથવા દ્વિતીયક (secondary)માં વિભાજિત કર્યા છે. જો કે કૂલેએ ગૌણ જૂથ શબ્દનો પ્રયોગ કર્યો નથી. તેમની પ્રાથમિક જૂથ વિષયક વિભાવના સમનરની અંતઃસમૂહની વિભાનાથી, રેડફિલ્ડના લઘુ સમુદાય, ટોનિજના ગેમિનશાફ્ટથી મળતી આવે છે.

## ૧૩.૨ પ્રાથમિક જૂથ (primary groups)

પ્રાથમિક જૂથ બધા સામાજિક સંગઠનોનું કેન્દ્ર છે. આ એક લઘુ જૂથ છે. જેના સભ્યોની સંખ્યા ઓછી હોય છે અને જેઓ એકબીજાની સાથે પ્રત્યક્ષ સંપર્કમાં આવે છે તેઓ પરસ્પર સહકાર, મિત્રતા અને સામાન્ય પ્રશ્નોની ચર્ચા-વિચારણાના હેતુથી સામસામે મળે છે. તેઓ એકબીજાના મનમાં વસે છે.

પ્રાથમિક જૂથ શબ્દનો પ્રયોગ સૌપ્રથમ સી. એચ. કૂલેએ ૧૯૦૯માં પોતાના પુસ્તક 'સોશિયલ ઓર્ગેનાઈઝેશન'માં કર્યો છે. સી. એચ. કૂલેએ લખ્યું છે કે, પ્રાથમિક જૂથોથી મારો અર્થ એવા જૂથો સાથે છે જેમાં ઘનિષ્ટતા અને મોઢા-મોઢના સંબંધો અને સહકાર જોવા મળે છે. આવા જૂથો અનેક રીતે પ્રાથમિક છે પરંતુ મુખ્ય સ્વરૂપે એ અર્થમાં કે તેઓ વ્યક્તિનો સામાજિક સ્વભાવ અને આદર્શોનું ઘડતર કરવામાં મૂળભૂત ભૂમિકા નિભાવે છે. કૂલેએ આ વિશેષતાઓવાળા મહત્ત્વના ત્રણ પ્રાથમિક જૂથો બતાવ્યા છે. 'કુટુંબ, બાળકોનું રમત જૂથ અને પાડોશ' પ્રાથમિક જૂથ અપેક્ષાકૃત સ્થાયી અને આકારની દ્રષ્ટિએ લઘુ હોય છે. માનસિક વિશેષતાઓ સ્વરૂપે આવા જૂથો ઘનિષ્ટતા, આપણાપણું અને વ્યક્તિગતતાની ભાવનાથી ભરાયેલ હોય છે.

પ્રાથમિક જૂથની વ્યાખ્યામાં કૂલેએ 'મોઢા-મોઢના સંપર્ક' અને 'સહાનુભૂતિ અને પારસ્પરિક તાદાત્મ્ય' એટલે કે આપણાપણાની ભાવના પર ભાર મૂક્યો. આપણાપણાની ભાવના, સહાનુભૂતિ અને પારસ્પરિક તાદાત્મ્યના તત્ત્વના આધારે જ કૂલેએ પ્રાથમિક સમૂહને ગૌણ સમૂહથી જુદો ગણાવ્યો છે. હવે એવું કહેવાય છે કે આવો તફાવત માન્ય નથી કારણ કે બધા જૂથોની વચ્ચે આપણાપણાની ભાવના કેટલીક માત્રામાં જોવા મળે

છે. જૂથોની વચ્ચે  સંપ, સહકારનો ભાવ હોય તો તેની એકતા સ્થીર રહે છે. તેમા 'આપણાપણુ' એકતાનો પાયો છે.

લુંડબર્ગે પ્રાથમિક જૂથની વ્યાખ્યા આપતા કહ્યું છે કે પ્રાથમિક જૂથનો અર્થ બે કે બેથી વધુ વ્યક્તિઓ સાથે છે કે જેઓ ઘનિષ્ટ, સહભાગી અને વૈયક્તિક રીતે એકબીજા સાથે વ્યવહાર કરે છે.

સેંડર્સનનું કહેવું છે કે જૂથ બે કે બે થી વધુ એવા વ્યક્તિઓનું સંકલન છે કે જેમની વચ્ચે મનોવૈજ્ઞાનિક આંતરક્રિયાઓના ચોક્કસ ધોરણો જોવા મળે છે. આ સામાજિક સમૂહ પોતાના સભ્યો અને અન્ય વ્યક્તિઓ દ્વારા એક સત્તા સ્વરૂપે માન્ય હોય છે. કારણ કે એ સામૂહિક વર્તન-વ્યવહારનો જ વિશેષ સ્વરૂપ છે.

બ્રુમના મતે 'પ્રાથમિક સમૂહ સમાજ અને વ્યક્તિ વચ્ચેની સૌથી મહત્ત્વની કડી છે.' સી.એચ.કૂલે પ્રાથમિક સમૂહને વ્યક્તિઓનું ઘોડીયું કહે છે. એ પ્રાથમિક સમૂહને માનવ પ્રકૃતિનું વૃક્ષારોપણ કે નર્સરી કહે છે. કૂલે એ પ્રાથમિક સમૂહને પશુ પ્રવૃત્તિઓનું માનવીયકરણ કરનાર એક શક્તિશાળી એજન્ટ જણાવ્યું છે.'

## ૧૩.૨.૧ **પ્રાથમિક જૂથની વિશેષતાઓ** (Characteristics of Primary Group)

પ્રાથમિક સમૂહની અનિવાર્ય વિશેષતાઓ ઘનિષ્ટ સંપર્ક અને નિકટતાપૂર્ણ તાદાત્મ્ય છે. પ્રાથમિક સમૂહોની કેટલીક ભૌતિક અને આંતરિક વિશેષતાઓ હોય છે. કેટલાક સમાજશાસ્ત્રીઓએ આ વિશેષતાઓને ક્રમશઃ સંરચનાત્મક અને માનસિક વિશેષતાઓ કહે છે.

પ્રાથમિક સમૂહોની સંરચનાત્મક વિશેષતાઓ આવા જૂથોના માળખા સાથે સંબંધિત છે. કૂલેએ સામ-સામેના પ્રત્યક્ષ સંબંધોને સૌથી વધુ મહત્ત્વ આપ્યો છે પણ બીજા અન્ય લોકોના મતે માત્ર સામસામેના સંબંધોને જ પ્રાથમિક સમૂહોનું એકમાત્ર આધાર માની લેવું યોગ્ય નથી. ઘણા વિદ્વાનોએ ભૌતિક અને સંરચનામૂલક વિશેષતાઓમાં ઉદ્દેશ્યોની સમાનતાઓ પર સૌથી વધારે ભાર મૂક્યો છે.

### ૧૩.૨.૧.૧ **શારીરિક નિકટતા** (Physical Closeness)

પ્રાથમિક સમૂહ માટે એ જરૂરી છે કે તેના સભ્યો શારીરિક રીતે એકબીજાના નજીક હોય. શારીરિક નિકટતા હંમેશા સંબંધોને વિકસિત કરે છે. એકસાથે રહેવાથી, ખાનપાનનો વ્યવહાર, એકસાથે કાર્ય કરવાથી અને એકસાથે રહી વાદ-વિવાદ કરવાથી પણ એક વિશેષ પ્રકારના આપણાપણાની ભાવનાનો વિકાસ થાય છે. પ્રાથમિક સમૂહોની એ મહત્ત્વની વિશેષતા છે કે એના સભ્યો બધા સારા અને માઠા પ્રસંગે એકબીજાની નિકટ રહે છે. આ નિકટતાના કારણે તેમની વચ્ચે હંમેશા ઘનિષ્ટતા જળવાઈ રહે છે. આજ વિશેષતા એમના સંબંધોને સ્થાયી રાખી છે.

### ૧૩.૨.૧.૨ **નાનો આકાર**

પ્રાથમિક જૂથો આકારમાં નાના હોય છે. આની પાછળ એવું મનાય છે કે સમૂહમાં સભ્યોની સંખ્યા જેટલી ઓછી રહેશે સંબંધોની ઘનિષ્ટતાની ભાવના પણ એટલી જ વધુ રહે છે. પ્રાથમિક સમૂહ માટે આ એક આવશ્યક સ્થિતિ છે કે બધા સભ્યો વ્યક્તિગત રીતે એક બીજાને ઓળખે અને બીજી વ્યક્તિઓ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોમાં પોતે પણ પ્રત્યક્ષ રીતે ભાગ લે અથવા કોઈ નિર્ણય પહેલા વિચારોની આપ-લેમાં ખૂલ્લી

રીતે ભાગ લે. સંબંધ ઘનિષ્ટ અને વૈયક્તિક ત્યારે જ હોઈ શકે છે જ્યારે સમૂહનો આકાર નાનો હોય છે. સમૂહનો આકાર વધતા વ્યક્તિનું સ્થાન એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે ઓછું થઈ જાય છે અને એ માત્ર એક એકમ કે શૂન્ય જેવો બની જાય છે. નાના સમૂહમાં સભ્યો એકબીજાને વ્યક્તિગત રીતે ઓળખે છે અને તેમનામાં સમૂહના ગુણો અને ઘનિષ્ટતા વધુ ગતિથી વિકસિત થઈ શકે છે.

### ૧૩.૨.૧.૩ સ્થિરતા (Stability)

પ્રાથમિક સમૂહમાં સંબંધો ઘનિષ્ટ બનવા માટે તેમનું સ્થાયી હોવું પણ અત્યંત જરૂરી છે. બહુ દિવસ સુધી બહાર જુદી જુદી જગ્યાએ રહેવાથી નવા નવા મિત્રો બને છે પરંતુ તેથી જૂના મિત્રો સાથે સંબંધો કેટલેક અંશે ઓછા થતા જાય છે. બહુ દિવસો સુધી ન મળવાને લીધે ધીમે ધીમે જૂથનાં સભ્યો પણ એક બીજાને ભૂલી જાય છે. તેમની વચ્ચે ઓછામાં ઓછી ઘનિષ્ટતા પણ નથી રહેતી.

કિંગ્સલે ડેવિસનું કહેવું છે કે, ''જૂથમાં જેટલી વધુ સ્થિરતા હોય, બીજી બાબતો સમાન હોય તો સભ્યોના સંબંધોમાં પણ એટલી વધુ ઘનિષ્ટતા ઉત્પન્ન થાય છે.'' આ પરથી એ સાબિત થાય છે કે સ્થિરતાના અભાવમાં ઘનિષ્ટતા સંભવી શકતી નથી. ખરેખર પ્રાથમિક સમૂહોનું ઘડતર કોઈ ઈરાદા પૂર્વક નથી થતું આથી એ વધુ સ્થાયી પ્રકૃતિના હોય છે. એનાં સભ્યપદથી પણ જુદા થવું સરળ હોતું નથી. પ્રાથમિક જૂથના સભ્યો એક બીજાથી વારંવાર મળે છે અને વાતચીત કરતા કરતા તેઓ સતત ઘનિષ્ટતાનો અનુભવ કરે છે. થોડા સમયબાદ આ સંબંધો એટલા ઊંડા અને ભરોસા પાત્ર બને છે કે વ્યક્તિ અને સમૂહનું અસ્તિત્ત્વ એક બીજામાં ભળી જાય છે.

### ૧૩.૨.૧.૪ ચારિત્રની સમાનતા

પ્રાથમિક સમૂહ દરેક અર્થમાં સામાન્ય ચારિત્રના છે. પછી તેમના કાર્યોને જોઈએ કે તેના ઈતિહાસને સર્વત્ર તેમાં સામ્યતા જોવા મળે છે. તેના ક્યારેય પણ કોઈ ચોક્કસ અને યોજનાબદ્ધ ઉદ્દેશ્યો નથી હોતા. આ સમૂહોમાં વ્યક્તિની પ્રારંભિક આવશ્યકતાઓની પૂર્તિ થાય છે અને આથી સમૂહમાં પ્રત્યેક વ્યક્તિ કાર્યને કરવું પોતાની નૈતિક જવાબદારી માને છે. આવું માત્ર એ કારણે છે કે પ્રાથમિક સમૂહનો ઉદ્ભવ સ્વતઃ થાય છે. તે વિકાસની એક લાંબી પ્રક્રિયા દ્વારા પરિપક્વતા પ્રાપ્ત કરે છે અને સામૂહિકતાને પોતાનું અંતિમ ધ્યેય માને છે.

### ૧૩.૨.૧.૫ વ્યક્તિગત સંબંધ

પ્રાથમિક સમૂહના સભ્યોના સંબંધ વ્યક્તિગત હોય છે. જેના કારણે કોઈ એક સભ્યના અભાવને કોઈ બીજી વ્યક્તિ સમગ્ર રીતે દૂર કરી શકતી નથી. કુટુંબમાં ક્યારેક મૃત્યુ થાય છે, ક્યારેક જન્મ પરંતુ જનાર વ્યક્તિનાં અભાવની પૂર્તિ આવનારા બીજા સભ્યોથી નથી થતી. પત્નીના મૃત્યુ પછી બીજા લગ્ન કરવા છતાં પણ લોકોને પહેલી પત્નીની યાદો હયાત રહે છે. કિંગ્સલે ડેવિસે સાચું જ લખ્યું છે કે એક નવો વ્યક્તિગત સંબંધ સ્થાપિત કરી શકાય છે, એક જૂનો વ્યક્તિગત સંબંધ છોડી શકાય છે પરંતુ એક જ સંબંધમાં એક વ્યક્તિને સ્થાને બીજાનું તેજ સંબંધમાં પ્રતિસ્થાપન (Substitution) કરી શકાતું નથી.

### ૧૩.૨.૧.૬ સભ્યોમાં ઉદ્દેશ્યોની એકતા (Unity of aims among members)

પ્રાથમિક સમૂહના સભ્યોમાં ઉદ્દેશ્યોની એકતા હોય છે. પ્રાથમિક સમૂહ જેવા કે કુટુંબ વગેરેમાં કુટુંબમાં પ્રત્યેક સભ્યનું સુખ-દુઃખ એ કુટુંબના બધા સભ્યોનું સુખ દુઃખ હોય છે અને બધા લોકો કુટુંબના સામૂહિક કલ્યાણના વિચારથી કાર્ય કરે છે.

### ૧૩.૨.૧.૭ સભ્યોના સંબંધો સર્વાંગીણ (Relations of members are inclusive)

પ્રાથમિક સમૂહના સભ્યો એક બીજાના જીવનના કોઈ વિશેષ ક્ષેત્રે જ રસ નથી દાખવતા પરંતુ તેઓનો જીવનના અનેક ક્ષેત્રોમાં તેમનો એકબીજા સાથે સંબંધ હોય છે સાથે સાથે તેમનું સંપૂર્ણ વ્યક્તિત્ત્વ આ સંબંધોમાં ભાગ લે છે. આ રીતે સમૂહોમાં સંબંધો સર્વાંગીણ હોય છે.

### ૧૩.૨.૧.૮ મર્યાદિત સ્વાર્થ (Limited self-interest)

જો કે સભ્યો પોતાના હિતોની પૂર્તી માટે સમૂહોમાં દાખલ થાય છે. તેમ છતાં તેમણે પોતાના હિતોને સમૂહના કેન્દ્રીય હિતોથી દૂર રાખવા જોઈએ. તેમને જૂથમાં સહભાગી થવા હકારાત્મક ચેતનાથી જવું પડશે એમના મનમાં જૂથનું કેન્દ્રીય હિત પ્રબળ હોવું જોઈએ. જો લોકો પોતાના પૂર્વગ્રહો કે અહમ્‌ને સંતોષવા એક બીજાને મળશે તો ભાગ્યે જ તેઓ સારી રીતે જૂથમાં સંપાદન કરી શકશે. જો તેઓ એક સાથે કોઈ વિષયનો અભ્યાસ કરવા અથવા કોઈ સામાન્ય આપદાનું નિવારણ કરવા અથવા સાહચર્યનો લાભ લેવા માટે મળે છે તો વધુ સ્પષ્ટ રીતે તેઓ પ્રાથમિક જૂથની પ્રકૃતિને અભિવ્યક્ત કરશે. હિતોની સમાનતા સભ્યોને માનસિક આનંદ અને સંતોષ પ્રદાન કરે છે.

### ૧૩.૨.૨ પ્રાથમિક જૂથોનું મહત્ત્વ (Importance of Primary Groups)

પ્રાથમિક જૂથની ઉપરોક્ત ચર્ચા પરથી એ ન માનવું કે એમાં વ્યક્તિનો કોઈ અલગ અસ્તિત્ત્વ નથી હોતું. પ્રાથમિક જૂથોમાં વ્યક્તિ પોતાનો પૂરો અધિકાર અને સત્તા ચાહે છે. બીજા સભ્યોની સહાનુભૂતિ અને ત્યાગનો આદર્શ આવી વ્યક્તિગત ભાવનાઓનું સમાજીકરણ કરી દે છે. આથી પ્રાથમિક જૂથમાં વ્યક્તિ મહત્વકાંક્ષી હોવા છતા સમૂહના કલ્યાણને ભૂલતો નથી. તેના માટે જૂથનું હિત તેનું હિત હોય છે.

કૂલેનાં મતે, ‘‘આ પ્રકારના સંબંધો આપણી ચારેયબાજુની દુનિયામાં માનવ સ્વભાવનું સંચાલન કરે છે અને એવું કોઈ પણ કારણ નથી દેખાતું કે જેના આધારે ક્યાંય પણ અને ક્યારેય પણ આનાથી કશુંક વિપરીત થઈ રહ્યું હોય.’’ આ કારણે જ પ્રારંભિક કાળથી પ્રાથમિક સમૂહોને સૌથી મહત્ત્વનું એકમ માનવામાં આવે છે.

પ્રાથમિક સમૂહોનાં મહત્ત્વને રજૂ કરતા કિમ્બાલ યંગ એ કહ્યું છે, ‘‘પ્રાથમિક સમૂહ મૌલિક માનવ સંબંધોના પ્રતિનિધિ છે.’’ એ માનવજીવન જેટલાજ પ્રાચીન માનવામાં આવે છે. એ સરળ રીતે એવા પ્રાથમિક સમુદાયોનું ઘડતર કરે છે જે ઐતિહાસિક સ્વરૂપે મનુષ્યની મુખ્ય આવશ્યકતાઓને પૂર્ણ કરવામાં સૌથી મહત્ત્વનાં એકમો છે.

ગ્રૂમનાં મતે, ‘‘પ્રાથમિક જૂથ વ્યક્તિ અને સમાજ વચ્ચેની સૌથી મહત્ત્વની કડી છે. પ્રાથમિક સમૂહોથી વ્યક્તિને ભાવનાત્મક સુરક્ષા પ્રાપ્ત થાય છે અને તે પોતાના સર્વોચ્ચ લક્ષ્યોને પ્રાપ્ત કરે છે.’’ અહીં સવાલ થાય છે કે પ્રાથમિક જૂથોથી વ્યક્તિને શું મળે છે તેનું વસ્તુલક્ષી સ્વરૂપ શું છે. આના જવાબમાં ત્રણ મહત્ત્વની બાબતોને મૂકી

શકાય છે, જેનાથી વ્યક્તિના જીવનમાં પ્રાથમિક સમૂહોનું મહત્ત્વ સારી રીતે જાણવા મળે છે- (૧) સામૂહિક જૂથ વ્યક્તિમાં એવી ભાવના ઉત્પન્ન કરે છે કે તેને વાસ્તવમાં કેટલાક વ્યક્તિ પોતાના સમજે છે. (૨) પ્રાથમિક સમૂહોની વચ્ચે જ વ્યક્તિને પોતાના વાસ્તવિક વ્યક્તિત્ત્વનું ભાન થાય છે. ઔપચારિકતાના આ સમયમાં અન્ય બધા જૂથોમાં વ્યક્તિની બિનજરૂરી પ્રશંસા કરવામાં આવે છે પછી ભલે તેમાં સચ્ચાઈ ન હોય. કહેવાનો અર્થ એ છે કે પ્રાથમિક સમૂહ વ્યક્તિને જ્યાં વાસ્તવિકતાનું પરિચય કરાવે છે ત્યાં જ અન્ય જૂથ વ્યક્તિને યથાર્થવાદી બનવા તરફ પ્રેરિત કરે છે અને (૩) પ્રાથમિક સમૂહ વ્યક્તિની ક્ષમતા અને રસરૂચી પ્રમાણે એના લક્ષ્યોને નક્કી કરે છે અને આ રીતે એને વધુમાં વધુ સુરક્ષા પ્રદાન કરે. આ કાર્યોને કારણે જ પ્રાથમિક જૂથોનું મહત્ત્વ સ્થાયી રહ્યું છે.

પ્રાથમિક સમૂહ વ્યક્તિઓની મનોવૃત્તિ, ટેવો અને રસરૂચીને પ્રભાવિત કરવામાં મહત્ત્વના સાબિત થયા છે. આ સમૂહો એમનામાં આત્મ-સમ્માન, સામાજિક દઢતા અને નૈતિકતાની ભાવના વિકસિત કરે છે આ રીતે વ્યક્તિનું સમાજીકરણ કરીને તેને સામાજિક રીતે ઉપયોગી એકમ બનાવે છે. કૂલે આથી જ પ્રાથમિક સમૂહોને વ્યક્તિનું માનવીકરણ કરનાર એક શક્તિશાળી એજન્ટ કહે છે. આનો અર્થ એ છે કે દરેક વ્યક્તિમાં લોભ, લાલચ, સત્તા અને પ્રતિરોધ જેવી પ્રવૃત્તિઓ જોવા મળે છે, જેમનું દમન કરીને જ વ્યક્તિને એક વાસ્તવિક માનવ બનાવી શકાય છે.

પ્રાથમિક સમૂહ આવી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખે છે અને એનું માનવીયકરણ કરે છે. કૂલેનું માનવું છે કે પાશવિક-પ્રેરણાઓનું માનવીયકરણ કરવું જ પ્રાથમિક સમૂહો દ્વારા કરવામાં આવતી સંભવતઃ સૌથી મોટી સેવા છે. સમાજનું સંપૂર્ણ સંગઠન, નૈતિકતા, કાનૂન અને સંસ્થાગત નિયંત્રણ વ્યક્તિને એટલા પ્રભાવિત નથી કરતા જેટલા કે પ્રાથમિક સમૂહોના સામાન્ય નિયમો  વ્યક્તિને નિયંત્રિત કરે છે.

### ૧૩.૨.૩ પ્રાથમિક જૂથના કાર્યો (Functions of Primary Group)

મેરિલ એ કહ્યું છે કે પ્રાથમિક સમૂહોનું મહત્ત્વ એમના દ્વારા કરવામાં આવતા કાર્યોને આધારે સારી રીતે જાણી શકાય છે. એમની દ્વારા કરવામાં આવતા કાર્યોને આપણે નીચે પ્રમાણે દર્શાવી શકીએ છીએ :

(૧) પ્રાથમિક જૂથ એવા સંગઠનોનું ઘડતર કરે છે. જેનાથી વ્યક્તિનો સાંસ્કૃતિક વિકાસ થાય છે. આનો અર્થ એ છે કે પ્રાથમિક જૂથો દ્વારા કરવામાં આવતા મોટા ભાગના કાર્યોથી વ્યક્તિનું મનોરંજન થાય છે. તેની જ્ઞાન ક્ષમતા વિકસિત થાય છે અને તેને સુખદ અનુભૂતી થાય છે. મિત્રોની મંડળી, પાડોશ, કુટુંબ અથવા દબાણમાં કરવામાં આવતા બધા કાર્યોથી આ તથ્યની પુષ્ટિ થાય છે.

(૨) પ્રાથમિક જૂથ એવું વાતાવરણ ઘડે છે જેમાં વ્યક્તિ પોતાને સુરક્ષિત અનુભવે છે. નૈતિક અને ભાવનાત્મક સુરક્ષાની આવશ્યકતા વર્તમાન સમયમાં વ્યક્તિ માટે ખૂબ જ મહત્ત્વની બની છે. પ્રાથમિક જૂથ આ પ્રકારના વાતાવરણથી વ્યક્તિની રસરૂચિઓ, ટેવો અને ઉમેદોને જાળવી રાખે છે. વિચારકોનું માનવું છે કે આ કાર્ય માત્ર પ્રાથમિક સમૂહ જ કરી શકે છે. સંભવતઃ આ જ કારણ છે કે લગ્ન કરીને કુટુંબ જેવા પ્રાથમિક સમૂહમાં રહેનાર વ્યક્તિ, અપરિણિત વ્યક્તિઓની અપેક્ષા  પોતાને માનસિક રીતે ક્યાંક વધુ સુરક્ષીત અનુભવે છે.

(૩) મેરિલે કહ્યું છે કે પ્રાથમિક જૂથોનું એક મહત્ત્વનું કાર્ય વ્યક્તિના વ્યક્તિત્વને વિકસિત કરવાનું છે. પ્રાથમિક સમૂહ વ્યક્તિને પોતાની પ્રથાઓ, પરંપરાઓ અને

વ્યવહારના નિયમોને શીખવાની ક્ષમતા પ્રદાન કરે છે અને તેનામાં સહનશક્તિનો વિકાસ કરે છે. આ ગુણ દ્વારા જ વ્યક્તિ સામાજિક જીવનમાં અનુકૂલન પામે છે. કહી શકાય છે કે, 'પ્રાથમિક સમૂહ દ્વારા જ વ્યક્તિ વ્યાપક જીવનમાં સફળ થવાની ધારણા બાંધી શકે છે.'

(૪) પ્રાથમિક જૂથ પોતાના સભ્યો વચ્ચે વિચારોનું સમવહન કરવાની ક્ષમતા પણ પ્રદાન કરે છે. એવા લોકો બહુ ઓછા હોય છે જે બીજાઓ સમક્ષ પોતાના વિચારો સ્પષ્ટ રીતે રજૂ કરી શકે છે. આથી સમાજ મોટાભાગના વ્યક્તિઓના વિચારોથી વંચિત રહે છે. પ્રાથમિક સમૂહોમાં બધા સભ્યો પોતાના વિચારોને એકબીજા સુધી પહોંચાડે છે. આ રીતે એક એવી વ્યવસ્થા નિર્માણ પામે છે, જેમાં વ્યક્તિઓનો નવી મનોવૃત્તિઓને વિકસિત કરવાની તક મળે છે. પ્રાથમિક સમૂહોના આ કાર્યોને કારણે સંસ્કૃતિને સ્થિરતા પ્રાપ્ત થાય છે.

(૫) સમાજની દ્રષ્ટિએ મહત્વ : પ્રાથમિક સમૂહોનું મહત્ત્વ માત્ર વ્યક્તિની જ દ્રષ્ટિથી નથી. પરંતુ સમાજની દ્રષ્ટિએ પણ એટલું જ છે. એમાં વ્યક્તિનું સમાજીકરણ થાય છે એ વ્યક્તિઓ પર સમાજનું નિયંત્રણ રાખે છે. તેનાથી સમાજનું સંગઠન સુદૃઢ બની રહે છે. સમાજના કાર્યો વ્યવસ્થિત રીતે ચાલતા રહે છે. તે વ્યક્તિને સમાજમાં તેમની ભૂમિકાઓ (Roles) પ્રમાણે કામ કરવાની શિક્ષા આપે છે. તેના વિઘટનથી સમગ્ર સમાજનું વિઘટન થવાનું શરૂ થાય છે. ગિલિન અને ગિલિને આ વિષે લખ્યું છે કે, "પ્રાથમિક જૂથ સમગ્ર સામાજિક જીવનનો આધાર છે." ટૂંકમાં પ્રાથમિક જૂથનું વર્ણન લેંડિસના શબ્દોમાં આ રીતે આપી શકાય છે, "પ્રાથમિક જૂથોમાં વ્યક્તિ પોતાની ચારેય તરફની દુનિયા, પ્રજા અને સામાજિક સંસ્થાઓ પ્રત્યે મૌલિક અભિવૃત્તિઓ ગ્રહણ કરે છે. આ જૂથોથી સહિષ્ણુતા, દયા, પ્રેમ, ઉદારતા જેવી મનોવૃત્તિઓ વ્યક્તિ ગ્રહણ કરે છે. સામાન્ય રીતે પ્રત્યક્ષ શિક્ષણને સ્થાને અનુકરણ અને સામૂહિક મનોવૃત્તિઓના પાલન દ્વારા તે વધુ શિક્ષણ પ્રાપ્ત કરે છે. પારસ્પરિક ધ્યાન અને સ્નેહ એની મુખ્ય લાક્ષણિકતાઓ છે. અન્ય વ્યક્તિઓ માટે પ્રેમ અને સંવેદનશીલતા, સ્પર્ધા અને સ્વાર્થથી પર રાખવામાં આવે છે. મુશ્કેલીના સમયે પરસ્પર મદદ ખૂબ જ ઉદારતાથી કરવામાં આવે છે. જૂથના સભ્યો એકબીજા વિષે ચર્ચા કરે છે અને ગેરહાજર સભ્યમાં રસરૂચી અને એના પ્રત્યે ધ્યાન પ્રદર્ષિત કરે છે. જો ઈર્ષ્યા અને ઘૃણા વિકસે છે તો તે ખૂબ વધુ અને તીવ્ર હોય છે. કારણ કે વિશ્વાસઘાત કરનારને ક્ષમા આપી શકાય તેમ નથી હોતું."

## ૧૩.૨.૪ પ્રાથમિક જૂથોના વિકાર્યો (Dysfunction of Primary Groups)

પ્રાથમિક જૂથ વ્યક્તિ અને સમાજ બંને માટે જરૂરી હોય છે. પરંતુ હંમેશા બધા પ્રકારના સંબંધો હકારાત્મક નથી હોતા. મેરિલ એ સ્પષ્ટ રીતે કહ્યું છે કે પ્રાથમિક સંબંધો વિકસિત થવાથી કેટલાંક વિકાર્યો પણ ઉત્પન્ન થાય છે. આધુનિક સમાજમાં અનેક સંબંધ વ્યક્તિને પોતાનું કર્તવ્ય પુરું કરવાથી અટકાવે છે. બીજા શબ્દોમાં કહી શકાય છે કે તેના કારણે સામાજિક વિકાસમાં બાધાઓ આવે છે. દાખલો આપતા મેરિલે લખ્યું છે કે, "પ્રાથમિક સંબંધોના કારણે એક પોલીસ કર્મચારી પોતાના એવા મિત્રને યોગ્ય દંડ કરી શકતો નથી, જે કાનૂનની અવગણના કરે છે.' એવી જ રીતે એક ન્યાયાધીશ અથવા અન્ય વહીવટી અધિકારી પોતાના પ્રાથમિક સંબંધો હોવાના કારણે એવી વ્યક્તિઓ વિરુદ્ધ કોઈ દંડાત્મક પગલા નથી લેતો, જેમની સાથે તે પ્રાથમિક સ્તરે જોડાયેલો હોય છે. આ રીતે પ્રાથમિક જૂથ જેવી રીતે લાભદાયી હોય છે, એવી જ રીતે તેનાથી ઘણી બધી બાધાઓ પણ ઉત્પન્ન થાય છે. પ્રાથમિક સમૂહના વિકાર્ય સ્વરૂપે નીચેની ત્રણ

બાબતોને જોઈ શકાય છે.

(૧) પ્રાથમિક જૂથ વ્યક્તિના વિકાસમાં સહાયક હોય છે. પરંતુ દરેક વ્યવહાર માટે જુદા જુદા નિષેધો પણ મૂકે છે. આવા નિષેધોના કારણે વ્યક્તિનો વિકાસ અવરોધાતો હોય છે. સામાજિક વિચારકો આના ઉદાહરણ તરીકે ભારતીય કુટુંબને દર્શાવે છે. ભારતીય કુટુંબમાં પિતા દ્વારા પોતાની સંતાનો અને પત્નીને કોઈ પણ પ્રકારના અધિકારો ન આપવાથી અને વાત-વાત પર એમના વ્યવહારમાં અંકુશ લગાવવાથી તેના પર આધારિત લોકોના સ્વતંત્ર વ્યક્તિત્વ વિકાસમાં અવરોધ પેદા થાય છે. ભારતીય મધ્યમવર્ગમાં આ પ્રકારની સ્થિતિ વધુ જોવા મળે છે. ગ્રીકના મતાનુસાર, ''મધ્યમવર્ગના કુટુંબમાં માતા પ્રારંભમાં તો પોતાની સંતાનોને ખૂબ સ્નેહ કરે છે. પરંતુ થોડા સમય પછી સામાજિક નિષેધોનું ધ્યાન રાખવા જ્યારે તે સંતાનોને સજા કરવાનું શરૂ કરે છે ત્યારે તેથી નિરાશા અને પ્રતિશોધની ભાવના ઉત્પન્ન થાય છે.'

(૨) પ્રાથમિક જૂથોમાં કિશોરો અને બાળકોમાં અનુકરણની ભાવના વધુ જોવા મળે છે. તેઓ બીજાની સમાન બનવા માટે પ્રયત્ન કરે છે. આમ તો બીજાની સમાન બનવાની ઈચ્છાથી તેમના વ્યક્તિત્ત્વનો વિકાસ થાય છે, પરંતુ સાથોસાથ તેમનામાં કેટલાંક દોષ પણ પેદા થાય છે. દા.ત. ઘણા કિશોર-બાળકો એકસાથે રહેવાથી બીજા બાળકોના અવગુણો પણ ઝડપથી શીખે છે. ગાળો બોલવી, મારઝૂડ કરવી, બીડી, સિગારેટની ટેવ વગેરેને આ પ્રકારના દોષોમાં સામેલ કરવામાં આવે છે. આ પ્રકારના દોષ ગૌણ જૂથમાં ઓછા જોવા મળે છે. કારણ કે ત્યાં ઔપચારિકતા વધારે હોય છે. ઘણા એવા ઉદાહરણો જોવા મળે છે જેમાં પ્રારંભથી જ કેટલાંક બાળકો પરંપરાગત કાર્યો છોડી નવા અને પ્રગતિશીલ કાર્યો કરવાનું આરંભ કરે છે. પરંતુ તેમના માતા-પિતા પ્રાથમિક સંબંધોના કારણે તેમને આવા કાર્યો કરતાં અટકાવે છે. માતા-પિતાને એવું લાગે છે કે તેમનું સંતાન કૌટુંબિક મૂલ્યોને તોડી રહ્યાં છે. આથી સ્પષ્ટ થાય છે કે પ્રાથમિક જૂથમાં સમરૂપતા સ્થાપિત કરવાની ઈચ્છાના કારણે વ્યક્તિત્ત્વનો વાસ્તવિક વિકાસ અટકી જાય છે.

(૩) પ્રાથમિક સમૂહોનું એક મોટું વિકાર્ય સામાજિક પરિવર્તનને અટકાવવાનું છે. સામાન્ય રીતે પ્રાથમિક સમૂહ એ માટે મહત્ત્વના માનવામાં આવે છે કે એની દ્વારા સંસ્કૃતિની રક્ષા થાય છે. પરંતુ થોડા સમય બાદ જ પ્રાથમિક જૂથો એટલા રૂઢિવાદી બની જાય છે કે તે વ્યક્તિને કોઈ પણ પ્રકારના પરિવર્તનની પરવાનગી નથી આપતા. કોઈ વ્યક્તિ દ્વારા પરિવર્તન માટે પ્રયત્ન કરવામાં આવતા પ્રાથમિક જૂથો તેને દંડિત કરે છે. આ દંડ શારીરિક, માનસિક હિંસા તથા સામાજિક બહિષ્કાર સ્વરૂપે અપાતો જોવા મળે છે. આના પરિણામે સંસ્કૃતિ આગળની તરફ વિકસિત ન થતા પાછળની તરફ જવા લાગે છે. બીજી બાજુ પ્રાથમિક જૂથ પ્રચારના સાધનોને માન્યતા ન આપતા હોવાના કારણે પ્રગતિશીલ દ્રષ્ટિકોણ અપનાવવાથી પણ વંચિત રહી જાય છે. આ રીતે પ્રાથમિક સમૂહ વ્યક્તિત્ત્વના વિકાસમાં હંમેશા ફાયદાકારક જ નહિ પણ ક્યારેક-ક્યારેક હાનિકારક પણ બને છે.

### ૧૩.૨.૫ પ્રાથમિક સમૂહના ઉદાહરણો

- સી. એચ. કૂલેએ પ્રાથમિક સમૂહના ત્રણ ઉદાહરણો આપ્યા છે :
  (૧) કુટુંબ, (૨) પાડોશ અને (૩) બાળકોનો નાનો સમૂહ.
- કિંગ્સ્લે ડેવિસના મતે પ્રાથમિક સમૂહ પાંચ પ્રકારના છે :
  (૧) કુટુંબ, (૨) પાડોશ, (૩) રમત જૂથ, (૪) ગામ અને (૫) એક સાથે કામ

કરતા લોકો.

- મેંકાઈવર અને પેજ પ્રાથમિક સમૂહના નવ પ્રકાર માને છે :

  (૧) કુટુંબ, (૨) મિત્ર જૂથ, (૩) ભાગીદાર જૂથ, (૪) ગેંગ, (૫) રમત જૂથ, (૬) અભ્યાસ જૂથ, (૭) ગપસપ જૂથ, (૮) જનજાતિ પરિષદ અને (૯) સ્થાનિક ભાઈ-બંધુ જૂથ.

### ૧૩.૨.૬ પ્રાથમિક જૂથના વિચારકો

મેંકાઈવર અને પેજ અને કૂલે પ્રાથમિક જૂથમાં મોઢા-મોઢના સંબંધો પર વિશેષ ભાર મૂકે છે. કિંગ્સ્લે ડેવિસ, ફેરિસની માન્યતા છે કે મોઢા-મોઢના સંબંધ પ્રાથમિક જૂથ માટે સાર્વત્રિક રીતે આવશ્યક નથી, જેમ કે ન્યાયાલયમાં વકીલ, જજ, ચોર, દુકાનદાર-ગ્રાહક સામ-સામે મળતા હોવા છતાં પણ પ્રાથમિક જૂથની રચના નથી કરતા. ફ્રોજર અને રોજનબર્ગ એમણે પ્રાથમિક જૂથની ટીકા કરતા કહ્યું છે કે પ્રાથમિક જૂથ જ ભાઈ-ભત્રીજાવાદ, પક્ષપાત અને ધનસંગ્રહ માટે જવાબદાર છે.

## ૧૩.૩ ગૌણ અથવા દ્વિતીયક જૂથ (Seconary Group)

ગૌણ જૂથ શબ્દપ્રયોગ કિંગ્સ્લે ડેવિસ અને જોર્જ સી હોમન્સે કૂલેના પ્રાથમિક સમૂહના વિરુદ્ધમાં કર્યો હતો. દ્વિતીયક અથવા ગૌણ જૂથ એક એવું જૂથ છે, જેનો આકાર મોટો હોય છે. આથી એમાં મોઢા-મોઢના સંબંધ નથી જોતા મળતા. એ સમજી-વિચારી અને વિચાર વિમર્શ પછી ચોક્કસ ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે બનાવવામાં આવે છે. આથી, બોગાર્ડ્સ એને 'અડો અને જાઓ' (Touch and Go) પ્રકારના કહે છે. આથી પાલ એચ. લેંન્ડિસે કહ્યું છે કે આ એક એવો સમૂહ છે જેમાં ઘનિષ્ટતાની ઊણપને કારણે એ ઠંડી દુનિયા (Cold World)નું નિર્માણ કરે છે અને આ જૂથ લક્ષ્ય અભિમુખતા પર આધારિત હોય છે અને એનું સભ્યપદ સ્વૈચ્છિક પ્રકૃતિના દરજ્જા અને તેની ભૂમિકા પર નિર્ભર કરે છે.

દ્વિતીયક જૂથનું આધુનિક સમાજમાં વિશેષ મહત્ત્વ છે. વિશાલ સ્તરીય સંગઠન દ્વિતીયક જૂથના મુખ્ય ઉદાહરણો છે. દ્વિતીયક જૂથનો આકાર મોટો હોય છે જેમ કે નગર, રાષ્ટ્ર, રાજકીય પક્ષ, નિગમ, આંતરરાષ્ટ્રીય વ્યાપારી સંગઠન અને મજૂર સંગઠન. આ જૂથમાં વ્યક્તિઓના સંબંધ અવૈયક્તિક અને અચોક્કસ હોય છે. સભ્યોના સંબંધોનું ક્ષેત્ર મર્યાદિત હોય છે તેઓ સ્વાર્થ-સિદ્ધિના ઉદ્દેશ્યથી ભેગા થાય છે. એક સભ્યની બીજા સભ્ય પર અસર પરોક્ષ હોય છે. તે માત્ર કેટલાક સભ્યો નેજ વ્યક્તિગત રીતે ઓળખતા હોય છે અને અસંખ્ય સભ્યો વચ્ચે એક એકલા વ્યક્તિ તરીકે કામ કરે છે. પોતાના સાથીઓની સાથે તેમનો સહકાર પરોક્ષ હોય છે અને તેમને ભાગ્યે જ તેમનાથી સામસામે મળવાનું થાય છે. તે તેમની સાથે પરોક્ષ સાધનો, લિખિત શબ્દો, પત્રો સાથે સંપર્ક સ્થાપિત કરે છે.

### ૧૩.૩.૧ દ્વિતીયક અથવા ગૌણ જૂથની પરિભાષાઓ

દ્વિતીયક જૂથની પરિભાષા આપતા લૈન્ડિસે લખ્યું છે કે, ''દ્વિતીયક જૂથ એવા જૂથો છે જેમના સંબંધો અપેક્ષાકૃત અનિરંતર અને અવૈયક્તિક હોય છે. કારણ કે દ્વિતીયક જૂથ વ્યક્તિ પાસે કેટલીક વિશેષ ઈચ્છાઓ ધરાવે છે, તેઓ તેની નિષ્ઠાનો માત્ર થોડોક ભાગ મેળવે છે અને મોટા ભાગે વ્યક્તિનો થોડોક જ સમય અને ધ્યાન ઈચ્છે છે. તેમના સંબંધો મોટા ભાગે પરસ્પર સહાયક હોવાને બદલે સ્પર્ધાત્મક હોય છે.''

ઑગબર્ન અને નિમકાફના મતે, ''જે જૂથ ઘનિષ્ટતાના અભાવવાળા અનુભવો પ્રદાન કરે છે તેને દ્વિતીય જૂથ કહેવામાં આવે છે.''

કિંગ્સ્લે ડેવિસના મતે, ''દ્વિતીયક જૂથ એવા બધાનો વિરોધી સ્વરૂપ છે, જેવું પ્રાથમિક સમૂહો વિશે કહેવામાં આવે છે.'' મજુમદાર ટી.એચ.ના મતે, ''જ્યારે સભ્યો વચ્ચે મોઢા-મોઢનો સંપર્ક નથી હોતો તો તેણે દ્વિતીયક જૂથ કહે છે.''

કૂલે એ દ્વિતીયક જૂથના સંબંધોને આંશિક સંબંધ કહે છે. કિમ્બાલ યંગ દ્વિતીયક જૂથને વિશેષ સ્વાર્થ જૂથ કહે છે. સોરોકિન દ્વિતીયક જૂથને કરાર જૂથ કહે છે. પાર્સન્સે દ્વિતીયક જૂથને પ્રાથમિક જૂથ માટે સેફ્ટી વાલ્વ (સુરક્ષા કવચ)ની સંજ્ઞા આપી છે.

દ્વિતીયક જૂથમાં સભ્યો વચ્ચેના સંબંધો અવૈયક્તિક અને અપ્રત્યક્ષ હોય છે. એમાં એક વ્યક્તિ કોઈ બીજી વ્યક્તિનો આદર-સમ્માન એટલા માટે નથી કરતો કે તે વાસ્તવમાં બહુ સજ્જન અને દયાળુ છે. પરંતુ એ માટે કરે છે કે તે વ્યક્તિ એક એવા પદ પર આસીન છે, જેનાથી તેને લાભ થઈ શકે છે. દ્વિતીયક જૂથમાં વ્યક્તિ અન્ય સભ્યોને મળ્યા વિના સમગ્ર જૂથનો નેતા બની શકે છે અથવા એક ઉચ્ચ પદ પ્રાપ્ત કરી શકે છે.

### ૧૩.૩.૨ દ્વિતીયક જૂથની વિશેષતાઓ

(૧) **ઔપચારિક અને અવૈયક્તિક સંબંધ** (Formal and Impersonal Relations)- ગૌણ જૂથમાં વ્યક્તિઓના સંબંધ ઔપચારિક અને અવૈયક્તિક હોય છે. એનો પોતાના સભ્યો પર કેન્દ્રિય પ્રભાવ નથી પડતો. સભ્યોની વચ્ચે મોઢા-મોઢનાં સંબંધો નથી હોતા. તેઓ પોતાનું કામ કરે છે. આદેશોનું પાલન કરે છે. પોતાનો ઋણ અદા કરે છે તેમ છતાં તેઓ કોઈને મળતા નથી. એના સભ્યોના સંબંધો આકસ્મિક હોય છે. ઉ.દા. આપણે બેન્કમાં જઈએ છીએ, કર્મચારીને મળીએ છીએ, પોતાનું કામ પતાવીએ છીએ અને પાછા ત્યાંથી જતા રહીએ છીએ. આપણને એ કર્મચારીના જીવનના અન્ય સ્વરૂપોની કોઈ ચિંતા હોતી નથી. આમ, ગૌણ જૂથમાં સંબંધોમાં ઘનિષ્ટતા નથી જોવા મળતી.

(૨) **મોટું આકાર** (Large in size)- ગૌણ જૂથોમાં આકાર મોટો હોય છે. તે આખા સંસારમાં ફેલાયેલા હોઈ શકે છે. ઉ.દા. રેડ ક્રોસ સોસાયટીની હજારો શાખાઓ દુનિયાના દેશોમાં ફેલાયી ગઈ છે. જેના હજારો સભ્ય છે.

(૩) **ઐચ્છિક સભ્યપદ** (option of membership)- મોટાભાગના ગૌણ જૂથનો સભ્યપદ ઐચ્છિક હોય છે. ઉ.દા. રોટરી ક્લબ અથવા રેડ ક્રોસના સભ્ય બનવું ફરજીયાત નથી.

(૪) **સક્રિય અને નિષ્ક્રિય સભ્યો** (Active and Inactive Members)- ગૌણ જૂથનો આકાર મોટું હોય છે. એના સભ્યોમાં ઘનિષ્ટતાનો અભાવ હોય છે. ઘનિષ્ટ સંબંધોના અભાવને કારણે જૂથના કેટલાક સભ્યો નિષ્ક્રિય બની જાય છે. જ્યારે કેટલાંક અન્ય બહુ સક્રિય રહે છે. એક રાજકીય પક્ષમાં અનેક સભ્યો પક્ષની પ્રવૃત્તિમાં કોઈ રસ લેતાં નથી. તેઓ પોતાને વાર્ષિક ફંડની ચૂકવણી સુધા જ મર્યાદિત રાખે છે.

(૫) **પરોક્ષ સંબંધ** (Indirect Relations)- ગૌણ જૂથના સભ્યોનો મોઢા-મોઢનો સંપર્ક નથી હોતો. તેઓ દેશના જુદા જુદા ભાગોમાં વહેંચાયેલા હોય છે. ઘણી વાર તેઓ આખી દુનિયામાં ફેલાયા હોઈ શકે છે. દા.ત. રેડ ક્રોસ અથવા રોટરી ક્લબના સભ્યો. તેમની વચ્ચે સંચાર પરોક્ષ સાધનો દ્વારા થાય છે.

(૬) **ઔપચારિક નિયમ** (Formal Rules)- ગૌણ જૂથ ઔપચારિક નિયમોથી

સંચાલિત થાય છે. એક ઔપચારિક સંગઠનની સ્થાપના થાય છે અને તેમાં ચોક્કસ અને સ્પષ્ટ રીતે શ્રમ વિભાજન કરવામાં આવે છે. ગૌણ જૂથ સંગઠનનું ખૂબ જ સાવધાનીપૂર્વક ઘડતર કરવામાં આવે છે.

(૭) **વ્યક્તિનો દરજ્જો તેની ભૂમિકા પર આધારિત હોય છે.** (Status of Individuals Depends on his roles)- ગૌણ જૂથમાં પ્રત્યેક સભ્યનો દરજ્જો તેની ભૂમિકા પર આધારિત હોય છે. ઉ.દા. ટ્રેડ યુનિયનમાં અધ્યક્ષનો દરજ્જો તેની દ્વારા નિભાવવામાં આવતી ભૂમિકા પર નિર્ભર કરે છે. પરંતુ તેના વૈયક્તિક ગુણો અથવા જન્મ પર નિર્ભર નથી કરતો.

(૮) **ધ્યેય અભિમુખ** (Goal Oriented)- ગૌણ જૂથનો મુખ્ય ઉદ્દેશ્ય એક ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરવાનો હોય છે. ઉ.દા. ટ્રેડ યુનિયનની રચના મજૂરોને વધુ વેતન અને અન્ય સુવિધાઓ અપાવવા માટે કરવામાં આવે છે. ગૌણ જૂથની સફળતા એના દ્વારા કરવામાં આવેલ કાર્યની દક્ષતા દ્વારા માપવામાં આવે છે.

(૯) **સભ્યોમાં વ્યક્તિવાદ** (Individualism in the Members)- દ્વિતીયક જૂથના સભ્યોમાં વ્યક્તિવાદ વિકસિત થઈ જાય છે. કારણ કે તેમના સંબંધો સ્વાર્થપૂર્તિ પર આધારિત હોય છે. સ્વાર્થ પૂરો થતા તેમનો જૂથ સાથે કોઈ સંપર્ક નથી રહેતો.

(૧૦) **સભ્યોમાં આત્મનિર્ભરતા** (Self Sufficiency in the Members)- દ્વિતીયક જૂથના સભ્યોમાં આત્મનિર્ભરતા હોય છે. કારણ કે પ્રત્યેકને પોતે પોતાના સ્વાર્થની રક્ષા કરવી પડે છે. દ્વિતીયક જૂથનો આકાર વધુ મોટો હોવાના કારણે તેના સભ્યોમાં પરસ્પર સંબંધો અપ્રત્યક્ષ રહે છે.

### ૧૩.૩.૩ દ્વિતીયક જૂથોનું મહત્ત્વ

માનવ સભ્યતાના વિકાસમાં દ્વિતીયક જૂથોની તુલનામાં પ્રાથમિક જૂથોની ભૂમિકા અને મહત્ત્વ વધુ રહ્યું છે. પરંતુ આધુનિક યુગમાં આ ધારણા અપ્રાસંગિક થતી જઈ રહી છે. વર્તમાન સમયમાં પ્રાથમિક જૂથોએ અનેક વિકાર્યો પૈદા કર્યા છે. જ્યારે દ્વિતીયક જૂથ વર્તમાન સમયની આવશ્યકતાઓને અનુકૂલ છે. આજના યુગમાં જો વ્યક્તિ પ્રાથમિક જૂથોની અંદર રહી આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાનું ઈચ્છે તો તે લગભગ અસંભવ છે. વિભિન્ન છેત્રોમાં સફળતા મેળવવા અને બદલાતી પરિસ્થિતિઓ સાથે અનુકૂલન કરવાની સાથે સાથે દ્વિતીયક જૂથોના સભ્ય બનવું દરેક વ્યક્તિ માટે ફરજિયાત બન્યું છે. વ્યક્તિત્ત્વના વિકાસ અને અધિકાર ગૃહણ કરવાના ક્ષેત્રે દ્વિતીયક જૂથોનું મહત્ત્વ નીચે પ્રમાણે સમજાવી શકાય છે.

(૧) **વિશેષીકરણનું મહત્ત્વ :** આધુનિક યુગમાં શ્રમ વિભાજન અને વિશેષીકરણને સર્વાધિક મહત્ત્વ આપવામાં આવ્યું છે. આજે વિશેષકરણની આવશ્યકતા માત્ર આર્થિક ક્ષેત્રમાં જ નહિ પરંતુ સામાજિક જીવન, જ્ઞાન અને વ્યવહારના ક્ષેત્રે પણ એ આવશ્યક છે. વિશેષકરણની યોગ્યતા વ્યક્તિને દ્વિતીયક સમાજ પાસેથી પ્રાપ્ત થાય છે. એવું એ માટે છે કારણ કે દ્વિતીયક જૂથોની પ્રકૃતિ પોતે વિશેષીકૃત હોય છે. દા.ત. પ્રાથમિક જૂથ પોતાના કોઈ સભ્યને ડોક્ટર, પ્રોફેસર અથવા અભિનેતા નથી બનાવી શકતા. વ્યક્તિને આવા દરજ્જા માત્ર દ્વિતીયક જૂથ જ આપી શકે છે.

(૨) **સામાજિક પરિવર્તનમાં સહાયક :** કોઈ પણ સમાજ પરિવર્તન વિના પ્રગતિ કરી શકતો નથી. પ્રાથમિક જૂથ સામાજિક પરિવર્તનમાં બાધા ઉત્પન્ન કરે છે, પરંતુ દ્વિતીયક જૂથ વ્યક્તિને ભવિષ્ય પ્રત્યે આશાવાન બનાવી સામાજિક પરિવર્તન માટે પ્રેરિત કરે છે. આજે આપણા સમાજમાં પ્રથાઓ, પરંપરાઓ, રૂઢિઓ અને અંધવિશ્વાસોનું પ્રભાવ જો

ઓછો જોવા મળતો હોય તો તેનું સૌથી મોટું કારણ દ્વિતીયક જૂથોની નવી કાર્યપ્રણાલી છે. દ્વિતીયક જૂથોની ભૂમિકા સ્વાભાવિક અને યાંત્રિક સ્વરૂપે પરિવર્તનકારી હોય છે. કારણ કે અહીં પ્રાથમિક સમૂહોના જે માન-મૂલ્યો દ્વિતીયક જૂથના સભ્યોના વિકાસમાં અવરોધ પૈદા કરે છે તેમને તોડવા આવશ્યક શરત બની જાય છે. ઉદાહરણ- પ્રેમ અને અંતરજાતીય લગ્નોને આ વિશે જોઈ શકાય છે. જો કે ક્યારેક ક્યારેક દ્વિતીયક જૂથોથી ઉત્પન્ન થતા પરિવર્તન હાનિકારક પણ હોઈ શકે છે. ઘણીવાર દ્વિતીયક જૂથ મુશ્કેલી વેઠીને પણ વ્યવહારોને પ્રગતિશીલ બનાવવાના પ્રયત્નો કરે છે.

(૩) **જાગૃતતા :** દ્વિતીયક જૂથોનો એક મુખ્ય ફાળો પછાત અને રૂઢિવાદી લોકોને જાગૃત બનાવવાનું છે. કારણ કે આ જૂથ પરંપરા પર આધારિત ન રહી વિવેક અને તર્કને વધુ મહત્ત્વ આપે છે. આથી આ જૂથોમાં રહી વ્યક્તિઓનું દ્રષ્ટિકોણ વધુ તાર્કિક બની જાય છે. આજે દ્વિતીયક જૂથોનાં પ્રભાવથી ઘણા ઉપનીવેશવાદી સમાજોએ પોતાની દમનકારી નીતિને છોડવી પડી છે. ભારતમાં પણ આજે આપણે દ્વિતીયક જૂથોમાં રહીને જ પોતાના અધિકારો પ્રત્યે આટલા સભાન બની શક્યા છીએ. અન્યથા પ્રાથમિક જૂથોના મર્યાદિત દાયરામાં રહીને આપણે ક્યારેય પણ ગુલામીની જંજીરોને ન તોડી શક્યા હોત. આ સિવાય સ્ત્રીઓની વર્તમાન ઉન્નતિ અને શ્રમિક વર્ગને પ્રાપ્ત થયેલા અધિકારો પણ દ્વિતીયક જૂથોને કારણે જ સંભવિત બની શક્યા છે.

(૪) **આવશ્યકતા પૂર્તિ :** વ્યક્તિની આવશ્યકતાઓની પૂર્તિમાં પણ દ્વિતીયક જૂથની સર્વ પ્રમુખ ભૂમિકા છે. આ ભૂમિકા નિભાવવામાં દ્વિતીયક જૂથોનું મહત્ત્વ અસ્વીકારી શકાતું નથી. વર્તમાન યુગની આવશ્યકતાઓ પોતાની પ્રકૃતિમાં વિવિધતા ધરાવે છે. એક વ્યક્તિએ એક સાથે અનેક ક્ષેત્રોમાં કાર્ય કરવું આવશ્યક બની ગયું છે. શિક્ષણ પ્રાપ્ત કરવું, નોકરી કરવી અને સામાજિક રાજકીય મુદ્દાઓમાં રસ લેવો વગેરે માણસની મુખ્ય આવશ્યકતાઓ છે. આ બધી આવશ્યકતાઓની પૂર્તિ માત્ર દ્વિતીયક જૂથ જ કરી શકે છે.

(૫) **શ્રમનું મૂલ્ય :** દ્વિતીયક જૂથોએ શ્રમને સર્વોચ્ચ મૂલ્ય બનાવ્યું છે. આથી સામાજિક પ્રભાવોમાં વિશેષ યોગદાન મળે છે. ગૌણ જૂથ અકર્મણ્યતાનો નિષેધ કરે છે. તે વ્યક્તિને આસાવાદી બનાવી શ્રમનું વાસ્તવિક પુરસ્કાર અપાવે છે. આથી વ્યક્તિ વધુ ને વધુ કામ કરવા માટે પ્રેરિત થાય છે તેનું જીવન કર્મઠ બને છે અને તેમાં જોખિમ ખેડવાની ક્ષમતા વિકસિત થાય છે. વાસ્તવમાં જો વ્યક્તિ માત્ર પ્રાથમિક સંબંધોમાં જ અટવાયેલો રહે છે તો પોતાના મનની મર્યાદિત ભાવનાને કારણે તે વિરાટ દુનિયામાં ઉદાર ચરિત્ર્યથી વંચિત રહી જાય છે. ઉદાર ચરિત્ર્યના કારણે આજે આપણે જ્ઞાન-વિજ્ઞાન અને વ્યવહારના એના અનુભવોને પ્રાપ્ત કરીએ છીએ, જે સમગ્ર વિશ્વ દ્વારા આપણા માટે સુલભ છે.

(૬) **સામાજિક નિયંત્રણ :** વ્યક્તિ અને જૂથના વ્યવહારોને નિયંત્રિત રાખવામાં પણ દ્વિતીયક જૂથો વિશેષ ફાળો આપે છે. આધુનિક યુગમાં એક જ સ્થાન પર અનેક જાતિયો, ધર્મો, સંપ્રદાયો અને વર્ગોના લોકો સાથે સાથે રહે છે. તેમની ભાષા, પરંપરા અને રૂચિઓ જુદી જુદી હોય છે. આવી સ્થિતિમાં માત્ર ધર્મ અને પ્રવાસોના માધ્યમથી તેમના વ્યવહારો પર નિયંત્રણ કરી શકાતું નથી. સામાજિક નિયંત્રણના ઔપચારિક સાધન-પોલીસ, ન્યાયાલયો, કાયદા, સેના અને અન્ય વહીવટી સંગઠનોની જરૂર પડે છે. આ પરથી ફલિત થાય છે કે સામાજિક નિયંત્રણની સ્થાપનામાં દ્વિતીયક જૂથનું કેટલું મહત્ત્વ છે.

### ૧૩.૩.૪ ગૌણ જૂથને કારણે પૈદા થનારી સમસ્યાઓ (Problems arising due to secondary groups)

ગૌણ જૂથ દ્વારા થતા ઉપરોક્ત લાભોની જેમ તેનાથી અનેક પ્રકારની હાનિઓ પણ થાય છે. આવી હાનિઓ અને સમસ્યાઓ વિશે વિદ્વાનોનો મત એકબીજાથી ભિન્ન પ્રકારનો છે. અનેક વિચારકોના મતે વ્યક્તિને પરંપરાઓ અને સંકીર્ણતાથી બહાર કાઢવામાં દ્વિતીયક જૂથોએ બહુ મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. આને કારણે અનેક વિદ્વાનો આ સમૂહોના વધતા જતા પ્રભાવથી ચિંતિત પણ છે. તેમના મતાનુસાર આ જૂથોએ એવી સમસ્યા ઉત્પન્ન કરી છે, જે સમાજના સંગઠન અને સામાજિક સહકાર પર આઘાત પહોંચાડે છે. આ બાબતોને વ્યવહારિક સ્વરૂપે જોતા એ સ્પષ્ટ થાય છે કે વ્યક્તિની સમગ્ર ક્રિયાઓ દેખાડો અને વ્યક્તિગત સ્વાર્થ પૂર્તિને કારણે સંચાલિત થાય છે. મોટા-મોટા ઉદ્યોગ ક્ષેત્રોમાં આપણે જે વ્યક્તિઓની સાથે કલાકો સુધી એક સાથે રહીને કામ કરતા હોઈએ છીએ તેમના નામ સુધ્ધા આપણે જાણતા હોતા નથી. તો સહકાર આપવાનો પ્રશ્ન જ ક્યાં પૈદા થાય છે. પાડોશને અત્યાર સુધી પ્રાથમિક જૂથ માનવામાં આવતું હતું. પરંતુ હવે પાડોશની પ્રકૃતિ પણ દ્વિતીયક જૂથોએ હિતવાદી બનાવી દીધી છે. જે પાડોશીઓ આપણા સ્વાર્થની પૂર્તિ કરે છે. આપણે એટલા જ પાડોશીઓને જાણતા અને ઓળખતા હોઈએ છીએ. પ્રત્યક્ષ સમ્પર્કનો અભાવ અને વ્યક્તિવાદી મનોવૃત્તિમાં વધારો થઈ રહ્યો હોવાથી અપરાધોમાં સદંતર વૃદ્ધિ થઈ રહી છે. કુટુંબ ધીમે ધીમે એક ઔપચારિક સંગઠન બનતું જઈ રહ્યું છે. કુટુંબ જેવી મહત્ત્વની સંસ્થામાં પણ વ્યક્તિ પોતાના વ્યક્તિગત હિતોને પ્રાધાન્યતા આપવા લાગ્યો છે. કુટુંબોની સ્થિરતા- આજે લગ્ન વિચ્છેદના અધિકારો અને ગૌણ જૂથોના વાતાવરણમાં નિરંતર દુર્બળ થતી જઈ રહી છે.

સંગઠન કોઈ પણ સમાજની આધારશીલા હોય છે. જો કોઈ કારણોસર આ સંગઠનો શિથિલ થવા લાગે તો સમાજની પ્રગતિ અટકવાનો ખતરો પેદા થાય છે. ભારતીય સમાજમાં નવીન સંસ્કૃતિઓનું મિશ્રણ અને બ્રિટીશ નીતિના કારણે સામાજિક સંગઠનો નષ્ટ જેવા થઈ ગયા હતા. ઔદ્યોગીકરણને કારણે દ્વિતીયક સંબંધોમાં એટલી વૃદ્ધિ થઈ કે ભારતીય સમાજ પશ્ચિમી દુનિયાનું આંધળું અનુકરણ કરવા લાગ્યો. શિક્ષણ, સંસ્કૃતિ અને ધર્મ જેવા ક્ષેત્રોમાં આજે દ્વિતીયક સંબંધો વિકસિત થઈ રહ્યા છે અને ધીમે ધીમે આપણે આપણા પોતાના સ્વાર્થોના દાયરા સુધી સીમિત થતા જઈ રહ્યા છીએ.

### ૧૩.૩.૫ દ્વિતીયક જૂથોનું વર્ગીકરણ

ચાર્લ્સ હાર્ટન કૂલે ગૌણ જૂથોને બે ભાગોમાં વહેંચે છે. સંસ્કૃતિને આધારે- (૧) દરજ્જા જૂથ, (૨) રાષ્ટ્રીયતા જૂથ, (૩) સ્થાનીય જૂથ અને (૪) ધ્યાન-સ્વાર્થ-ઉદ્દેશ્ય જૂથ એ ગૌણ જૂથ છે. એવી જ રીતે સંગઠિત જૂથ જેમાં એક, ઉંમર, લિંગ, જાતિ અને પ્રજાતિ જૈવિકીય જૂથ અને બીજું ટોળું, શ્રોતા જૂથ આવા આકસ્મિક જૂથો પણ ગૌણ જૂથો છે.

## ૧૩.૪ પ્રાથમિક અને ગૌણ જૂથોમાં અંતર (તફાવત)

પ્રાથમિક અને ગૌણ જૂથોમાં મુખ્ય અંતર નીચે પ્રમાણે છે :

(૧) **આકારમાં અંતર :** પ્રાથમિક જૂથોમાં આકારમાં નાના હોય છે. જ્યારે ગૌણ જૂથોનો આકાર મોટો હોય છે.

(૨) **સંબંધોની પ્રકૃતિમાં તફાવત :** પ્રાથમિક સમૂહોનો આકાર નાનો હોવાને કારણે

પ્રાથમિક સમૂહોમાં સંબંધ વૈયક્તિક, પ્રત્યક્ષ અને ઘનિષ્ટ હોય છે. જ્યારે દ્વિતીયક જૂથો મોટા હોવાને કારણે તેમાં સંબંધો અવૈયક્તિક, અપ્રત્યક્ષ અને ઔપચારિક હોય છે.

(૩) **ઉદ્દેશ્યોનો પ્રકૃતિમાં તફાવત :** પ્રાથમિક જૂથોમાં ઉદ્દેશ્યોની સમાનતા હોય છે. એટલે સુધી કે લોકો બીજાના હિતોને પોતાનું હિત સમજે છે. ગૌણ જૂથોમાં ઉદ્દેશ્યોની સમાનતા નથી હોતી. આથી દરેક વ્યક્તિ પોતાનું સ્વાર્થ સિદ્ધ કરવા માંગે છે.

(૪) **સંબંધોની સર્વાંગીણતામાં તફાવત :** પ્રાથમિક જૂથોમાં સંબંધ સર્વાંગી હોય છે અને આથી એક વ્યક્તિના અભાવની પૂર્તિ બીજી વ્યક્તિ નથી કરી શકતી. ગૌણ જૂથોમાં સંબંધો સર્વાંગી (Inclusiveness) નથી હોતા. આથી એક વ્યક્તિ સરળતાથી બીજાનું સ્થાન લઈ શકે છે.

(૫) **સમાજમાં મહત્ત્વ બાબતે અંતર :** પ્રાથમિક જૂથ સામાજિક સંગઠનનો આધાર છે જ્યારે ગૌણ જૂથ આટલા વધુ મહત્વના નથી હોતા.

(૬) **સ્થાન સંબંધિત અંતર :** પ્રાથમિક જૂથો મોટાભાગે આદિમ અને ગ્રામીણ સમાજમાં જોવા મળે છે. જ્યારે ગૌણ જૂથો મોટાભાગે શહેરોમાં ઉપલબ્ધ હોય છે.

(૭) પ્રાથમિક જૂથમાં બીજા જૂથો નથી જોવા મળતા. જ્યારે ગૌણ જૂથો મોટા હોવાથી તેમાં અનેક જૂથો જોવા મળે છે.

(૮) **દરજ્જાના આધારે અંતર :** પ્રાથમિક જૂથમાં દરજ્જો જન્મ અને કુળના આધારે હોય છે. જ્યારે ગૌણ જૂથમાં કાર્યો, ભૂમિકાઓને આધારે દરજ્જો નક્કી કરવામાં આવે છે.

(૯) **વ્યક્તિત્વ પર પ્રભાવમાં અંતર :** પ્રાથમિક જૂથનો સંબંધ વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્ત્વ સાથે હોય છે અને તેમાં સમગ્ર વ્યક્તિત્ત્વ વિકસિત થાય છે. જ્યારે ગૌણ જૂથનો સંબંધ વ્યક્તિના વ્યક્તિત્ત્વના કોઈ વિશેષ ભાગ સાથે હોય છે અને તે તેને જ માત્ર વિકસિત કરે છે.

(૧૦) **વિકસિત થતા ગુણોમાં તફાવત :** પ્રાથમિક જૂથમાં પ્રેમ, સહાનુભૂતિ, સહકાર વગેરે ગુણો વિકસિત થાય છે. જ્યારે ગૌણ જૂથમાં સ્વાર્થ અને વ્યક્તિવાદ વિકસે છે.

(૧૧) **સભ્યો પર નિયંત્રણમાં તફાવત :** પ્રાથમિક જૂથમાં એક ચોક્કસ વ્યવસ્થા હોય છે. જેનું નિયંત્રણ મોટાઓ, વડીલોનાં હાથમાં હોય છે અને જેના નિયમોનું પાલન કરવું દરેક સભ્ય માટે અનિવાર્ય હોય છે. જ્યારે ગૌણ જૂથના સભ્યોના આચાર-વિચાર પર નિયંત્રણ ઓછું હોય છે અને જે નિયંત્રણ હોય છે તે રાજ્ય દંડ, જેલ અને કચેરી વગેરે દ્વારા થાય છે. જો કે તે પ્રત્યક્ષ નિયંત્રણ નથી કરી શકતા.

(૧૨) **સંબંધોની નિરંતરતામાં તફાવત :** પ્રાથમિક જૂથમાં સભ્યોના સંબંધોમાં નિરંતરતા રહે છે. ગૌણ જૂથના સભ્યોનાં સંબંધોમાં આ નિરંતરતા નથી હોતી.

(૧૩) **વ્યવહારમાં સ્વાભાવિકતા સંબંધિત તફાવત :** પ્રાથમિક જૂથમાં સભ્યોનો પરસ્પર વ્યવહાર ગૌણ જૂથનાં સભ્યોની અપેક્ષા સ્વાભાવિક હોય છે.

## ૧૩.૫ સંદર્ભ સમૂહ (Reference Groups)

વ્યક્તિ એક અનુકરણકારી જીવ છે તેમાં બીજા વ્યક્તિઓ અથવા સમૂહોના અનુકરણની સહજ પ્રવૃત્તિ હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિઓને પ્રગતિ

કરતા જુએ છે તો તેનામાં પણ તેવા પ્રકારની ઉન્નતિ કરવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. તે બીજાઓ સાથે પોતાને સરખાવે છે અને તેમના પદ અને દરજ્જા સુધી પહોંચવા માટે તેમની જેમ વ્યવહાર કરવાનું શરૂ કરે છે. બીજાઓ સાથે સરખામણી કરવા ઉપરાંત કરવામાં આવેલ એવા વ્યવહારને ''સંદર્ભ વ્યવહાર'' (Reference Behavior) કહેવામાં આવે છે. આવા વ્યવહાર અન્તર્ગત વ્યક્તિ પોતાને અન્ય વ્યક્તિઓ અથવા જૂથોની સાથે સંબંધિત કરે છે અને તેમનાં માનકો અને મૂલ્યોને અપનાવવા પ્રયત્ન કરે છે. જે વ્યક્તિઓ અથવા જૂથોના વ્યવહારનું તે અનુકરણ કરે છે, તેને સંદર્ભ જૂથ (ઈીકીીહિશ્રી ર્યેજ) કહેવામાં આવે છે. વ્યવહારની આ અનુકરણીયતા વ્યક્તિ અને જૂથ બન્ને સ્તરે જોવા મળે છે.

સંદર્ભ જૂથનો સૌપ્રથમ પ્રયોગ ૧૯૪૨માં હરર્બટ હાઈમૈને પોતાના પ્રસિદ્ધ લેખ, 'The Psychology of status' માં કર્યો હતો. સંદર્ભ સમૂહનો વિસ્તૃ ત અને વૈજ્ઞાનિક વિચાર મર્ટને પોતાના પુસ્તક 'Social Theory and Social Structure'માં પ્રસ્તુત કર્યો. હાઈમૈનના મતે પ્રત્યેક સમાજમાં કેટલીક વ્યક્તિઓ એવી હોય છે, જેમના મૂલ્યો અને માનકો બીજી વ્યક્તિઓ માટે આદર્શ બની જાય છે જેનું તે અનુકરણ કરે છે.

શૈરિફ એ સંદર્ભ વ્યવહારનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યું છે. તેના મતે વ્યક્તિ સામાન્ય રીતે પોતાના જૂથના આદર્શો અને મૂલ્યોને જ અપનાવે છે. પરંતુ ક્યારેક ક્યારેક તે જાણીતી વ્યક્તિઓના વ્યવહારનું અનુકરણ કરવાનું પ્રારંભ કરી દે છે. લિંટનના મતે પ્રત્યેક સમાજમાં કેટલીક ભૂમિકાઓ દરજ્જાઓ એવા હોય છે, જેને દરેક વ્યક્તિ પ્રાપ્ત કરવા ચાહે છે. સંદર્ભ સમૂહ-વ્યવહારના બે કારણ છે- પ્રથમ, સામાજિક અને આર્થિક સ્થિતિ, અને બીજું, વ્યક્તિ અને જૂથનું મનોવૈજ્ઞાનિક સ્તર. મોટાભાગે જોવા મળ્યું છે કે ગરીબ વ્યક્તિ અમીર અથવા સમૃદ્ધ વ્યક્તિઓના વ્યવહારને વધુ માન આપે છે. એવી જ રીતે નિમ્ન માનસિક સ્તરની વ્યક્તિ અન્ય વ્યક્તિથી પ્રભાવિત થાય છે.

### સંદર્ભ સમૂહ-વ્યવહારની વિશેષતાઓ

સંદર્ભ સમૂહ-વ્યવહારની વિશેષતાઓ નીચે પ્રમાણે છે.

(૧) વ્યક્તિ અથવા જૂથ અન્ય વ્યક્તિ અથવા જૂથને આદર્શ વ્યવહાર માની તેનું અનુકરણ કરે છે.

(૨) વ્યક્તિ અથવા જૂથ પોતાની અન્ય વ્યક્તિ અથવા જૂથ સાથે તુલના કરે છે.

(૩) સંદર્ભ સમૂહ વ્યવહારમાં વ્યક્તિ અથવા જૂથ સામાજિક પદક્રમમાં ઉચ્ચ સ્તર પર જવા માંગે છે. જેને પરિણામે આવી વ્યક્તિ અથવા જૂથને પોતાના દોષો અથવા ખામીઓનું ભાન થાય છે.

(૪) દોષો અથવા ખામીઓનું ભાન વ્યક્તિ અથવા જૂથમાં સાપેક્ષ વંચિતતા (Deprivation)ની ભાવના ઉત્પન્ન કરે છે.

આમ, સાપેક્ષ વંચિતતાની ભાવના જે કારણે વ્યક્તિ બીજી વ્યક્તિઓના માનાંકો અથવા મૂલ્યોને અપનાવી લે છે જે તેના વ્યવહારમાં પરિવલર્તન લાવી દે છે. શૈરિફના મતે વ્યક્તિ જ માત્ર સંદર્ભ-જૂથ-વ્યવહાર માટે યોગ્ય જીવ છે. તે બીજી વ્યક્તિ અથવા જૂથના મૂલ્યો અને માપદંડોનું આત્મીયકરણ કરીને પોતાના વ્યવહારમાં પરિવર્તન કરી શકે છે. આવું એ કારણે થાય છે કે વ્યક્તિની સામાજિક અંતઃક્રિયા અને પ્રતિક્રિયાઓનું ક્ષેત્ર તેના સભ્યપદ-જૂથના ક્ષેત્રથી ખૂબ વધુ વ્યાપક હોય છે. મનોવૈજ્ઞાનિક સ્તરે તે

પોતાને અન્ય સમૂહોથી માનસિક રીતે સંબંધિત કરે છે. તેમના વ્યવહાર-ધોરણોને આધારે તે પોતાના વ્યવહારને ઢાળવાનો પ્રયત્ન કરે છે.

એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જ્યારે વ્યક્તિ પોતાના જૂથમાંથી બીજા જૂથમાં પ્રવેશ કરે છે તો તેને બીજા જૂથમાં સાત્મીકરણ કરવામાં કેટલોક સમય લાગે છે. આ પરિવર્તન કાળમાં તે માનસિક દબાણો અને ખેંચતાણનો અનુભવ કરે છે. આવી સ્થિતિ જૂથહીનતા (Grouplessness)ની અવસ્થાને જન્મ આપી શકે છે. જેમાં તે પોતાને પોતાના જૂથથી જૂદો પામે છે. જો કે એકબાજુ તે પોતાના જૂથથી અળગો થઈ જાય છે તો બીજી બાજુ તે બીજા જૂથમાં સાત્મીકૃત નથી થઈ શકતો. તે એવી અવસ્થામાં હોય છે જેને 'જૂથ વિહીન અવસ્થા' કહી શકાય છે. ઉર્ધ્વ ગતિશીલતાવાળા સમાજમાં સંદર્ભ-જૂથ-વ્યવહારના પરિણામો કાર્યાત્મક હોય છે. જ્યારે બંધ સમાજમાં વિકાર્યાત્મક હોય છે.

## ૧૩.૬ સારાંશ

સામાજિક જૂથોની સંખ્યા એટલી વધુ છે કે બધાનો ઉલ્લેખ કરવો પણ મુશ્કેલ છે. સગવડ માટે વિદ્વાનોએ વિભિન્ન આધારો પર બનેલા કેટલાક મુખ્ય જૂથોનો ઉલ્લેખ કર્યો છે. જૂથના સભ્યોના પારસ્પરિક સંબંધોને આધારે બધા જૂથોને પ્રાથમિક અને ગૌણ બે શ્રેણીઓમાં વિભાજીત કરી શકાય છે. પ્રાથમિક જૂથ શબ્દનો પ્રયોગ સૌપ્રથમ સી.એચ. કૂલેએ કર્યો હતો. પ્રાથમિક જૂથમાં ઘનિષ્ટતા, મોઢા-મોઢનો સંબંધ અને સહકાર જોવા મળે છે. તેના સભ્યોની સંખ્યા થોડી હોય છે. જેઓ એકબીજાની સાથે પ્રત્યક્ષ સંપર્કમાં આવે છે. પ્રાથમિક જૂથ જેમ કેટલાક કાર્યો કરે છે તેમ તેના કેટલાક વિકાર્યો પણ છે. ગૌણ જૂથ શબ્દપ્રયોગ કિંગ્સ્લે ડેવિસ અને હોમન્સે કર્યો છે. ગૌણ જૂથ આકારમાં મોટો હોય છે. એ સમજી-વિચારીને ચોક્કસ ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે બનાવવામાં આવે છે. આમાં વ્યક્તિઓ વચ્ચેના સંબંધો અવૈયક્તિક અને ઔપચારિક હોય છે.

આ એકમમાં પ્રાથમિક જૂથ અને દ્વિતીયક જૂથ વચ્ચેનો તફાવત પણ સમજાવવામાં આવ્યો છે. અંતે સંદર્ભ સમૂહ અને તેની લાક્ષણિકતાઓ પણ સમજાવવામાં આવી છે.

## ૧૩.૭ તમારી પ્રગતિ ચકાસો

### ૧૩.૭.૧ મોટા પ્રશ્નો

(૧) પ્રાથમિક જૂથની વિશેષતાઓ જણાવી તેનું મહત્ત્વ જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

(૨) ગૌણ અથવા દ્વિતીયક જૂથની પરિભાષાઓ આપી તેની વિશેષતાઓ અને મહત્ત્વ જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

............................................................

............................................................

(૩) પ્રાથમિક અને ગૌણ જૂથોમાં અંતરની ચર્ચા કરો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

**૧૩.૭.૨ ટૂંક નોંધ લખો.**

(૧) પ્રાથમિક જૂથોના કાર્યો

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૨) પ્રાથમિક જૂથોના વિકાર્યો

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૩) ગૌણ અથવા દ્વિતીયક જૂથોના કારણે પેદા થતી સમસ્યાઓ

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૪) સંદર્ભ જૂથ

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**૧૩.૭.૩ નીચેના વિધાનોમાંથી ખરાં-ખોટાં વિધાનો જણાવો.**

(૧) જૂથના સભ્યોની સંખ્યા અમર્યાદિત હોય છે.

(૨) સહકારી મંડળી દ્વિતીયક અથવા ગૌણ જૂથનું ઉદાહરણ છે.

(૩) ચાર્લ્સ હાટને કૂલેએ સૌપ્રથમ ‘સોશિયોલોજી’ પુસ્તકમાં પ્રાથમિક જૂથ શબ્દ પ્રયોગ કર્યો હતો.

(૪) ગૌણ જૂથમાં સભ્યપદ ઐચ્છિક હોય છે.

(૫) વ્યક્તિએ શીખેલા વર્તન વ્યવહારને સંસ્કૃતિ કહે છે.

(૬) ગૌણ જૂથના સભ્યોમાં પરસ્પર ઔપચારિક સંબંધ હોય છે.

(૭) કુટુંબ અને ક્લબ સામાજિક જૂથના ઉદાહરણ છે.

(૮) સભ્યોમાં ભાવાત્મક ઘનિષ્ટતા ગૌણ જૂથનું ઉદાહરણ છે.

જવાબ : (૧) સાચું, (૨) સાચું, (૩) ખોટું, (૪) સાચું, (૫) સાચું, (૬) સાચું, (૭) સાચું, (૮) ખોટું

## ૧૩.૮ સંદર્ભ સૂચિ

૧. શર્મા, રામનાથ અને શર્મા, રાજેન્દ્ર (૧૯૯૫), ‘સમાજશાસ્ત્ર કે સિદ્ધાંત’, એટલાંટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી (હિન્દી પુસ્તક)

૨. શાહ, એ. જી. અને દવે, જે. કે. (૧૯૯૭), ‘સમાજશાસ્ત્ર પરિચય’, અનડા પ્રકાશન, અમદાવાદ.

એકમ ૧૪

# સામાજિક દરજ્જાનો અર્થ અને પ્રકાર

રૂપરેખા


૧૪.૦ ઉદ્દેશો

૧૪.૧ પ્રસ્તાવના

૧૪.૨ સામાજિક દરજ્જાનો અર્થ

૧૪.૨.૧ દરજ્જા સમુચ્ચય

૧૪.૨.૨ બહુવિધ દરજ્જા

૧૪.૩ સામાજિક દરજ્જાના પ્રકારો

૧૪.૩.૧ અર્પિત દરજ્જો , પ્રાપ્ત દરજ્જો વચ્ચે સબંધ

૧૪.૩.૨ ભારતીય સમાજના દરજ્જા

૧૪.૪ સારાંશ

૧૪.૫ બહુવૈકલ્પીક પ્રશ્નો

૧૪.૬ તમારી પ્રગતિ ચકાસો

૧૪.૭ સંદર્ભસૂચિ


## ૧૪.૦ ઉદ્દેશો

આ એકમ ભણ્યા પછી તમે જાણી શકશો

- સામાજિક દરજ્જો અને દરજ્જા સમુચ્ચયને સમજી શકાશે.
- બહુવિધ દરજ્જાની સમજુતી
- દરજ્જાના પ્રકારો વર્ણન
- અર્પિત દરજ્જા અને પ્રાપ્ત દરજ્જા વચ્ચે સબંધ જાણવો.
- સમાજવ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કરતી વખતે સામાજિક દરજ્જાની સમજ મળશે.

## ૧૪.૧ પ્રસ્તાવના

આ એકમ દરજ્જાનો અર્થ અને પ્રકારની વિભાવનાઓ સમજાવે છે. આપણે રોજબરોજના વ્યવહારમાં એના વિષે સાંભળ્યું હશે. પરંતુ તમે એનો સમાજશાસ્ત્રીય અર્થ જાણો છો ? અહી પ્રયાસ વિભાવનાઓને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી સમજાવવાનો છે. અને આ એકમને બે વિભાગમાં વહેચી દીધું છે.

પ્રથમ વિભાગ :- સામાજિક દરજ્જાનો સમાજશાસ્ત્રીય અર્થ આપે છે.

પેટા વિભાગ-૧ :- દરજ્જા સમુચ્ચય વિશે સમજ

પેટા વિભાગ -૨ :- બહુવિધ દરજ્જાઓની જાણકારી

વિભાગ બીજો :- દરજ્જાના પ્રકારો

પેટા વિભાગ ૨ :- અર્પિત દરજ્જાના મહત્વના પરિબળો.

પેટા વિભાગ ૨.૧ :- અર્પિત દરજ્જા અને પ્રાપ્ત દરજ્જા વચ્ચે સબંધ જાણી શકાશે.

## ૧૪.૨ સામાજિક દરજ્જાનો અર્થ :-

આધુનિક જટિલ સમાજમાં લોકો વચ્ચે થતી મોટાભાગની વ્યવહારો વ્યક્તિઓને અનુલક્ષીને થતા નથી. પરંતુ તેમના દરજ્જાઓના આધારે થતા હોય છે. બજારમાં ખરીદી માટે જતી વ્યક્તિ બસમાં બેસે છે ત્યારે કંડકટર, બસ-ડ્રાઈવર તેમજ સહપ્રવાસીઓ સાથે અંતરક્રિયા કરે છે. અને એવી જ રીતે બસમાંથી ઉતર્યા પછી બજારમાં વેપારી સાથે આંતરક્રિયા કરે છે. ત્યારે તે તેમની સાથે વ્યક્તિ તરીકે નહિ પરંતુ બસમાં એક મુસાફર તરીકે અને બજારમાં જુદા જુદા દુકાનદારો સાથે ગ્રાહક તરીકે આંતરક્રિયા કે છે. તેમાં તેની ક્યાય વ્યક્તિગત ઓળખાણની જરૂર પડતી નથી. આ દ્રષ્ટીએ સમાજવ્યવસ્થાના વિશ્લેષણના શક્તિમાંથી સાથેનો તરીકે દરજ્જાની વિભાવનાઓ અત્યંત મહત્વની છે.

- **દરજ્જાનો અર્થ :-**

દરેકસામાજિક વ્યવસ્થામાં પછી ભલે તે આદિવાસી સમાજ જેવીસાદીસમાંજવ્યવસ્થા હોય કે પછી આધુનિક સમાજ જેવી અત્યંત જટિલ સમાજ વ્યવસ્થા હોય કાર્યવિભાજન કોઈની કોઈ સ્વરૂપમાં આવશ્યક રીતે જોવા મળે છે. જુદી જુદી પરિસ્થિતિઓ કે સંબંધોમાં અમુક સ્થાન ધરાવનાર વ્યક્તિઓએ અમુક જ રીતે વર્તવું એ અંગેની સામાન્ય સમજુતી હોવાથી કાર્યવિભાજનમાં સુગ્રથીતતા આવે છે કાર્યવિભાજનમાં આવા દરેક સ્થાનો આધારે લોકોનો ઊંચા અથવા નીચા સ્થાનોમાં ગોઠવવાની વ્યવસ્થાને સામાજિક દરજ્જા તરીકે ઓળખવામાં આવે છે. જે અમુક સમયે અન્ય સંબંધિત સ્થાનોના સંદર્ભમાં વય ,લિંગ,જન્મ,લગ્ન,આવક,શિક્ષણ,કુટુંબ, આધારે વ્યક્તિને અમુક અધિકારો તેમજ કર્તવ્ય આપે છે બીજા સબંધ કરીએ તો સામાજિક દરજ્જો એટલે અમુક સામાજિક તત્રના કાર્યવિભાજનમાં અમુક સમયે ચોક્કસ વ્યક્તિ દ્વારા ધરાવતું સામાજિક સ્થાન.

સામાન્ય રીતે આપણા સમાજમાં પોતાની બોલીમાં બોલનાર કરતા અંગ્રેજી જાણનારનું ચડિયાતું સ્થાન ગણાય છે. આવા લોકોની સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. કારણ કે આંતરિક શિક્ષણ મેળવનાર કરતા તેઓ ચડીયાતા ગણાય છે.

### ૧૪.૨.૨ દરજ્જા સમુચ્ચય

સામાન્ય રીતે જોઇએતો કોઈ અમુક વ્યક્તિ અમુક સમય દરમિયાન કાર્યાલયમાં વડા અધિકારી,રમત,ગમત,કલબનો મંત્રી પોતાના કુટુંબમાં પિતા,ભાઈ,વડીલનો દરજ્જો ધરાવતો હોય છે. આમ કોઈ નિશ્ચિત સમય દરમિયાન વ્યક્તિના જુદા જુદા સામાજિક સમૂહો કે સામાજિક ભંગોમાંના વિવિધ દરજ્જાઓને સંયુક્ત સ્વસ્થ દરજ્જા સમુચ્ચય તરીકે ઓળખવામાં આવે છે.

આ પ્રકારના દરજ્જા સમુચ્ચયની પરિસ્થિતિનું એક પરિણામ એવું પણ જોવા મળે છે વ્યક્તિ યુનીવર્સીટીમાં વડો અધિકારી છે. તે માહિતી રમત ગમતના મેદાનમાં અન્ય

સભ્યોના તેના વલણ અને વર્તન ઘડવામાં ભાવ ભજવે છે. રમતગમતના મેદાનમાં તે વ્યક્તિના દરજ્જાને પણ તે માહિતી અસરકર્તા નીવડે છે આમ એક સામાજિક સમૂહ છે તેમાંના વ્યક્તિનો દરજ્જો અન્ય સમૂહો કે તેમાંના વ્યક્તિના પણ અસર પહોચાડી શકે છે.

### ૧૪.૨.૩ બહુવિધ દરજ્જાઓ

કોઈ એક જ વ્યક્તિના એક કરતા વધારે દરજ્જોને કોઈ સમયને ધ્યાનમાં લીધા વિના જોવામાં આવે ત્યારે તેને બહુવિધ દરજ્જાઓ કહેવામાં આવે છે તેમાં એક કરતા વધુ દરજ્જા ધરાવે છે તે જ હકીકત પર ભાર મુકવામાં આવે છે જેમ કે એક પુરુષ કુટુંબમાં પિતા છે અમુક કોલેજના પ્રોફેસર છે કોઈક સહકારી મંડળીના મંત્રી છે રાધાસ્વામી સંપ્રદાયના સદસ્ય હોય છે. આ પુરુષ આવા એક કરતા વધારે અનેક દરજ્જા વચ્ચે છે.

તેવી જ રીતે જોઈએ તો વ્યક્તિ એક કુટુંબમાં પણ એક જ સમયે એક કરતા વધુ દરજ્જા ધરાવી શકે જેમ કે કુટુંબમાં વ્યક્તિ એક જ સમયે પુત્ર,પતિ,ભાઈ,પિતા,કાકા, વગેરે દરજ્જા એક સાથે ધરાવી શકે છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

**નીચેના ખરા વિકલ્પો શોધો**

(૧) દરજ્જો માત્ર કર્તવ્યો જ સૂચવે છે.

(૨) દરજ્જા માત્ર અધિકારો સૂચવે છે.

## ૧૪.૩ સામાજિક દરજ્જાના પ્રકારો

સામાજિક દરજ્જાના સમાજશાસ્ત્રી રાલ્ફ લીટને બે પ્રકાર પાડ્યા છે.

- અર્પિત દરજ્જો (Ascribed Status )
- પ્રાપ્ત દરજ્જો (Achieved Status )

### A. અર્પિત દરજ્જો

સામાન્ય રીતે એમ કહી શકાય કે અર્પિત દરજ્જો સમાજે વ્યક્તિને આપેલો દરજ્જો છે કોઈ પણ પ્રકારની મહેનત વિના માત્ર જન્મના આધારે વ્યક્તિને સમાજ તરફથી મળતો દરજ્જાને અર્પિત દરજ્જો કહેવામાં આવે છે. દા.ત. જ્ઞાતિ,રાજ્ય,જાતિ,કોમ, વગેરે ફરજીયાત જૂથો છે આવા જૂથોમાં જન્મવાને લીધે વ્યક્તિને પોતાની જ્ઞાતિનો રાજ્યના નાગરિકનો દરજ્જો મળે છે.

અર્પિત દરજ્જા જૈવિક પરિસ્થિતિ ઉપર રચાયેલા છે. અમુક વિશિષ્ટ જૈવિક પરિસ્થિતિને લીધે વ્યક્તિને આવા દરજ્જા મળે છે વ્યક્તિ આવા દરજ્જામાં સ્વપ્રયત્નથી ફેરફાર કરી શકતા નથી તે પોતાની ઈચ્છા મુજબ બદલી શકતા નથી. અને જન્મથી મળતો આ દરજ્જો મૃત્યુપર્યાત પણ રહે છે. દા.ત. પુરુષ કે સ્ત્રી તરીકેનો દરજ્જો બાળક વૃદ્ધ તરીકેનો વય દરજ્જો જાતીય દરજ્જો વગેરે દરજ્જા વ્યક્તિ સ્વપ્રયત્નથી બદલી શકતા નથી. અને આવા દરજજ વ્યક્તિને જન્મથી જ મળે છે.

- **અર્પિત દરજ્જાના નિર્ણાયક પરિબળો :-**

(૧) લિંગ (૨) વય (૩) રક્તસંબંધો

**(૧) લિંગ**

વ્યક્તિનું સ્ત્રી કે પુરુષ તરીકેનું લિંગ જન્મથી નક્કી થાય છે આ લૈંગિક દરજ્જાને અર્પિત દરજ્જા કહેવામાં આવે છે.

**(૨) વય**

વય કે ઉમર શારીરિક પરિબળ છે. તેના ઉપર વ્યક્તિનું નિયંત્રણ નથી વ્યક્તિની વય વધવાની સાથે તેના દરજ્જામાં પણ ફેરફાર થાય છે. બાલ્યાવસ્થા,યુવાવસ્થા, અને વૃધાવસ્થા જેવી મુખ્ય ત્રણ દરજ્જા અવસ્થાઓ ઉમર ઉપર રચાયેલી છે.

**(૩) રક્તસંબંધો**

માતા,પિતા,કાકા,ભાઈ,બહેન વગેરે રકતસંબંધીઓ છે આપણે રકતસંબંધીઓ પસંદ કરવાનું સ્વાતંત્ર્ય ભોગવતા નથી. પરંતુ આપણા રકતસંબંધીઓ જન્મથી નક્કી થાય છે. આપણા માં-બાપ કે ભાઈની આપણે સ્વેચ્છાથી પસંદગી કરી શકતા નથી. પુત્ર કે પુત્રી તરીકેનો દરજ્જો જન્મ થી મળે છે.

**(B) પ્રાપ્ત દરજ્જો**

જે દરજ્જાની પ્રાપ્તિ વ્યક્તિની પસંદગી ઈચ્છા આવડત સિદ્ધિઓ અને મહેનત પર મુખ્યત્વે આધારિત હોય છે તેને પ્રાપ્ત દરજ્જો કહેવામાં આવે છે.

સ્નાતક,શિક્ષણ,વિદ્યાર્થી, કોઈ રાજકીય પક્ષના સભ્ય, ડોક્ટર, વકીલ, વડાપ્રધાન, પતિ, પત્ની, ક્લાર્ક, કોઈ પણ મરજિયાત મંડળના સભ્ય ઈત્યાદી દરજ્જા તે માટેની યોગ્યતા મેળવવાથી મળે છે. સમાજમાં ક્યાં અને કેટલા દરજ્જા અંશે પ્રાપ્ત હશે તે બાબત ને આધાર પરીસ્થિતિ પર રહે છે.

એક સમાજમાં જે અર્પિત દરજ્જો હોય તે અન્ય સમાજમાં પ્રાપ્ત દરજ્જો પણ હોઈ શકે છે આધુનિક સમાજમાં મોટા ભાગના વ્યવસાયિક આર્થિક અને રાજકીય દરજ્જાઓ પ્રાપ્ત દરજ્જાઓ છે. દા.ત. વ્યક્તિ પોતાની જાતે વ્યવસાય પસંદ કરી શકે છે અને તેવા દરજ્જા મેળવે છે. ગરીબો પ્રયત્નો દ્વારા વધુ આવક મેળવી સંપતિ કે મિલકત મેળવીને અમીર બની શકે છે આધુનીક સમયમાં શિક્ષણ પ્રાપ્ત દરજ્જાનું દ્વાર બની ગયું છે. વ્યક્તિ વધુ ને વધુ શૈક્ષણિક લાયકાત મેળવીને વિવિધ વ્યવસાયિક દરજ્જા મેળવી શકે છે.

### ૧૪.૩.૧ અર્પિત અને પ્રાપ્ત દરજ્જા વચ્ચે સંબંધ

ભારતીય સમાજમાં મોટા ભાગના સમાજોમાં અર્પિત અને પ્રાપ્ત એમ બે પ્રકારના દરજ્જા જોવા મળે છે. એક સમુદાયમાં અર્પિત દરજ્જો વધારે મહત્વ ધરાવતો હોય છે. બીજા સમાજમાં પ્રાપ્ત દરજ્જો વધારે વર્ચસ્વ ધરાવતા હોય છે પહેલી દ્રષ્ટીએ જોઈએતો આ બંને પ્રકારના દરજ્જા વિરોધ દેખાય છે. પરંતુ તેમની વચ્ચે વાનીષ્ટ સંબંધ હોય તેવા ઉ-દા છે. બાળકના જન્મ પછી તેની લિંગના આધારે સામાજીકરણ કરવામાં આવતું હોય છે. પણ તે સામાજીકરણ સ્વરૂપ કયા સર્જિત દરજ્જા મેળવી શકશે શરીરીક દ્રષ્ટીએ ગમે તેટલી શક્તિ શાળી હોય તેમ છતાં તેના સામાજીકરણ સ્વરૂપ જ એવું હોય કે તે સ્વજન રીતે લશ્કરમાં ભરતી થઈને સૈનિક ન બને આમ કેટલાક અર્પિત અને પ્રાપ્ત દરજ્જા સાથે સંબંધ ધરાવતા હોય છે.

### ૧૪.૩.૨ ભારતીય સમાજમાં દરજ્જો

ગ્રામીણ ભારતીય સમાજમાં દરજ્જા ભેદભાવો આધારિત સામાજિક અસમાનતાની વિશેષતાઓ ધરાવતો દેશ છે. ભારતીય સમાજ આધારિત વ્યવસ્થામાં જોવા મળે છે. જેમાં જુદા જુદા સમૂહો ઊંચા કે નીચા દરજ્જામાં ગોઠવાયેલા છે. ભારતીય સમાજના લોકો સામાજિક દરજ્જા વતે ઓછે અંશે સારા-ખરાબ હોવાથી સામ્યતા ધરાવે છે. ભારતીય સમાજમાં ઊંચા દરજ્જા ધરાવનાર વ્યક્તિને સમાજમાં માન-સન્માન પ્રતિષ્ટ મળે છે. જયારે નિમ્ન દરજ્જા ધરાવનાર વ્યક્તિ પ્રમાણ માં ઓછી પ્રતિષ્ટા મળી રહે છે. પરંતુ ભારતીય સમાજમાં વ્યવસાય ખોરાક કપડા અને પણ દરજ્જા માટે મહત્વના પરિબળો છે. અમુક અંશે ભારતીય સમાજમાં દરજ્જો સામાજિક આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં સતા સાથે સંકળાયેલા હોય છે.

ભારતીય સમાજ ખેતી પ્રધાન દેશ હોવાથી જેમની પાસે વધારે જમીન હોય તેઓને માલિક કહેવામાં આવે છે. તેનો સામાજિક દરજ્જો ઉંચો ગણવામાં આવે છે. જેમની પાસે જમીનનુ પ્રમાણ ઓછુ હોય તે શ્રમ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓને શ્રમિક તરીકે ઓળખવામાં આવે છે. તેઓ સામાજિક દરજ્જો નિમ્ન ગણવામાં આવે છે.

- **તમારી જાતે ચકાસો**

**(અ) નીચેના દરજજઓ નું ટુકમાં વર્ણન કરો.**

(૧) પરંપરાગત હિંદુ કુટુંબમાં વિધવા

............................................................
............................................................
............................................................
............................................................

(૨) ગામડામાં એક શિક્ષકવાળી શાળાનો શિક્ષક

............................................................
............................................................
............................................................
............................................................

(૩) બેંક નો કેરિયર

............................................................
............................................................
............................................................
............................................................

(૪) ડોક્ટર

............................................................

..........................................................

..........................................................

..........................................................

(૫) બસ ડ્રાઈવર

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**(બ) અર્પિત દરજ્જા નીચે માંથી  તારવો**

સાળો, પતિ, ભારતનો મતદાર, વિધવા, પટાવાળો, વડાપ્રધાન, દાદી, પુત્ર, વગેરે છે.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

## ૧૪.૪ સારાંશ

આ એકમમાં આપણે જોયું કે દરજ્જો અને પ્રકાર વિભાવના ખ્યાલ સમજ્યા તમે તેવું હશે કે સામાજિક દરજ્જાને લીધે વ્યક્તિ સામાજિક પ્રતિષ્ઠા અને સ્થાન મળે છે. આ વિષયલક્ષી વાસ્તવિકતા છે. સમાજના ઉચા નિમ્ન દરજ્જાઓ દ્વારા સામાજિક ચડતા ઉતરતા કોટીક્રમવાળી વ્યવસ્થા જોવા મળે છે. સામાજિક દરજ્જાને કારણે વ્યક્તિ ક્રિયા અને આંતરક્રિયા કરે છે.

## ૧૪.૪.૧ શબ્દાવલી

વિષયલક્ષી :- નક્કર તથ્ય દા.ત. જમીન આવક વગેરે

સમ્મુચય :- સમૂહ અનેકવિધ જૂથ વગેરે

બહુવિધ :- અનેક દિશાવાળા અનેક કારણો

પ્રાપ્ત :- જે આપણે વસ્તુ મળ્યું હોય તે

## ૧૪.૫ બહુવીકલ્પીક પ્રશ્નો

**(★) (અ) અને (બ) વિભાગોમાં થી જોડકા ગોઠવો**

| (અ) | (બ) |
|---|---|
| (૧) દરજ્જો | (૧) રાલ્ફ લીટન |
| (૨) દરજ્જાના પ્રકાર | (૨) શાળાના આચાર્ય |
| (૩) બહુવિધ ભૂમિકા | (૩) પ્રોફેસર |

(૪) પ્રાપ્ત દરજ્જો (૪) એક વ્યક્તિ પિતા બેંક મેનેજર વગેરે કામગીરી

## ૧૪.૬ તમારી પ્રગતિ ચકાસો

- **ટુકા પ્રશ્નો**

**(અ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે તારણો આપીને સમજાવો.**

(૧) ભારતના રાષ્ટ્ર-પ્રમુખનો દરજ્જો સર્વોચ અર્પિત દરજ્જો કહી શકાય.

(૨) પિતા શબ્દ દરજ્જો સૂચવે છે.

**(બ) નીચેના દરજ્જાઓનું ટુકમાં વર્ણન કરો.**

(૧) ગામડા ની શાળાના વિધાર્થી

............................................................

............................................................

............................................................

............................................................

(૨) રીક્ષા ચાલક

............................................................

............................................................

............................................................

............................................................

(૩) ડોક્ટર

............................................................

............................................................

............................................................

............................................................

(૪) વડાપ્રધાન

............................................................

............................................................

............................................................

............................................................

**(ક) ટુંક નોંધ લખો**

(૧) ભૂમિકા-સમુચ્ચય

............................................................

............................................................

............................................................

............................................................

........................................................................

........................................................................

(૨) દરજ્જા સમુચ્ચય

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(૩) પ્રાપ્ત દરજ્જો

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(૬) **નીબંધાત્મક પ્રશ્નો**

(૧) દરજ્જો નો અર્થ આપી તેના પ્રશ્નો સદ્રષ્ટાંત સમજાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(૨) અર્પિત અને પ્રાપ્ત દરજ્જો વચ્ચે સબધ જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## ૧૪.૭ સંદર્ભસૂચિ


(1) Mack R.W. and young K: 'sociology and social life' chapter-8,pp. 135-148

(2) Merril F.E. : 'sociology culture' chapter-9,pp 175-192

(3) Mitchell G.D : 'sociology' university tutrolal press ltd. London 1963,chapter-2,pp.31-34.

એકમ ૧૫

# ભૂમિકાનો અર્થ અને ભૂમિકા સંઘર્ષ

## રૂપરેખા


૧૫.૧ પ્રસ્તાવના
૧૫.૨ ભૂમિકાનો અર્થ
૧૫.૩ ભૂમિકાની વ્યાખ્યાઓ
૧૫.૪ ભૂમિકા સંઘર્ષ નો અર્થ
૧૫.૫ ભૂમિકા સંઘર્ષ ઉદભવ ના પરિબળો
૧૫.૫.૧ એક થી વધુ ભૂમિકાઓનું એક સાથે નીર્વાહત
૧૫.૫.૨ પરંપરાગત સામાજિક માળખું
૧૫.૫.૩. સામાજિક પ્રતિષ્ઠા વધે તેવી ઈસ્છા
૧૫.૫.૪ અસ્પષ્ટ ભૂમિકાઓને કારણે
૧૫.૫.૫ અન્ય કેટલાક પરિબળો
૧૫.૬ સારાંશ
૧૫.૭ ચાવીરૂપ શબ્દો
૧૫.૮ તમારી પ્રગતિ ચકાસો
૧૫.૯ સંદર્ભસૂચિ


## ૧૫.૦ ઉદેશ્યો

આ એકમના અધ્યયન બાદ તમને આટલું જાણવા મળશે

- ભૂમિકા એટલે શું, ભૂમિકા નો અર્થ
- સમાજમાં વ્યક્તિની ભૂમિકાઓ કેવી હોય છે
- ભૂમિકા સંઘર્ષ એટલે શું ભૂમિકા સંઘર્ષ ક્યારે ઉદભવે
- ભૂમિકા સંઘર્ષ ઉદભવના પરિબળો ક્યાં હોય છે

## ૧૫.૧ પ્રસ્તાવના

ભૂમિકા સામાજિક રચનાનું મૂળભૂત એકમ છે. વ્યક્તિને જુથમાં સભ્યપદ દ્વારા નિશ્ચિત સ્થાન મળે છે. આ સામાજિક સ્થાનને લીધે વ્યક્તિને કેટલાક હક્કો મળે છે અને તેણે કેટલાક ફરજો પણ બજાવવાની હોય છે. વ્યક્તિના આ હક્કો અને ફરજો સામાજિક ધોરણો દ્વારા નક્કી થયેલા હોય છે એટલે સામાન્ય રીતે જુથમાં નિશ્ચિત સ્થાનમાં રહીને વ્યક્તિ જે રીતે હક્કો ભોગવે છે અને તે જ રીતે ફરજો બજાવે છે તેને

વ્યક્તિની ભૂમિકા કહેવાય.

## ૧૫.૨ ભૂમિકાનો અર્થ

ભૂમિકા દરજ્જાનું વર્તનલક્ષી પાસું છે. દા.ત. ડોકટરનો દરજ્જો ધરાવનારી વ્યક્તિના અધિકારો આ પ્રમાણે હોય છે. દવાખાનું ચલાવવાનો અધિકાર, દર્દીને આરોગ્ય અંગેનું પ્રમાણપત્ર આપવાનો અધિકાર, સામાન્ય રીતે પ્રતિબંધિત દવાઓની પણ જરૂર લાગે તો ભલામણ કરવાનો અધિકાર અને તેના કર્તવ્યો આ પ્રમાણે હોય છે. દર્દીના રોગનું યોગ્ય નિદાન કરી તેને જરૂરી માર્ગદર્શન આપવું. તેની યોગ્ય સારવાર કરવી આર્થિક કે અન્ય કોઈ પણ દ્રષ્ટીએ તેની સારવારમાં ભેદભાવયુક્ત વલણ ન રાખવું.

ડોકટરના દરજ્જા અંગેના ધોરણોને અનુલક્ષીને નક્કી કરવામાં આવેલા આ અધિકારો અને કર્તવ્યોના સંદર્ભમાં કોઈ એક ચોક્કસ ડોક્ટર દ્વારા વ્યવહાર માં કરવામાં આવતું વર્તન તેની ભૂમિકા દર્શાવે છે.

## ૧૫.૩ ભૂમિકાની વ્યાખ્યાઓ

૧. ભૂમિકા દરજ્જાનું કાર્ય છે. જુથમાં વ્યક્તિ અમુક સ્થાન ધારણ કરે છે આ સ્થાન ધારણ કરવાને લીધે તેની પાસે અન્ય સભ્યો જે અપેક્ષાઓ રાખે છે તે અપેક્ષાઓ વ્યક્તિની ભૂમિકા છે.

**- યંગ અને મેક**

૨. ભૂમિકા ફરજોનો નિર્દેશ કરે છે. એટલે કે જૂથના સભ્ય તરીકે જે તે સ્થાન સાથે સંકળાયેલી ફરજો તેની ભૂમિકા છે. જૂથના સભ્ય તરીકે વ્યક્તિ પાસે જે વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે. તે અપેક્ષિત વર્તન તેની ભૂમિકા છે.

**- જહોન્સ**

## ૧૫.૪ ભૂમિકા સંઘર્ષ નો અર્થ

વ્યક્તિ અનેકવિધ દરજ્જા ધરાવે છે. આ પ્રત્યેક દરજ્જા સાથે નિશ્ચિત ભૂમિકા પણ ભજવવાની હોય છે. વ્યક્તિની આ વિભિન્ન ભૂમિકાઓ જયારે પરસ્પરથી પ્રતિકુળ કે વિરુદ્ધની હોય ત્યારે તેને ભૂમિકા સંઘર્ષ કહેવાય. જેમકે ન્યાયાધીશ અને પિતા અથવા પોલિસ અને પિતા એમ બંને દરજ્જા ધરાવનારી વ્યક્તિ સમક્ષ જયારે તેનો પુત્ર ગુનો કરીને આવે ત્યારે તેણે પિતા તરીકેની ભૂમિકા ભજવીને તેને દંડ કરવો એવી જે મૂંઝવણ અનુભવવી પડે છે. તેને ભૂમિકા સંઘર્ષ તરીકે ઓળખવામાં આવે છે.

એવી જ રીતે ભૂમિકા- સમુચ્ચયની પરિસ્થિતિમાં એક દરજ્જા સાથે સંકળાયેલી જુદા-જુદા દરજ્જા પરની વ્યક્તિઓ તેની પાસે એકબીજાથી વિરોધી વર્તન-અપેક્ષા રાખે ત્યારે પણ તેમાંથી કોની અપેક્ષા પ્રમાણે ભૂમિકા કરવી તે બાબતમાં મૂંઝવણ અનુભવે છે.

" વ્યક્તિ એક જુથમાં જયારે ભૂમિકા ધરાવતી હોય તે ભૂમિકા તેના બીજા જૂથમાંથી ભૂમિકાથી પ્રતિકુળ હોય ત્યારે તેને ભૂમિકા- સંઘર્ષ કહેવાય"

**- જહોન્સ**

(૧) જે તે જુથમાં સામાજિક ધોરણો દ્વારા તે તે જુથમાં વ્યક્તિની ભૂમિકા નક્કી થાય છે. કેટલાક વખત એક જુથમાં ધોરણો વ્યક્તિની અમુક પ્રકારની ભૂમિકા નક્કી કરતા

હોય છે. જયારે બીજા જુથમાં ધોરણો તેનાથી વિરુદ્ધની ભૂમિકા નક્કી કરે છે. આમ, ધોરણોનો વિરોધાભાસ ભૂમિકા-સંઘર્ષ સર્જે છે.

(૨) આવી જ રીતે અપેક્ષઓનો વિરોધાભાસ ભૂમિકા-સંઘર્ષ સર્જે છે. એક જૂથના સભ્યો વ્યક્તિ પાસે અમુક વર્તનની અપેક્ષા રાખે જયારે બીજા જૂથના સભ્યો તેનાથી વિરુદ્ધના વર્તનની અપેક્ષા રાખી ત્યારે વ્યક્તિ સમક્ષ પ્રશ્ન ઉભો થાય છે. કે કયા જૂથના સભ્યોની અપેક્ષા મુજબ ભૂમિકા ભજવવી ? આવી અપેક્ષાઓનો વિરોધાભાસ ભૂમિકા-સંઘર્ષ ઉત્પન્ન કરે છે.

આમ, તો દરજ્જા-સંકુલ અને ભૂમિકા-સંકુલની ઘટના ભૂમિકા-સંઘર્ષનો સ્ત્રોત બને છે.

● **તમારી પ્રગતિ ચકાસો**

**- ખરા વિકલ્પો શોધો**

૧.સજા દ્વારા ભૂમિકાનું દઢીકરણ

૨.ભૂમિકા કરનારની વ્યક્તીમતાની વિશિષ્ટતા

## ૧૫.૫ ભૂમિકા સંઘર્ષ ઉદભવ ના પરિબળો

આપણે જે પ્રમાણે સમજ્યા છીએ તે પ્રમાણે સમાજમાં દરેક વ્યક્તિ ને એક દરજ્જાઓ હોય છે જે કેટલાક વ્યક્તિ એ આવડતથી મેળવેલ હોય છે તો કેટલાક વ્યક્તિને જન્મ સાથે તેમજ સમય વિતવાની સાથે ઘટનાઓ દ્વારા મળતા રહે છે આ પ્રત્યેક દરજ્જાઓ સામે તેની ભૂમિકાઓ પણ રહેલી છે જે વ્યક્તિ દરેક દરજ્જા પ્રમાણે અને પરિસ્થિતિ પ્રમાણે ભજવે છે પરંતુ જયારે કોઈ એક પરિસ્થિતિ માં વ્યક્તિ ને અનેક અથવા એક થી વધુ ભૂમિકાઓ ભજવવાની થાય છે ત્યારે વ્યક્તિ ભૂમિકાઓ વચ્ચે સંઘર્ષ અનુભવે છે આ પરિસ્થિતિનું સર્જન કેટલાક સામાજિક કારણોથી થાય છે જે ભૂમિકા સંઘર્ષ ઉદભવવાના પરિબળો બને છે જે નીચે મુજબ સર્વે માન્ય તારવી શકાય છે.

### ૧૫.૫.૧ એક થી વધુ ભૂમિકાઓનું એક સાથે નીર્વાહત

વ્યક્તિ જયારે સમાજમાં એક કરતા વધુ ભૂમિકાઓ ભજવવાની હોય ત્યારે કેટલીક પરિસ્થિતિઓમાં વ્યક્તિ ની અન્ય ભૂમિકા ભજવણીમાં અડચળ આવે છે. વ્યક્તિએ જેટલી ભૂમિકાઓ વધુ હોય તેટલી ભૂમિકા સંઘર્ષ ઉદભવવાની સંભાવનાઓ વધુ બને છે.

દા.ત. સામાન્ય ઉદારણ જોઈએ તો ભારતીય સમાજમાં રહેતી સ્ત્રીઓ જયારે વ્યવસાય કે નોકરી કરે છે ત્યારે તેની ભૂમિકા વધે છે લગ્ન કર્યા બાદ કુટુંબમાં તે પત્ની, વહુ, ભાભી, કાકી, સમય જતા બાળકોની માતા, કેટલાક સમુહમાં તે સભ્ય હોય તો સભ્ય, નોકરી કે ધંધા સમયે અલગ ભૂમિકાઓને તે ન્યાય આપી શકતી નથી અને ભૂમિકા સંઘર્ષ ઉદભવે છે જેટલી ભૂમિકાઓ વધુ તેટલો ભૂમિકા સંઘર્ષ વધવાની શક્યતાઓ રહેલી છે.

### ૧૫.૫.૨ પરંપરાગત સામાજિક માળખું

ભારત જેવા દેશમાં કે જ્યાં હજુ પણ પરંપરાગત સામાજિક માળખું છે. એવી

સમાજ વ્યવસ્થામાં રૂઢિઓ, પરંપરાઓ, અને સામાજિક મૂલ્યોનું પાલન ખુબજ મહત્વનું બને છે આથી ઘણી વખત ભૂમિકાસંઘર્ષ ઉદભવે છે. ઉપરનું ઉદાહરણ દોહરાવીએ તો નોકરી કરતી સ્ત્રી જો ગ્રામીણ સમુદાયની કે ભારતીય પરંપરાગત વ્યવસ્થા ધરાવતા સમૂહની હોય તો તેની જવાબદારી વધી જાય છે. કેટલાક સામાજિક પ્રસંગોમાં તેની અનિવાર્યતા રહેલી હોય છે આથી તેની ભૂમિકા બેવડાય છે.

દા.ત. લગ્ન સમયે રીતરીવાજો પ્રમાણે વિધિ વિધાનો કરવામાં આવે ત્યારે તે સ્ત્રીનો દરજ્જા પ્રમાણે બીજી વધારાની ભૂમિકાઓ તેને ભજવવી પડે છે. આમ પણ રોજ બરોજના જીવનમાં પણ આજ ઘટના બને છે જેમકે, ઘર સંભાળવું ભોજન બનાવવું, બાળકોને ભણતર કરાવવું, પોતાની કે માતા-પિતાની સારસંભાળ કરવી, વ્યવસાય કે નોકરી કરવી, વગેરે.

આથી જયારે સામાજિક રૂઢીવાદી માળખામાં પરંપરાઓ અને રૂઢીઓથી પણ ભૂમિકા સંઘર્ષ ઉદભવે છે.

### ૧૫.૫.૩. સામાજિક પ્રતિષ્ઠા વધે તેવી ઈચ્છા

વ્યક્તિ કોઈપણ સમાજમાં રહેલો હોય તેને સમાજમાં માન-મોભો તથા પ્રતિષ્ઠા વધુ ને વધુ મળે તેમ ઈચ્છાઓ હોય છે આથી તે અનેક સમુદાયો તથા સંગઠનો સાથે જોડાય છે જેથી તેની ભૂમિકાઓ પણ વધે છે. દા.ત. કોઈ એક વ્યક્તિ શિક્ષક છે તે પ્રતિષ્ઠા મળે તેમ ઈચ્છે છે આથી તે વધારાના સંગઠનોમાં જોડાય જેમકે શિક્ષક સંઘ, કોઈ રાજકીય પક્ષની પાંખ, કોઈ સામાજિક સંગઠનો, કોઈ સ્વૈચ્છિક મંડળો વગેરેમાં જેથી તે વ્યક્તિ માત્ર શાળામાજ નહિ પરંતુ સમાજના અન્ય સ્થાને પણ માન પ્રતિષ્ઠા મળે આમ જેટલા વધુ પ્રયાસો થાય તેમ તેની સામે ભૂમિકાઓ વધતી જાય છે અને અંતે ભૂમિકા સંઘર્ષ ની સ્થિતિ સામે આવે છે.

### ૧૫.૫.૪ અસ્પષ્ટ ભૂમિકાઓને કારણે

ભૂમિકા સંઘર્ષનું એક મહત્વનું પરીબળએ અ સ્પષ્ટ ભૂમિકાઓ પણ છે. જયારે વ્યક્તિને દરજ્જાઓ સાથે ભૂમિકાઓ સોપવામાં આવે છે ત્યારે જો તે ભૂમિકાના સંદર્ભમાં તેમની પાસે પર્યાપ્ત માહિતી, અનુભવ કે જ્ઞાન ણ હોય ત્યારે તે વ્યક્તિ યોગ્યરીતે ભૂમિકા ભજવી શકતો નથી સાથે જ તેની અસર અન્ય ભૂમિકાઓ પર પણ પડે છે અને અંતે ભૂમિકા સંઘર્ષ નિર્માણ પામે છે.

### ૧૫.૫.૫ અન્ય કેટલાક પરિબળો

ઉપર્યુક્ત બાબતો ભૂમિકા સંઘર્ષના મૂળમાં જણાય છે જયારે આ ઉપરાંત કેટલીક વિપરીત પરિસ્થિતિમાં પણ ભૂમિકા સંઘર્ષ જન્મે છે જેમકે ઘણીવખત બાળકો ની સાથે પણ આમ બને છે ત્યારે મોટાભાગે અ પુરતું સમાંનીકરણ જવાબદાર હોય છે જેના લીધે તે બાળક તરીકે ની તે ભૂમિકા ભજવી શકતો નથી જેમકે ઘણા બાળકો શાળા બાદ ભણતા નથી તેના સ્થાને તે રમવા નીકળી પડે છે. અને જયારે રમવાનું હોય છે ત્યારે તે અન્ય પ્રવૃતિઓ કરે છે આથી સમયે તે વિદ્યાર્થી તરીકે ની ભૂમિકા ભજવી શકતા નથી આ અપુરતું સામાજીકરણ છે. જે ઘરના સભ્યો દ્વારા શીખવામાં આવતું હોતું નથી.

આ ઉપરાંત પણ જયારે સમાજમાં નવા મુલ્યો આવે ત્યારે વ્યક્તિ ને નવી ભૂમિકાઓ મળે છે. જે કાર્યભાર વધારે છે અને અંતે ભૂમિકા સંઘર્ષ જન્મે છે નવી ટેકનોલોજી ના વધવાથી પણ ભૂમિકાઓ વચ્ચે સંઘર્ષ ઉદભવે છે.

## ૧૫.૬ સારાંશ

દરેક સમાજ કે સમુદાયમાં વ્યક્તિઓના દરજ્જાઓ હોય છે જે દરજ્જા અનુરૂપ તેને પોતાની ભૂમિકાઓ ને નિવેદન કરવાનું હોય છે ભૂમિકાએ સદીરીતે સમજીએ તો દરેક દરજ્જા સાથે કાર્ય કરવાની ઉચ્ચિત રીત છે. આથી ભૂમિકા એ દરજ્જા અનુરૂપ કાર્યની ગાઈડલાઈન છે પરંતુ વ્યક્તિ પાસે એક કરતા વધુ દરજ્જાઓ હોય સમયે-સમયે દરજ્જા પ્રમાણેની ભૂમિકા ભજવવાની કે ભૂમિકા અનુરૂપ કાર્ય કરી શકાતું નથી જેને ભૂમિકા સંઘર્ષ કહે છે. ઉપર જોયા મુજબ આમ થવાના અનેક પરિબળો હોય છે અને અંતે ભૂમિકા અનુરૂપ યોગ્ય રીતે કાર્ય થતા સમાજમાં વ્યક્તિ અને સમાજના અનેક પાસાઓ ને નુકશાન થતું હોય છે. સાથે જ સમાજમાં સમસ્યાઓનું નિર્માણ પણ થાય છે જે સ્વસ્થ સમાજ માટે યોગ્ય ગણાતું નથી.

આમ આપણે વિચારવું પડે કે આપણે કેટલા દરજ્જાઓ ભોગવીએ છીએ અને તે પ્રત્યે ની ભૂમિકાઓ કઈ-કઈ છે અને જયારે ભૂમિકાઓ પસંદ ન કરી શકીએ ત્યારે ભૂમિકા સંઘર્ષમાં છીએ એમ સમજવું રહે.

## ૧૫.૭ ચાવીરૂપ શબ્દો

(૧) ભૂમિકા

(૨) દરજ્જા

(૩) સંઘર્ષ

(૪) ભૂમિકા સંઘર્ષ

(૫) ભૂમિકા ભજવણી

## ૧૫.૮ તમારી પ્રગતિ ચકાસો

- **વસ્તુલક્ષી પ્રશ્નો :**

૧. ભૂમિકા માત્ર કર્તવ્યો સૂચવે છે.

..............................................................

૨. ભૂમિકા માત્ર અધિકારો સૂચવે છે.

..............................................................

૩. ભૂમિકામાં અધિકારો અને કર્તવ્યો અંગેની અપેક્ષાઓ મુજબનું વર્તન સૂચિત થાય છે.

..............................................................

★ **’અ’ અને ’બ’ વિભાગોમાંથી સંબંધિત જોડકા ગોઠવો.**

| ’અ’ | ’બ’ |
|---|---|
| (૧) ભૂમિકા | (૧) દરજ્જાની અપેક્ષાઓથી વિરુધ વર્તનનો અભાવ |
| (૨) ભૂમિકા-સંઘર્ષ | (૨) રેશનની દુકાનના દુકાનદાર પાસે વેચાણ બંધ થયા પછી નીકટના સગા રેશન લેવા આવે. |
| (૩) ભૂમિકા-સુસંગતતા | (૩) ખોટી સાઈડ પર મોટર ચલાવનારને અટકાવવાનો પોતાનો અધિકાર ભોગવવાનું ટ્રાફિક પોલિસનું વર્તન |

## ★ ટુંકા પ્રશ્નો

**૧. નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે કારણો આપીને સમજાવો.**

(૧) ભૂમિકા સંઘર્ષ એટલે વ્યક્તિઓ વચ્ચેનો સંઘર્ષ.

(૨) ભૂમિકા સંઘર્ષનું કારણ વિવિધ ભૂમિકાઓ વચ્ચેના વિરોધમાં રહેલું છે.

## ★ ટુંક નોંધ લખો

(૧) ભૂમિકા સમુચ્ચય

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૨) ભૂમિકા આદર

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## ★ નિબંધાત્મક પ્રશ્નો

(૧) ભૂમિકા-સંઘર્ષની પરિસ્થિતિનો અર્થ તેના ઉદ્દભવના કારણો સમજાવી તેની સાથે અનુકુલન કરવાની જુદી જુદી રીતો દર્શાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## ૧૫.૯ સંદર્ભસૂચિ


- Mind, Self, and Society'- Medid. H.G.

(1) Bierstedt Robert : 'The Social Order' Tata Mc-Graw Hill Book Co, Bombay, 1970,

Chaptet-9, pp.242-271.

(2) Bredemeier and Stephenson : 'THe Analysis of Social Systems' Chaptr-2, pp.29-31, 35-38.

(3) Broom L. and Selznick p. :'Sociology' Chapter-2, pp. 42-43, 205-209.

(4) Devis Kingsley : 'Human Society' Chapter -4, pp. 83-93, 96-117.

એકમ ૧૬

# સામાજિક સ્તરીકરણ

## રૂપરેખા

૧૬.૦ ઉદ્દેશો
૧૬.૧ પ્રસ્તાવના
૧૬.૨ સામાજિક સ્તરીકરણનો અર્થ
૧૬.૩ સામાજિક સ્તરીકરણની લાક્ષણિકતાઓ
૧૬.૪ સામાજિક સ્તરરચાનાનાં કાર્યો અને વિકાર્યો
૧૬.૪.૧ સામાજિક સ્તરરચનાનાં કાર્યો
૧૬.૪.૨ સામાજિક સ્તરરચનાનાં વિકાર્યો
૧૬.૫ સારાંશ
૧૬.૬ શબ્દાવલી
૧૬.૭ બહુ વિકલ્પીય પ્રશ્નો
૧૬.૮ તમારી પ્રગતિ ચકાસો
૧૬.૯ સંદર્ભસૂચિ

## ૧૬.૦ ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ તમે....

- સામાજિક સ્તરીકરણની વિભાવના અને અર્થ આપી શકશો.
- સામાજિક સ્તરીકરણની લાક્ષણિકતાનું વર્ણન કરી શકશો.
- સામાજિક સ્તરરચનાનાં કાર્યો અને વિકાર્યો દર્શાવી શકશો તેમજ તેનું વર્ણન કરી શકશો.

## ૧૬.૧ પ્રસ્તાવના : (Introduction)

સામાજિક વ્યવસ્થામાં જુદાં જુદાં દરજ્જાઓ અને તેનો ચઢતો-ઉતરતો ક્રમ કે સ્તર હોવો એ સાર્વત્રિક બાબત હોવાથી સામાજિક સ્તરીકરણ સામાજિક અસમાનતાનું એક વિશિષ્ટ સ્વરૂપ બની રહે છે. સ્તરચનાનું સ્વરૂપ એ કુદરતી છે અને તેના ઉપર કૃત્રિમ પરિબળોની અસર હંમેશા જકડાયેલી રહી છે. સામાજિક સ્તરરચનાનું માળખુ સંસ્કૃતિની ધોરણાત્મક વ્યવસ્થા ઉપર આધારિત છે. ધારણાત્મક વ્યવસ્થા જુદાં જુદાં

દરજ્જાઓને કયા માપદંડને આધારે ઊંચા કે નીચા ક્રમમાં ગોઠવવા તે નક્કી કરે છે. માનવ સમાજમાં મુખ્યત્ત્વે વર્ગ, જ્ઞાતિ, જાતિઅને લિંગના પાયા ઉપર સામાજિક સ્તરીકરણની વ્યવસ્થાઓ વિકસેલી જોવા મળે છે. પ્રસ્તુત એકમમાં સ્તરરચનાનાં કાર્યો અને વિકાર્યો ની સમજ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના દ્વારા સામાજિક સ્તરીકરણનો ખ્યાલ વધુ રીતે સ્પષ્ટ થઈ શકશે.

## ૧૬.૨ સામાજિક સ્તરીકરણનો અર્થ : (Meaning of Social Stratification)

સ્તરરચના (Stratification) એ 'Strata' શબ્દ પરથી આપેલો જોવા મળે છે. તેનો અર્થ સ્તર અથવા પડ થાય છે. સમાજનાં સમૂહો જુદાં જુદાં સામાજિક સ્તરમાં ગોઠવાયા હોય તેને સામાજિક સ્તરરચના તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક સ્તરીકરણ એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિઓ કે જૂથોનાં સ્તરોને વિભિન્ન દરજ્જાઓ મળેલા હોય છે અને કોઈપણ એક સ્તરની બધી વ્યક્તિઓ કે જૂથોનો સામાજિક દરજ્જો લગભગ સમાન હોય છે. ટૂંકમાં સામાજિક સ્તરીકરણ એટલે જે તે સમાજના લોકોનું ચઢતા-ઉતરતા ક્રમવાળાં સ્તરોમાં વિભાજન. સામાજિક સ્તરીકરણનો પાયો સમાજના સભ્યોના હક્કો, વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ, સત્તા વગેરેની અસમાન વહેંચણીમાં રહેલાં છે. અહીં જુદાં જુદાં સમાજશાસ્ત્રીઓની વ્યાખ્યાઓ જોઈશું, જેથી સામાજિક સ્તરીકરણનો ખ્યાલ વધુ સ્પષ્ટ થશે.

**આર્નોલ્ડ ર્રાસના મતે...**

"સામાજિક સ્તરરચના એ એક એવી પ્રક્રિયા અથવા શરત છે જે દ્વારા સમાજ ખ્યાલોની રીત દરજ્જાનો કોટિ ક્રમ ગોઠવતાં અનેક વર્ગોમાં વહેંચાઈ ગયો હોય છે."

**યંગ અને મેકના મતે...**

"સમાજની અંદર લોકો એકબીજાનું વિભાગોમાં વર્ગીકરણ કરે અને આ વિભાગોને ઉપરથી નીચેના ક્રમમાં ગોઠવે છે. આવા વિભાગોને નક્કી કરીને ગોઠવવાની ક્રિયાને સામાજિક સ્તરરચના કહેવામાં આવે છે."

**બ્રુમ અને સેલ્ઝનિકના મતે...**

"દરેક સમાજમાં સભ્યો એકબીજાને ઉચ્ચતા અને નિમ્નતાના ધોરણે ઊંચી અને નીચી પાયરીઓમાં વર્ગીકૃત કરે છે. આ પ્રક્રિયા સ્તરીકરણ છે અને દરેક પાયરી જૂથ છે."

**જહોન્સનના મતે...**

"સામાજિક સ્તરીકરણ એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિઓ કે જૂથોનાં સ્તરોને વિભિન્ન દરજ્જાઓ મળેલા હોય છે, અને કોઈપણ એક સ્તરની બધી વ્યક્તિઓ કે જૂથોનો સામાજિક દરજ્જો લગભગ સમાન હોય છે."

**સોરોકિનના મતે...**

"સામાજિક સ્તરીકરણ એટલે જે-તે સમાજના લોકોનું ચઢતા-ઉતરતા ક્રમવાળાં સ્તરોમાં વિભાજન."

**રોઝ અને રોઝના મતે...**

"સામાજિક સ્તરીકરણ એવી પ્રક્રિયા અને પરિસ્થિતિ છે જેના વડે સમાજ દરજ્જાના કોટિક્રમવાળા જુદાં જુદાં વર્ગોમાં વિભાજીત થાય છે."

ઉપરની બધીજ વ્યાખ્યાઓ ઉપરથી સ્પષ્ટીકરણ થાય છે કે સમાજમાં ઊંચ-નીચના ભેદભાવના પાયા ઉપર રચાયેલાં વિભિન્ન સ્તરોનું અસ્તિત્ત્વ સૂચવે છે. દરેક સ્તરના સભ્યોના હક્કો, અધિકારો, ફરજો અને જવાબદારીઓમાં અસમાનતા જોવા મળે છે. સ્તર પ્રમાણે માનવી તેનો ભોગવટો ભોગવે છે. વૈશ્વિક સમાજમાં આ સ્તર રચના મુખ્યત્ત્વે વર્ગ, જ્ઞાતિ, જાતિ અને લિંગના પાયા ઉપર રચાયેલ છે જેમાં પણ ચઢતા-ઉતરતા ક્રમમાં સ્તરોનું વિભાજન થયેલ હોય છે.

## ૧૬.૩ સામાજિક સ્તરીકરણની લાક્ષણિકતાઓ : (Characteristics of Social Stratification)

સામાજિક સ્તરીકરણની વિવિધ વ્યાખ્યાઓને આધારે તેની લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

**(૧) સાર્વત્રિકતા :**

સ્તરીકરણ માનવ સમાજનું અનિવાર્ય લક્ષણ છે. કોઈપણ સમાજમાં બધી વ્યક્તિઓ કે જૂથોનો સામાજિક દરજ્જો સંપૂર્ણપણે સમાન હોતો નથી. દરજ્જાની અસમાનતામાંથી અનિવાર્યપણે સાર્વત્રિક રીતે સ્તરીકરણાની ઘટના ઉદ્દભવે છે. આ બાબતને સોરોકીને પણ સમર્થન આપેલું જોવા મળે છે. વિશ્વના કોઈપણ સમાજ તરફ દૃષ્ટિપાત કરવામાં આવે તો પણ ગરીબો અને શાસિતો જેવો ઊંચા - નીચા દરજ્જા ધરાવતા માનવ સ્તરો જોવા મળે છે. આવા સ્તરોમાં એક પ્રકારની સામાજિક અસમાનતા, ઊંચનીચના ખ્યાલો કે સામાજિક અંતર સાર્વત્રિક રીતે જોવા મળે છે.

**(૨) સામાજિક સ્તરીકરણ એ એક પ્રક્રિયા છે :**

સામાજિક સ્તરીકરણ આંતર ક્રિયાની પ્રક્રિયાનું સર્જન છે. સામાજિક સ્તરીકરણ સાર્વત્રિક હોવા છતાં તેના સ્વરૂપમાં પરિવર્તન આવ્યા કરે છે. દા.ત. વેદકાલીન સમાજમાં વર્ણન પાયા ઉપર મુખ્યત્ત્વે ચાર સ્તરો હતા પરંતુ સમય જતાં તેમાંથી જ્ઞાતિઓનો ઉદ્દભવ થતાં સ્તરીકરણનું સ્વરૂપ બદલાયું. ભારતમાં ઉદ્યોગીકરણ થતાં વ્યવસાયિક પાયા ઉપર સ્તરીકરણના નવાં સ્વરૂપો વિકસવા લાગ્યા. આમ કોઈ પણ સમાજમાં કાયમને માટે સ્તરીકરણનું સ્વરૂપ એક સરખું રહેતુ નથી. સમાજની જરૂરીયાતો, મૂલ્યો, વિચારસરણી વગેરેમાં પરિવર્તન આવતાં સ્તરીકરણ પણ બદલાય છે. આ અર્થમાં સામાજિક સ્તરીકરણ એક પ્રક્રિયા તરીકે જોવા મળે છે.

### (૩) સત્તા અને તાબેદારીના સબંધો :

સ્તરીકરણનું હાર્દ સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠા સ્વરૂપે બદલાની અસમાન વહેંચણીમાં રહેલું છે. સામાજિક સ્તર-રચનામાં ચડિયાતા કે ઉચ્ચ ગણાતા સ્તર ઉપર ગોઠવાયેલા સભ્યો, નીચા કે ઉતરતા ગણાતા સ્તર પર ગોઠવાયેલા સભ્યો કરતા વધારે હક્કો અધિકારો અને સત્તા ધરાવે છે. વળી અધિકારોની અસમાનતાની આ ગોઠવણ સંસ્કૃતિ માન્ય હોવાથી સમૂહના સભ્યો અને નિમ્ન સ્તરના સભ્યો અને સમૂહો વચ્ચે સત્તા અને તાબેદારીના સંબંધો જોવા મળે છે.

### (૪) કાયમીપણું :

જુદાં જુદાં સ્થાનોને આધારે વ્યક્તિઓના દરજ્જા ગોઠવાયેલા હોય છે તે ગોઠવણ કામચલાઉ કે ક્ષણિક હોતી નથી. લાંબા સમય સુધી ટકી રહે છે. અહીં સ્તરરચના કાયમીપણાની લાક્ષણિકતાનો અર્થ એવો નથી કે વ્યક્તિ કે જૂથ પોતાનો દરજ્જો બદલી ન શકે કે દરજ્જામાં ફેરફાર ન આવી શકે. અલબત સમૂહનો દરજ્જો સહેલાઈથી બદલી શકાતો નથી. એટલે જ કહી શકાય કે સામાજિક સ્તરરચના કાયમી સ્વરૂપે સાર્વત્રિક સમાજોમાં વિવિધ કોટિમાં જોવા મળે છે.

### (૫) વર્તન ઢબો :

હક્કો અને ફરજોની અસમાન વહેંચણીમાંથી સમાજમાં જુદાં જુદાં સ્તરો ઉદ્દભવે છે. સાથો સાથ વ્યક્તિના સ્તરનું જે રીતે મૂલ્યાંકન થતું હોય તેના આધારે સમાજમાં જુદી જુદી વ્યક્તિઓ માટે જુદા જુદા પ્રકારની વર્તન ઢબો સ્વીકારાય છે. એટલે કે વ્યક્તિના સ્તરના મૂલ્યાંકનના આધારે વ્યક્તિએ કયુ વર્તન કરવું જોઈએ ? અને કયુ વર્તન ન કરવું જોઈએ ? એ અંગે માપદંડો ઉદ્દભવેછે. દરેક શ્રેણીની આગવી વર્તનઢબ અને આગવી માન્યતાઓ વિકસે છે. શોખના વિષયો વર્તનની પ્રેરણાઓએ, કાર્યકુશળતા અને જીવન પદ્ધતિના આ તફાવતો માનવવર્તનને સમજવા માટે અને માનવવર્તન વિશે આગાહી કરવા માટે ઉપયોગી ચાવી પૂરી પાડે છે.

### (૬) સામાજિક દરજ્જાનો કોટિક્રમ :

સામાજિક દરજ્જાનો કોટિક્રમ એ સ્તરરચનાનું હાર્દ છે. એટલે કે સમાજના જુદાં જુદાં સ્તરોના ઊંચા અને નીચા દરજ્જાનો તફાવત સ્તરીકરણનું નોંધપાત્ર લક્ષણ છે. સમાજના જુદાં જુદાં સ્તરોમાં ઉચ્ચ-નિમ્ન દરજ્જાના તફાવતને જ આપણે સ્તરીકરણ તરીકે ઓળખાવી શકીએ. સ્તરરચનામાં જુદાં જુદાં સ્તરજૂથો દરજ્જાના આધારે ચઢતા-ઉતરતા ક્રમમાં વહેંચાયેલા હોય છે અને દરેક સ્તરજૂથ અન્ય સ્તર જૂથની સરખામણીમાં ઊંચું કે નીચુ ગણાતું હોય છે. સામાજિક દરજ્જાની દ્રષ્ટિએ આવાં ઊંચા અને નીચાં સ્તરોની વ્યવસ્થાને સામાજિક કોટિક્રમ તરીકે ઓળખાવી શકીએ.

આમ, સ્તરરચના સમાજમાં સામાજિક અસમાનતા દર્શાવતી પ્રક્રિયા છે. પરંપરાગત સાદા સમાજ કરતા આજના જટિલ સમાજમાં સ્તરરચનાનું સ્વરૂપ જટિલ બન્યું છે. પરંતુ તેની અનિવાર્યતા સર્વસ્વીકૃત છે તેની સાથો સાથ સમયાન્તરે તેના માપદંડો પણ બદલાતા રહ્યા છે.

## ૧૬.૪ સામાજિક સ્તરરચાનાનાં કાર્યો અને વિકાર્યો :
## (Functions and Dysfunctions of Stratification)

સ્તરરચનાનાં 'કાર્યો' અને 'વિકાર્યો' નો ખ્યાલ આપવા માટે વિવિધ સિદ્ધાંત, હકિક્તો અને તથ્યો રજૂ થતાં રહ્યાં છે. ડેવિસ અને મુરેએ સામાજિક સ્તરરચનાના કાર્યો ઉપર ભાર મુક્યો છે. જ્યારે કાર્લ માર્કસે સ્તરરચનાનાં વિકાર્યો ઉપર ભાર મુક્યો છે અને તેઓએ 'સંઘર્ષવાદી' સિદ્ધાંત રજૂ કર્યો છે. સ્તરરચના આજદિન સુધી ટકી રહી છે કારણ કે તેની કાર્યાત્મક જરૂરીયાત છે. તેજ રીતે વિકાર્યોને અનુલક્ષીને કહી શકાય કે તેમાં સમયના સંદર્ભમાં જરૂરી પરિવર્તનો પણ આવતા રહ્યા છે. જહોન્સને પણ સામાજિક કાર્યો અને વિકાર્યોની ચર્ચા કરી છે. જેના આધારે અહીં સામાજિક સ્તરરચનાનાં કાર્યો અને વિકાર્યોની ચર્ચા કરવામાં આવી છે.

### ૧૬.૪.૧ સામાજિક સ્તરરચનાનાં કાર્યો :
### (Functions of Stratification)

સાર્વત્રિક સમાજમાં સામાજિક સ્તરરચનાનાં કાર્યો નીચે મુજબ જોવા મળે છે.

**(૧) સમાજરચનાની જાળવણીનું કાર્ય :**

સ્તરીકરણ દ્વારા સમાજજીવનની મૂળભૂત જરૂરીયાતો સંતોષાતી હોવાથી તેમજ વિભિન્ન સ્થાનો માટે જરૂરી વ્યક્તિઓ મેળવી આપવાનું કાર્ય થતું હોવાથી સમાજરચનાની જાળવણીનું કાર્ય થાય છે. એટલે કે દરેક સમાજની અનેકવિધ જરૂરીયાતો હોય છે; આ જરૂરીયાતો સંતોષવા માટે સમાજમાં શ્રમ વિભાજન અથવા કામની વહેંચણી જરૂરી બને છે. આથી સમાજ તેના સભ્યોને સમાજરચનામાં જુદાં જુદાં સ્થાનોમાં વહેંચે છે. અને આ સ્થાનો સાથે સબંધિત ભૂમિકાઓ ભજવવા ઉતેજન આપે છે. કેટલીક ભૂમિકાઓ સમાજ માટે ખુબ જ મહત્ત્વની ગણાય છે અને આવી ખુબ મહત્ત્વની ભૂમિકાઓ ભજવવા માટે બુદ્ધિશક્તિ અથવા ઉચ્ચ તાલીમ ધરાવતી વ્યક્તિઓની જરૂર પડે છે. આથી સમાજની કેટલીક અગત્યની ભૂમિકાઓ ભજવાતી રહે અને કેટલાંક મહત્ત્વના કાર્યો થતાં રહે એ માટે બદલાની અસમાનતા જરૂરી બને છે. અલબત પુરૂષાર્થની આ સ્પર્ધા સમાજ રચાનાની જાળવણી જળવાય છે. તેમજ ઊંચા નીંચા સ્તરોના તફાવતને કારણે અસમાન બદલાનો સ્વીકાર થાય છે. વ્યક્તિની અપેક્ષાને સમતોલ રાખે છે. વ્યક્તિ કે સમૂહ પોતાના સ્તરના મૂલ્યો અને ધોરણો સ્વીકારે છે અને સ્વ સ્તરમાં વધારે બદલો મેળવવા પુરૂષાર્થ કરે છે. પરિણામે સમાજરચનાની વ્યવસ્થા જળવાઈ રહે છે.

**(૨) સામાજિક એકતાનું કાર્ય :**

સ્તરીકરણ સમાજની કાર્યાત્મક જરૂરીયાત સંતોષે છે. સ્તરીકરણ વડે જ સમાજ માટે જરૂરી એવાં જુદાં જુદાં કાર્યો થતાં રહે છે. સ્તરીકરણથી સમાજ માટે ઉપયોગી ભૂમિકાઓ ભજવાતી રહે છે. સમાજને માટે જરૂરી એવાં કાર્યો વ્યવસ્થિતપણે થતાં રહે છે. સમાજની વિભિન્ન જરૂરીયાતો સંતોષાતી રહે છે. સ્તરીકરણ વ્યક્તિને મનોવૈજ્ઞાનિક સલામતી પુરી પાડે છે. વ્યક્તિ તેના સ્થાનથી જ્ઞાત રહે છે. પોતાના સહકાર્યકરો પ્રત્યે માન સેવે છે, અને કાર્ય મુજબનો બદલો તેને મળ્યા કરે છે. પરિણામે સમાજમાં એકતા સ્થાપિત થાય છે. તદ્ઉપરાંત સ્તરરચનામાં વ્યક્તિ-વ્યક્તિ કે જૂથ-જૂથ વચ્ચેની સરસાઈ અને તાબેદારીનો સ્વીકાર થયો હોવાથી તથા પોતાના સ્તર મુજબ વ્યક્તિનું સામાજિકરણ થતું હોવાથી સમગ્ર સામાજિક વ્યવસ્થામાં સંઘર્ષ કે ઈર્ષા ન ઉદ્ભવતા

એકતા જળવાઈ રહે છે જે સામાજિક એકતા તરફ દોરી જાય છે.

**(૩) સમાજને શ્રમજીવીઓ અને બુદ્ધિજીવીઓ પૂરા પાડવાનું કાર્ય :**

સમાજની વિવિધ ભૂમિકાઓ ભજવવા માટે સમાજને શ્રમજીવીઓ અને બુદ્ધિજીવીઓ બન્નેની જરૂર પડે છે. કારણ કે સામાજિક સ્તર-રચનામાં ઊંચા અને નીચા કોટિક્રમ હોવાથી ઘણી મહત્ત્વની અને ઓછી મહત્ત્વની ભૂમિકા વચ્ચે તફાવત હોવાથી અને તેના પ્રમાણે બદલો અને પ્રતિષ્ઠા, માન આપવામાં આવતાં હોવાથી વ્યક્તિ સમાજની બુદ્ધિયુક્ત અને જવાબદારીયુક્ત ભૂમિકા મેળવવા પ્રયત્ન કરે છે. સામાજિક આંતરક્રિયાની આ વિવિધતાના પરિણામે સમાજમાં જુદા જુદા વર્ગોમાં મૂલ્યો વ્યક્તિની ગુણવતા અને કુશળતાના તફાવતો ઉદ્દભવે છે. આ તફાવતો સમાજ માટે કાર્યસાધક નિવડે છે.

**(૪) પરિશ્રમની પ્રેરણાનું કાર્ય :**

નિન્મ સ્તરના જૂથની વ્યક્તિ ઉચ્ચ સ્તરમાં જવા માટે અને ઉચ્ચ સ્તર જૂથની વ્યક્તિ પોતાનું ઉચ્ચ સ્થાન ટકાવી રાખવા માટે સતત ક્રિયાશીલ અને પ્રયત્નશીલ રહે છે. સાથો સાથ સ્તરીકરણ વ્યક્તિની અપેક્ષાઓ અને સંતોષને સમતોલ રાખવાનું કાર્ય પણ કરે છે. બદલાના તફવતને લોકો સ્વીકારતા હોય છે. કારણ કે લોકો તેની સાથે રહેલાં મૂલ્યો અને ધોરણોની વ્યવસ્થાને પણ સ્વીકારતા હોય છે.

**(૫) સામાજિક નિયંતણનું કાર્ય :**

સામાજિક સ્તરરચનામાં ઉચ્ચસ્તર, નિમ્નસ્તર, કુશળવર્ગ, અકુશળવર્ગ જેવા સ્તરો હોય છે. આ દરેક સ્તર નિર્ધારણ માટે આર્થિક સ્થિતિ ઉપરાંત જે તે સ્તરની અદા કરવી પડતી જવાબદારી, તેને મળતી પ્રતિષ્ઠા વગેરે જેવા માપદંડો હોય છે. સ્તરરચનામાં ગુનેગારી કે અપરાધી પ્રવૃત્તિને સ્થાન આપવામાં આવતું નથી. અપરાધી પ્રવૃતિ કરનારને સમાજ માન્ય જવાબદારીવાળાં કાર્યો અપાતા નથી. જેથી તેઓ સમાજ વિરોધી પ્રવૃત્તિઓ કરીને મેળવેલાં નાણાંને સામાજિક માન્યતા મળે તે માટે તેમાંથી અમુક નાણાંનો ઉપયોગ સમાજ હિત કે સમાજકલ્યાણમાં ખર્ચી સમાજમાન્ય માળખામાં ગોઠવાઈ જવા પ્રયત્નશીલ બને છે. તેમજ તક મળતા તેઓ અપરાધી પ્રવૃત્તિ છોડી કાયદેસરની સ્તરરચનામાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. આમ, સ્તરરચના દ્વારા પરોક્ષ રીતે સામાજિક નિયંત્રણનું કાર્ય નિપજે છે.

## ૧૬.૪.૨ સામાજિક સ્તરીકરણનો વિકાર્યો :

## (Dysfunctions of Stratification)

કાર્લ માર્કસના 'સંઘષવાદી' સિદ્ધાંત અને હેરી એમ. જહોન્સને કરેલી ચર્ચાના આધારે સામાજિક સ્તરીકરણના વિકાર્યો નીચે મુજબ દર્શાવી શકાય.

**(૧) વર્ગ સંઘર્ષ અને સમસ્યાઓ :**

સામાજિક સ્તરરચનાની ઘટના મૂળભૂત રીતે સમાજમાં વ્યક્તિ-વ્યક્તિ અને જૂથ-જૂથ વચ્ચે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક તફાવતો સર્જતી એક ઘટના છે. એટલે કે સ્તરીકરણનું અસ્તિત્ત્વ સમાજનું જુદાં જુદાં સ્તરોમાં વિભાજન સૂચવે છે.

સ્તરીકરણની વ્યવસ્થા સમાજમાં ઉચ્ચ પ્રતિષ્ઠાધરાવતાં સ્તરજૂથો વિશેષાધિકારો વધુ સત્તા અને વધુ આર્થિક બદલો મેળવે છે. જ્યારે નિમ્ન પ્રતિષ્ઠા ધરાવતાં સ્તરજૂથોની વ્યક્તિઓ સામાજિક રીતે ઓછો આર્થિક બદલો અને ઓછી સત્તા મેળવે છે. ઉચ્ચ સ્તરજૂથો સમાજમાં અને અર્થ વ્યવસ્થામાં પોતાના હિતો સ્થાપિત કરે છે અને આ હિતોની જાળવણી માટે સતત નિમ્ન સ્તરજૂથોનું શોષણ કરે છે. તેમને દબાયેલા કચડાયેલા રાખે છે. આ પ્રકારની સામાજિક અને આર્થિક શોષણના પરિણામે નિમ્ન સ્તરજૂથોમાં વ્યાપક અસંતોષ, નિરાશા અને હતાશા સર્જાય છે. પરિણામે સમાજમાં સામાજિક અને માનસિક તંગદિલી, સંઘર્ષ અને ક્રાન્તિની ઘટનાઓ ઉદ્દભવતા સમગ્ર સામાજિક વ્યવસ્થાની રચનાની જાળવણી કરવાનું કાર્ય જોખમાય છે. આમ સ્તરીકરણની વ્યવસ્થા સમાજજીવનમાં વિભિન્ન પ્રકારે સંઘર્ષ અને સમસ્યાઓ પેદા કરે છે.

### (૨) વારસાગત વર્ગ – દરજ્જો અને ગતિશીલતા સામે અવરોધ :

સ્તરીકરણનાં વિકાર્યો તેના કાર્યોની તુલનામાં વધુ સ્પષ્ટપણે જોવા મળે છે. વર્ગ, દરજ્જો વારસાગત રીતે મેળવવાની વૃત્તિના કારણે સમાજમાં, ભદ્રવર્ગની વ્યક્તિઓ ગતિશીલતાને અવરોધે છે. કેટલીક બુદ્ધિશાળી વ્યક્તિઓનો વ્યય થાય છે, અને કેટલાંક સામાજિક સ્થાનો ઓછી કુશળ વ્યક્તિઓ દ્વારા ભરવામાં આવે છે. વર્ગ સભાનતા વિકસતા અનિવાર્યપણે પોતાના વર્ગ તરફ પક્ષપાતની પ્રવૃતિ જોર પકડે છે.

### (૩) બદલો અને વસ્તુઓના વિતરણમાં અન્યાય :

સામાજિક સ્તરીકરણમાં ઉચ્ચ વર્ગો વધુને વધુ ધન એકત્ર કરવાની પ્રવૃત્તિ કરે છે. જેની પાસે છે તેને જ વધુ ને વધુ મળ્યા કરે છે. સમાજને માટે જે વ્યક્તિઓ વધુ ઉપયોગી પ્રદાન કરતી હોય તેવી વ્યક્તિઓને વધુ બદલો કે વધુ પુરસ્કાર મળે એવું કાર્યવિતરણ વ્યવસ્થા દ્વારા સંપૂર્ણ થઈ શકતું નથી. આવા વસ્તુઓના વિતરણમાં અન્યાયની અસર સમાજની વ્યક્તિઓના મનોબળ ઉપર પડે છે. કામગીરીને અનુરૂપ બદલો મળતો નથી. તેવી લાગણી ચારે બાજુ પ્રસરતાં સમાજની એકતા ઉપર દબાણ આવે છે. વિતરણ વ્યવસ્થા ઉપરનો ઉચ્ચ વર્ગનો અંકુશ સમાજના મૂલ્યોની પદ્ધતિને હાનિ પહોંચાડે છે. નિમ્ન વર્ગની સામાન્ય ટીકાઓ આગળ વધીને વર્ગ સંઘર્ષની પરિસ્થિતિમાં પરિણમે છે.

### (૪) સામાજિક એકતામાં અવરોધક :

વર્ગ વ્યવસ્થાની બદલાની તફાવતની પદ્ધતિ સમાજની રચનાને જાળવી રાખવાના અને સમાજની એકતાને ટકાવી રાખવાના કાર્યો કરવામાં નિષ્ફળ જાય છે. ઉલ્ટું તેના વડે રચનાને જાળવી રાખવાની અને એકતાને ટકાવી રાખવાની સમસ્યાઓ સર્જાય છે. બદલાની અસમાન વહેંચણી સમાજના નિમ્ન વર્ગમાં અસંતોષ ઊભો કરી લોહિયાળ ક્રાન્તિ તરફ દોરી જાય છે.

આમ, સ્તરીકરણમાં વર્ગોની વ્યવસ્થા કેટલીક બુદ્ધિશાળી વ્યક્તિઓને ઉચ્ચ સ્થાનો ઉપર જતાં અટકાવેછે. ઉચ્ચ સ્થાનો ધરાવતી બુદ્ધિશાળી વ્યક્તિઓ સામે વિવિધ અવરોધો ઉભા કરવામાં આવે છે. કાર્યાત્મક રીતે જરૂરી એવી વ્યક્તિઓને મળતો સામાજિક-આર્થિક બદલો પાછો ખેંચી લેવો અને સમાજમાં જેમના કાર્યો ઓછા મહત્ત્વના હોય એવી વ્યક્તિઓને વધુ બદલો ચુકવવો વગેરે વિવિધ વિકાર્યો વર્ગ સ્તરીકરણના પરિણામે સર્જાય છે.

## ૧૬.૫ સારાંશ :

સામાજિક સ્તરીકરણના એકમમાં સામાજિક સ્તરીકરણનો અર્થ અંગે વિવિધ છણાવટ કરી. જુદાં જુદાં સ્તર જૂથો દરજ્જાના આધારે ચઢતા-ઉતરતા ક્રમમાં વહેંચાયેલા હોય છે અને દરેક સ્તર જૂથ અન્ય સ્તર જૂથની તુલનામાં ઊંચુ કે નીચું ગણાતું હોય છે. સામાજિક દરજ્જાની દ્રષ્ટિએ આવાં ઊંચાં અને નીચા સ્તરોની વ્યવસ્થાને સામાજિક કોટિક્રમ તરીકે ઓળખવામાં આવે છે. આવો સામાજિક કોટિક્રમ સમાજમાં બદલાની અસમાન વહેંચણી પદ્ધતિમાંથી વિકસે છે. સામાજિક સ્તરરચના સમાજ વ્યવસ્થાને માટે કાર્યો અને વિકાર્યો બન્ને સર્જે છે. સામાજિક સ્તરરચનાથી ઊભાં થયેલા વિકાર્યો પણ તેની કાર્યસાધકતા સૂચવે છે. જેથી તેની સાર્વત્રિકતાનો સમાજમાં સ્વીકાર થાય છે.

## ૧૬.૬ શબ્દાવલી :

**- કાર્યો :**

નિરીક્ષણ થઈ શકે તેવા વસ્તુલક્ષી પરિણામો, જો સામાજિક વ્યવસ્થાની કાર્યાત્મક સમસ્યા હલ કરવામાં વત્તઓ છે અંશે પણ સહાયક બને તો તે કાર્ય છે.

**- વિકાર્ય :**

નિરીક્ષણ થઈ શકે તેવા વસ્તુલક્ષી પરિણામો સામાજિક વ્યવસ્થાની જુદી જુદી સમસ્યા હલ કરવામાં કે જરૂરિયાતો પૂર્ણ કરવામાં અવરોધ કે બંધન ઉત્પન્ન કરે તો તે વિકાર્ય છે.

**- સામાજિક કોટિક્રમ :**

સામાજિક કોટિક્રમ વિભિન્ન જ્ઞાતિઓને દરજ્જાની દ્રષ્ટિએ ચઢતા-ઉતરતા ક્રમમાં ગોઠવણ સૂચવે છે.

## ૧૬.૭ બહુવિકલ્પી પ્રશ્નો :

(૧) સમાજના લોકોનું ચઢતા-ઉતરતા ક્રમવાળાં સ્તરોનું વિભાજન એટલે ...

(૧) સામાજિક ગતિશીલતા

(૨) સામાજિક સ્તરીકરણ

(૩) સામાજિક દરજ્જો

(૪) સામાજિક ભૂમિકા

(૨) સામાજિક સ્તરીકરણના વિકાર્યો કયા સમાજશાસ્ત્રીઓએ રજૂ કર્યા છે.

(૧) કાર્લ માર્ક્સ અને જહોન્સન

(૨) ડેવિસ અને મૂરે

(૩) મેકાઈવર અને પેજ

(૪) યંગ અને મેક

(૩) સામાજિક સ્તરીકરણના કાર્યો કયા સમાજશાસ્ત્રીઓએ રજૂ કર્યા છે.

(૧) કાર્લ માર્ક્સ અને જહોન્સન

(૨) ડેવિસ અને મૂરે

(૩) મેકાઈવર અને પેજ

(૪) યંગ અને મેક

(૪) માનવ સમાજમાં મુખ્યત્ત્વે કયા પાયા ઉપર સામાજિક સ્તરીકરણની વ્યવસ્થાઓ વિકસેલી જોવા મળે છે.

(૧) વર્ગ, જ્ઞાતિ, ગતિ, દરજ્જો

(૨) જાતિ, લિંગ, આર્થિક, વર્ગ

(૩) જાતિ અને સામાજિક, ધાર્મિક, વર્ગ

(૪) વર્ગ, જ્ઞાતિ, જાતિ, લિંગ

(૫) સામાજિક સ્તરીકરણ એ એક .................................... છે.

(૧) પ્રક્રિયા

(૨) સમાનતા

(૩) પરિણામ

(૪) આધાર

## ૧૬.૮ તમારી પ્રગતિ ચકાસો

(૧) સામાજિક સ્તરીકરણનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ જણાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

(૨) સામાજિક સ્તરીકરણ એટલે શું ? તેનાં કાર્યો જણાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

(૩) સામાજિક સ્તરીકરણની વિભાવનાઓ આપી; તેનાં વિકાર્યો જણાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

## ૧૬.૯ સંદર્ભસૂચિ


(1) David B. Grusky – 2018

Social Stratification – West view press New York

(2) Harold R. Kerbo – 2006

Social Stratification and Inequality – Mc Gratv Hill

(3) Sharma K. L. – 2006

Social Stratification and Mobility – Rawat Publications

(4) Saha Dipali – 2006

Sociology of Social Stratification – Global Vision Publishing House

(૫) દેસાઈ એ. આર – ૧૯૬૦

સમાજખંડ – ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૬) શાહ એ. જી અને દવે જે. કે. – ૨૦૦૪

સમાજશાસ્ત્ર પરિચય, અનડા પ્રકાશન.

(7) www.isa-sociology.org

(8) www.journals.elsevier.com

(9) www.oxfordbibliographies.com

# એકમ ૧૭ સામાજિક ગતિશીલતા

## રૂપરેખા


૧૭.૦ ઉદ્દેશો

૧૭.૧ પ્રસ્તાવના

૧૭.૨ સામાજિક ગતિશીલતાનો અર્થ

૧૭.૩ સામાજિક ગતિશીલતાની લાક્ષણિકતાઓ

૧૭.૪ સામાજિક ગતિશીલતાના સ્વરૂપો

 ૧૭.૪.૧ આડી ગતિશીલતા

 ૧૭.૪.૨ ઊભી ગતિશીલતા

૧૭.૫ સામાજિક ગતિશીલતા ઉપર અસર કરતા પરિબળો

૧૭.૬ સારાંક્ષ

૧૭.૭ શબ્દાવલી

૧૭.૮ બહુવિકલ્પીય પ્રશ્નો

૧૭.૯ તમારી પ્રગતિ ચકાસો

૧૭.૧૦ સંદર્ભસૂચિ


## ૧૭.૦ ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ તમે....

- સામાજિક ગતિશીલતાની વિભાવના અને અર્થ આપી શકશો.
- સામાજિક ગતિશીલતાની લાક્ષણિકતાઓનું વર્ણન કરી શકશો.
- સામાજિક ગતિશીલતાના સ્વરૂપો (પ્રકારો) દર્શાવી શકશો તેમજ તેનું વર્ણન કરી શકશો.
- સામાજિક ગતિશીલતા ઉપર અસર કરતા પરિબળો જાણી શકશો તેમજ તેનું વર્ણન કરી શકશો.

## ૧૭.૧ પ્રસ્તાવના (Introduction)

માનવ સ્વભાવમાં પોતાનું અપેક્ષિત સ્થાન બદલાવાની ઝંખનામાંથી ઉદ્દભવતી સ્વભાવિકતા વ્યક્તિ કે સમૂહને સામાજિક ગતિશીલતા તરફ દોરી જાય છે. એટલે કે

સામાજિક ગતિશીલતાની પ્રક્રિયા સમાજના સ્તરીકરણની વ્યવસ્થામાં વ્યક્તિ અને જૂથના સ્થાન-પરિવર્તન કે ફેરફારની ઘટનાનો નિર્દેશ કરતો ખ્યાલ છે. સમયાંતરે દરેક સમાજમાં પરિવર્તનો આવ્યા કરે છે તેની સાથે માનવી કે માનવજૂથ તેને અનુકુલન સાધવાનો પ્રયત્ન કરે છે. તેની સાથે એટલું ચોક્કસ છે કે પરિવર્તન અને અનુકુલન સાધવાની માત્રા સમાજે સમાજે વતા ઓછા પ્રમાણમાં હોય છે અને તે નિરંતર ચાલ્યા કરે છે. માનવી કે જૂથની આ ગતિશીલતા કયારેક માત્ર તેનું સ્થાન બદલે છે; તો કયારેક સ્થાનની સાથો સાથ હક્કો, ફરજો, માન, અધિકારો, પ્રતિષ્ઠા વગેરેમાં વધારો કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિ કે જૂથ જે સામાજિક સ્થાન દરજ્જો કે પ્રતિષ્ઠા ધરાવે છે તેમાં બદલાવ કે ફેરફારો થયા કરે છે. તેની ગતિ ઉપર તરફ કે નીચે તરફની હોઈ શકે. સામાજિક ગતિશીલતા પ્રત્યેક સમાજમાં એક સરખી રીતે અને સરળતાથી આવી શકે નહિ. સમાજમાં વ્યક્તિ કે જૂથ પોતાનું સ્થાન કેવી રીતે અને કેટલે અંશે બદલી શકે તેનો આધાર જે તે સમાજની વ્યવસ્થા અને અન્ય કેટલાક પરિબળો આધારિત છે. ઘણા સમાજ એવા છે કે જયાં વ્યક્તિ કે જૂથનું સ્થાન જન્મથી નક્કી થયું હોય છે અને તેમાં ભાગ્યે જ ફેરફાર થઈ શકે.

દા.ત. જ્ઞાતિ વ્યવસ્થા : જયારે ઘણા સમાજ એવા છે કે જેમાં વ્યક્તિનું સ્થાન તેની આવડત, મહેનત, કાર્યકુશળતા, શક્તિ પર અવલંબે છે.

દા.ત. વર્ગ વ્યવસ્થા : તેમાં પણ ખુલ્લા વર્ગમાં જેટલી સ્થાન ફેરફારની શકયતઓ છે તેટલી બંધ વર્ગમાં નથી. વર્તમાન સમયમાં મોટે ભાગે પ્રત્યેક વિકસિત સમાજમાં વિવિધ સામાજિક પાસાઓમાં સામાજિક ગતિશીલતાની શકયતાઓ વધી રહી છે. સામાજિક સ્તરરચનાની જેમ સામાજિક ગતિશીલતા પણ કુદરતી, કાયમી અને અનિવાર્ય છે. તેમ છતાં દરેક સામાજિક વ્યવસ્થા સ્થિરતા જાળવવાનો પણ પ્રયત્ન કરે છે. પ્રસ્તુત એકમમાં સામાજિક ગતિશીલતાનો અર્થ તેની લાક્ષણિકતાઓ, તેનું સ્વરૂપ અને તેના ઉપર અસર કરતાં વિવિધ પરિબળોની સમજ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૧૭.૨ **સામાજિક ગતિશીલતાનો અર્થઃ** (Meaning of Social Mobility)

સામાજિક ગતિશીલતા એટલે સામાજિક રચનાતંત્રમાં વ્યક્તિ કે જૂથના સ્થાનમાં થતો ફેરફાર કે બદલાવ. બીજા શબ્દોમાં કહીએ તો સામાજિક ગતિશીલતાએ એક સ્તરમાંથી બીજા સ્તરમાં સ્થાન પરિવર્તન આ સ્થાન પરિવર્તન કેટલીક વખત ઊર્ધ્વગામી કે નિમ્નગામી સ્થળાંતર કે ફેરફાર સુચવે છે. સામાજિક ગતિશીલતાનો ખ્યાલ વધુ રીતે સ્પષ્ટ કરવા કેટલાક સમાજશાસ્ત્રીઓ, વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ જોઈશું.

**હોર્ટન અને હન્ટના મતે...**

"સામાજિક સ્થાનની ઊપર કે નીચેની ફેરફારની પ્રક્રિયાને સામાજિક ગતિશીલતા કહેવામાં આવે છે.

**યંગ અને મેકના મતે...**

"સામાજિક ગતિશીલતા એટલે વ્યક્તિ, સમૂહ કે ભાગના દરજ્જાના ફેરફારો."

**બ્રુમ અને સેલ્ઝનિકના મતે...**

"વ્યક્તિ કે જૂથના સ્થળાંતર કે સ્થાન પરિવર્તનની ઘટનાને સામાજિક ગતિશીલતા

તરીકે ઓળખાવી શકાય.''

**આર્નોલ્ડ રોઝ અને કેરોલિન રોઝ ના મતે...**

''ગતિશીલતા સામાજિક દરજ્જામાં ઊંચે અથવા નીચે જવાનું સૂચવતી પરિસ્થિતિ છે.''

**પિટિસ્મિ સોરોકિનના મતે...**

''સામાજિક ગતિશીલતા એટલે વ્યક્તિ કે સામાજિક વસ્તુ કે મૂલ્યનું એક સામાજિક સ્થાનમાંથી બીજા સામાજિક સ્થાનમાં પરિવર્તન કે સ્થળાંતર.''

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી કહી શકાય કે કોઈપણ વ્યક્તિ કે જૂથના સામાજિક સ્થાનમાં થતો ફેરફાર કે બદલાવને સામાજિક ગતિશીલતા તરીકે ઓળખાવી શકાય. સાથોસાથ માનવસર્જિત સાધનો કે સંસાધનો પણ એક સ્તરમાંથી બીજા સ્તરમાં પ્રવેશ કરે અથવા એક સ્તરના મૂલ્યો, માન્યતાઓ, વિચારસણી, રીતિરિવાજો કે સંસ્કૃતિ બીજા સ્તરમાંપ્રવેશ કરે ત્યારેપણ તેને સામાજિક ગતિશીલતા તરીકે ઓળખાવી શકાય. દરેક સમાજમાં આ સાર્વત્રિક રીતે થતી સહજ પ્રક્રિયા છે. તેના ઉપર અનેકવિધ પરિબળો અસર કરતા જોવા મળે છે તેમજ આ પરિબળો અને સામાજિક ગતિશીલતાની માત્રા જુદી જુદી જોવા મળે છે.

## ૧૭.૩ સામાજિક ગતિશીલતાની લાક્ષણિકતાઓ : (Characteristics of Social Mobility)

સામાજિક ગતિશીલતાની મહત્ત્વની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

**(૧) સામાજિક ગતિશીલતા સાર્વત્રિક છે :**

વિશ્વના દરેક સમાજમાં આર્થિક, રાજયકીય, વ્યવસાયિક કે ધાર્મિક કોઈને કોઈ સ્વરૂપે સામાજિક સ્તરરચના જોવા મળે છે. જેમાં તેની સ્તરરચના સંપૂર્ણબંધ સ્વરૂપે હોય એવું જોવા મળતું નથી. પ્રત્યેક સમાજમાં તેના પ્રત્યેક સ્તરમાં વ્યક્તિ કે જૂથ ગતિ કરે છે. અથવા તો કરી શકે છે. ભારતમાં પણ સમયાન્તરે જ્ઞાતિ વ્યવસ્થા બંધ કે જડ લાગતા હોવા છતાં ઓછીવત્તી માત્રામાં ગતિશીલતાનો અવકાશ તેના પરિબળો આપે છે. દા.ત. ભારતીય સમાજમાં પ્રાચીન સમયથી જે જ્ઞાતિઓ ઉચ્ચ ગણાતી હતી તે પૈકીની કેટલીક જ્ઞાતિઓનું સામાજિક સ્થાન નીચું ગયું છે તો કેટલીક જ્ઞાતિઓનું સામાજિક સ્થાન વિવિધ પરિબળોને કારણે ઊંચું ગયું છે. જે બાબતનું સમર્થન સોરોકિને પણ આપ્યું છે. આમ, ગતિશીલતા સર્જતા વિવિધ પરિબળોની માત્રા દરેક સમાજમાં સાર્વત્રિક રીતે જોવા મળે છે અને તે સામાજિક ગતિશીલતાને વેગ આપે છે.

**(૨) ગતિશીલતાની માત્રામાં તફાવત :**

દરેક સમાજમાં સામાજિક ગતિશીલતા સર્જતા પરિબળો વત્તે ઓછે અંશે કાર્યરત હોય છે અને તે સામાજિક ગતિશીલતાને વેગ આપે છે. સમાજે સમાજે ગતિશીલતાની માત્રા જુદા જુદા સમયગાળા દરમ્યાન જુદી જુદી જોવા મળે છે. કેટલીકવાર એકજ સમાજમાં એક સમયગાળા દરમ્યાન જે તે સમાજના જુદા જુદા ભાગોમાં કે સમુદાયોમાં

ગતિશીલતાની માત્રામાં ભિન્નતા કે તફાવત જોવા મળે છે. દા.ત. ઔદ્યોગિક ક્રાન્તિ પછી ઉદ્દભવેલી વિવિધ પ્રક્રિયાને કારણે વિશ્વના લગભગ બધાજ સમાજોમાં સામાજિક ગતિશીલતા આવી તેમા છતાં તેની માત્રાની દ્રષ્ટિએ જોઈએ તો ભારતીય સમાજ કરતા પશ્ચિમના સમાજોમાં ગતિશીલતાની માત્રા વધુ રહેલી જોવા મળી. તે જ રીતે જ્ઞાતિ વ્યવસ્થામાં પણ ભારતીય સમુદાયમાં કાનૂનીકરણ, શિક્ષણ, અનામતનીતિ વગેરેને કારણે આર્થિક અને વ્યવસાયિક ગતિશીલતા પ્રમાણ નિમ્ન ગણાતી જ્ઞાતિઓમાં વધી.

આમ, ગતિશીલતાને ઉતેજન આપતા અને તેને અવરોધતા પરિબળોમાં વધારો કે ઘટાડો થતાં સામાજિક ગતિશીલતામાં પણ વધારો કે ઘટાડો થતો રહે છે. આવા પરિબળો બધા સમાજોમાં એક સરખા હોતા નથી. જેથી એક સમાજમાં પણ સમયે સમયે ગતિશીલતાના પ્રમાણમાં વધઘટ થયા કરે છે. ટૂંકમાં ગતિની માત્રામાં ભિન્નતા કે તફાવત એ ગતિશીલતાની મહત્ત્વની વિશેષતા છે.

(૩) **સામાજિક ગતિશીલતા દરજ્જામાં ફેરફાર સૂચિત કરે છે :**

સામાજિક ગતિશીલતાની પ્રક્રિયાના પરિણામે વ્યક્તિઅને જૂથના દરજ્જામાં સ્થાન ફેરફાર કે પરિવર્તન થાય છે. ઊર્ધ્વગામી ગતિશીલતાના પરિણામે વ્યક્તિ કે જૂથનો દરજ્જો ઊંચો જાય છે. નિમ્નગામી ગતિશીલતાના પરિણામે વ્યક્તિ કે જૂથનો દરજ્જો નીચો જાય છે. આમ, ગતિશીલતા સમાજની સ્તરીકરણની વ્યવસ્થામાં વિભિન્ન સ્તરો વચ્ચે વ્યક્તિ કે જૂથનું નીચે થી ઉપર અને ઉપરથી નીચે એમ ફેરબદલી સૂચવતી ઘટના છે અને આ ઘટના એક પ્રક્રિયા તરીકે જોવા મળે છે.

## ૧૭.૪ સામાજિક ગતિશીલતાના પ્રકારો-સ્વરૂપો : (Kinds of Mobility)

સોરોકિન તેમજ બ્રુમ અને સેલ્ઝનિકે સામાજિક ગતિશીલતાના મુખ્યત્ત્વે બે પ્રકારો દ્વારા તેના સ્વરૂપની ચર્ચા કરી છે.

### ૧૭.૪.૧ આડી ગતિશીલતા : (Horizontal Mobility)

વ્યક્તિ અથવા જૂથનું સ્થાન કે સ્થળ બદલાય પરંતુ તેનો દરજ્જો, સ્તર, પ્રતિષ્ઠા, અધિકારો કે તેને આપવામાં આવતા બદલામાં ખાસ કોઈ વધારો કે ઘટાડો થતો ન હોય ત્યારે તેને આડી ગતિશીલતા તરીકે ઓળખવામાં આવે છે. બ્રુમ અને સેલ્ઝનિકના જણાવ્યા મુજબ આડી ગતિશીલતા એ એક સ્થાન ઉપરથી સામન સ્તરવાળા બીજા સ્થાનમાં જવાની પ્રક્રિયા છે. આડી ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથનું સ્થાન બદલાય છે પરંતુ તેનું સ્તર બદલાતું નથી. તેના હક્કો અને પ્રતિષ્ઠામાં કોઈ ખાસ નોંધપાત્ર પરિવર્તન કે ફેરફાર થતો જોવા મળતો નથી.

દા.ત. કોઈ એક શાળા કે કોલેજનો શિક્ષક કે પ્રોફેસર ફાજલ કે બદલી થવાથી અન્ય શાળા કે કોલેજમાં સ્થળાંતરિત થાય તો તે શિક્ષક કે પ્રોફેસરનું સ્તર, પ્રતિષ્ઠા કે તેને મળતા બદલામાં ખાસ કોઈ ફેર પડતો નથી. તે જ રીતે ગામ, શહેર, વ્યવસાયિક સ્થાન ફેરબદલી, નાગરિત્ત્વ વગેરે ઉદાહરણ લઈ શકાય. આમ, વ્યક્તિ કે જૂથના માત્ર સ્થાન પરિવર્તન કે ફેરફારને આડી ગતિશીલતા તરીકે ઓળખવામાં આવે છે.

### ૧૭.૪.૨ ઊભી ગતિશીલતા : (Vertical Mobility)

ઊભી ગતિશીલતા એ આડી ગતિશીલતાથી બિલકુલ જુદી અથવા તો વિરૂધ્ધ

પ્રકારની ઘટના કે ખ્યાલ છે. ઊભી ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથનું સ્થાન બદલાવાની સાથોસાથ તેના હક્કો કે પ્રતિષ્ઠામાં પણ નોંધપાત્ર ફેરફાર થાય છે. ઊભી ગતિશીલતાના પરિણામે એક સ્તરમાંથી બીજા સ્તરમાં વ્યક્તિ કે જૂથના સ્થાનપરિવર્તનની દિશામાં ઊભી ગતિશીલતાના બે પેટા પ્રકાર દર્શાવી શકાય. (૧) ઊર્ધ્વગામી ગતિશીલતા અને (૨) નિમ્નગામી ગતિશીલતા.

**(૧) ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા : (Upward Vertical Mobility)**

ઊભી ગતિશીલતાને પરિણામે વ્યક્તિ કે જૂથ તેમના મૂળ સ્તરમાંથી ઉપરના સ્તરમાં સ્થળાંતર કરે, ઊંચો દરજ્જો અને પ્રતિષ્ઠા વધારે, બદલો અને વિશેષ અધિકારો પ્રાપ્ત કરે ત્યારે તેને ઊર્ધ્વગામી ગતિશીલતા તરીકે ઓળખાવી શકાય. તેના પણ બે પ્રકારો છે. (અ) વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ગતિશીલતા અને (બ) જૂથલક્ષી ઊર્ધ્વગામી ગતિશીલતા દર્શાવી શકાય.

**(અ) વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા :**

જ્યારે નિમ્ન સ્તરની કોઈ વ્યક્તિ પોતાના મૂળ સ્તરમાંથી ઉપરના સ્તરમાં પ્રવેશ કરે ત્યારે તેના હક્કો, ફરજો અને અધિકારોમાં ફેરફાર થાય છે જેને વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા તરીકે ઓળખાવવામાં આવે છે. દા.ત. વ્યવસાયિક વર્ગ-૪ કે ૩માંથી કોઈ વ્યક્તિ વર્ગ-૨ કે ૧માં અધિકારી બને ત્યારે તેને વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ગતિશીલતા તરીકે ઓળખવામાં આવે છે.

**(બ) જૂથલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા :**

જ્યારે નિમ્ન સ્તરનું કોઈ જૂથ પોતાના મૂળ સ્તરમાંથી ઉપરના સ્તરમાં પ્રવેશ કરે ત્યારે તેને જૂથલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા તરીકે ઓળખવવામાં આવે છે.

**(૨) નિમ્નગામી ઊભી ગતિશીલતા : (Downward Vertical Mobility)**

નિમ્નગામી ઊભી ગતિશીલતા ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતાથી વિરૂધ્ધની દિશાનો ખ્યાલ છે. નિમ્નગામી ઊભી ગતિશીલતાના પરિણામે વ્યક્તિ કે જૂથ પોતાના મૂળ સ્તરમાંથી નીચેના સ્તરમાં સ્થળાંતર કરે છે. એટલે કે સ્થાન બદલાવની સાથોસાથ બદલાતો સ્તર પોતાના મૂળ સ્તર કરતાં નીચો હોય છે. એટલે કે વ્યક્તિ કે જૂથ જે સ્થાન પર વિશિષ્ટ હક્કો, દરજ્જો, પ્રતિષ્ઠા કે અધિકારો ભોગવતો હોય પરંતુ તેમા ફેરફાર થવાથી ઓછાં હક્કો, અધિકારો, દરજ્જા ભોગવે અથવા ઓછી પ્રતિષ્ઠા ધરાવે ત્યારે તેને નિમ્નગામી ઊભી ગતિશીલતા તરીકે ઓળખાવી શકાય. નિમ્નગામી ઊભી ગતિશીલતાના પણ બે સ્વરૂપો જોવા મળે છે. (અ) વ્યક્તિલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા અને (બ) જૂથલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા.

**(અ) વ્યક્તિલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા :**

જ્યારે કોઈ વ્યક્તિ ઉચ્ચ સામાજિક સ્તરમાંથી નિમ્ન સ્તરમાં પ્રવેશે ત્યારે તેને વ્યક્તિલક્ષી નિમ્નગામી ગતિશીલતા કહેવાય. એટલે કે આ ગતિશીલતા ઉચ્ચ સામાજિક દરજ્જામાંથી નિમ્ન સામાજિક દરજ્જામાં વ્યક્તિના પ્રવેશનો નિર્દેશ કરે છે.

દા.ત. કોઈ વ્યક્તિ અમીરીમાંથી ગરીબીમાં આવી જાય.

**(બ) જૂથલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા :**

જ્યારે કોઈ જૂથ ઉચ્ચ સામાજિક સ્તરમાંથી નિમ્ન સામાજિક સ્તરમાં પ્રવેશે ત્યારે તેને જૂથલક્ષી નિમ્નગામી ગતિશીલતા કહેવાય.

દા.ત. વર્ણ વ્યવસ્થામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓનું અનેકવિધ પરિબળોના કારણે થયેલું પતન.

આમ, સામાજિક ગતિશીલતાએ સ્થાન પરિવર્તન સાથે સંકાળાયેલી ઘટના છે. આ ઘટના વ્યક્તિગત કે જૂથલક્ષી પણ હોય છે. કેટલીક વખતે તેમાં માત્ર સ્થાન પરિવર્તન જોવા મળે છે તો કેટલીક વખતે સ્થાનની સાથોસાથ હક્કો, ફરજો, અધિકારો અને પ્રતિષ્ઠામાં પણ બદલાવ લાવતી ઘટના તરીકે જોવા મળે છે.

## ★ સામાજિક ગતિશીલતાનું સ્વરૂપ

(૧) આડી ગતિશીલતા — (૨) ઊભી ગતિશીલતા

(૧) ઊર્ધ્વગામી ગતિશીલતા — (૨) નિમ્નગામી ગતિશીલતા

| | | |
|---|---|---|
| (અ) વ્યક્તિલક્ષી ઉર્ધ્વગામી ગતિશીલતા | (બ) જૂથલક્ષી ઊર્ધ્વગામી ગતિશીલતા | (અ) વ્યક્તિલક્ષી નિમ્નગામી ગતિશીલતા |

## ૧૭.૫ સામાજિક ગતિશીલતા ઉપર અસર કરતા પરિબળો : (Factors affecting Social Mobility)

બ્રુમ અને સેલ્ઝનિક, સોરોકીન, બર્ગેલ, રોઝ અને રોઝ, જહોન્સન વગેરે સમાજશાસ્ત્રીઓએ સામાજિક ગતિશીલતાને અસરા કરતાં પરિબળોની ચર્ચા કરી છે. તેમની ચર્ચાના આધારે સામાજિક ગતિશીલતા ઉપર અસર કરતા મુખ્ય પરિબળો નીચે મુજબ દર્શાવી શકાય.

**(૧) યાંત્રીકરણ :**

યાંત્રીકરણ સામાજિક ગતિશીલતા ઉપર મુખ્યત્ત્વે ભાગ ભજવ્યો છે. નવીન ઉદ્યોગો શરૂ થતાં અનેક નવી જગ્યાઓ ઊભી થઈ જેથી નીચેના સ્તરમાંથી ઘણા મોટા પ્રમાણમાં લોકોને ઉપર સ્તરમાં જવાની તક મળી. નિપુણતા અને તાલીમ પામેલા લોકોને વધુ ઉજ્જવળ તકો મળી તેઓ ઊર્ધ્વગામીગતિશીલતા પ્રાપ્ત કરી જયારે તાલીમ ન પામેલા વ્યક્તિઓને પણ નીચલા સ્તરમાં કામ કરવાની તક મળી. આમ, યાંત્રીકરણના કારણે વ્યક્તિઓ અને જૂથોને વ્યવસાયિક તકો મળતા તેઓની સામાજિક દરજ્જાઓમાં ફેરફાર થયા જેથી તેઓને સામાજિક ગતિશીલતાની તકનો લાભ મળ્યો.

**(૨) જન્મદરમાં તફાવત :**

જુદાં જુદાં વ્યવસાયિક જૂથોમાં જન્મદરના તફાવતો લાંબાગાળે સામાજિક ગતિશીલતા સર્જે છે. દરેક વર્ગમાં એટલો જન્મદર કયારે નથી હોતો કે તે જન્મદરથી

તે વર્ગના બધાંજ સ્થાનો પુરેપુરા ભરાઈ જાય. જેથી તે અન્ય વર્ગના કે સ્તરના લોકોને તે વ્યવસાયોમાં જવાની પુરેપુરી તક રહે છે. જેથી આ ઘટના સામાજિક ગતિશીલતા તરફ દોરી જાય છે.

**(૩) શિક્ષણ :**

આધુનિક સમયમાં શિક્ષણનું પરિબળ સામાજિક ગતિશીલતા નિપજાવવામાં મહત્ત્વનું પરિબળ બની રહ્યું છે. પ્રત્યેક વર્ગ માટે શિક્ષણથી ઊર્ધ્વગામી ગતિશીલતાની તકો ઉપલબ્ધ બની છે. નિમ્ન સ્તરના કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ વધતા તે યુવાનો ઉચ્ચ વ્યવસાય પસંદ કરીને પોતાનું સ્થાન સુધારવા પ્રયત્ન કરે છે જે તેમની ઊર્ધ્વગામી ગતિશીલતા તરફ દોરી જાય છે.

**(૪) સ્થળાંતર :**

વ્યવસાયિક અને આર્થિક તકો તેમજ શિક્ષણ પ્રાપ્ત કરવા વ્યક્તિ કે કુટુંબનું વર્તમાન સમયમાં સ્થળાંતર થાય છે. જેને પરિણામે તે નવી વિકાસની તકો પ્રાપ્ત કરે છે. જેના માટે તે ઊર્ધ્વગામી ગતિશીલતા માટે અપેક્ષિત સ્થળાંતર કરે છે.

**(૫) મૂલ્યો અને વિચારસરણી :**

સમાજની પ્રચલિત વિચારસરણી અને સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો પણ ગતિશીલતા ઉપર અસર કરતા મહત્વના પરિબળો છે. આ પરિબળો ગતિશીલતાને અવરોધવામાં અને પ્રોત્સાહન આપવામાં એમ બન્ને રીતે ભાગ ભજવતા હોય છે. લોકશાહી વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાનતાવાદી વિચારસરણી ધરાવતા સમાજમાં વિભિન્ન સ્તરોની વ્યક્તિઓને આગળ વધવાની તકો મળી રહે છે.

**(૬) આકાંક્ષાઓ અને અપેક્ષાઓ :**

વ્યક્તિ વિકાસ માટે વ્યક્તિગત ઈચ્છાઓ આકાંક્ષાઓ અને અપેક્ષાઓ વ્યક્તિ કે જૂથને હંમેશા સામાજિક ગતિશીલતા તરફ દોરી જાય છે. તે હંમેશા ગતિશીલ રહેવા પ્રયત્ન કરે છે. વહેલા મોડા તેઓને આંશિક કે સંપૂર્ણ સફળતાઓ સાંપડે છે.

**(૭) લગ્ન :**

આર્થિક કે સામાજિક રીતે ઉચ્ચ કુટુંબમાં લગ્ન વ્યક્તિને સામાજિક ગતિશીલતા તરફ દોરી જાય છે. એટલું જ નહીં વ્યક્તિ કે જૂથના સામાજિક પ્રતિલોમ, અનુલોમ, કુલીનશાહી લગ્ન, સામાજિક ગતિશીલતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ પરિવળ રહેલું જોવા મળે છે.

**(૮) સત્તાની પ્રાપ્તિ :**

સત્તાની પ્રાપ્તિ વ્યક્તિને ઉચ્ચ સ્થાન કે તેની નજીકના સ્થાન પર જવાની ઉત્તમ તક પુરી પાડે છે. તેનાથી કેટલીક વખત આખું જૂથ ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા અનુભવે છે. તેનાથી વિરૂધ્ધ અકુશળ સત્તાધીશ સમગ્ર જૂથ કે સમાજ વ્યવસ્થાને નિમ્નગામી ગતિશીલતા તરફ દોરી જાય છે.

**(૯) સિદ્ધિઓ અને નિષ્ફળતા :**

અસાધારણ સિદ્ધિઓ કે નિષ્ફળતા વ્યક્તિને સામાજિક ગતિશીલતા તરફ દોરી જાય છે.

આમ, ઉપર જણાવ્યા મુજબ વિવિધ પરિબળો સામાજિક ગતિશીલતા સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કેટલીક વખત કેટલાંક પરિબળો એક સિક્કાની બે બાજુ અથવા પરસ્પર સબંધિત હોય છે અને તે વત્તે-ઓછે અંશે સામાજિક ગતિશીલતા ઉપર અસરકારક બને છે.

## ૧૭.૬ સારાંશ

સામાજિક વ્યવસ્થા ક્યારેક સંપૂર્ણ સ્થગિત થઈ જતી નથી. સમાજના સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજયકીય, શૈક્ષણિક, યંત્રવૈજ્ઞાનિક વગેરે જુદાં જુદાં અનેક પાસાઓ પરિવર્તનશીલ હોય છે. આમાના એકાદ પાસામાં થતાં ફેરફારો સમગ્ર સમાજને વત્તે ઓછે અંશે અસર કરે છે. પ્રત્યેક સમાજે વ્યવસ્થા જાળવવા અને સમતુલા ટકાવવા આવા ફેરફારો સાથે અનુકુલન સાધવું પડે છે. આવું અનુકુલન સામાજિક ગતિશીલતા સર્જે છે. આવી સામાજિક ગતિશીલતા સાર્વત્રિક સમાજોમાં જોવા મળે છે. પરંતુ તેની ગતિશીલતામાં તફાવતો કે તેની માત્રામાં તફાવતો જોવા મળે છે. આધુનિક સમયમાં ઔદ્યોગિકરણ, પંચવર્ષીય યોજનાઓ, લોકશાહી, સ્વતંત્રતા અને સમાજવાદ, બંધારણ, શિક્ષણ વગેરેએ સામાજિક ગતિશીલતાનાં દ્વાર ખોલ્યા છે. સેંકડો વર્ષથી કચડાયેલ નીચલા સ્તરના લોકો આજે ઊર્ધ્વગામી ગતિશીલતા હાંસલ કરે છે. તેમ છતાં એટલું ચોક્કસ કહી શકાય કે હજી પણ જ્ઞાતિ જેવા પરિબળોની અસર મોજૂદ છે, ખાસ કરીને ગ્રામ સમાજોમાં તેની ભારે પક્કડ રહેલી જોવા મળે છે.

## ૧૭.૭ શબ્દાવલી

- ગતિશીલતા :

એક કાર્યાત્મકવિભાગમાંથી બીજા કાર્યાત્મક વિભાગમાં કરવામાં આવતું સ્થળાંતર.

- આડી ગતિશીલતા :

એક સ્થાન ઉપર થી સમાન સ્તરવાળા બીજા સ્થાનમાં જવાની પ્રક્રિયા.

- ઊભી ગતિશીલતા :

સ્થાન સ્થળાંતરની સાથો સાથ સ્તર બદલવાની પ્રક્રિયા.

- ઊર્ધ્વગામી :

બદલાતો સ્તર પોતાના મૂળ સ્તર કરતા ઊંચો હોય છે.

- નિમ્નગામી :

બદલાતો સ્તર પોતાના મૂળ સ્તર કરતા નીચો હોય છે.

- વ્યક્તિલક્ષી :

સામાજિક દરજ્જા કે સ્તરમાંવ્યક્તિના પ્રવેશનો નિર્દેશ કરે છે.

- જૂથલક્ષી :

સામાજિક દરજ્જા કે સ્તરમાં જૂથના પ્રવેશનો નિર્દેશ કરે છે.

## ૧૭.૮ બહુવિકલ્પીય પ્રશ્નો

(૧) સામાજિક ગતિશીલતા એટલે....

(૧) વ્યક્તિનું સ્થાન પરિવર્તન

(૨) જૂથનું સ્થાન પરિવર્તન

(૩) વ્યક્તિ કે જૂથનું સ્થાન પરિવર્તન

(૪) સમુદાયનું સ્થાનપરિવર્તન

(૨) ગતિશીલતાના મુખ્ય પ્રકાર કેટલા છે. ?

(૧) બે

(૨) ત્રણ

(૩) ચાર

(૪) પાંચ

(૩) એક જ સમાન સ્તર ઉપર આવેલા એક જૂથમાંથી બીજા જૂથમાં વ્યક્તિ કે જૂથના સ્થાન પરિવર્તનને શું કહી શકાય.

(૧) ઊભી ગતિશીલતા

(૨) આડી ગતિશીલતા

(૩) ભૂમિકા

(૪) દરજ્જો

(૪) આડી ગતિશીલતા વિરૂદ્ધ કઈ ગતિશીલતા જોવા મળે છે. ?

(૧) જૂથ ગતિશીલતા

(૨) વ્યક્તિ ગતિશીલતા

(૩) સમાન ગતિશીલતા

(૪) ઊભી ગતિશીલતા

(૫) વ્યક્તિલક્ષી અને જૂથલક્ષી ગતિશીલતા કઈ ગતિશીલતાના પેટા પ્રકાર છે.

(૧) ઊર્ધ્વ અને નિમ્નગામી ગતિશીલતા

(૨) આડી અને ઊભી ગતિશીલતા

(૩) ચક્કાર અને સમાન ગતિશીલતા

(૪) ઉપર માંથી એક પણ નથી

## ૧૭.૯ તમારી પ્રગતિ ચકાસો

(૧) સામાજિક ગતિશીલતનો અર્થ આપી; તેની લાક્ષણિકતા જણાવો.

...............................................................

...............................................................

..............................................................

..............................................................

(૨) સામાજિક ગતિશીલતા એટલે શું ? સામાજિક ગતિશીલતાના સ્વરૂપો જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૩) સામાજિક ગતિશીલતાની વ્યાખ્યા આપી, તેના ઉપર અસર કરતાં પરિબળો જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧૭.૧૦ સંદર્ભ સૂચિ

(1) Thomas P.T. – 2015
Education and Social Mobility – Notion Press

(2) Sharma K. L. – 2006
Social Stratification and Mobility – Rawat Publicationas

(3) Elishababu G. – 2015
Social Mobility of Scheduled Castes and Education – Dominat Publishers

(૪) દેસાઈ એ. આર. – ૧૯૬૦
સમાજખંડ – ગુજરાત યુનિવર્સિટી, અમદવાદ

(૫) શાહ એ. જી. અને જે. કે. – ૨૦૦૪
સમાજશાસ્ત્ર પરિચય, અનડા પ્રકાશન, અમદાવાદ

(6) www.chegg.com

(7) www.journals.elsevier.com

# એકમ ૧૮

# સામાજિક સંસ્થાઓઃ કુટુંબ સંસ્થા, ધર્મ સંસ્થા, શિક્ષણ અને રાજ્ય સંસ્થા

## રૂપરેખા


૧૮.૦ ઉદ્દેશો

૧૮.૧ પ્રસ્તાવના

૧૮.૨ કુટુંબ સંસ્થા.

- ૧૮.૨.૧ કુટુંબની વ્યાખ્યા
- ૧૮.૨.૨ સંયુક્ત કુટુંબના લક્ષણો
- ૧૮.૨.૩ વિભક્ત કુટુંબના લક્ષણો
- ૧૮.૨.૪ સંયુક્ત કુટુંબમાં પરિવર્તન

૧૮.૩ ધર્મ સંસ્થા

- ૧૮.૩.૧ ધર્મની વ્યાખ્યા
- ૧૮.૩.૨ ધર્મના લક્ષણો
- ૧૮.૩.૩ ધર્મના કાર્યો
- ૧૮.૩.૪ ધર્મના વિકાર્યો

૧૮.૪ શિક્ષણ સંસ્થા

- ૧૮.૪.૧ શિક્ષણની વ્યાખ્યા
- ૧૮.૪.૨ શિક્ષણ અને સમાજ
- ૧૮.૪.૩ શિક્ષણના કાર્યો
- ૧૮.૪.૪ શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન

૧૮.૫ રાજ્ય સંસ્થા

- ૧૮.૫.૧ રાજ્યની વ્યાખ્યા
- ૧૮.૫.૨ રાજ્યના કાર્યો
- ૧૮.૫.૩ રાજ્યના લક્ષણો
- ૧૮.૫.૪ રાજ્ય અને સમાજ વચ્ચે તફાવત

૧૮.૬ સાંરાશ

૧૮.૭ ચાવીરૂપ શબ્દો

૧૮.૮ તમારી પ્રગતિ ચકાસો

૧૮.૯ સંદર્ભ સૂચિ

## ૧૮.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- કૂટુંબની વ્યાખ્યા, લક્ષણો અને પ્રકારો અંગે સમજૂતી આપી શકશો.
- ધર્મની વ્યાખ્યા, લક્ષણો, કાર્યો અને વિકાર્યો અંગે સમજૂતી આપી શકશો.
- શિક્ષણની વ્યાખ્યા, કાર્યો અને સામાજિક પરિવર્તન ની સમજૂતી આપી શકશો.

## ૧૮.૧ પ્રસ્તાવના

વ્યક્તિ કે જૂથ સંસ્થાકીય માળખામાં જીવે છે. દરેક સમાજની ગતિ, પ્રવૃત્તિ, પ્રગતિનું એક સુવિશ્ચિત સંસ્થાકીય માળખું હોય છે. કુટુંબ, ધર્મ, શિક્ષણ અને પરસ્પરની ભૂમિકાઓ અને વર્તનની ઢબ નક્કી કરે છે તેમજ માનવસમાજની જરૂરિયાતો પુરી પાડવાનું કાર્ય કરે છે. સંસ્થા માનવ સમાજના કાર્ય માટે માર્ગદર્શન આપતી નિયંત્રીત કરતી અને જરૂરિયાતો પુરી પાડી કાર્યો કરતી, સમાજે સ્થાપિત કરેલી લાંબા સમય સુધી ટકી રહેતી નિશ્ચિત કાર્ય પદ્ધતિ છે.

સંસ્થાઓ આપમેળે કે કોઈપણ આયોજન વિના ઉદભવતી નથી પરંતુ તે જીવન જરૂરિયાતમાંથી ઉદભવે છે તેની પાછળ ગહન સામાજિક ચિંતન હોય છે. તે જોતાં સામાજિક સંસ્થાઓ માનવજરૂરિયાતો માંથી ઉદભવે છે. સામાજિક સંસ્થાઓ ગાઢ રીતે પરસ્પર એકબીજા સાથે સંકળાયેલી હોય છે. સામાન્ય રીતે સંસ્થાઓ સમતુલાની પરિસ્થિતિમાં હોય છે પરંતુ એક સંસ્થામાં પરિવર્તન આવે તે અનુરૂપ અન્ય સંસ્થામાં પરિવર્તન ન આવે ત્યારે સંસ્થાઓમાં અસમતુલા અને વિસંવાદિતા ઉદભવે છે.

## ૧૮.૨ કુટુંબ સંસ્થા

કુટુંબ સમાજ માન્ય રીતે પ્રજનન અને બાળ ઉછેરની પ્રવૃતિઓ કરતું જૂથ છે. કુટુંબએ પ્રજનન અને બાળઉછેર માટેની પ્રમાણભૂત અને કાયદેસરની કાર્યપ્રણાલિકા છે. કુટુંબ પ્રજનન અને બાળઉછેર માટે ચોક્કસ અને લાંબા સમય સુધી ટકી રહેતા જાતીય સંબંધો દ્વારા રચાયેલું જૂથ છે. કુટુંબમાં લગ્નથી જોડાયેલ પતિ-પત્નીનો સમાવેશ થાય છે. જાતીય સંબંધોના ફળ સ્વરૂપે બાળકોની પ્રાપ્તિ અને સમાવેશ થાય છે.

### ૧૮.૨.૧ કુટુંબની વ્યાખ્યા

Family લેટિન શબ્દ Famulas શબ્દ ઉપરથી બન્યો છે. જેનો અર્થ કુટુંબ થાય છે.

મરડોક કહે છે " કુટુંબ એક સાર્વભૌમિક સંસ્થા છે."

બોગાડર્સ કહે છે "કુટુંબ જૂથ પ્રથમ માનવીય પાઠશાળા છે"

ઈરાવતી કર્વ કહે છે, સંયુક્ત કુટુંબ એ એકબીજા સાથે અમુક ચોક્કસ પ્રકારના રક્તસંબંધો ધરાવતી વ્યક્તિઓનું બનેલું જૂથ છે. જેઓ સમાન્ય રીતે એક જ મકાનમાં વસવાટ કરે છે. એક જ રસોડે જમે છે. સહિયારી મિલકત ધરાવે છે તેમજ કુટુંબની ધાર્મિક પૂજા આરાધનામાં સમાનરીતે ભાગ લે છે.

### ૧૮.૨.૨ સંયુક્ત કુટુંબના લક્ષણો

વિવિધ વ્યાખ્યાઓને આધારે પરંપરાગત સંયુક્ત કુટુંબના લક્ષણો નીચે મુજબ

તારવી શકાયઃ

**(૧) સંયુક્ત નિવાસઃ** રૂઢિગત સંયુક્ત કુટુંબમાં ત્રણથી ચાર પેઢીના રક્તસંબંધીઓનો સમાવેશ થાય છે. આમાં વિભિન્ન પરિણીત યુગલો તેમનાં સંતાનો સાથે સામાન્ય રીતે એક જ મકાનમાં સંયુક્ત નિવાસ કરે છે. કેટલીક વખત દરેક પરિણીત યુગલને તેમનાં અંગત ઉપયોગ માટે એક ઓરડો મળે છે. પરંતુ બધા જ સભ્યો એક જ રસોડે જમે છે. હજુ પણ એવાં ઘરો છે જેમાં ચાર પેઢીઓ એક સાથે જ રહે છે. દરેક યુગલોનો શયનખંડજુદો હોય છે. પરંતુ રસોડું એક જ હોય છે.

**(૨) સંયુક્ત રસોડું:** સંયુક્ત કુટુંબના બધા સભ્યો માટે એક સામાન્ય રસોડું હોય છે. જ્યાં બધા સભ્યો માટે રસોઈ બને છે. આ સામાન્ય રસોડે બનતી રસોઈમાંથી સર્વ સભ્યો ભોજન લે છે. સૌથી મોટી સ્ત્રી અન્ય સ્ત્રીનાં રસોઈકામ પર દેખરેખ રાખે છે. પુરૂષો સામાન્ય રીતે પહેલાં જમે છે અને પુરૂષોના જમ્યા બાદ સ્ત્રીઓ જમે છે.

**(૩) સંયુક્ત મિલ્કતઃ** રૂઢિગત સંયુક્ત કુટુંબ ઉત્પાદન અને ઉપભોગનું એકમ હતું. તેમાં કુટુંબની મિલકત બધા સભ્યોની સહિયારી ગણાય છે. સાથોસાથ કુટુંબ દરેક સભ્યની આવક પણ સહિયારી મિલકતનો ભાગ બને છે. તેમાંથી કુટુંબના દરેક સભ્યોની જરૂરિયાતો સંતોષવામાં આવે છે અને દરેક પુરૂષ સભ્ય કુટુંબની મિલકતનો સમાન હિસ્સેદાર બને છે. કુટુંબનો સૌથી મોટો પુરૂષ કુટુંબનો આથિક વ્યવહાર ચલાવે છે તે પોતાના અંગત હિત માટે કુટુંબની મિલકત કે આવકનો ઉપભોગ કરી શકતો નથી. પરંતુ સમગ્ર કુટુંબ ના હિત માટે ઉપભોગ કરવો તે તેની જવાબદારી ગણાય છે. તે કુટુંબના અન્ય પુરૂષ સભ્યોના પ્રતિનિધિ તરીકે કુટુંબની મિલકતનો વહીવટ કુટુંબના વાલી તરીકે કરે છે.

**(૪) સંયુક્ત પૂજા-આરાધનાઃ** દરેક કુટુંબને તેમના સભ્યો માટેના સામાન્ય ઈષ્ટદેવતા હોય છે. ઘણા પ્રસંગોમાં ઘર એ ધાર્મિક વિધિ-વિધાનનું કે પૂજા-આરાધનાનું કેંદ્ર બની રહે છે. અલગ નિવાસ કરતાં સભ્યો પણ અમુક પ્રસંગોએ આ ઈષ્ટદેવતાની પૂજા-આરાધના માટે પોતાના પૂર્વજના ઘરે આવે છે.

**(૫) પિતા કે કુટુંબના વડા હસ્તક સત્તા :** સંયુક્ત કુટુંબમાં પિતા કે સૌથી મોટો પુરૂષ સર્વ સત્તા ધરાવતો હોય છે. મિલકત, આર્થિક કાર્ય વિભાજન, ધાર્મિક કાર્યો, લગ્ન વગેરે કુટુંબની બાબતો પર પિતાનું પ્રભુત્વ રહે છે. કુટુંબની સંયુક્ત મિલકત ઉપર પુરૂષનું આધિપત્ય હોવાથી સ્ત્રી-પુરૂષ વચ્ચે સત્તાની વહેંચણીમાં આવી અસમાનતા રહેલી છે. સંયુક્ત કુટુંબમાં સૌથી મોટા પુત્રની સત્તા પણ નોંધપાત્ર હોય છે. આવી સત્તા માટે તેને પ્રોત્સાહન આપવામાં આવતું હોય છે.

**(૬) રક્ત સંબંધોની ઢબ :** સંયુક્ત કુટુંબ એ ચોક્કસ પ્રકારના રકતસંબંધીઓનું બનેલુ જૂથ છે. વિભિન્ન રકતસંબંધીઓ વચ્ચેના પારસ્પરિક સંબંધો ભિન્ન ભૂમિકા ઉપર રચાયેલા હોય છે. તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો હકો અને ફરજો, સામાજિક ધોરણ દ્વારા પરિભાષિત થયેલા હોય છે. અને તે દ્વારા પરસ્પરની વર્તન પ્રણાલી આપ-લે નાં સંબંધો, લગ્ન, મિલકત, હકો, વારસા અંગેના હકો, પારસ્પરિક અપેક્ષાઓ નક્કી થાય છે. કુટુંબની પ્રણાલિકા અનુસાર અંતર્લગ્ન અને બહિર્લગ્નનાં નિયમોનું પાલન કરવાનું રહે છે.પત્નીએ પતિની સત્તાને તાબે થવું પડે છે અને નવવધૂએ સાસુ સસરા, જેઠ જેઠાણી, નણંદ વગેરેની સત્તાનો સ્વીકાર કરવો પડે છે. કુટુંબના દરેક સભ્યનું ભરણપોષણ કરવાની તથા બાળકો લગ્નવયે પહોંચતા તેમના લગ્ન ગોઠવવાની જવાબદારી કુટુંબના વડાની રહે છે.

### ૧૮.૨.૩ વિભક્ત કુટુંબના લક્ષણો

વિભક્ત કુટુંબના કેટલાક લક્ષણો નીચે મુજબ તારવી શકાયઃ

(૧) વિભક્ત કુટુંબમાં પતિ - પત્ની વચ્ચેના સંબંધો મુખ્યત્વે સમાનતાની ભૂમિકા પર રચાયેલા હોય છે. આથી તેમાં સ્ત્રી વધારે સ્વાતંત્ર્ય ભોગવી શકે છે. આ સંબંધો અને પ્રાથમિક મહતા અપાય છે.

(૨) વિભક્ત કુટુંબ એક કે બે પેઢીના સભ્યોનું બનેલુ હોય છે. એટલે કે તેમાં પતિ-પત્ની અને અપરણીત સંતાનોનો જ સમાવેશ થાય છે.

(૩) વિભક્ત કુટુંબમાં અન્ય કુટુંબ કે મૂળ કુટુંબ સાથે મિલકત, આવક, પારસ્પરિક હકો, ફરજો, ધર્મ-પૂજા વગેરે અંગેના સંબંધો ધરાવતું નથી તે એક સ્વતંત્ર વ્યક્તિ પ્રધાન કુટુંબ છે.

(૪) વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધો મુખ્યત્વે સમાનતાની ભૂમિકા પર રચાયેલા હોય છે. આથી તેમાં સ્ત્રી વધારે સ્વાતંત્ર્ય ભોગવી શકે છે.આ સંબંધોને પ્રાથમિક મહત્વ અપાય છે.

ભારતમાં જોવા મળતાં વિભક્ત કુટુંબને સ્વતંત્ર કે વ્યક્તિ પ્રધાન કુટુંબ કહી શકાય તેમ નથી. પશ્ચિમના સમાજોમાં જોવા મળતાં વિભક્ત કુટુંબોથી ભારતનાં વિભક્ત કુટુંબો બે રીતે જુદા પડે છે. ભારતમાં જોવા મળતા મોટાભાગના વિભક્ત કુટુંબો માત્ર નિવાસ સ્થાનની દ્રષ્ટિ એ જ વિભક્ત હોય છે. પરંતુ વાસ્તવમાં કાર્યાત્મક દ્રષ્ટિએ તો તે સંયુક્ત કુટુંબનો જ એક ભાગ હોય છે.

### ૧૮.૨.૪ સંયુક્ત કુટુંબમાં પરિવર્તન

સંયુક્ત કુટુંબમાં પરિવર્તન એટલે સંયુક્ત કુટુંબની રચના અને કાર્યમાં આવતું પરિવર્તન. સંયુક્ત કુટુંબનું કદ, બંધારણ, સંયુક્તતા, પતિ-પત્ની વચ્ચેના સંબંધો, માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો વગેરે વિવિધ સ્થિતિઓમાં થતા ફેરફારોને સંયુક્ત કુટુંબના પરિવર્તન તરીક ઓળખી શકાય. પરંપરાગત ભારતીય સમાજ પર આધુનિકયુગનાં વિભિન્ન પરિબળો જેવાં કે ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને આધુનીકરણ વગેરી વિવિધ અસરો નિપજાવી છે. અઅના પરિણામો પહેલાં કરતાં વર્તમાન સમયમાં પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બની છે. બ્રિટિશ અમલ દરમિયાન ભારતમાં વિસ્તૃતીકરણ થવા લાગ્યું છે. જેણે ભારતીય સમાજને પરિવર્તનની નવી કેડી પર મૂક્યો છે. પરિવર્તનની આ પ્રક્રિયાઓ અને પરિબળોને પરિણામે પરંપરાગત સંયુક્ત કુટુંબના સભ્યો વચ્ચેના આંતરસંબંધો માં પરિવર્તનો આવવા લાગ્યા છે.

**(૧) કદનાનુંઃ** રૂઢિગત સંયુક્ત કુટુંબ ત્રણ-ચાર કે તેથી વધુ પેઢીઓના રક્તસંબંધીઓનું બનેલુ હતું. આવુ કુટુંબ સહનિવાસ, સંયુક્ત રસોડું, સહ ભોજન, સંયુક્ત મિલકત અને સંયુક્ત આવકના લક્ષણો ધરાવતું હતું અને તેમાં સર્વોચ્ચ માત્રાની સંયુકતતા પ્રવર્તતી હતી. આધુનિક સમયમાં આવા મોટાં કદનાં અને સર્વોચ્ચ માત્રાની સંયુક્તતા ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ઘટતું જાય છે. દેસાઈના મહુવાનાં કુટુંબોના અભ્યાસમાં રૂઢિગત કુટુંબ કે જેમાં સર્વોચ્ચ માત્રાની સંયુક્તતા હતી તેવાં કુટુંબો માત્ર ૯૦ (૨૧%) જોવા મળ્યા હતાં અને ચાર કે તેથી વધુ પેઢીવાળા સંયુક્ત કુટુંબો માત્ર (૬%) હતાં શ્રી વાસ્તવ અને શર્માનાં ૮૦% કુટુંબોના અભ્યાસમાં રૂઢિગત સંયુક્ત કુટુંબો માત્ર ૭૩ હતાં. આ બંને વિદ્વાનો તેમના અભ્યાસને આધારે જણાવે છે કે નાના કદનું કુટુંબ એ સામાન્ય પ્રવાહ છે. એલીન રોસ પોતાના અભ્યાસ પરથી કામચલાઉ તારણ આપતા નોંધે છે કે ભારતમાં મધ્યમ અને ઉચ્ચ મધ્યમ શહેરી વર્ગોમાં નાનું

સંયુક્ત કુટુંબ એ હવે કુટુંબજીવનનું લાક્ષણીક સ્વરૂપ બની રહ્યુ છે. તેઓ જણાવે છે કે આર્થિક પરિસ્થિતિ અને ઝઘડાઓએ કુટુંબના કદ ઉપર હંમેશા અસર નિપજાવી છે. ઉચ્ચ- શિક્ષણ માટેની તકો, ઉચ્ચ મહત્વકાંક્ષા, વધતી વ્યવસાયિક ગતિશીલતા, ઉચ્ચ જીવનધોરણ માટેની ઈચ્છા, વધુ વૈયકિતક્તા અને વધુ સ્વાતંત્ર્ય જેવાં પરિબળો નાના કુટુંબના વસવાટને ઉતેજન આપે છે.

(૨) **આંતરસંબંધોમાં પરિવર્તનઃ** વિભિન્ન પરિબળોને લીધે સંયુક્ત કુટુંબના સભ્યો વચ્ચેના આંતરસંબંધોમાં પરિવર્તનો દ્રષ્ટિગોચર થાય છે. આંતરસંબંધોનાં વિભિન્ન પાસાંઓમાં આવી રહેલા પરિવર્તનો નીચે મુજબ છે.

**(i) વૈયક્તિક જવાબદારીઃ** વર્તમાન પેઢી માટે તેમનાં દૂરના સગાં ઓછાં મહત્વનાં બન્યાં છે. આવાં દૂરનાં સગાં પ્રત્યે જવાબદારીની લાગણી અને મમત્વ ઘટયાં છે. શહેરમાં સ્થળાંતર કરતાં કુટુંબો માટે પોતાના વિસ્તૃત સંયુક્ત કુટુંબના સભ્યો પ્રત્યેની રૂઢિગત ધોરણ અનુસારની પોતાની જવાબદારી અને ફરજ અદા કરવી મુશ્કેલ બને છે. દૂરનાં સગાં પ્રત્યે મદદની બાબતમાં કે તેઓ પ્રત્યેની સગા તરીકેની ફરજ અદા કરવાની બાબતમાં પહેલાના સમય જેટલું ઉદાર વલણ દાખવાવામાં આવતું નથી. દૂરનાં સગાને મા-બાપના સમયમાં જેટલાં આવકારવામાં આવતાં તેટલાં આવકારવામાં આવતાં હોય તેમ જણાતું નથી. શહેરમાં તેમના ભાઈઓ પાસે મદદ માગવા કરતાં મિત્રોની મદદ લેવાનું વધુ પસંદ કરવામાં આવતું હોય છે.

**(ii) પતિ-પત્નીઃ** હિંદુ સંયુક્ત કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના પારસ્પરિક સંબંધોમાં હકો અને ફરજોની જે પરંપરા હતી તેમાં સ્ત્રી- શિક્ષણ ઉપર નિષેધ હતો. પતિનું દેવતા તરીકેનું સ્થાન રૂઢ થતું ગયું. પતિ તેની પત્ની માટે દેવતા સમાન ગણાતો હતો. પતિ-પત્ની વચ્ચેના સંબંધો સત્તા અને તાબેદારીના ખ્યાલ ઉપર રચાયેલા હતા. પતિ તેની પાસે પોતાની આજ્ઞાનું પાલન કરાવી શકતો. પત્નીને શારીરિક શિક્ષા કરવાનો પતિને અધિકાર છે, તેવા ખ્યાલો પણ હતા. પત્નીને શારીરિક શિક્ષા કરવી તે સામાન્ય ગણાતું.

વર્તમાન સમયમાં વિભિન્ન પરિબળોની અસરના કારણે પતિ-પત્ની વચ્ચેના આ પરંપરાગત સંબંધોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. તેમની વચ્ચેના રૂઢિગત સત્તા અને તાબેદારીના સંબંધો હવે સાથી-સ્વરૂપના બની રહ્યા છે. પતિ વધુ સહાનુભૂતિપૂર્ણ અને સહિષ્ણુતાભર્યુ વલણ દાખવતો થયો છે રૂઢિગત સંયુક્ત કુટુંબમાં પરદાના રિવાજના કારણે પતિ-પત્નીના સંબંધોમાં સામાજિક અલગતા ઊભી થતી. સ્ત્રીનું કાર્યક્ષેત્ર પણ આ કારણે ઘરની અંદર જ મર્યાદિત રહેતું, પરંતુ હવે સ્ત્રી ઘરની ચાર દીવાલો માં જ પુરાઈ નહીં રહેતાં સ્વતંત્રતાથી ઘર બહાર હરીફરી શકે છે. શિક્ષિત કુટુંબોમાં સ્ત્રી-પુરૂષ વચ્ચેની નિકટતા વધી છે. પરદાપ્રથા હવે જવા માંડી છે. સામાન્ય રીતે ઘરનો પુરૂષ જ સ્ત્રીઓને પરદામાંથી બહાર લાવવાનો પ્રયત્ન કરે છે. શિક્ષિંત સ્ત્રીઓ આર્થિક ક્ષેત્રે પણ કામ કરતી થઈ છે.આથી પુરૂષ ઉપરનું તેનું અવલંબન ઘટયું છે. પતિ જ સ્ત્રીના જીવનનું સર્વસ્વ છે, તે જ તેનો પરમાત્મા છે, તેની સેવાએ જ દેવસેવા છે એવા ખ્યાલો અને આદર્શો હવે અદ્રશ્ય થાય છે.

**(iii) મા-બાપ અને સંતાનો :** કુટુંબમાં પિતા પોતાનાં સંતાનો ઉપર અમર્યાદ સત્તા ભોગવતો હતો. બાળલગ્નપ્રથાના વિકાસની સાથોસાથ સંતાનો ઉપર પિતાની સત્તામાં ઘણો વધારો થયો. સંતાનો ઉપર પિતાને અપાર સત્તા હતી તેવા ઘણા ઉલ્લેખો મળે છે. માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધોની સામાન્ય ઢબ સત્તા અને તાબેદારીનાં મૂલ્યો ઉપર રચાયેલી હતી. કુટુંબનાં બધાં કાર્યોમાં પિતાનો નિર્ણય છેવટનો ગણાતો અને બધા સભ્યોએ પિતાની સત્તાને આધીન રહીને વર્તવાનું રહેતું. સંતાનોના લગ્ન માતાપિતા અને વડીલો દ્વારા નક્કી થતાં અને તેમની આ સત્તાને સંતાનો પડકારી શકતાં નહીં.

સંતાનોએ કેટલું શિક્ષણ મેળવવું, કેવું શિક્ષણ મેળવવું, કયો વ્યવસાય કરવો વગેરે બધી જ બાબતોમાં માતાપિતાનો નિર્ણય આખરી ગણાતો અને તેમાં સંતાનોની ઈચ્છા જાણવામાં આવતી નહીં. સંતાનોની માતાપિતા પ્રત્યેની જે પરંપરાગત ફરજો નક્કી થઈ હતી તેમાં પણ તેમણે માતાપિતાની સેવા કરવી, તેમની પ્રતિષ્ઠા કરવી, તેઓ જેમ કહે તેમ કરવું. વૃદ્ધાવસ્થામાં તેમનું ભરણપોષણ કરવું, પિતૃઋણ ચૂકવવું વગેરે ફરજો સંતાનોએ બજાવવાની રહેતી.

માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધો અંગેનાં આ પરંપરાગત ધોરણો, મૂલ્યો, આદર્શો અને ભૂમિકાઓમાં વર્તમાન સમયમાં શિક્ષણ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને લોકશાહી સમાનતાવાદી મૂલ્યોના પ્રસારણના કારણે નોંધપાત્ર પરિવર્તન આવેલું જોઈ શકાય છે. પિતાની સત્તા નબળી પડતી જાય છે. પિતા પોતાની સત્તાનો ઉપયોગ કરી પુત્ર, પુત્રી કે પુત્રવધૂને શિક્ષા કરે તો તેની સામે પુત્ર-પુત્રી વિરોધ કરતાં થયાં છે. પરણીત સંતાનો ઉપર પિતાનું પ્રભુત્વ ઘટ્યું છે અને તેમાંય પરિણીત સંતાનો પિતાના કુટુંબથી જુદાં રહેતાં હોય ત્યારે તો તેમનાં ઉપર પિતાનું નાણાકીય નિયંત્રણ પણ રહેતું નથી. કુટુંબની મિલકતમાંથી પુત્ર પોતાનો હિસ્સો માગે અને પિતા તેનો ઈન્કાર કરે તો કાયદો પણ પુત્રની મદદે આવે છે. પુત્ર તેના પિતાના વ્યવસાયને જ અનુસરે એવી અપેક્ષા હવે રખાતી નથી. આથી પિતા પોતાનાં પુત્રને આર્થિક પ્રવૃતિમાં માર્ગદર્શન આપવા સમર્થ રહેતો નથી. કુટુંબમાં પુરૂષ અને સ્ત્રી-સભ્યોની ભૂમિકામાં પરિવર્તન આવ્યું છે. જે પુરૂષો પોતે કમાય છે તેઓ પહેલાંની તુલનામાં માતા પિતાના આધિપત્ય અને સત્તામાંથી વહેલા મુક્ત થઈ જાય છે. પરંપરાગત કુટુંબમાં સંતાનો ઉપર માતા-પિતા જે અધિકાર અને સત્તા ભોગવતાં હતાં તેમાં આજે નોંધપાત્ર ઘટાડો થયો છે, અને ધીમે ધીમે કુટુંબજીવનમાં લોકશાહી અને સ્વાતંત્ર્યની ભૂમિકા સર્જાતી જાય છે. પિતાની સત્તાને પડકારી લગ્ન, વ્યવસાય, ધર્મ, વસવાટ વગેરે બાબતોમાં તેઓ સ્વતંત્ર બનવા સમર્થ બન્યા છે.

સંતાનો પ્રત્યે માતાપિતાનું વલણ પણ બદલાઈ રહેલું જોવા મળે છે. તેઓ પોતાનાં સંતાનો પ્રત્યે હવે વધુ ઉદાર, સહિષ્ણુ અને સહાનુભૂતિપૂર્ણ વર્તન દાખવતાં થયાં છે. માતાપિતા અને કુટુંબના અન્ય વડીલો સમાનતા અને સ્વાતંત્ર્યનાં નવાં મૂલ્યો નો સ્વીકાર કરી રહ્યાં છે અને કુટુંબની પ્રણાલિકાના ભંગ બદલ સંતાનોને સખત શિક્ષા કરવાને બદલે સહિષ્ણુતા દાખવે છે. માતાપિતા સંતાનોને સખત શારીરિક શિક્ષા કરે તો તેને પડોશ જૂથ અને સમુદાયમાં અનુચિત અને અનિચ્છનીય ગણે છે.

**(૩) પેઢીઓ વચ્ચે અંતરઃ**

સંયુક્ત કુટુંબ ત્રણ કે તેથી વધુ પેઢીઓના સભ્યોનું બનેલું એકમ છે. આ દરેક પેઢીઓ વચ્ચે સામાન્ય રીતે આશરે વીસેક વરસનું અંતર હોય છે. વીસ વરસના ગાળામાં ઘણું સમાજિક પરિવર્તન આવી ગયું હોય છે. જેમ કે શિક્ષણનું સ્વરૂપ, શિક્ષણની પદ્ધતિઓ, અભ્યાસક્રમો વગેરે બદલાઈ ગયાં હોય છે. સમાજના વાતાવરણમાં પણ ઘણો ફેરફાર થઈ ગયો હોય છે. ઉદ્યોગીકરણ અને શહેરીકરણમાં વધારો થયો હોય છે. સંપર્કનાં ક્ષેત્રો પણ વધ્યાં હોય છે. માણસની અવરજવર વધી હોય છે. નવા અનુભવો પ્રાપ્ત થયા હોય છે. નવી સમસ્યાઓ પણ  પેદા થઈ હોય છે. દરેક પેઢી પોતાના વાતાવરણમાં ઉછરી હોય છે. જે અગાઉની પેઢીના વાતાવરણ કરતાં ભિન્ન હોય છે. દરેક પેઢીને જુદો જુદો સામાજિક વારસો મળ્યો હોય છે, જીવનધોરણમાં, જીવન પ્રત્યેના દ્રષ્ટિકોણ માં અને સમગ્ર જીવનશૈલીમાં કેટલોક નોંધપાત્ર તફાવત વિકસ્યો હોય છે. આથી પેઢીઓ વચ્ચેનું અંતર એ માત્ર ઉંમર કે સમયનું અંતર નથી પણ સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ વિચારો,મૂલ્યો, માન્યતાઓ, દ્રષ્ટિબિંદુઓ, અભિગમો, વલણો

અને વર્તનોનું અંતર છે. બીજી રીતે કહીએ તો, પેઢીઓ વચ્ચેનં અંતર એક યા બીજી રીતે ઓછા વતે અંશે વિચારસરણી અને મૂલ્યોનો તફાવત સૂચવે છે. જૂની પેઢી (એટલે કે , મા-બાપ) જૂની પરંપરાઓને વળગી રહેવાનું સામાન્ય વલણ ધરાવે છે, જ્યારે નવી પેઢી (એટલે કે સંતાનો) આધુનિક વિચારો અને મૂલ્યો અનુસાર જીવવા માંગે છે. પેઢીઓ વચ્ચેનું અંતર એ હકીકતમાં પરંપરા અને આધુનિકતા જૂનાં અને નવાં મૂલ્યો વચ્ચેનું અંતર સૂચવે છે. નવી પેઢી કુટુંબમાં લગ્ન ,શિક્ષણ, વયવસાય, ખોરાક, પહેરવેશ વગેરે બાબતોમાં સ્વતંત્રતા માંગે છે, નવી પેઢીના યુવાન સભ્યો કૌટુંબિક નિર્ણયોમાં પોતાની ભાગીદારી માંગે છે, સમાનતા માંગે છે. જ્યારે જૂની પેઢી આ બધી બાબતોમાં સંતાનો પર નિયંત્રણ રાખવામાં માને છે. તેથી જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર ઉતરોતર ઝડપથી વધી રહ્યુ છે.

★ **તમારીપ્રગતિ ચકાસો (ક)**

(૧) ત્રણથી ચાર પેઢીના રક્ત સંબંધીઓનો સમાવેશ કયાં કુટુંબમાં થાય છે? એક લીટીમાં જવાબ આપો.

..................................................................

..................................................................

(૨) વિભક્ત કુટુંબ કેટલી પેઢીના સભ્યોનું બનેલુ છે?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## ૧૮.૩ ધર્મ સંસ્થા

માનવ સમાજની વિવિધ સામાજિક સંસ્થાઓ અને સંગઠનોનો વિકાસ મનુષ્યની આવશ્યકતામાંથી થયો છે. મનુષ્યને જેમ ભૌતિક અને શારીરિક આવશ્યક્તા હોય છે તેમ મનુષ્યને અભુતિક અને અલૌકિક શક્તિ અંગેની આવશ્યક્તા પણ રહેતી હોય છે. ધર્મસંસ્થા સમાજવ્યવસ્થાની એક અત્યંત મહત્વપૂર્ણ સંસ્થા તરીકે મનુષ્ય અને સમાજની અનેકવિધ જરૂરિયાતો સંતોષવાનું કાર્ય કરે છે. વ્યક્તિ અને સમાજની નૈતિકતાનું સંવર્ધન કાર્ય પણ ધર્મ કરે છે. સામાન્ય રીતે ચોક્કસ સ્થળકાળના સંદર્ભમાં કોઈ ચોક્કસ ધર્મને સમજવાનો પ્રયત્ન કરીશું તો તે અર્થ અસ્પષ્ટ અને અપર્યાય જણાશે. તેથી અહીં ધર્મને એક સાર્વત્રિક સંસ્થાના સ્વરૂપમાં સમજવાનો પ્રયત્ન કરીશું. પ્રત્યેક સમાજમાં ધાર્મિક વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી હોય છે. અલબત ધર્મસંસ્થાના સ્વરૂપમાં અવશ્ય વિવિધતા જણાય છે. ધર્મ વ્યક્તિ અને અલૌકિક સત્તા વચ્ચેના સંબંધોને સૂચિત કરે છે. આ રીતે ધર્મ મનુષ્ય પર એવી અદ્રશ્ય અને પોતાનાથી વિશેષ અને આધિભૌતિક સત્તા સાથેનો સંબંધ બતાવે છે.

### ૧૮.૩.૧ ધર્મની વ્યાખ્યા

- એમાઈલ દુર્ખિમ ‘‘ધર્મએ પવિત્ર વસ્તુઓ સાથે સંકળાયેલી શ્રદ્ધા અને ક્રિયાની એવી

એક સભ્યતાવાળી વ્યવસ્થા છે.''

- ઓર્ગબન અને નિમ્કોફ ''ધર્મએ માન્યતાઓ ભાવાત્મક વલણો અલને ક્રિયાઓની એવી પદ્ધતિ છે કે જેના દ્વારા માનવ સમૂહ માનવ જીવનના અંતિમ કોયડાઓને પહોંચી વળવાનો પ્રયાસ કરે છે.

- મેલિનોવસ્કો ''ધર્મ ક્રિયાની એક વિધિ છે. સાથે સાથે વિશ્વાસોની એક વ્યવસ્થા પણ છે.''

## ૧૮.૩.૨ ધર્મના લક્ષણો

(૧) ધર્મ એ કોઈ અગમ્ય અને અલૌકિક શક્તિ અંગેની શ્રદ્ધા સૂચિત કરે છે.

(૨) ધર્મ એ કેવળ વિશ્વાસ કે શ્રદ્ધાનો વિષય છે. બૌદ્ધિકતા તાર્કિકતા સાથે ધર્મને કોઈ સંબંધ નથી.

(૩) ધર્મ એ વિજ્ઞાનથી અલગ છે. કારણ કે ધર્મનું ક્ષેત્ર શ્રદ્ધા છે. જયારે વિજ્ઞાન દરેક ઘટના પાછળના કાર્ય – કારણ સંબંધના તાણાવાણાને શોધવાનો પ્રયાસ કરે છે. વિજ્ઞાન પદ્ધતિને આધારે તટસ્થ રહી ને શોધ કરે છે.

(૪) જીવન અને જગતની જે સમસ્યાનું નિરાકરણ બુદ્ધિ કે વિજ્ઞાનને સહારે મેળવી શકાતું નથી એવી સમસ્યાઓના નિરાકરણ માટે ધર્મ સહાયક બને છે. તેવી માન્યતા છે.

## ૧૮.૩.૩ ધર્મના કાર્યો

(૧) **સામાજિક નિયંત્રણ :** સમાજ વ્યવસ્થામાં જીવન ગુજારતા સભ્યોની માન્યતાઓ અને મનોવલણો તેમજ જીવનવિષયક આદર્શોને સંતોષવાનું કાર્ય ધર્મ બજાવે છે. સામાજિક દ્રષ્ટિએ સ્વીકૃત સામાજિક માળખામાં ગોઠવવાનું કાર્ય ધર્મ બજાવે છે. પ્રત્યેક ધર્મના ધાર્મિક મૂલ્યો, માન્યતાઓ અને મનોવલણોમાં ભિન્નતા પ્રવર્તતી હોય છે. તેમ છતાં ધર્મ એક સાર્વત્રિક વ્યવસ્થાના સ્વરૂપે પ્રત્યેક સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. સામાજિક વ્યવસ્થા સંદર્ભે ઈષ્ટ – અનિષ્ટ, પવિત્ર – અપવિત્ર, યોગ્ય-અયોગ્ય જેવી બાબતોનું નિયંત્રણ અને નિયમન કરે છે.

(૨) **નૈતિક મૂલ્યોનું જતન :** પ્રત્યેક સામાજિક વ્યવસ્થાના અંતર્ગત તેનાં કેટલાંક આગવા નૈતિક મૂલ્યોની વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી હોય છે. આ નૈતિક મૂલ્યો વ્યક્તિ અને સમાજજીવનમાં માર્ગદર્શક રૂપ નીવડતાં હોય છે. આ મૂલ્યોને જયારે ધાર્મિક સમર્થન પ્રાપ્ત થાય છે ત્યારે તેની મહતા સવિશેષ વધી જાય છે.

(૩) **બિરાદરીની ભાવના :** સામાજિક વ્યવસ્થાના સફળ સંચાલન અને સાતત્ય માટે સભ્યો વચ્ચે પારસ્પરિક એકતા અત્યંત આવશ્યક બને છે. સામાજિક એકતા અને બંધુત્વની ભાવના કેળવવાના સાધન તરીકે ધર્મ ઘણી જ અગત્યની ભૂમિકા ભજવે છે કેટલેક અંશે એક જ ધર્મ સમુદાયના સભ્યો વચ્ચે બિરાદરીની ભાવના પ્રવર્તતી હોય છે. દા.ત. ઈસ્લામ ધર્મ અંતર્ગત બંધુત્વની ભાવનાને એક મહત્વના મૂલ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

## ૧૮.૩.૪ ધર્મના વિકાર્યો

ધર્મ એ દરેક સમાજ વ્યવસ્થાનું એક પાસું છે. સમાજમાં કોઈ ને કોઈ સવરૂપે

ધર્મનું અસ્તિત્વ છે. જેના દ્વારા સમાજવ્યવસ્થા પ્રભાવિત થાય છે. સમાજને સ્થિર અને સુગ્રથિત કરવાનું કાર્ય ધર્મ કરે છે. તેમ જ્યારે ધર્મમાં ધર્માન્ધતા આવી જતાં ધર્મમાં વિકાર્યાત્મક અસરો થાય છે. ક્યારેક ધર્મ સમાજને અંધાધૂંધીની પરિસ્થિતિમાં મૂકે છે. તો ક્યારેક ધર્મયુદ્ધો પણ થાય છે.

(૧) **સામાજિક સમસ્યાઓ :** ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો ધર્મ એ સામાજિક સમસ્યાઓના ઉકેલ લાવવામાં સંતોષકારક કામગીરી કરે છે. સમાજ વધુ સ્થગિત બન્યો છે. સામાજિક પરિવર્તન સાથે ધર્મ તાલ મિલાવી શકતો નથી. ધર્મમાં રૂઢિચુસ્તતા અને પરંપરાગતપણાના લીધે સામાજિક બાબતોમાં અપરિવર્તનશીલતા આવી છે. સમાજ વધુ સ્થગિત બન્યો છે. સમાજિક પરિવર્તન ધર્મ તાલ મિલાવી શકતો નથી. ધર્મના લીધે કે ધર્મના શાસ્ત્રોના અર્થઘટનમાં ભૂલો કરીને સમાજમાં નવી સામાજિક સમસ્યાઓ ઊભી કરી છે. દા.ત. બાળલગ્ન, સતીપ્રથા., વિધવા પુંર્લગ્નની મનાઈ વગેરે જેવી સમસ્યાઓના ઉદભવ પાછળ ધર્મને જવાબદાર ગણવામાં આવે છે. પશ્ચિમના સમાજોમાં ધર્મને મંડળોએ જે રીતે સમાજ સુધારણા અને સામાજિક સમસ્યાઓના ઉકેલમાં કામગીરી કરી છે, એટલી કામગીરી ભારતના ધર્મમાં થઈ નથી. ઉલટું વિવિધ ધર્મો વચ્ચે ધર્મવાદ, ધર્માંધતા, કોમવાદ જેવી પરિસ્થિતિઓ ઊભી થઈ જે સામાજિક સુગ્રથન લાવવામાં એક પડકાર રૂપ બને છે.

(૨) **પરિવર્તનમાં અવરોધ :** ધર્મનું સ્વરૂપ રૂઢિચુસ્ત અને આપખુદ હોવાથી નવાં પરિવર્તનોને અટકાવે છે, અથવા ઝડપથી સ્વીકારતું નથી. આજે સમાજવ્યવસ્થાનાં જુદાં જુદાં પાસાંઓમાં ધર્મનું મહત્વ ઘટતું જાય છે. જેમા કે શિક્ષણ,કલા,સંગીત,શિલ્પ, સાહિત્ય વગેરેમાં ધર્મનું પ્રભુત્વ ઘટ્યું છે. પરંતુ ધાર્મિક ખ્યાલો, માન્યતાઓ, ધર્મગુરૂઓ ધર્મશાસ્ત્રોએ સમાજ પર એવી પકકડ જમાવી છે કે માનવી કાયદાઓનો ભંગ કરી નાખે છે પરંતુ ધર્મની નીતિઓને તોડતો નથી. કોઈ ગામ સમુદાય શાળા વગરનું હશે પરંતુ દેવી-દેવતાના મંદિર વગરનું નહી હોય. ધર્મ સાથે પવિત્રતાની ભાવના જોડાયેલી હોય છે જે વ્યક્તિના જીવનમાં શ્રદ્ધાથી વણાયેલી હોય છે. ધર્મની તમામ બાબતો ઈશ્વરદત માનવામાં આવે છે. તેમાં પરિવર્તનો લાવી શકાય નહીં. નવા ખ્યાલો કે નવી વિચારસરણીને ધર્મ ઝડપથી સ્વીકારતું નથી. ધર્મ પરંપરાને પકડી રાખે છે તેથી સામાજિક પરિવર્તન લાવવામાં અવરોધક બને છે.

(૩) **સમાજમાં વિસંવાદિતા :** ધર્મની વિચારસરણી સમાજમાં વિરોધાભાસ પેદા કરે છે. ધર્મ પરંપરાઓને વળગી રહે છે. જ્યારે સામાજિક પરિવર્તન પામતા સમાજ સાથે ધર્મવિસંવાદ- વિચારભેદ ઊભો કરે છે. પ્રાચીનકાળમાં ધર્મ જ તમામ પ્રવૃતિઓનું મૂળ ગણાતું પરંતુ આજે નવી શોધોના પરિણામે જૂના સમયના કેટલાય પ્રશ્નો ઉકેલી શકાયા છે તેથી ધર્મનો પ્રભાવ ઓછો થતો જાય છે. પરંતુ સમાજમાં એક વર્ગ એવો છે કે જે ધર્મની પરંપરાને પકડી રાખે છે. તેઓ વર્તમાન સમાજ સાથે કદમ મિલાવી શકતા નથી અને તેના પરિણામે સમાજમાં વિસંવાદિતાનું વાતાવરણ ઊભું થાય છે. તાર્કિકતા અને બુદ્ધિની દ્રષ્ટિએ કેટલીક બિનજરૂરી બાબતો પણ ધર્મની દ્રષ્ટિએ ગ્રાહ્ય માનવામાં આવે છે. જેના લીધે પરિવર્તનો સ્વીકારે તો બીજી બાજુ સમાજનો બીજો વર્ગ તેનો વિરોધ કરે છે આથી સમાજમાં વિસંવાદિતા ઉદભવે છે.

(૪) **સામાજિકસંઘર્ષ :** ધર્મ સમાજના લોકોને જોડવાનું કામ કરે છે. પણ જ્યારે ધર્મમાં ધર્મવાદ, કોમવાદ, અને ધર્માંધતાની પરિસ્થિતિ પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે સમાજમાં સંઘર્ષની પરિસ્થિતિ નિર્માણ થાય છે. વ્યક્તિ પોતાના ધર્મને શ્રેષ્ઠ ગણે અને બીજાના ધર્મને ઊતરતો ગણે ત્યારે સમાજમાં વાદવિવાદ થાય છે. તેમાંથી પરસ્પર પૂર્વગ્રહો બંધાય છે. તેથી આગળ વધીને બીજાના ધર્મની બાબતમાં અવરોધો ઊભા કરવા, તેને

નુકશાન પહોંચાડવું એમ કરીને પોતાના ધર્મની શ્રેષ્ઠતા સાબિત કરવાની હરિફાઈ અંતે તો સમાજને નુકશાન પહોંચાડે છે. આવી, કોમવાદની પરિસ્થિતિ આતંકવાદી પ્રવૃતિને ઉતેજિત કરે છે. લૂંટફાટ, ખૂન, મારામારી, હુલ્લડો, આગ, લગાડવાના બનાવો ધર્માધતાનું પરિણામ ગણાવી શકાય. અગાઉના સમયમાં અનેક ધર્મયુદ્ધો થયા છે જે અંતે તો સમાજને હાનિકારક રીતે અસરકર્તા બન્યા છે.

★ **તમારી પ્રગતિચકાસો- (ખ)**

(૧) ધર્મના લક્ષણો કયાં છે ? ચાર લીટીમાં જવાબ આપો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**(૨) નીચેના વિધાનો માંથી સાચા સામે (√) અને ખોટા સામે (×) ની નિશાની કરો.**

(અ) ધર્મ સામાજિક સંઘર્ષ ફેલાવે છે.

(બ) બૌદ્ધિકતા કે તાર્કિકતા સાથે ધર્મનોસંબંધ છે.

(ક) ધર્મનું સ્વરૂપ રૂઢિચૂસ્થ અને આપખુદ હોવાથી નવા પરિવર્તનો અટકાવે છે.

## ૧૮.૪ શિક્ષણ સંસ્થા

શિક્ષણ પ્રાચીન સમયથી માનવસમાજની અગત્યની પ્રવૃતિ રહી છે. મનુષ્ય જન્મથી જિજ્ઞાસાવૃતિ ધરાવે છે. શિક્ષણનું તાત્પર્ય બધા પ્રકારના જ્ઞાનના સંગ્રહ તથા માનવના બહુમુખી વિકાસમાં રહેલું છે. ફિલિપ્સ કહે છે કે શિક્ષણ એ સંસ્થા છે. જે કેંન્દ્રિય તત્વજ્ઞાનનો સંગ્રહ છે. શિક્ષણમાં જૂની પેઢી દ્વારા તેમના જ્ઞાનનો નવી પેઢીમાં હસ્તાંતરિત કરવા માટે પ્રયાસ કરવામાં આવે છે. આ એક સામજિક વ્યવસ્થા છે જે વ્યક્તિનો તેના સમાજથી એક કરીન અથવા સંસ્કૃતિને બનાવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. સમાજશાસ્ત્રનો રસ, શિક્ષણના અભ્યાસમાં વિશેષ રહ્યો છે. સામાજિક સ્વરૂપમાં સમાજશાસ્ત્રી મુખ્યત્વે શિક્ષણ ઉપર સામજિક દરજ્જાનો પ્રભાવ, શિક્ષણની પ્રકૃતિ અથવા સામાજિક પરિવર્તનોમાં શિક્ષણની ભૂમિકા ઉપર પ્રકાશ પાડે છે.

### ૧૮.૪.૧ શિક્ષણની વ્યાખ્યા

- ઈમાઈલ દુર્ખિમ ''આ જૂની પેઢી દ્વારા એવા લોકો ઉપર પ્રભાવ પાડે છે. જે અત્યાર સુધી વ્યસ્ક જીવન માટે તૈયાર નથી.''
- શિક્ષણ વ્યક્તિમતાના સર્વાંગી વિકાસની પ્રક્રિયા તરીકે ઓળખાય છે.
- ટી. રેમંટ ''શિક્ષણ વિકાસની એ ક્રિયા છે, જેના પ્રમાણે મનુષ્ય બાળપણથી પ્રૌઢાવસ્થા સુધી અનેક રીતે તેમના ભૌતિક, સામાજિક અને આધ્યાત્મિક પર્યાવરણથી અનુકૂલન કરવાનું શીખે છે''
- જી.એચ.થોમસ ''શિક્ષણ બાહ્ય વાતાવરણના પ્રભાવોનું એક સમાનરૂપ છે. જેના દ્વારા મનુષ્યના આચારવિચાર આદત તથા વ્યવહારમાં સુધારો હોય છે.

જેના દ્વારા મનુષ્યમાં ઉતમ ગુણોનો વિકાસ થાય છે.''

### ૧૮.૪.૨ શિક્ષણ અને સમાજ

શિક્ષણ અને સમાજ એક સિક્કાની બે બાજુ સમાન છે કારણ કે સમાજની અસર શિક્ષણ ઉપર હોય છે અને શિક્ષણની સમાજ ઉપર અસર હોય છે. આવી પરસ્પરની અસરો પરંપરાઓથી જોવા મળે છે. શિક્ષણ વ્યવસ્થા એ સમગ્ર સમાજની એક પેટા વ્યવસ્થા છે. સમાજની જરૂરિયાતો, ધ્યેયો અને અપેક્ષાઓ આ પેટા વ્યવસ્થાઓ પૂરી પાડે છે. શિક્ષણ સાંસ્કૃતિક વારસાનું નવી પેઢીમાં સંક્રમણ કરી સમાજના આદર્શો, ધોરણો અને મૂલ્યો શીખવે છે. સામાજિક પરિવર્તન, નિયંત્રણ, વ્યક્તિત્વ ઘડતર અને સામાજિકરણ દ્વારા નવી પેઢીને તૈયાર કરે છે. શિક્ષણવ્યવસ્થા નવા જ્ઞાનનું સર્જન કરવાનું અને તે દ્વારા સામાજિક અને ભૌતિક ક્ષેત્રમાં નવી શોધો કરી સમાજને વિકસાવે છે. સમાજની અન્ય પેટા વ્યવસ્થાઓ જેવી કે કુટુંબ, રાજ્ય, આર્થિક અને સ્તરરચના સાથે પણ શિક્ષણ વ્યવસ્થા જોડાયેલી હોય છે. એટલું જ નહિ પણ ગાઢ સંબંધ ધરાવે છે.

**(૧) શિક્ષણ અને કુટુંબવ્યવસ્થા :** કુટુંબ કુટુંબીજનોનું સામાજિકરણ કરે છે આ ઉપ રાંત શિક્ષણવ્યવસ્થા પણ સામાજિકરણનું કાર્ય કરે છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થી ને શાળા-કોલેજમાંથી નવા મૂલ્યો વિચારો, માન્યતાઓ વગેરે શીખવા મળે છે. તો બીજી બાજુ શાળામાં આવતા પહેલાં અને શાળા સમય બાદ વિદ્યાર્થીઓ કુટુંબમાં સમય વિતાવે છે. આથી કુટુંબ બાળક કે વિદ્યાર્થીઓના શિક્ષણ અને શાળા પ્રત્યેના વલણોના ઘડતરમાં તેમજ બૌદ્ધિક શક્તિ અને શૈક્ષણિક આકાંક્ષાના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. ઉપરાંત કુટુંબ બાળકની શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા કેળવવામાં સૌથી વધુ મહત્વની કામગીરી કરે છે.

ક્યારેક શિક્ષણ અને કુટુંબ વચ્ચે વિરોધાભાસી અસરો પણ જોવા મળતી હોય છે. જેમ કે બાળક કુટુંબમાંથી પરંપરાગત કૌટુંબિક વિચારો, વલણો, મૂલ્યો, લઈને શાળામાં જાય છે ત્યારે શાળામાં આધુનિક મૂલ્યો, વિચારો શીખવવામાં આવે છે. ત્યારે બાળક મુંઝવણ અનુભવે છે. આથી ઊલટું શાળા - - કોલેજોમાંથી નવું જ્ઞાન, આધુનિક મૂલ્યો અને શિક્ષણ લઈને વિદ્યાર્થી કુટુંબમાં જાય છે ત્યારે કુટુંબીજનો તેને સ્વીકારતા નથી અને કયું શિક્ષણ અને કયાં મૂલ્યો યોગ્ય કે અયોગ્ય છે તે અંગે વિદ્યાર્થીઓ મુંઝવણ અનુભવે છે ત્યારે નવું શિક્ષણ કે જ્ઞાન અવરોધાય છે આમ છતાં બન્ને વચ્ચે એક ચોક્કસ પ્રકારનો સંબંધ જોવા મળે છે.

**(૨) શિક્ષણઅને રાજ્ય વ્યવસ્થા :** શિક્ષણ વ્યવસ્થા દ્વારા શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓની રાજકીય વ્યવસ્થા અંગેનું શિક્ષણ અપાય છે. તેમજ રાજકીય નેતૃત્વની તાલીમશાળા પણ શિક્ષણ સંસ્થાઓ જ છે કે જેનાથી રાજ્યવ્યવસ્થાના સંચાલન માટેનું અસરકારક નેતૃત્વ ઉદ્ભવી શકે. ભારત જેવા લોકશાહી દેશમાં અસરકારક નૈતૃત્ત્વની તાલીમ, બંધારણીય મૂલ્યોની સભાનતા, જાગૃતિ અને સડા વગરના અસરકારક વહીવટ માટે શિક્ષણની ભૂમિકા મહત્ત્વની બની રહે છે.

સમાજના પ્રતિનિધિ તરીકે રાજ્યવ્યવસ્થા શિક્ષણ અને તેની વ્યવસ્થાનું નિયંત્રણ કરે છે તેમાં કયાં વિસ્તારોમાં સમુદાયોમાં, વર્ગોમાં કેવી અને કયાં-કયાં પ્રકારની જરૂરિયાતો પૂરી પાડશે ? શિક્ષણથી સમાજમાં કેટલું પરિવર્તન આવશે ? સમાજના વિકાસ અને પ્રગતિ માટે કેવા સ્વરૂપનું શિક્ષણ અનિવાર્ય બનશે? તે અંગે રાજ્યવ્યવસ્થા વિચારે છે અને ભવિષ્યમાં આયોજનો અમલમાં મૂકે છે તેમજ રાજ્યવ્યવસ્થા શિક્ષણના વિકાસ માટે દરેક રાજ્યોમાં યુનિવર્સિટીઓ, કોલેજો, શાળા- મહાશાળાઓ જરૂરિયાત મુજબ શરૂ કરે છે. તેના નિભાવ માટે આર્થિક અનુદાન આપે છે તેનું વહીવટીતંત્ર

નિશ્ચિત કરે છે. તેના વિકાસમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નિયંત્રણ મૂકે છે અને સમાજને તેમજ દેશને વિકાસના પંથે લઈ જાય છે. શિક્ષણ અને રાજયવ્યવસ્થા પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે.

(૩) **શિક્ષણ અને અર્થવ્યવસ્થા :** શિક્ષણ વ્યવસ્થા સમાજની માંગ અનુસાર અદ્યતન અભ્યાસક્રમો બનાવે છે ઉચ્ચ કક્ષાની શિક્ષણપ્રથા ઊભી કરે છે આધુનિક વૈશ્વીકરણ સ્થિતિને ધ્યાનમાં રાખી નવી મેનેજમેન્ટ વિષયક અને અન્ય રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય નીતિને ધ્યાનમાં રાખી શિક્ષણ પ્રણાલિકા ઊભી કરે છે. વિજ્ઞાનના વિકાસ દ્વારા નવા યંત્રોની શોધ અને સંશોધન કરી અર્થવ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાના પ્રયાસો શિક્ષણ દ્વારા થાય છે. જેમ કે ભારતમાં સોફ્ટવેર ક્ષેત્રે થયેલ પ્રગતિ અને ભારત એક વિકસિત દેશ બનવા જઈ રહ્યો છે તે શિક્ષણને આભારીછે.

સમાજની અર્થવ્યવસ્થા સમાજની જરૂરી એવી આર્થિક સેવાઓ, ઉત્પાદન, માલ-સામાન, વિનિમય વગેરેની વ્યવસ્થા કરે છે. યંત્ર – વિજ્ઞાનના વિકાસથી ઉત્પાદન વેચાણ અને વિનિમય મોટા પાયા પર થાય છે તેના માટે વિશિષ્ટ જ્ઞાન અને કૌશલ્યની જરૂર પડે એવા અનેક પ્રકારના વેપાર વ્યવસાયો અસ્તિત્વમાં આવે છે. આવી અર્થવ્યવસ્થા માટે જરૂરી તાલીમબદ્ધ વ્યવસ્થાનું આયોજન કરવું પડે અને તે અનુસાર નવા અભ્યાસક્રમોનું આયોજન કરવું પડે.

(૪) **શિક્ષણ અને સ્તરરચના :** શિક્ષણ એ સમાજના દરેક નાગરિક માટે અનિવાર્ય રીતે આવશ્યક બન્યું છે. દરેક વ્યક્તિ અલગ અલગ બુદ્ધિમતા ધરાવે છે. તેમજ અલગ અલગ સ્તરોમાં વસવાટ કરે છે. ભારત અનેક સમુદાયો અને સ્તરોમાં વહેંચાયેલ છે. અનેક પ્રકારના વ્યવસાયો, ધંધાઓ, પરિસ્થિતિઓ પણ ધરાવે છે. તે દરેકને માટે શિક્ષણ ઉપયોગી અને અનિવાર્ય બન્યું છે. જેમ કે ભારતમા .................... ...................... આદિવાસી સમુદાયોમાં વસવાટ કરે છે. આ દરેક સ્તરના લોકો માટે સમાજના વિકાસ માટે શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ભારતમાં જ્ઞાતિ આધારિત સ્તર રચના જોવા મળે છે.

તેમજ શિક્ષણના અલગ – અલગ વર્ગોમાં ઉંમર મુજબ અભ્યાસક્રમો બનાવવામાં આવ્યા છે તે દરેકમાં વૈશ્વિક પરિસ્થિતિ બદલાતી જાય છે તેમ તેમાં પરિવર્તનો કરવામાં આવે છે. આજે તો શિક્ષણના દરેક સ્તરે દર ત્રણ વર્ષે અભ્યાસક્રમોને અદ્યતન બનાવવામાં આવે છે.

સામાજિક સ્તરરચના સાર્વત્રિક રીતે જોવા મળે છે. દરેક સ્તરરચનાના બાળકો શિક્ષણ-વ્યવસ્થામાં દાખલ થઈ શક્તા નથી. દરેક વર્ગની આર્થિક સ્થિતિ, શિક્ષણ અંગેના મનોવલણો તેમજ બાળકોની શક્તિ અને આકાંક્ષાઓ જુદાં જુદાં હોય છે. જેમ કે સમાજનો ઉપલો સ્તર અન્ય સ્તર કરતાં વધુ શિક્ષણ મેળવી શકે છે. તેઓની શૈક્ષણિક સિદ્ધિઓ ઓ પણ વધુ હોય છે. કઈ સ્તરરચના બાળકો કેવું અને કેટલું શિક્ષણ લઈ શકશે કે છોડી દેશે તેનો આધાર તેની સ્તરરચના પર છે. દા.ત. મનુસ્મૃતિ મુજબ સ્ત્રીઓ અને નિમ્ન વર્ણ કે જ્ઞાતિના લોકો શિક્ષણ મેળવી શકતા ન હતા જયારે વર્તમાનમાં બધા માટે શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની યોજનાઓ છે.

### ૧૮.૪.૩ શિક્ષણના કાર્યો

(૧) **વ્યક્તિત્વ- ઘડતર અને વિકાસઃ** શિક્ષણ સમાજના સભ્યોનું સામાજીકરણ કરતી પ્રક્રિયા છે. આ સામાજીકરણની પ્રક્રિયાને પરિણામે જે વ્યક્તિ આંતરક્રિયાની પરિસ્થિતિથી સંકળાય છે અને તેમાંથી તે કંઈને કંઈ શીખે છે આ શીખવાની પ્રક્રિયાને

પરિણામે જ વ્યક્તિના 'સ્વ'નો વિકાસ થાય છે. વ્યક્તિનો જ્યાં જન્મ થાય છે તે પરિવારની પરિસ્થિતિમાં પરિવારની વ્યક્તિઓ વચ્ચેની અંતરક્રિયાઓ માંથી 'સ્વ'નું ભાન થાય છે. 'સ્વ'નું ભાન થયા બાદ 'સ્વ'નો ક્રમશઃ વિકાસ થાય છે. વ્યક્તિત્વ વિકાસમાં'સ્વ'નું ભાન મહત્વની ભૂમિકા ભજવે છે.

(૨) **વારસાનું હસ્તાંતરણ :** પ્રત્યેક સમાજની શિક્ષણ વ્યવસ્થાનો વિચાર કરતાં જણાશે કે સમાજની અંદર સાંસ્કૃતિક વારસાનું સંક્રમણ કરવામાં શિક્ષણ મહત્વનો ફાળો આપે છે. પ્રત્યેક સમાજ પોતાની સંસ્કૃતિ વંશ પરંપરાગત રીતે અસ્તિત્વ ટકાવી શકે તે માટે એક પેઢી પાસેથી બીજી પેઢીને પ્રાપ્ત થાય છે. આ સાંસ્કૃતિક વારસાને હસ્તાંતરીત કરવાનું કાર્ય શિક્ષણ વ્યવસ્થા દ્વારા થાય છે. સાંસ્કૃતિક વારસો વ્યક્તિગત સમાજીકરણની પ્રક્રિયા દરમિયાન પણ મેળવે છે. સમાજીકરણની પ્રક્રિયા અંતર્ગત વ્યક્તિમાં મૂલ્યો, ધોરણો, આદર્શોનું સિંચન કરવામાં આવતું હોય છે. શાળા-કોલેજ દ્વારા વિચાર વારસાનું સિંચન થાય છે. તે રીતે પરિવાર અને માતા-પિતા દ્વારા પણ સાંસ્કૃતિક વારસાનું સિંચન કરવામાં આવતું હોય છે.

(૩) **સામાજિક નિયંત્રણ :** શિક્ષણ દ્વારા સમાજનાં ધારાધોરણો, મૂલ્યો, આદર્શો, પ્રથાઓ, પરંપરા રૂઢિ –રિવાજો મુજબ વ્યક્તિના જીવન વ્યવહારોને નિયમિત અને નિયંત્રિત કરવામાં આવે છે. શિક્ષણના માધ્યમ દ્વારા તેને યોગ્ય-અયોગ્યનો વિવેક શીખવવામાં આએ છે. પરિણામે સમાજ વ્યવસ્થામાં સામાજિક નિયંત્રણ જળવાય છે. પ્રત્યેક સમાજ વ્યવસ્થામાં પ્રવર્તમાન અરાજકતા કે અંધાધૂંધીને નિયંત્રિત કરવા માટે ચોક્કસ નીતિ-નિયમો પ્રવર્તતા હોય છે.આ નીતિ -નિયમો દ્વારા જ સમાજમાં પ્રવર્તમાન અસ્થિરતા અને ધોરણભંગની પરિસ્થિતિને અંકુશ કરી શકાય.

(૪) **સામાજિક પરિવર્તન :** દરેક સમાજ વ્યવસ્થામાં શિક્ષણ સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. શૈક્ષણિક ક્ષેત્રે નવાં નવાં સંશોધનો, નૂતન વિચારો તેમજ સિદ્ધાંતો અસ્તિત્વમાં આવે છે. તેનું સંક્રમણ બહુજન સમાજમાં થાય છે. અને આ નવા વિચારો, સિદ્ધાંતો, ખ્યાલો સમાજના સભ્યોમાં આવે છે. તેને લીધે સામાજિક પરિવર્તન શક્ય બને છે. શિક્ષણને પ્રગતિ અને વિકાસનું એક અત્યંત અસરકારક માધ્યમ માનવામાં આવે છે તેનું કારણ પણ એ જ છે કે તે વ્યક્તિને અને સમાજને ગુણાત્મક રીતે પ્રભાવિત કરે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ નૂતન વૈચારિક પ્રવાહોના સંપર્કમાં આવે છે અને તેનાથી પ્રભાવિત થાય છે.

(૫) **સામાજિક દરજ્જો :** શિક્ષણ વ્યક્તિને માટે દરજ્જાની નવી તક પૂરી પાડે છે. શિક્ષણ પ્રાપ્તિને લીધે વ્યક્તિ નવા દરજ્જા મેળવી શકે છે. નવા દરજ્જાની પ્રાપ્તિને પરિણામે વ્યક્તિને સમાજમાં વિશેષ લાભો અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે. શિક્ષણ પ્રાપ્તિ બાદ વ્યક્તિ પોતના પરંપરાગત સ્થાન અને નીચલા સ્તરમાંથી ઉપલા સ્તરમાં જવાની ક્ષમતા કેળવે છે. શિક્ષિત વ્યક્તિઓ ભલે સમાજના નીચલા દરજ્જાવાળા આર્થિક-સામાજિક સ્થાન મેળવીને પોતાની પરંપરાગત પરિસ્થિતિમાં પરિવર્તન લાવે છે.

### ૧૮.૪.૪ શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન

(૧) **નગર- સમાજ :** પ્રત્યેક શહેરમાં શિક્ષણ કાર્ય કરતી શાળા, કોલેજો અને કેટલાંક શહેરોમાં વિશ્વવિદ્યાલય હોય છે. કેટલાંક શહેરોમાં શિક્ષણ સંસ્થા શહેરના અમુક ભાગમાં કેન્દ્રિત હોય છે. શહેરની શિક્ષણ સંસ્થાઓ આસપાસના ગ્રામજનો માટે આકર્ષણનું અને શિક્ષણનું કેંદ્ર બને છે. અને તેની અસર હેઠળ શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળે છે. ગ્રામ-શહેર સંપર્ક વધે છે. શિક્ષણ બૌદ્ધિક પ્રવૃતિનું નવાં વિચારો અને મૂલ્યોનું કેંદ્ર બનાવે છે.

(૨) **ગ્રામીણ સમાજ :** ગ્રામીણ સમાજમાં આયોજિત પરિવર્તનની પ્રક્રિયાને સુગમ બનાવવા શિક્ષણ વિકાસ ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો. શિક્ષણને લીધે ગ્રામીણ સમાજમાં પણ શિક્ષણનું પ્રમાણ ઉતરોતર વધવા લાગ્યું. આ ઉપરાંત સ્ત્રીશિક્ષણ, પ્રૌઢશિક્ષણ અને કાર્યાત્મક શિક્ષણના કાર્યક્રમો સામાજિક પરિવર્તનની પ્રક્રિયા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરે છે. ગ્રામજનો, શિક્ષણને પોતાના રાજકીય, સામાજિક અને આર્થિક વિકાસ માટેની પૂર્વ શરત તરીકે જોવા લાગ્યા છે.

(૩) **આદિવાસી સમાજ :** શિક્ષણના પ્રભાવ હેઠળ આદિવાસી સમાજમાં નવયુવાન અને ગતિશીલ નેતૃત્વ પેદા થયું છે. રાજકારણમાં શિક્ષિત આદિવાસી નેતાઓ આગળ આવ્યા છે. નેતાઓ આદિવાસી સમાજમાં પરિવર્તનના માધ્યમ તરીકેની ભૂમિકા ભજવવાં લાગ્યાં છે. આદિવાસીઓમાં શિક્ષણ વૃદ્ધિ થતાં તેમના સમાજમાં સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધવા લાગ્યું છે. શિક્ષણ આદિવાસીઓને શોષણમાંથી મુક્ત બનવા શક્તિમાન બનાવ્યાં છે.

(૪) **સ્ત્રીનું સ્થાન :** સ્ત્રી શિક્ષણે સ્ત્રીઓમાં બૌદ્ધિક અને વૈચારિક જાગૃતિ વિકસાવી પરિણામે તેઓ અધિકારો પ્રત્યે વધુ સભાન બની. સ્ત્રી શિક્ષણને લીધે સ્ત્રીઓને આર્થિક રીતે પગભર બનવાની તક મળી અને વિભિન્ન વ્યવસાયોમાં સ્ત્રીઓએ પ્રવેશ કરવા માંડ્યો. શિક્ષણે સ્ત્રીઓની ભૂમિકા પ્રત્યેના દૃષ્ટિકોણમાં પરિવર્તન નીપજાવ્યું છે. શિક્ષણે સ્ત્રીઓને વ્યક્તિગત વિકસાવવાની અને અભિવ્યક્તિની તક પૂરી પાડી છે. સ્વપસંદગી લગ્નની તક પૂરી પાડે છે. તેનો કૌટુંબિક દરજ્જો સુધર્યો છે તથા જાહેર પ્રવૃતિમાં તે ભાગ લેતી થઈ છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(૧) શિક્ષણ અને સમાજ એક સિક્કાની બે બાજુ છે. ચાર લીટીમાં જવાબ આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૨) નીચેના વિધાનોમાંથી સાચા સામે (√) અને ખોટા સામે (×) ની નિશાની કરો.

(અ) શિક્ષણ સમાજના સભ્યોનું સામાજિકરણ કરે છે.

(બ) શિક્ષણ વ્યક્તિને માટે દરજ્જાની નવી તકો પુરી પાડે છે.

(ક) સ્ત્રી શિક્ષણે સ્ત્રીઓમાં બૌદ્ધિક અને વૈચારિક જાગૃતિ વિકસાવી નથી.

## ૧૮.૫ રાજ્ય સંસ્થા

ગ્રીક તત્વજ્ઞાનીઓ કહે છે રાજ્ય એક કુદરતી અને આવશ્યક સંસ્થા છે. જે માનવીની રાજકીય પ્રાણી તરીકેની જરૂરિયાતમાંથી બહાર આવે છે. માર્કસ રાજયને સત્તાધારી વર્ગના હાથમાં શોષણના વાજીંત્ર તરીકે જુએ છે. જે સમુદાયની અંદર કાનૂની રીતે સમાજવ્યવસ્થા જાળવે છે. રાજયને સમાજ તરીકે પણ જોવામાં આવે છે. જેમાં સરકાર અને પ્રજા વચ્ચે વિભાજન હોય છે. રાજ્ય કાયમી રીતે ચોક્કસ પ્રદેશ ધરાવે છે. બાહ્ય અંકુશથી સ્વતંત્ર છે અને વ્યવસ્થિત સરકાર ચલાવે છે.

સામાજિક નિયંત્રણ અથવા તેને લાગુ કરનાર સંગઠનો તેના નિયમ અને પ્રણાલિ તથા કાર્યપદ્ધતિને રાજ્ય વ્યવસ્થા કહે છે. આ વ્યવસ્થાના સંબંધ અનેક વર્ગો અને સંગઠનોથી હોય છે. જેમ સરકાર દબાણ કે હિત જૂથ નોકરશાહી વગેરે આજ વર્ગ અને સંગઠન દેશ વિદેશ કે રાજનૈતિક સ્વરૂપને ધારણ છે. રાજનૈતિક વ્યવસ્થા જ જનતાને રાજનૈતિક પ્રક્રિયામાં ભાગ લેવા માટે પ્રેરણા પૂરી પાડે છે. પ્રત્યેક સમાજની અંદર કોઈને કોઈ સ્વરૂપની રાજકીય વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી હોય છે. અન્ય જુદીજુદી વ્યવસ્થાઓ જેવી કે કુટુંબ, લગ્ન,ધર્મ તેમજવ્યવસ્થા પણ વ્યક્તિ અને સમાજની વિવિધ આવશ્યકતાઓની પરિપૂર્તિમાં સહાયક બને છે. જેમ જેમ કોઈપણ સમાજિક વ્યવસ્થા સરળ સ્વરૂપમાંથી જટિલ સ્વરૂપમાં રૂપાંતર પામે છે. તેમ તેમ જરૂરિયાતોની પરિપૂર્તિ માટે વિશિષ્ટ સંસ્થાઓ અને સંગઠનો ઉદભવે છે. સામાન્ય રીતે રાજકીય સંસ્થા એટલે રાજ્યની અંદર વ્યવસ્થાની જાળવણી અને જતન માટેના કાર્યના સંતોષ માટેની ઔપચારિક સ્વરૂપની સંસ્થાકીય વ્યવસ્થા. વાસ્તવમાં આ સંસ્થા વ્યક્તિ અને સમાજની વિવિધ સ્વરૂપની પરસ્પરની આંતરક્રિયાને દંડ શક્તિ કે સત્તાના માધ્યમથી નિયંત્રિત અને નિયમિત કરતી હોય છે.

### ૧૮.૫.૧ રાજ્યની વ્યાખ્યા

- વિનોગ્રાડોક " રાજ્ય એ કાનૂની નિયમોની મર્યાદામાં રહીને કાર્યો કરવા માટે વ્યવસ્થિત સંગઠિત થયેલો માનવ સમૂહ છે."
- ગિલિન અને ગિલિન "રાજ્યએ નિશ્ચિત પ્રદેશમાં સાર્વભૌમત્વ ધરાવતું વ્યક્તિઓનું સંગઠન છે."
- હેરલ્ડ લાસ્કી "રાજ્ય પોતાના નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં અન્ય તમામ સંસ્થાઓથી સર્વોપરી હોય છે."

### ૧૮.૫.૨ રાજ્યના કાર્યો

રાજ્ય જે વિવિધ કાર્યો બજાવે છે તેને મુખ્યત્વે બે વિભાગમાં વિભાજીત કરી શકાય.

**(૧) આંતરિક કાર્યો:**

**(૧) કાનૂન ઘડતર:** સમાજના સભ્યોનાં બહુવિધ વર્તન-વ્યવહારને ચોક્કસ દિશામાં વાળવા માટે તેમજ સભ્યો વચ્ચેનાં પારસ્પરિક વર્તન- વ્યવહારમાં સંવાદિતા, લાવવા માટે કાયદા-કાનૂન કે નીતિ-નિયમોની આવશ્યકતા રહે છે. રાજ્યને પ્રાપ્ત થતી સત્તાને આધારે જાહેર હિત અને આંતરિક સંવાદિતા સ્થાપિત કરવા માટે રાજ્ય કોઈ ચોક્કસ પ્રકારના નીતિ નિયમો અને કાયદા-કાનૂન ઘડે છે. તેના અમલીકરણ દ્વારા લોક વ્યવહારને નિયમિત અને નિયંત્રિત કરે છે.

**(૨) સંઘર્ષનું નિવારણ :** કોઈ પણ રાજ્ય કાયદા- કાનૂન દ્વારા સામાજિક વ્યવસ્થાની અંદર સામાજિક સંવાદિતા લાવવાનો પ્રયાસ કરે છે. કાનૂની જોગવાઈ વડે સમાજના સભ્યોનાં બહુવિધ વર્તન વ્યવહારને અંકુશમાં રાખવાનો પ્રયાસ થાય છે. સમાજ વ્યવસ્થાની અંદર જે વિવિધ અસમાન વર્ગો કે જૂથો અસ્તિત્વ ધરાવતાં હોય છે તેમની વચ્ચે સહયોગ સ્થાપિત કરવો ખૂબ આવશ્યક બને છે. અસમાન જૂથો વચ્ચે આવશ્યકતા અને ધ્યેયોની પ્રાપ્તિ અર્થે જે સ્પર્ધા અને સંઘર્ષ ચાલતાં હોય છે. તેને પરિણામે સમાજમાં એક પ્રકારનો આંતરિક સંઘર્ષ પ્રવર્તતો હોય છે. આ આંતરિક સંઘર્ષનું નિવારણ કરવું અનિવાર્ય બને છે.

**(૩) વહીવટો અને કાનૂન :** કોઈ પણ રાજ્યે વહીવટી તંત્રનું સંચાલન અને ધારાધોરણનું

ઈચ્છિત અમલીકરણ થાય તેની તકેદારી રાખવાનું કાર્ય બજાવવું પડે છે. આ અંગેની કાર્યવાહી સંભાળતી પેટા વ્યવસ્થા હોય છે. જેને કારોબારીના નામે ઓળખવામાં આવે છે. જો કે આ કારોબારીની રચના અને સ્વરૂપ જુદાં જુદાં સમાજમાં જુદાં જુદાં હોઈ શકે. એકાધિકારવાદી સમાજ હોય કે મુક્ત લોકશાહીવાદી સમાજ હોય કે રાજશાહી કે પ્રમુખશાહી શાસનપદ્ધતિ ધરાવતો સમાજ હોય એમ શાસન-વ્યવસ્થાના સ્વરૂપ પર કારોબારીનો આધાર રહેશે.

**૨) બાહ્ય કાર્યોઃ**

ઉપરોક્ત દર્શાવેલ આંતરિકકાર્યો ઉપરાંત રાજ્ય વિવિધ પ્રકારના બાહ્ય કાર્યો પણ બજાવે છે. જેમાં ખાસ કરીને અન્ય કોઈ વિદેશી આક્રમણ કે હુમલા સાથે સંરક્ષણ પૂરૂ પાડવાનું બીજાં રાજ્યો સાથેના વિવિધ ક્ષેત્રને અનુલક્ષીને નીતિ નિર્માણનું કાર્ય કરવું તેમજ સમગ્ર પ્રજાના વિકાસ અને પ્રગતિ માટે વિવિધ પ્રકારની પ્રવૃતિઓનું વ્યવસ્થિત આયોજન અને અમલીકરણ કરવું તે છે.

### ૧૮.૫.૩ રાજ્યના લક્ષણો

(૧) **વસતિ :** માનવીની આવશ્યક જરૂરિયાતોમાંથી રાજ્ય અસ્તિત્વમાં આવ્યું છે અને માત્ર સારાજીવન માટે જ અસ્તિત્વ ધરાવે છે. રાજ્ય માટે લોકો મૂળભૂત બાબત છે. લોકો વિના રાજ્ય સંભવી શકે નહી રાજ્યમાં જરૂરી સંખ્યામાં લોકો હોવા જોઈએ. ચીનની વસતિ એક અબજથી વધુ છે. માલદીવની વસતિ એક લાખની આસપાસ છે. છતાં બંને રાજ્ય છે.

(૨) **પ્રદેશ :** રાજ્યને ચોક્કસ પ્રદેશ હોવો જોઈએ અને તેની સીમાઓ સ્પષ્ટ હોવી જોઈએ. વર્તમાન સમયમાં એવું એક પણ રાજ્ય નથી જેને ચોક્ક્સ પ્રદેશ ન હોય અને પોતાના નાગરિકો ઉપર અસર કરતી સત્તા ન હોય. પ્રત્યેક રાજ્યને મહેસૂલી આવક આવશ્યક હોય છે. રાજ્યને આર્થિક આધાર જમીન પૂરો પાડે છે.

(૩) **સરકાર :** રાજ્ય અને સરકાર માટે વપરાતી સમાન ભાષાને લીધે ગૂંચવાડો થાય છે. વાસ્તવમાં સરકાર તો રાજ્યની એજન્સી છે. અને રાજ્યની ઈચ્છાઓ અમલ કરવા માટે જ અસ્તિત્વ ધરાવે છે. સરકાર વિના રાજ્ય કાર્ય કરી શકે નહી હકીકત તરીકે રાજ્યની યોગ્યતા એ લોકો માટે વ્યવ્સ્થિત તંત્ર પૂરૂ પાડે છે.

(૪) **સાર્વભૌમત્વ :** સાર્વભૌમત્વ એટલે આખરી સત્તા રાજ્યની નોંધપાત્ર લાક્ષણિકતા એ પોતાના પ્રદેશમાં સર્વ વ્યક્તિઓ અને માત્ર રાજ્યના પ્રદેશ પૂરતું સીમિત નથી તે અન્ય સાર્વભૌમત્વ રાજ્યો સાથેના સંબંધો સુધી વિસ્તરે છે. કોઈપણ રાજ્ય અન્ય રાજ્ય ઉપર કોઈ સત્તા લાદી શકતું નથી. આ બાબત આંતરરાષ્ટ્રીય કાનૂને સ્વીકારી છે.

| રાજ્ય | સમાજ |
|---|---|
| રાજ્ય સંગઠિત હોય છે. | ૧. સમાજ સંગઠિત અને અસંગઠિત બંને હોઈ શકે છે. |
| રાજ્યની સદસ્યતા અનિવાર્ય છે. | ૨. સમાજની સદસ્યતા અનિવાર્ય નથી. |

| | |
|---|---|
| રાજ્ય પ્રદેશીય સંગઠન છે. | ૩. સમાજનો કોઈ નિશ્ચિત ભૂ-પ્રદેશ હોતો નથી. |
| રાજ્ય કાનૂન અને દમનના માધ્યમથી કાર્ય કરે છે | ૪. સમાજ રીતિ-રિવાજ અને પરંપરા દ્વારા સત્તાનો ઉપયોગ કરે છે. |
| રાજ્ય માનવીય વ્યવહાર ના પ્રત્યેક ગતિવિધિને બાંધવાવાળા બધા બંધન નિયમિત કરી શક્તા નથી. | ૫. સમાજમાં માનવીને સામેલ છે. |

રાજ્ય સમાજ સમાન નથી ઈ. બાર્કર કહે છે કે રાજ્યનું ક્ષેત્ર યાંત્રિક ક્રિયા તેનું શક્તિ બળ ઔપચારિક ઢબે કામ કરે છે. જ્યારે સમાજનું ક્ષેત્ર સ્વૈચ્છિક સહયોગ તેની શક્તિ સદભાવના, ઔપચારિક ઢબે કામ કરે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

(૧)રાજ્યના લક્ષણો અંગે ચાર લીટીમાં જવાબ આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૨)નીચેના વિધાનોમાંથી સાચા સામે (√) અને ખોટા સામે (×) ની નિશાની કરો.

(અ) માર્કસ રાજ્યને સત્તાધારી વર્ગના હાથમા શોષણના વાજીંત્ર તરીકે જુએ છે.

(બ) રાજ્ય પોતાના નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં અન્ય તમામ સંસ્થાઓથી સર્વોપરી હોય છે.

(ક) સમાજની સદસ્યતા અનિવાર્ય છે.

## ૧૮.૬ સારાંશ

કુટુંબએ પ્રજનન અને બાળઉછેર માટેની પ્રમાણભૂત અને કાયદેસરની કાર્યપ્રણાલિકા છે. સંયુક્ત કુટુંબમાં ત્રણ થી ચાર પેઢીનો સમાવેશ થાય છે. જ્યારે વિભક્ત કુટુંબ માં એક કે બે પેઢીનો સમાવેશ થાય છે. સંયુક્ત કુટુંબમાં સામાન્ય રીતે એક જ મકાનમાં વસવાટ કરે છે એક જ રસોડે જમે છે. સહિયારી મિલકત ધરાવે છે તેમજ કુટુંબની ધાર્મિક પૂજા આરાધનામાં કે તહેવારોની ઉજવણીમાં સમાન રીતે ભાગ લે છે. વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધો મુખ્યત્વે સમાનતાની ભૂમિકા ઉપર હોય છે. કુટુંબ પતિ – પત્ની અને પિતા-સંતાનો વચ્ચેના સંબંધોમાં પરિવર્તન આવ્યું છે. કુટુંબની મિલકતમાંથી સંતાનોને હિસ્સો મળે છે અને વૃદ્ધોને સંતાનો સાચવે નહીં તો વૃદ્ધોને કાયદા દ્વારા સુરક્ષા મળે છે. શિક્ષણ અને સમાજ એક સિક્કાની બે બાજુ સમાન છે. વ્યક્તિત્વ ઘડતર અને

વિકાસ નું કાર્ય શિક્ષણ દ્વારા થાય છે. શિક્ષણથી નગર, ગ્રામીણ, આદિવાસી સમાજ અને સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આવી રહ્યું છે. રાજ્યએ, કાનૂની નિયમોની મર્યાદામાં રહીને કાર્યો કરવા માટે વ્યવસ્થિત સંગઠિત થયેલો માનવસમૂહ છે.માનવીની આવશ્યક જરૂરિયાતો માંથી રાજ્ય અસ્તિત્વમાં આવ્યું છે.

## ૧૮.૭ ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| કુટુંબ : | સમાજ માન્ય રીતે પ્રજનન અને બાળઉછેરની પ્રવૃતિ કરે છે. |
| સંયુક્ત કુટુંબ : | ત્રણ થી ચાર પેઢીના સંબંધોનો સમાવેશ થાય છે. |
| વિભક્ત કુટુંબ : | એક કે બે પેઢીના સંબંધોનો સમાવેશ થાય છે. |
| ધર્મ : | ધર્મનું ક્ષેત્ર શ્રદ્ધા છે, વિશ્વાસ છે. |
| શિક્ષણઃ | શિક્ષણ માં જૂની પેઢી દ્વારા તેમના જ્ઞાનનો નવી પેઢીમાં હસ્તાંતરિત કરવા માટે પ્રયાસ કરાવામાં આવે છે. |
| રાજ્ય : | રાજ્ય ચોક્કસ ભૌગોલિક પ્રદેશ ધરાવે છે. રાજ્ય માટે લોકોનું અસ્તિત્વ મહત્વનું છે. |

## ૧૮.૮ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો

તમારી પ્રગતિ ચકાસો (ક)

(૧) સંયુક્ત કુટુંબ

(૨) એક કે બે

તમારી પ્રગતિ ચકાસો (ખ)

- ધર્મએ અગમ્ય અને અલૌકિક શક્તિ અંગેની શ્રદ્ધા સૂચિત કરે છે.
- ધર્મ કેવળ વિશ્વાસ કે શ્રદ્ધાનો વિષય છે.
- ધર્મ એ વિજ્ઞાનથી અલગ છે.
- સમસ્યાના સમાધાન માટે ધર્મ સહાયક બને છે તેવી માન્યતા છે.

(અ) √ (બ) √ (ક) √

તમારી પ્રગતિ ચકાસો (ખ)

- શિક્ષણ કુટુંબીજનોનું સામજિકરણ કરે છે.
- શિક્ષણ દ્વારા રાજકીય વ્યવથાનું શિક્ષણ અપાય છે.
- શિક્ષણ દ્વારા આર્થિક વ્યવથાનું શિક્ષણ અપાય છે.
- શિક્ષણ દ્વારા સ્તરરચના કે જ્ઞાતિ વ્યવસ્થાનું શિક્ષણ અપાય છે.

તમારી પ્રગતિ ચકાસો (ઘ)

- રાજ્ય માટે લોકો મૂળભૂત બાબત છે.
- રાજ્યનો ચોક્કસ પ્રદેશ હોય છે.
- સરકાર રાજ્યની એજન્સી છે.
- સાર્વભૌમત્વ એટલે આખરી સત્તા રાજ્યની છે.

(અ) √ (બ) √ (ક) ×

## ૧૮.૯ સંદર્ભ સૂચિ

પાંડર , સુભાષ. (૨૦૧૬). સમાજશાસ્ત્ર આદાવાદ : દામિની પબ્લીકેશન

વાઘેલા અનિલ (૨૦૧૨) સમાજશાસ્ત્રનો પરિચય અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

શાહ એ.જી.અને દવે જે.કે. (૧૯૯૪) ભારતની સામાજિક સંસ્થાઓ અમદાવાદઃ અનડા પ્રકાશન.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**